—ૐ શ્રી ગણેશાય—

નરસિંહ-મેહેતો

ભક્તિરસથી ભરપૂર

નોવેલ.

છાપનાર.

ધાર્મિક અને સાંસારિક લખનાર,

કવિ ભીખુરાય માણેકલાલ.

ઠેકાણું, [illegible]

અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુટે.

[illegible] દરવાજા—અમદાવાદ.

સને ૧૯૧૪ સંવત ૧૯૭૦

કીંમત ૦-૯-૦

— ॐ श्री तत्सत् —

નરસિંહ—મેહેતો

ભક્તિરસથી ભરપૂર

નોવેલ.

લખનાર.

સાહિત્ય અને સંગિત કલાધર,

કવિ ભીમરાવ આર્યવકીલ.

કબીર, શેઠગાથા વિગેરે ગ્રંથોના લેખક.

અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃતિ પેહેલી. પ્રત ૩૩૦૦.

સને ૧૯૧૪ સંવત ૧૯૭૧

કીમત ૦-૮-૦

શ્રી "રામકૃષ્ણ" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલ્લભદાસે
છાપ્યું. ઠે. કાળુપુર ટંકશાળની પોળ—અમદાવાદ.

પ્રસ્તાવના.

આ નરસિંહ મેહેતા શ્રી હરિના અનન્ય પ્રેમી અને સર્વ ભક્તોમાં શિરોમણી ભક્ત હતા. તે જુનાગઢના વડનગરા, નાગર બ્રાહ્મણ હતા અને તે નાગરિ ન્યાતમાં ઉંચા અને ખાનદાન કુટુંબના હતા. તેમનું ચરિત્ર નાટક રૂપે, નોવેલ રૂપે જો કે બહાર પડયું છે પણ ભાષા જોઇયે તેવી પ્રાસાદિક નહિં હોવાથી તથા નોવેલના રૂપમાં તેમના ચરિત્ર પ્રકટ થએલા છતાં તે નાટકના રૂપમાં છાપવામાં આવેલા હોવાથી તેમની પરિચર્યા વાંચનાર શોખીન સજ્જન વાંચકવૃંદને તેથી સંતોષ ન ઉપજે એ સ્વાભાવિક છે એમ જાણી આ એક નોવેલ પ્રાસાદિક ઉત્તમ અને સરલ ઘરમાં વાત કરીયે તેવી ગુજરાતી ભાષામાં પ્રકટ કરવાને ઉદેશ સેવ્યો છે. આ નરસિંહ મેહેતાનું નોવેલ બરાબર નોવેલના રૂપમાં લખાયલું છે તે સાથે તેમાં કેટલીક સત્ય ઇતિહાસિક બાબત જેટલી જેટલી હાથ લાગી છે તેટલી તેટલીજ લઇ તેને નોવેલ તરીકે બહાર પાડી છે. માટે આશા છે કે મારા પ્રિયવાંચકવૃંદ તેનો અવશ્ય સ્વિકાર કરશે.

અમદાવાદ.
તા. ૧૨-૧-૧૪.

કવિ. ભીમરાવ માધવલાલ.

ॐ श्री तत्सत् ।

—નરસીંહ મેહેતો—

નોવેલ.

। अथ मंगलम् ।

यत्सर्वशास्त्रसिद्धांतो यत्सर्वं हृदयानुगम् ।
यत्सर्वं सर्वगं सार्वं यत्त तत्सदसौ स्थितः ।
(योगावासिष्ठम्)

પ્રકરણ ૧ લું.

ઇષ્ટ સંકેત.

સમગ્રવિશ્વના પાલક અને સ્થિતિસ્થાપક સર્વવ્યાપ્ત પરમાત્માના અનુગ્રહથી સત્પુરૂષોના રક્ષણાર્થે અને ધર્મના સ્થાપનાર્થે આ વિશ્વમંડલ ઉપર અવતારિક લિલાવિગ્રહતનુઓ ઉત્પન્ન થઇ અનેક પ્રાણીઓનું સમુદ્ધરણ કરી ઇષ્ટ સંકેતાનુસાર પરિણામે પરમપદે શમાય છે એ શ્રી સદ્ગુરૂ અને સત્શાસ્ત્રના વચનો અંતરમાં અનુભવ કરતા કરતા એક તત્ત્વવિદ્ સિદ્ધ પુરૂષ પાસેના ગિરનારમાંથી નીકળી સૌરાષ્ટ્રની રાજધાનિ જુનાગઢ શહેર તરફ ચાલ્યા આવતા હતા. તેમનો ચેહેરો ભવ્ય અને

સોબાદાર હતો. તેમની મુખાકૃતિ અતિ સુંદર હતી. તેમના મુખ ઉપર બ્રહ્મતેજ એવું તો છવાઇ રહ્યું હતું કે સૂર્ય પણ ઝાંખો પડી જાય. શરીર કદાવર અને પંચકેશ યુક્ત હતું. આવા પ્રચંડ યોગી મહાત્મા ઇશ્ર્સંકેતનો વિચાર કરતા કરતા જુનાગઢમાં આવ્યા અને એક શંકરના મંદિરમાં જઇ તેમણે આસન રચ્યું. આજે સંવત ૧૫૧૧ ના ફાલ્ગુન શુકલપક્ષ પંચમીનો રળીયામણો દીવસ હતો. વસંતના વાયુથી નગર બ્હેકી રહ્યું હતું. ગુલાલ તથા ખજુરોની તૈયારીઓ થઇ રહી હતી. હોરીઓ ગવાઇ રહી હતી. જુનાગઢના નાગરો પીચકારી અને રંગ લઇ હોળી ખેલવાને તત્પર થઇ રહ્યા હતા. આ વખતે જુનાગઢની ગાદિએ માંડલિક રાજા રાજ્ય કરતો હતો, જેથી તેના દરબારમાં પણ હોળીના રંગ રાગની તૈયારીઓ થઇ ગઇ હતી. રાજ દરબારમાં નોકર વર્ગનો ઘણો ભાગ નાગર જ્ઞાતિનો હતો. દીવાન પણ નાગર અને ગામનો મેહેતો પણ નાગરજ હતો. રાજા માંડલિક નાગરનીજ સલાહથી હમેશાં ચાલતો; આ સમયમાં દિલ્લિના તખ્ત ઉપર હુમાયુ પાદશાહ સાર્વભૌમ ચક્રવર્તિ ગણાતો હતો. તેની સાથે પણ નાગરો દ્વારાજ રાજ્યકાજ્યના કામોનો વ્યવહાર ચાલતો. આથી જુનાગઢમાં જ્યાં ત્યાં નાગરના કારભાર સિવાય અન્ય કશુંજ જણાતું ન હતું. આ સમયે જુનાગઢનું રાજ્ય માત્ર શેહેનશાહ હુમાયુને ખંડણી ભરતું બાકી રાજ્યના તમામ હક સ્વતંત્રપણે ભોગવતું હતું. એટલે બીજી બધી ન્યાત કરતાં નાગરની ન્યાત સર્વ તેહેવારો રૂડી રીતે પાળતી હતી. જેથી આજે હોળીની તૈયારીની સાથે વસં-

તની બહાર શહેરમાં છવાઇ રહી હતી. આશરે ત્રીજા પ્રહરનો સમય થવા આવ્યો હતો. અને શહેરની મધ્યમાં આવેલા સુંદર નાગરોના હાટકેશ્વર મહાદેવના શિવાલયમાં મહાદેવની આસપાસ આવેલી ફરતી પડાળીમાં જઇ આ સિદ્ધ પુરૂષે મુકામ નાંખ્યો હતો. તેમની પાસે એક વ્યાઘ્રાંબર તથા એક તુંબિ પાત્ર, સિવાય અન્ય કશુંજ ન હતું. શરિરે માત્ર પગ સુધીની એક ભગવી કફની પ્હેરી હતી. પગમાં પાદુકા અને હાથમાં પવન પાવડી સિવાય અન્ય કંઇ જણાતું ન હતું. તે સત્પુરૂષ વ્યાઘ્રાંબર પાથરી પદ્માસન મારી બેઠા હતા. થોડીવાર થઇ એટલે હાટકેશ્વરના નિયમીત દર્શન કરનાર પૈકીની ચાર ડોશીઓ જેમાં એકની પાસે છોકરો હતો તેમણે આવી મહાદેવના દર્શન કરી પાછા વળતાં પેલા મહાત્માને જોયા એટલે તે સહુ મહાત્માઓ પાસે આવીને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરી બેઠી. એક ડોશી બીલકુલ વાંકી વળી ગઇ હતી, એક આંખે કાણી હતી. એક બીલકુલ બ્હેરી હતી અને ચોથી ડોશીની કેડમાં એક આઠવર્ષનુ નિર્દોષ બાળક હતું. આ ચારે ડોશીઓ પેલા સિદ્ધ પુરૂષ પાસે બેઠી. પેહેલી ડોશીએ કહ્યું "મહારાજ બાપજી આપ મોટા તપસિ પુરૂષ છો તો હું આ કમરમાંથી વાંકી વળી ગઇ છું તેનો કંઇ ઉપાય બતાવો ?" બીજી ડોશી બોલી "બાપજી મારી આ એક આંખ ગઇ છે તે કોઇરીતે પાછી આવે ને બરાબર દેખાય તેનો ઇલાજ હોય તો બતાવા કૃપા કરો. ત્રીજી ડોશી કેહેવા લાગી, મહારાજ હું જન્મથી બેહેરી છું તો કોઇ પ્રકારે બ્હેરાશ મટી જાય અને સર્વ સાંભળી શકું તેવો

ઉપાય હોયતો દેખાડો ? ચોથી ડોશી કે જેનું નામ જયકું-વરમા હતું અને જેની પાસે પેલું આઠવર્ષનુ નિર્દોષ બાળક હતું તેણે કહ્યું " હે મહાત્મન્ આ મારા દીકરાનો દીકરો છે તે આઠ વર્ષનો થવા આવ્યો છે પણ તે એકે અક્ષર બોલતો નથી. મેહેલ્લામાં અને આખા જુનાગઢમાં તેને સહુ કોઇ બોબડો બોબડો કહી બોલાવે છે. અમારી નાગરિ ન્યાતમાં તે બોબડાની સંજ્ઞાથી ઓળખાય છે. માટે તેની વાચા ખુલે અને બોલતો થાય તેવો ઉપાય હોયતો દર્શાવા અનુગ્રહ કરો " આ પ્રમાણે ચારે ડોશીઓનું બોલવું શ્રવણ કરી પેલા સિદ્ધ પુરૂષે પેહેલી ડોશીને કેડે હાથ ફેરવ્યો એટલે તરત સિધી બની ગઇ. બીજીની આંખે હાથ ફેરવ્યો અટલે દેખતી બની ગઇ. ત્રીજીને કાને હાથ ફેરવ્યો એટલે તેને શ્રવણ શક્તિ પ્રાપ્ત થઇ. અને ચોથી ડોશીના પેલા આઠ વર્ષના બાળકને હાથે ઝાલી પોતાની પાસે બેસારી તેના ઉપર થોડીક વાર માર્જન કરી પશ્ચાત તેના જમણા કાનમાં ધીરે રહી ફુંક મારી કહેવા લાગ્યા " બચ્ચા રાધા કૃષ્ણ કહો રાધાકૃષ્ણ " એટલે તે બાળકે તરત રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ એવો ઉચ્ચાર કર્યો જે સાંભળી જયકુંવરમા અતિ પ્રસન્ન થઇ મહારાજને વારંવાર સાષ્ટાંગ કરવા લાગી અને પોતાને ઘેર પધરામણી કરવા અતિ આગ્રહ કરવા લાગી. મહારાજે કહ્યું " માઇ તુમ પૂર્વ રચિત સંકેતસે આ ગઇ હય ઔર તેરે લડકેકી પીડા દુર હુઇ એસા જાનકે અબ ચલી જા હમ વિરક્ત લોકબસ્તિમેં નહિં પ્રગટ હોતે હય. જા માઇ જા કૃષ્ણકા ભજન કર સબ કુછ અચ્છા હોગા. જા અબ યે લડકેકી શાદી હો

જાયગી ઔર તેરી ઉમેદ ફલિભૂત હો જાયગી. હમ અબ ગીરનારકો ચલે જાયંગે. એમ કહી પેલા સિદ્ધ પુરૂષે તો ઉઠી ચાલવા માંડયું. ડોશીઓ જોતીને જોતી રહીને સત્વર તે મહાત્મા થોડેસુધી દુરજઇ પશ્ચાત અલોપ થઇ ગયા. ચારે ડોશીઓ આશ્ચર્ય પામી તે મહાત્માના અત્યંત વખાણ કરતી પોત પોતાને ઘેર ગઇ. ઘેર જઇ તેઓએ પોતપોતાના દીકરા અને દીકરીઓને બનેલી વાત કહી, જેથી તે મહાત્માની ખોળમાં તેઓના ઘરનાઓ, શહેરમાં અને શહેર બહાર પાંચ પાંચ કોશની હદમાં ફર્યા પણ તે સિદ્ધ પુરૂષનો પતો લાગ્યો નહિં. છેવટે સર્વે ડોશીઓ અને તેના ઘરના માણસો થાકીને બેઠા. પેલી ચોથી ડોશી જયકુંવરમાએ પેલા પોતાના દીકરાના આઠ વર્ષના બાળકને નવમું વર્ષ બેઠું એટલે પોતાની નાગરિન્યાતમાં ઉચ્ચ કુળની એક સુંદર કન્યા જોઇ તેની જો તેના લગ્ન કરી દીધાં. આ ડોશીનો પૂત્ર મરી ગયો હતો પણ તે મરનાર દીકરાને બે દીકરા હતા. એક મોટો પચીસ વર્ષનો હતો અને બીજો આ નવ વર્ષનો હતો. મોટાનું નામ વણુસધર હતું અને તે રાજા માંડલિકના દરબારમાં સો કોરીને દરમાયે થાણદારની પદવી ઉપર હતો જેથી ઘેર ચાકર નફર અને વાહનાદિનું સુખ સારૂં હતું તેની સ્ત્રીનું નામ દુરિતગવરિ હતું. તેને પોતાના પતિવણુસિધર-ની થાણદારીના અમલનું ઘણું મિથ્યાભિમાન હતું. જેની તેની સાથે પડોશમાં પણ બાઝતી અને ધણી ઘેર આવે ત્યારે જુઠું જુઠું કહી સર્વ સાથે મોહોલ્લામાં અને ન્યાતજાતમાં કુસંપ કરાવતી. પછી પેલા નવ વર્ષના પોતાના દીયરના પણ

ફરરોજ ખેતરણાં કાઢી પોતાના ધણી પાસે ખીજાવતી વઢ જયકુંવરબા જો ઘરમા ન હોય તો ચોદમા રતનનો સ્વાદ પણ પેલા બાળકને ચખાડતી. વણુસિઘર સ્રીવશ અને માયાગ્રસ્ત પુરૂષ હતો. જેથી નિરંતર સ્રિની મતિથીજ ચાલતો હતો કેમજે બધી ન્યાતો કરતાં નાગરિન્યાતના ઘરોમાં ઘણે ભાગે પુરૂષો કરતાં સ્રીઓનું ચલણ વિશેષ હોય છે એ નિયમાનુસાર વણુસિઘરના ઘરમાં સ્રિની સલાહ સિવાય એક ડગલુ પણ કોઇ ભરી શકતું નહોતું.

મારા પ્રિય મુમુક્ષુ વાંચકવૃંદ, એ નવ વર્ષના આવણુસિઘર મહેતાના લઘુ બંધુ તેજ આપણી વાર્ત્તાના નાયક ભક્તશિરોમણિ નરસિંહમહેતા હતા; અને પેલા તેમના કાનમાં રાધામંત્રનો ઇષ્ટમંત્ર આપી તેમની આઠ વર્ષનીવયે વાચા ઉઘાડનાર સિદ્ધ પુરૂષ તે શ્રીકૃષ્ણ પરમાત્મા પોતેજ હતા. નરસિંહ બાળકને ગુરૂ દિક્ષા આપવા નિમિતે સંતનુંરૂપ લેઇ સંકેતાનુસાર આવ્યા હતા અને ઇષ્ટમંત્ર આપી તરતજ પાછા અંતરધ્યાન થઇ ગયા હતા. તે વાતને એક વર્ષ અત્યારે વિતી ગયું હતું. અને નરસિંહ મેહેતાના લગ્ન પણ તેમના પિતાની આજ્ઞાએ આ વખતે કરી દીધાં હતાં. તેમની સ્રીને પણ વણુસિઘરે પરણાવી પોતાને ઘેરજ રાખી હતી; કારણકે નરસિંહ મેહેતાના શ્વસુરપક્ષમાં એક પણ માણસ તે કન્યાને ઉછેરે તેવું કોઇ રહ્યું ન હતું. માત્ર જેમ તેમ કરી તે કન્યાના કાકાએ તેનાં માત્ર લગ્ન કરી આપ્યાં હતાં. તે કન્યાનું નામ માણેકગવરિ હતું. નાગરી ન્યાતને છાજતી સૌંદર્યતાએ, રૂપ-

૫૩૭૫

લાવણ્યતાએ અને કોમળતાએ તેનામાં સ્વાભાવિક રીતે નિવાસ કર્યો હતો. આ પવિત્ર દંપતિનું લગ્ન થયું તે વખતે માણેકગવરિની ઉમર સાત વર્ષની હતી અને આપણા ભક્ત શિરોમણિ નરસિંહરામની વય નવ વર્ષની હતી. તેમના મોટા ભાઇ વણુસિધરે નરસિંહરામને ભણાવી ગણાવી વિદ્વાન કરવા ઘણોએ પ્રયત્ન કર્યો છતાં રાધાકૃષ્ણ સિવાય અન્ય બાબત તેઓ છેક પંદર વર્ષના થયા ત્યાં સુધી શીખ્યાજ ન હતા. જેથી વણુસિધરે પોતાના ઘોડાની નોકરી કરવાના, ઢોરો માટે જંગલમાં જઇ ઘાસના ભારા કાપી લાવવાના, તથા એવા બીજા ચાકર નફરના કામમાં તેમને મુકયા હતા. જેથી ઢોરો માટે જંગલમાં જઇ ઘાસના ભારા કાપી લાવવાના, તથા એવા બીજા ચાકર નફરના કામમાં તેમને મુકયા હતા. જેથી ઢોર ઢાંખરની સેવામાં અને રાધાકૃષ્ણના રટણમાં પોતાનો સઘળો સમય વ્યતિત કરવા લાગ્યા. એમ કરતાં મેહેતાજીને જ્યાં સોળમું વર્ષ બેઠું એટલે તેમની પત્નિ માણેકગવરિએ એક કન્યારત્નનો જન્મ આપ્યો. અને તેનું નામ કુંવરબાઇ પાડ્યું. ડોશીએ તો દીકરાના દીકરાને ઘેર દીકરી જન્મી એ હરખથી, મેહેલ્લામાં સગાં સહોદરમાં અને ન્યાતજાતમાં સાકર વેહેચાવી અને અતિ હર્ષભેર તે કન્યારત્નને લાલન પાલનથી ઉછેરવા લાગી. કુંવરબાઇ ઉછરીને એમ કરતાં બે વર્ષની થઇ એટલે માણેકબાઇએ પુત્રનો જન્મ આપ્યો. એટલે તેનું નામ ડોશીએ શામળશા પાડ્યું અને પુત્રોત્સવ તથા સઘળું બાલકર્મ કરી ન્યાતના ગોર અને અન્ય બ્રાહ્મ-

ઓને દક્ષિણા આપી સંતોષ પમાડ્યા. આ પ્રમાણે મેહેતાજીને આશરે ઓગણીશવીશ વર્ષની વયે બે બાળકોની પ્રજા થઇ હતી. આ વખતે ડોશી જયકુંવરમા છેક જ વયોવૃદ્ધ થઇ ગયાં હતાં. અત્યારે તેમની ઉમર આશરે પંચાણું વર્ષની થવા આવી હતી. આવું છેક વૃદ્ધ શરીર છતાં પરમાત્માની કૃપાથી તે આંખે દેખી શકતાં તથા કાને સાંભળી શકતાં હતાં. માત્ર દાંત ગયા હતા અને કેશ સઘળા શ્વેત થયા હતા. જોકે કમરમાંથી બેવડા વળી ગયાં હતાં છતાં પણ હરવાફરવાની શક્તિ રહી હતી જેથી ન્યાતજાતમાં કે સગાં સહોદરમાં તેમજ દ્વારિકાનાથના મંદિરે દરરોજ દર્શન કરવા ગયા વિના રહેતાં ન હતાં. આપણા નરસિંહરામ તથા તેમના પત્નિ માણેકગવરિ તેમજ તેણીના બે બાળકો પ્રતિ તે ડોશીની ઘણીજ મમતા હતી. જેથી વણુસિધરની પત્નિ દુરિજગવરિના દ્વેષથી કંઇ તેનું વળતું ન હતું. કદાચ દુરિજગવરિ વણુસિધરને ભંભેરી વઢવાડ કરાવાની ખાતર કાંઇ કારણ આપતી તો સત્વર ડોશી માણેકગવરિનો અને આપણા ભક્ત શિરોમણિ મેહેતાજીનો પક્ષ લેઇ તેણીની જોડે બાઝતી. અને ઉલટે તેનેજ ઠપકાને પાત્ર ઠરાવતી. આમ છતાં પણ તે દુરીજગવરિ નામ પ્રમાણે ગુણને ધરાવનારી હોવાથી કર્કશા હતી એટલે દરરોજ ઘરમાં કલહ કરાવ્યા વિના રેહેતી ન હતી. જે દીવસે પોતાનો પતિ વણુસિધર, પોતાના દીયર નરસિંહરામ ઉપર ન ચીડાય અગર તેને ના ખીજે તે દીવસે તેણીને ખાવું પણ ભાવતું ન હતું. જો કે વણુસિધર ભોળા સ્વભાવનો અને અંદરખાનેથી સત્યાસત્યનો

વિચાર કરનાર પુરૂષ હતો જેથી પોતાની સ્ત્રિના દ્વેષી સ્વભા-
વને તે જાણી રહ્યો હતો. તથા કોઇ કોઇવાર એમ જાણતે
કે મારો લઘુ બંધુ નરસિંહરામ પવિત્ર અને નિર્મળ અંતઃક-
રણવાળો કેવલ ભોળો અને સાત્વિક પરમ વૈષ્ણવ ભક્ત છે
અને નિર્દોષ છે છતાં તે પોતાની સ્ત્રીની દુષ્ટ જીજ્ઞાસાને સંતોષ
આપવાની ખાતર નજીવો વાંક કાઢીને પણ મેહેતાજીને ઠપકો
આપતો. આથી કરીને કોઇ દિવસ કલેશવીનાનો જતો ન હતો.
આમ કરતાં કન્યા નવ વર્ષની થઇ અને શામળશા સાત
વર્ષનો થયો એટલે ડોશીએ વિચાર કર્યો કે "હવે મને સો-
સું વર્ષ જાય છે જેથી દેહનો ભરોંસો રાખવો યોગ્ય નથી
તેમજ આવા મારા પવિત્ર નરસિંહરામને તેની ભાભીએ ન્યા-
તમાં હલકો અને હિણો પાડયો છે તો તેની દીકરી આ કુંવ-
રબાઇના ઉપર પણ દ્વેષભાવ રાખી તેને ન્યાતમાં હિણી પાડી દેશે
તો છોકરીની માટી છે ને કદાચ એમ હલકી પડી જવાથી તેને
કોઈ પરણશે નહીં તો તેની માઠી વલે થશે માટે લાવ તેને
ન્યાતમાં સારૂં અને સુખી ઘર જોઇ પરણાવી દઉં પશ્ચાત
નિરાંતે લાંબે પગે સુઇશ." આવો મન સાથે નિશ્ચય
કરી ડોશીએ પોતાના દીકરાના મોટા પુત્ર વણુસિધરને કુંવ-
રબાઇના લગ્ન કરી દેવા સંબંધી હકીકત કહી. અને ડોશીની
હકાતીમાં કુંવરબાઇને પરણાવી દેવાની વાત વણુસિધરે પણ
સ્વીકારિ જેથી તે ન્યાતમાં વર શોધવાની પ્રવૃતિ કરવા લા-
ગ્યો. એક તરફ ડોશી ન્યાતના છોકરાઓને એક પછી એક
બોલાવી લાયક વર શોધવાને ઇરાદે તેમની વિદ્યાની અને

કળાકુશલ્યની પરિક્ષા કરવા લાગી. બીજી તરફ દુસ્તિગવરિ જે જે વરડોશી પાસે આવતો તેને ઘેર જઈ તેના માબાપોને તે કન્યા સાથે તેમના છોકરાને નહીં પરણાવવા માટે સાચુ જુઠું કહી આવતી હતી. છેવટે વણુસિધરને તથા ડોશીને તો કોઇ વર પસંદ ન પડયો જેથી જુનાગઢની આસપાસના ગામોમાં જ્યાં પોતાની નાગરિન્યાતના ઘરો હતાં ત્યાં વરજો વરાવવા અર્થે ગોરને મોકલ્યો. જેથા ગોરે ભાવનગર પાસે એક તળાજા કરીને ગામ છે ત્યાંના રહીશ વડનગરા નાગર સદ્‌ગૃહસ્થે શ્રીરંગધર મેહેતાના પુત્ર વસંતરાય સાથે કુંવરબાઇનું વેવીશાળ કરી લગ્ન કરવાનું ઠરાવ્યું. ઇષ્ટ સંકેતાનુસાર વેવીશાળ થયું અને લગ્નની પણ તઇયારીઓ વણુસિધરે સઘળી કરાવી લગ્ન કર્યું. વરના માત પિતા પણ લગન કરી સંતોષકારક પહેરામણી લેઇ આનંદ પામ્યા. ને ડોશીનો તથા મોટાભાઇ વણુસિધરનો કન્યા પરણાવવાની જોખમદારીનો બોજો માથેથી દુર થયો. અને આપણા ભક્ત શિરોમણી નરસિંહરામની ડોશી (પિતાની માતા) જયકુંવર માને નિરાંતવળી. પશ્ચાત લગ્ન વીત્યાંને આશરે ત્રણ માસ થવા આવ્યા એટલે ડોશી માંદા પડયા અને બરાબર સો વર્ષનું આયુ ભોગવી વૈકુંઠવાસિ થયાં. વણુસિધરે (પિતાની માતુશ્રી) ડોશીમાની સર્વ મર્ણ ક્રીયા યથા વિધિ કરી આપણી વાર્ત્તાના નાયક ભક્તશિરોમણી નરસિંહ મેહેતા તો મોટાભાઇના ઢોર ઢાંખરોની સેવા કરવામાં, મંદીરોમાં જઈ વૈશ્નવ સાધુઓથી સત્સંગ કરવામાં અને શ્રીકૃષ્ણના રટણમાંજ સઘળો કાલ વ્યતિત કરતા હતા. ભાભી કર્કશા હોવાથી તેમને

ઘરમાં ઘડી પણ જંપવા દેતી નહી. જેથી પોતાના મોટા ભાઈ વણુસિંઘર ઘરમાં હોય ત્યાં સુધીજ મેહેતાજી ઘરમાં રેહેતા. અને જ્યારે તેમના ભાઇ રાજ દરબારી કામોની દેખરેખ રાખવા ગામડામાં ફરવા જતા હતા ત્યારે તો મેહેતાજી આખો દાહાડોને રાત સંત સાધુઓમાંજ રેહેતા હતા. આ પ્રમાણે મેહેતાજીની સ્થિતિની હતી. એક દીવસે તેઓ જંગલમાંથી ઘાસનો ભારો લાવી ઢોરોને નીરી સ્નાન કરી સંધ્યાકાળ પછી જમવા બેઠા એટલે ભાભીએ સહવારનો તાઢો બાજરીનો રોટલો તથા બે દીવસની કરેલી વાસિ કઢી ખાવાને માટે મુકયાં. જેથી મેહેતાજીએ એકલો રોટલો ખાઈ લીધો અને કઢી ખાધા વગર હાથ ધોઇ ઉભા થયા એટલે ભાભીને ક્રોધ ચડયો અને કહેવા લાગી, "છેક ભીખારી સાધુ જેવો તો થઇ ગયો છે અને વળી એવો ખાધાપર છનછનાટ કેવો ? એટલું એ બીજી કોઇ ખવરાવે તેવી હોય તો લઇ આવજો હું તો હવે કાલથી રાંધનારી નથી. મારે તારૂં કામ નથી; મારા ઘરમાં હવે તું નહિં. આવવા દે તારા મોટાભાઇને એટલે તને શ્રીફળ અપાવું છું. હવે તારી તારી બાયડીના અને તારા છોકરાઓના વૈતરાં કરનારી નથી." આવા કઠોર વચનો મેહેતાજી સાંભળી રહ્યા પણ મોટાભાઇ વણુસિંઘરની ગેર હાજરી જાણી બીલકુલ બોલ્યા ચાલ્યા વગર મૌન્ય રહી ઘરમાંથી ચાલતા થયા. એટલે પેલી કર્કશા ભાભી મેહેતાજીની પત્નિ અને પોતાની દેરાણી માણેકગવરિ ઉપર પડી અને છોકરાઓને પણ મારવા લાગી અને એવો તો કલેશ મચાવી મુકયો કે આખો મોહોલ્લો ભરાઇ

ગયો. એટલામાં મોટાભાઇ વણુસધરની સ્વારી ગામડાઓમાંથી આવી પોહોચી. એવામાં જ્યાં તે ઘરમાં પેઠા એટલે તરત પેલી કર્કશા આપણા નરસિંહરામ અને તેમની પત્નિ માણેકગવરી સામે મોટા મોટા ઘાંટા કાઢી ફરીયાદ કરવા મચી પડી. વણુસિંધરે તો સ્રીનો પક્ષ લઈ નરસીંહરામને અતિ તિવ્ર વચન પ્રહારથી ઘરની બહાર કાઢી મુક્યા. અત્યારે રાત્રીના બાર વાગવાનો સમય થવા આવ્યો હતો. વૈશાખ માસના શૂકલ પક્ષની પૂર્ણીમાનો ચંદ્રમાં પોતાની સોળેકળાથી સંપુર્ણ પ્રકાશી રહ્યો હતો. તે વખતે નરસિંહરામને તેમના મોટાભાઇ વણુસિંધરે ઘર બહાર કાઢી મુક્યા જેથી મોહોલ્લાને નાકે એક ઓટલો હતો તે ઉપર જઇને મેહેતાજી બેઠા અને વિચાર કરવા લાગ્યા કે "હમણાં મોટાભાઇ થાકીને બોલાવવા આવશે." એવી આશામાંને આશામાં તે ઓટલાપર નિદ્રાવશ થઇ ગયા. સવાર થયું અને ઘેરથી કોઇ બોલાવવા આવ્યું નહીં જેથી ઘેર નહિં જતાં અરણ્યમાં જઇ તપશ્ચર્યા કરવી એવો મન સાથે નિશ્ચય કરી ઉત્તર દિશા પકડી અરણ્યમાં નીકળી પડ્યા. સંધ્યાકાળ પર્યંત ચાલ્યા અને જુનાગઢથી બારેક કોશ દુર આવ્યા એટલે એક વડવૃક્ષ તળે શંકરની જીર્ણ થયેલી દેહેરી જોઇ તથા તેની નજીક એક સુંદર સરોવર જોઇ અત્યંત આનંદ પામી દેહેરીના ચોતરા ઉપર બેઠા. દેહેરીમાં દૃષ્ટિ કરી તો તે માંહે શંકરનું બાણુ જીર્ણ થઇ ગએલું અને ખંડીત થએલું જોયું છતાં વડવૃક્ષની છાયા અને તે પાસે નાનું સુંદર સરોવર જોઇ નરસિંહરામને ત્યાંજ સ્થિતિ કરવાની ઇચ્છા થઇ. જેથી ન્હાઇ

ઘોઇ દેહેરીમાં જઇ શંકરના બાણુ પાસે બેસી આરાધન કરવા લાગ્યા. એમ ૭ દીવસ અન્ન જળ વગર શંકરનું એક ચિત્તથી તપ કર્યું અને સાતમા દીવસનું પ્રભાત થયું એટલે આકાશ-વાણી થઇ કે "અરે નરસિંહરામ તારા તપથી હું પ્રસન્ન થ-યો છું. માગ માગ તે આપું" છતાં આપણા નરસિંહરામ તે આકાશવાણીના અવાજ તરફ લક્ષ ન આપતાં શંકરના આરાધનમાં આરૂઢ રહ્યા. છેવટે સાતમા દીવસની રાત્રી પડી અને જ્યાં મધ્યરાત્રી થઇ એટલે શંકરે વિચાર કર્યો કે "મારા સાક્ષાત પ્રગટ થયા વગર એ ભક્ત નરસિંહરામ જ-રા પણ હઠશે નહિં માટે લાવ સત્વર પ્રગટ થઇ તેની ઇચ્છા પ્રમાણે વર આપુ" આવો નિશ્ચય કરી સાક્ષાત શ્રી સદાશિવ ભગવાન પ્રગટ થઇ કેહેવા લાગ્યા "બેટા નરસિંહરામ વરંબ્રુહી માગ માગ ? હું શંકર આજ તારા ઉપર પ્રસન્ન છું માટે તારી ઇચ્છામાં આવે તે માગી લે ?" આ સાંભળી નરસિંહરામ ઉભાથઇ શંકરના ચરણમાં ઢળી પડયા અને કેહેવા લાગ્યા " હે શંકર ભગવાન આપની પ્રિયમાં પ્રિય વસ્તુ હોયતે મને આપો મારે અન્ય કશુંજ જોઇતું નથી "શંકર ભગવાન કહે છે" હે વત્સ મને પ્રિયમાં પ્રિય એક સાક્ષાત વિશ્નુ છે અને તે જો કેહેતો આપું "મેહેતાજીએ કહ્યું "હા પ્રભુ મારે એજ સાક્ષાત વિશ્નુજ જોઇએ છીયે" શંકરે કહ્યું "ચાલો ત્યારે" એટલું કહી વૃષભ ઉપર આરૂઢ થયા છે એવા શ્રી શંકર ભગવાન ઇષ્ટ સંકેત અનુસાર મેહેતાજીને પોતાની જોડે વૃષભ ઉપર ઉચકી લેઇ શ્રીમદ્ વિશ્નુ ભગવાન પાસે વૈકુંઠ તરફ વિદાય થયા.

ॐ श्री तत्सत् ।

પ્રકરણ ૨ જું.

શ્રી કૃષ્ણ દર્શન અને રાસ લીલા

મારા પ્રિય મુમુક્ષુ વાંચક વૃંદ, આપણી વાર્તાના નાયક ભક્તશિરોમણિ નરસિંહ મેહેતાને લઇ શ્રી સદાશિવ ભગવાન વૈકુંઠમાં આવી પોહોચ્યા અને શ્રી કૃષ્ણ પરમાત્મા પાસે તેમને લેઇ જઇ કહેવા લાગ્યા કે " બેટા નરસિંહરામ મારા પ્રિયમાં પ્રિય વસ્તુ આ એક શ્રી કૃષ્ણ છે અને તે લે હું તને આજથી આપી દઉછું. "આટલું કહી પશ્ચાત શ્રી શંકર ભગવાન કૃષ્ણ પરમાત્મા પ્રત્યે બોલ્યા " ભગવાન આ એક નાગર ગૃહસ્થ જુનાગઢ નિવાસિ નરસિંહરામ કરીને આપનો પરમ વૈષ્નવ ભક્ત છે. તેણે અન્નજળ વિના સાત દીવસ સુધી મારૂં ઉગ્ર તપ કરી મને પ્રસન્ન કર્યો છે અને તે બદલ મારી પ્રિયમાં પ્રિય વસ્તુને આપવા હું બંધાયો છું. માટે તે ભક્તને હવે આજથી આપના શરણમાં સોંપુંછું તો સંભાળજો અને તેને સદાને માટે આપનો ગણી પ્રિતેથી પાળજો હું હવે રજા લઉછું "એમ કહી શ્રી સદાશિવ ભગવાન તો પોતાના વૃષભ ઉપર સ્વારિ કરી વિદાય થઇ ગયા આ વખતે નરસિંહ મેહેતા શ્રી કૃષ્ણ પરમાત્માને વારંવાર સાષ્ટાંગ કરી અત્યંત પ્રેમ પૂર્વક બેઠાબેઠા તેમના ચર્ણો તળાંસવા લાગ્યા. શ્રી સદાશિવ ભગવાનના ગયા બાદ શ્રી કૃષ્ણ પરમાત્મા નરસિંહ મેહેતા પ્રત્યે કહેવા લાગ્યા

"વત્સ નરસિંહ આશામાં અને મહેશ ભગવાનમાં સતીચિત પણ ફેર નથી એ મને ભજે છે હું એમને ભજું છું. મારી પણ પ્રિયમાં પ્રિય વસ્તુ તેજ છે. હું અને શંકર ભગવાન કેવલ અભિન્ન છીએ. માટે તેં તેમને તપથી પ્રસન્ન કર્યાં તે મનેજ પ્રસન્ન કર્યો છે તેમ સમજજે હું આજથી તારોછું. આજથી હવે તારો દાસ અરે બલ્કે તારા દાસનો પણ દાસ બની રહીશ અને તારી સર્વ આશાઓ ફલિભુત કરીશ માટે તું હવે નિશ્ચિંત અને નિશંકપણે જેની ઇચ્છા કરતો હોય ને ઇચ્છાને મારા પ્રતિ-નિવેદન કર એટલે હું તે તારી ઇચ્છાને પરિપુર્ણ કરૂં " આ પ્રકારની શ્રી કૃષ્ણ પરમાત્માની અમૃત ભરી વાણી શ્રવણ કરી મેહેતાજીએ કહ્યું " હે કૃપાસિંધુ યદુપતિ મારી ઇચ્છા આપના શરણ સિવાય અન્ય શી હોય? મારે આપના ચરણાર્વિંદના પાન સિવાય અને આપના ચરણ કમલના યશોગાન સિવાય અન્ય કંઇજ ઇચ્છા નથી હે ભગવાન જો આપ પ્રસન હોતો જરા આપશ્રીની કૃષ્ણાવતારની રાસ લીલા બતાવો એવી આશીશની અત્યારે ઇચ્છા છે. " આ સાંભળી શ્રી કૃષ્ણ ભગ-વાન બોલ્યા " હે પરમ પ્રિય નરસિંહ, જો એજ ઇચ્છા હોય તો લે અહીંજ આ ક્ષણે મારી કૃષ્ણાવતારની રાસલીલાના દર્શન કરાવી તને આનંદ પમાડું" એટલું કહી શ્રી કૃષ્ણ પર-માત્માએ પોતાની સોળ હજાર એકસોને આઠ રાણીઓને આજ્ઞા કરી કે તમારે ગોપિરૂપ લઇ અમુક વખતે અમુક સ્થળે રાસલિલા કરવા અર્થે હાજર થવું શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ તેટલાજ કહાન સ્વરૂપો બનાવી દીધા અને શર્દપુર્ણીમાની રાત્રી છ

આસ્રની બનાવી મેહેતાજીને રાસ દેખાડવાનો દૃઢ નિશ્ચય કર્યો. આ પ્રકારનો શ્રીમદ્ ભગવાનનો બંદોબસ્ત જોઇ નરસિંહ મેહેતા રાસલીલા જોવાની ઇચ્છા પાર પડશે તેવી આતુરતા ભેર આનંદપુર્વક સમયની રાહ જોતા વૈકુંઠમાં શ્રી કૃષ્ણ પરમાત્માના ચર્ણમાં વખત વ્યતિત કરવા લાગ્યા. એક સમયે તેઓ શ્રી કૃષ્ણ પરમાત્માના ચર્ણો દબાવતા હતા તે વખતે વિચાર કરવા લાગ્યા કે " અહો, પરમાત્મન્ મારા પરમપ્રિય પ્રાણાધાર કૃષ્ણ પ્રભુ, જે સાક્ષાત સ્વયં વિશ્નુ, તેના ચર્ણની પ્રત્યક્ષ સેવાને પ્રાપ્ત થયો છું. તે બધો પ્રતાપ ભાભીનો ખરેખર તેણે જો મ્હેણા ટુણા મારી મને નીઠળી જવાનો સમય ના આપ્યો હોત તો આ મારા પ્રભુને હું શી .રીતે પ્રાપ્ત કરી શકત ? માટે કેવલ ધન્યવાદ તો ભાભીશ્રીનેજ ઘટે છે. જેના વચનો શ્રવણ કરી હું ક્રોધ કરી ગૃહનો ત્યાગ કરી રીસાઇ ચાલી નીકળ્યો અને તેમ છતાં આ મારા સાક્ષાત શ્રીકૃષ્ણ પ્રભુને પામ્યો ખરેખર આજે શ્રીકૃષ્ણ દર્શનથી મારો જન્મારો સફળ થયો. નહિંતો આવો અમુલ્ય લાભ જે દેવતાઓને મળવો દુર્લભ છે તેમજ તે મૃત્યુ લોકના મનુષ્યને પ્રાપ્ત થવાનો જ્યાં કેવલ અસંભવ છે તેવો શ્રી પ્રભુપ્રાપ્તિનો અનન્ય લાભ મને અપાવનાર નિમિત્તરૂપ તે ભાભીજ છે. પરમાત્મા તેનું કલ્યાણ કરો " આ પ્રકારના વિહિત વિચારોનાં વમળમાં પડેલા જોઇ શ્રીકૃષ્ણ પરમાત્મા કહેવા લાગ્યા " વત્સ નરસિંહ, રાસલીલા તો શું પણ તારી કોઇપણ ઇચ્છિત વસ્તુ હોય તે મને નિવેદન કર તોપણ હું આપવા તૈયાર છું આ મારા બ્રહ્મમય બ્રહ્માંડમાં એવી કોઇ ચીજ નથી કે જે હું તને

આપવા સમર્થ ન થઇ શકું. આ અનંત બ્રહ્માંડ અને ચૌદ લોક સુધિનું પણ કદી સામ્રાજ્ય ભોગવવા તારી ઇચ્છા હોયતો તે પણ આક્ષણેજ હું તને આપવા તત્પર છું. નરસિંહમેહેતા કેહેવા લાગ્યા "હે પ્રભુ આપની ભક્તિ સીવાય અન્ય કોઇ મારી ઇચ્છા નથી માત્ર આપની ભક્તિ આપો અને આપના ચરણકમલ સતત મારા રદયમાં સ્થાપો. આતો રદયમાં એટલો મારી ભાભીનો મેં ઉપકાર માન્યો કે તેના નિમિતે આપ કૃપાળુનું મને શરણુ પ્રાપ્ત થયું. આ સ્વપ્નવત્ સંસાર અને દૃષ્ય પ્રપંચાત્મક પદાર્થોની જુઠી માયાને હું શું કરૂં? એથી મળતા ક્ષણિક સુખોને ભોગવવાની લાલસાવડે જન્મમરણના બંધનમાં જાણી જોઇને

કરવા પડું માટે હે પરમપ્રિય પ્રાણધાર મહારા વહાલા કહાનજી, આપશ્રીની અવિચળ ભક્તિ અને અવિચળ સદ્‌વૃત્તિએ ભેજવસ્તુની મને ઇચ્છા છે બાકી આપ આપનું જાણો આપ આપનું નીવેડશો તેમાં કોને પાડ કરો છો. હે જદુપતિ આપના ચરણકમલની સેવા અને આપની ભક્તિ સિવાય આ તમારા દાસાનુદાસ નરસિંહના અંતરમાં અન્ય કોઇજ ઇચ્છા રહેલી નથી. એવા પ્રેમાર્દ્ર વચનો ભક્ત નરસિંહના મુખમાંથી નીકળતા જોઇ ભગવવાને ઉભા થઇ મેહેતાજીને છાતી સરસા ચાંપ્યા અને કેહેવા લાગ્યા "બેટા નરસિંહ, જા મારૂં વચન છે કે હું તારો વ્યવવાર અને પરમાર્થ બન્ને પ્રત્યેક ક્ષણે હાજર થઇ સિદ્ધ કરીશ અને તને મારી સંપુર્ણ ભક્તિનો સ્વાદ ચખાડીશ. માટે નિશ્ચીંત થા ? અને પ્રથમ રાસલિલા બતાવું તે પ્રેમ પૂર્વક નિહાળી પ્રસન્ન થા ? "

આટલું કહી શ્રી કૃષ્ણ પરમાત્માએ રાસમંડળ તૈયાર કરવા જોઈતી સામગ્રીઓ સર્વ રચી દીધી. વૃંદાવનની લીલા પ્રકટાવી દીધી. ગિરિરાજની રમ્ય તળેટીમાં શરદ પુર્ણિમાના ચંદ્રની રાત્રિ બનાવી સોળ હજાર એકસોને આઠ ગોપિકાઓ અને પ્રત્યેક બંસિધર કહાનજીના સ્વરૂપ પણ પ્રકટાવી દીધાં. અને રાસલીલાનો આરંભ કર્યો. વર્તુલાકારે તેઓ સર્વ ગોઠવાઈ ગયા અને આપણા પરમ ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતાને તે રાસમંડળની મધ્યમાં દિપક પાસે આસન આપી બેસાડયા. દેવકિન્નરાદિ અને ઋષિમુનિઓ તેમજ ચૌદલોક રાસમંડળ જોવાને અંતરિક્ષમાં આવી રાસમંડળ ઉપર પુષ્પ વૃષ્ટિ કરી આનંદથી જોવા લાગ્યા અને એ પ્રમાણે શ્રીકૃષ્ણ પરમાત્માએ શર્દ પુર્ણિમાની રાત્રિ ૭ માસની બનાવી રાસ રમી પોતાના પરમપ્રિય નરસિંહ ભક્તની ઇચ્છા પરિપૂર્ણ કરી. આપણી વાર્તાના નાયક નરસિંહ મેહેતા પણ એવા તો રાસમાં તલ્લીન બની ગયા હતા કે રાસની પુર્ણાહુતિ થતાં સહજ તેમનો હાથ પેલા મંડળની મધ્યમાં મુકેલા દીપકની જયોતને અડકયોને તેથી અંગરખાની બાંય લાગવાથી સળગી ઉઠી. જેથી હાથ બળી ગયો છતાં તેમને ખબર પડી ન હતી. છેવટે જ્યારે કૃષ્ણ પરમાત્માએ જોયું કે "ભક્તનો હાથ બળીજશે તેતો મારી ભક્તિમાં એવો તદરૂપ બની રહ્યો છે કે આખો હાથ ભસ્મીભુત થઇ જાય પણ તેના લક્ષથી ચલાયમાન થનાર નથી પણ મારે સત્વર તેને બચાવવો જોઇયે તે ઉપરથી એકદમ પોતે રાસ બંધકરી જળ લેઈ નરસિંહ ભક્ત પાસે જઈ અગ્નિ છાંટી તેના ઉપર હાથ ફેરવી

તેને ઉભો કરી છાતી સરસો ચાંપી તેના પ્રતિ કેહેવા લાગ્યા કે હે પરમપ્રિય નરસિંહ તારી મારા પ્રત્યેની એકાગ્રતા અને દૃઢ ભક્તિ જોઇ હું પણ અતિ આજે પ્રસન્ન થયો છું માટે માગ માગે તે આપું નરસિંહ મેહેતાએ કહ્યું પ્રભુ વારે વારે શું માગું જે મેં માગ્યું છે તેજ બસ છે. ભગવાન કેહેવા લાગ્યા એમ ત્યારે જા મેં તને મારી ભક્તિ આજથી આપી આજથી તારી જીવ્હાના અગ્રભાગ ઉપર દેવિ સરસ્વતિ સતત બીરાજેલી રહેશે અને તે વડે તું મારી સંપુર્ણ ભક્તિ કરી પરીણામે પરમપદને પ્રાપ્ત કરીશ " નરસિંહ મેહેતા આ પ્રકારના ભગવાનના અભય વચન શ્રવણ કરી અત્યંત આનંદ પુર્વક શ્રીકૃષ્ણ પ્રભુની સેવામાં આનંદથી અહોરાત્રિ સમય વ્યતિત કરવા લાગ્યા. રાસપુર્ણ થયા પછી આશરે પંદરેક દીવસ વીત્યા એટલે એક દીવસે રાત્રિને સમયે સર્વ જળ જંપી ગયું. પશ્ચાત નરસિંહ મેહેતાને શ્રીકૃષ્ણ પરમાત્મા બેલાવી કેહેવા લાગ્યા કે " હે વત્સ નરસિંહ તું હવે તારે સ્વદેશ જુનાગઢ જા ? અને ગૃહી થયા પછી સ્ત્રીપુત્રાદિકના જેટલા રૂણો પતવવા યોગ્ય શાસ્ત્રે વિધાન કરેલા છે તેને પતાવી ગૃહીના રૂણોથી મુક્ત થા ? કારણકે ઘણી નાની વયમાં તારાં લગ્ન થયેલાં હોવાથી તારે પ્રજા થયેલી છે અને તેથી પ્રજાનું પાલન કરી તેમની પ્રત્યેના સર્વ તારા ધર્મો તારે બજાવવાના છે. માટે વ્યહવાર અને પરમાર્થ એ ઉભયની સિદ્ધિ અર્થે તારે જુનાગઢ જવાનો ખાસ આવશ્યક્તા છે એ નિસંશય જાણજે ? " આ વચનો શ્રવણ કરી આપણા ભક્તશિરોમણી નરસિંહ મેહેતા, ભગવાન પ્રત્યે બે હાથ જોડી અતિ

નમ્રતાથી કરૂણાળુ સ્વરે કહેવા લાગ્યા કે " હે પરમાત્મન્ એક-વાર ચરણ સંનિધ આ દાસ આવ્યો પછી તેને ખસેડી આપ-નાથી વીમુખ કરવા ધારોછો તે આપશ્રીના ભક્તવત્સલ પદને છાજતું નથી, પછી કૃપાનાથ આપ સમર્થ છો. ધણીનું કોઇ ધણી નથી બાકી આપ ઇશ્વશ્રીના ચર્ણાવિંદને છોડી આ દાસને કોઇપણ ઠેકાણે જવાની યત્કિંચિત પણ ઇચ્છા નથી નિરંતર આપ ઇષ્ટની સંન્નિધ રહી આપશ્રીના ચરણકમલની સેવા કરી અત્રેજ આનંદમાં જીંદગી ગુજારવાની ઇચ્છા છે. હે પ્રભુ, આપ મને જુનાગઢ જવાની આજ્ઞા ન કરો એ મારો સ્વદેશ જે જુનાગઢ તે એક ફિકરકોટ છે. મને સંસારની જળે જથામાં નાંખનાર, ન્યાતજાત અને સહોદરોના વચન પ્રહારથી મને ઉપાધીમાં નાંખનાર અને સર્વ વાતમાં દુઃખનું ભાન કરાવ-નાર મારા શત્રુની ગરજ સારનાર છે એટલે હે કૃપાસિંધુ મારી જુનાગઢ જવાની લેશ પણ ઇચ્છા નથી. પછી આપની આજ્ઞા થશે તો ખુશીથી જઇશ. પણ સર્વદા આપના ચરણાર્વિંદની સેવામાંજ જીંદગી વહન થશે તો મને તો સંતોષ થશે. ભગ-વાન બોલ્યા " હે વત્સ નરસિંહ હું તારાથી એક ક્ષણ પણ દુર નથી એ નક્કી સમજજે ઉપરાંત લે આ એક મારી પ્રતિમા આપું છું તેને હું પોતેજ છું એવી દૃઢ શ્રદ્ધાથી સેવી આ કરતાળ આપું છું તે વડે મારૂં ગાન કરજે એ મુર્તિ પ્રતિ કર તાલ વગાડી જે જે વખતે મને તું યાદ કરીશ, કિંવા જે જે ઇચ્છા કરીશ તે તે વખતે હું હાજર થઇ તારી તે ઇચ્છા પરિપુર્ણ કરીશ "નરસિંહ મેહેતા એ સાંભળી કહેવા લાગ્યા "

હે ભગવાન્ આપને પ્રત્યક્ષ અને સાક્ષાત્ અહીં મુકીને મુર્તિ અગરતો તાળનું શું કામ છે ? ભગવાન બોલ્યા "હે પ્રિયભક્ત તે થકી તું તારા સર્વ વ્યવહાર અને પરમાર્થની સિદ્ધિ કરીશ તે કરતાળ વડે મને સંગિતદ્વારા જ્યાં તું બોલાવીશ કે હાજર થઇ જે પ્રમાણે તારી ઇચ્છા થશે તે પ્રમાણે વર્તિશ વળી એ મુર્તિ અને કરતાળ મારા કરથી અર્પણ થયેલી છે એટલે તેથી તું દુનિયામાં મારા વાસ્તવિક સ્વરૂપને પ્રગટ કરીશ મારી લીલા ગાઇ ગુણી જનોને અને સત્પુરૂષોને સદુપદેશરૂપ નીવડીશ અનેક પ્રાણીઓનો ઉદ્ધાર કરી શકાશ. અંને પરિણામે તું પણ સર્વ ૩ણોને પતાવી પરમપદે બિરાજવા સમર્થ થઇ શકીશ. તને સંસારમાં ગમે તે પ્રકારે વિઘ્નો ઉપાધીઓ અડચણો ઇત્યાદિ વ્યતિકરો નડશે છતાં તારે જરાપણ ભય ધરવો નહિં. જ્યારે જ્યારે જેવો જેવો શુભાશુભ પ્રસંગ પ્રાપ્ત થશે ત્યારે ત્યારે મારૂં સ્મરણ કરતાંમાં હું તારી સમક્ષ આવી ઉભો રહીશ અને તેવા પ્રસંગમાં પરિણામે તારા ઉપરનો સઘળો બોજો હું ઉઠાવીલઇ તારા કાર્યને સિદ્ધ કરીશ એ નિશ્ચે કરીને જાણજે. માટે મારૂં વચન માની તું જુનાગઢ જા અને સંસારમાં પ્રવૃત થા ? નરસિંહ મેહેતા તો પ્રભુની જ્યારે છેવટની આજ્ઞા થઇ ત્યારે બોલાશક જવું એવો નિશ્ચય કરી કેહેવા લાગ્યા કે "ત્યારે જેવી પ્રભુની આજ્ઞા એટલું કહેતામાં શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાના સખા અક્રુરને હુકમ કર્યો કે જાઓ મારા ગરૂડ વૈમાનમાંબેસાડી મારા પરમપ્રિય ભક્ત નરસિંહને જુનાગઢ મુકી આવો ? " આ પ્રકારે ભગવાનની આજ્ઞા થતાં અક્રુરજી નરસિંહ મેહેતાજીને ગરૂડ વૈમાનમાં બેસાડી જુનાગઢ તરફ વીદાય થયા.

પ્રકરણ ૩ જું.

સ્વદેશાગમન અને દીવ્યમંદાર.

શ્રીકૃષ્ણ પરમાત્માએ અક્રુરની જોડે નરસિંહ મેહેતાને વૈકુંઠથી જુનાગઢ વિદાય કર્યા તે પ્રમાણે અક્રુરે મેહેતાજીને જુનાગઢની ભાગોળે ઉતારી દીધા અને પોતે વૈકુંઠ તરફ પાછા વળ્યા. મેહેતાજી જુનાગઢમાં જઇ પોતાના ભાઇને ઘેર ગયા કે જ્યાં તેમના પત્નિ તથા બાલ બચ્ચાં હતાં. ઘરમાં પેઠા એટલે તેમણે પોતાની ભાભીને સાષ્ટાંગ કર્યા અને મોટા ભાઇ વણુસિધરને અને સર્વને નમસ્કાર કર્યા. આ વખતે મેહેતાજીનો પોશાક જે ભગવાને વૈકુંઠમાંથી પેહેરાવ્યો હતો તે હતો અ-ર્થાત કસબી પીતાંબર, માથાપર મોરપિછનો મુકટ, ગળામાં તુલસિની માળા. એક હાથમાં કરતાળ અને બીજા હાથમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ બક્ષીસ કરેલી પોતાની સુવર્ણની પ્રતિમા હતી. તિલક છાપા વગેરે ભગવાને અંગે કરી દીધાં હતાં જેથી મહેતાજી એક વિચિત્ર વૈરાગી વૈશ્નવ સાધુ કરતાં પણ અત્યંત વિલક્ષણ લાગતા હતા. આવો વિચિત્ર વેશ જોઇ વણુસિધર બોલી ઉઠયા "અલ્યા વિરાગી નરસિંહ, આ બધું ગળામાં શું કામ ઘાલ્યું છે અને માથાપર મોરના પીછાં શા ઘાલ્યાં છે. આવું તને કોણે પેહેરાવ્યું." મેહેતાજી કહેવા લાગ્યા કે "વણુ-સિધરભાઈ મારા વિઠલવરે જે પોશાક મને પહેરાવ્યો તે મેં પેહર્યો છે. મારો આવો વિચિત્ર વેશ બનાવનાર તે મારા શ્રી

કૃષ્ણુ ભગવાન પોતેજ છે એટલે તેમની ઇચ્છાની અવગ્યા કરી તે પોશાક શી રીતે ઉતારી નાંખું. એ તો મારા કૃષ્ણુ મહા- રાજની પ્રસાદી છે માટે તે પ્રસાદીના ત્યાગ પ્રાણુ જાયતો શું પણુ કંઇ થઇ શકે ખરો કે? કદી નહીં એતો મારા પ્રાણુ સાટે છે ભાઇ. "વણુસિધરે આ સાંભળી ગુસ્સો કરી કહ્યું કે "અરે મુર્ખ કાઢી નાંખ કાઢી નાંખ; હાથે કરી ન્યાત જાત અને સગાં સહોદરમાંથા તારો વક્કર ખો નહીં. આમ કરવાથી નાગાર ન્યાત ગાંડો ગણી કાઢશે. અરે નાદાન વિચારતો કર કે તું બે છોકરાંનો બાપ થયો. હવે કાંક શાણુપત અને દુનિયામાં બધા રહે છે તેમ રહે. અને બે પૈસા ઘરમાં લાવતો થા? જો તું વૈરાગી સાધુઓમાં જાય નહીં અને હજીએ સુધરી કંઇક વર્ણુમાં આવે તો હમણું હું રાજા માંડલિકને અરજ કરી તને આઠ દશ કોરીની નોકરીએ દરબારમાં વળગાડી દઉં. માટે આ બધી ગાંડાઇ મુકી દઇ જરા ડાહ્યો થા." આ સાંભળી નરસિંહમહેતા પોતાના મોટા ભાઇ વણુસિધર પ્રત્યે કહે છે કે "હે મોટાભાઇ આપ મારા પિતા તુલ્ય છો. પણુ મારે જે સત્ય છે તે નિવેદન કરવું જોઇયે કે તમે તથા આખી દુનિયા એક વખતે મને ગાંડો ગણી કાઢોતો ભલે પણુ જુઓ મોટા- ભાઇ આ સાક્ષાત વિશ્નુ મુર્તિ જે મને ભગવાને વૈકુંઠમાંથી બક્ષીસ કરી છે. આ કરતાળ પણુ તેમણે તેમની ભક્તી કરવા હાથમાં ધારણુ કરાવી છે આવેશ અને તિલક તુલસિ અને છાપાં એ સર્વે પણુ તેમણેજ કર્યું છે અને વૈકુંઠમાંથી અહીં પાછો આવવાની જરા પણુ ઇચ્છા ન હતી છતાં શ્રીમદ કૃષ્ણુ

પ્રભુએ આગ્રહ કરી મારૂં બધું ખેડવાની શરત કરી મને પાછો મોકલ્યો છે. બાકી મોટાભાઇ મેં તો સાક્ષાત મારા વહાલા વૈકુંઠપતિને પણ કહી દીધું હતું કે હવે આ દાસને સંસારની ઉપાધી જોઇતી નથી. પણ મને તેમણે કહ્યું "હજી તારે સંસારીનાં રૂણ ઘણાં પતવવાના છે અને તેથી તારે સ્વદેશ ગયા વીના છુટકો નથી જેથી અનિચ્છા છતાં તેમની આગ્ના માની આવ્યો છું. માટે વડીલ બંધુ, હું વૈકુંઠમાં જઇ આવ્યો અને આ કરતાળ તથા પ્રતિમા લઇ આવ્યો માટે દર્શન કરી પાવન થાઓ. આ મુર્તિ તે સાક્ષાત તેજ મારા પ્રાણાધાર કૃષ્ણ પ્રભુ છે એને અન્ય સમજશો નહિં. અને આ મારા શ્રીકૃષ્ણ પ્રભુએ પ્રસાદી રૂપ આપેલો વેશ તે તો મારા કૃષ્ણ પ્રભુનું બહાનુ છે માટે તેનો ત્યાગ થાય તેમ નથી" બણુસિધરને આ સાંભળી વધારે ક્રોધ ઉત્પન્ન થયો જેથી ભવાં ચડાવી ડોળા કાઢી મેહેતાજીને કહેવા લાગ્યો કે "અરે ગધેડા, ભગવાન એમ તારે માટે નવરા હતા કે તને વૈકુંઠમાં લઇ જઇ સાક્ષાત દર્શન દીધાં. અરે ગમાર આવી કોઇને વાત કરીશ તોપણ હસી કાઢશે. એમ જો તારા જેવા મુર્ખ અને મતિમંદ જીવોને ભગવાન પ્રત્યક્ષ થતા હોય તો વૈકુંઠ ભરાઇ જાય અને બીજા ભક્તોને રેહેવાની જગાપણ ન મળે. કોણ જાણે કીયાએ સાધુડાએ આ પીતળની પ્રતિમા અને કરતાળ ઝલાવી, તને આવો વિચિત્ર વેશ પેહેરાવ્યો હશે. કંઇ સાધુડાની ગામમાં ખોટ છે? તારે તો રસ્તામાં જે લંગોટો મળ્યો તે તારો ભગવાન. હજી કહું છું કે આ મુર્ખાઇ મુકીદે અને ડાહ્યો થા અને બે પૈસા

આવી ધરનુ પોષણ કર ?" મેહેતાજીએ ઉત્તર વાળ્યો "મોટા ભાઇ મારી વાતને તમે હસી કાઢો છો, મારી વાતને તમે ગાં-ડી ગણો છો તો જાઓ મારે તમારી વાત પણુ કબુલ નથી. મારે ડાહ્યા થવાની જરૂરે નથી અને આવેશ ઉતારવો પણુ નથી. આ સાંભળી વણુસિધર બોલ્યા " અરે મુર્ખ ઠીક કહ્યુંહ્યુ માનીજા નહીતો ઘણો દુઃખી થઇશ. અને ન્યાતજાત કે સગાં સહોદર કોઇ તારો સંગ નહીં કરે. તને કોઇ પાણીએ નહીં ભાય અને તારૂં સરોગત પણ કોઇ નહીં થાય તારી પુત્રીને તો ડોશી જીવતાં મેં પરણાવી દીધી છે એટલે તેની તો ફીકર નથી પણ હજી પૂત્ર પરણાવવાનો છે તે તારા આવા અવિચારી વર્તનથી પરણી શકશે નહી અને ઉંચુ કુળ આપણું છતાં નીચા જેવું ગણાઇ જશે. માટે સમજ ?" મેહેતાજી કહેવા લાગ્યા " મોટાભાઇ મારા શ્રીહરિ સહુ કરશે. કદી ઉંચુ ગણાય નીચું ગણાય પ્રજાનું પતિનું પોષણ થાય વા ન થાય. પુત્ર પરણે વા ન પરણે પણ કઇ મારા નાથનુ નામ તજાય અને આ તેણે આપેલું બકાનું તજાય ? સંત-સાધુઓનીએ કંઇ અવજ્ઞા થાય ? કદી નહી. કદી આખું વિશ્વ એક સમયે પલટી જાય તોપણ શું એમતે કદી થાય ? સ્વપ્ને પણ ન સમજશો." આવા નિસ્પૃહી નમ્ર વચનો શ્રવણ કરી અંદરથી દુરિતગવરિ મેહેતાજીની ભાભી અને વણુસિધરની પત્નિ ધસીને વાધણની પેઠે બહાર આવી મેહેતાજીને કહેવા લાગી "ત્યારે આવી ઉદ્ધતાઇ મારા ઘરમાં નહીં ચાલે. અમારે ન્યાત જાતમાં મ્હોં બતાવી કિર્તિને ગુમાવવી નથી.

તમારે ફક્કડણને સાધુડાઓના ટોળામાં દરરોજ જવું અને દેવાળીયા જેવા થઇને ફરવું પાલવે ? આટલા દહાડા ઘરમાં ન આવ્યા તો કોઇ તેડવા નોહતુ આવ્યું. આટલા બધા દહાડા જ્યાં ત્યાં ટીચાયા અને રખડયા તોએ છેવટે ભાઈના ઘરવીના કંઇએ તમારો ધડો થયો નહી. કાઢી મુકયા પછી જેને નાક હોય તેતો ન આવે ? તમારૂ અને તમારી વેજાનું અમે કંઈ રૂણ કાઢયું નથી. માટે જો લાજ હોય તો હવે તમે તમારી વેજા લઇને નીકળી જાઓ. મારા ઘરમાં રેહેવામાં સાર નહીં કાઢો. તમારી વેજાનું હવે મારાથી વેતરૂં થનાર નથી." આવાં કઠોર વચન શ્રવણ કરી મેહેતાજીએ કહ્યું કે "માતુ તુલ્ય ભાભીશ્રી, હજી તો મારા મોટાભાઇ બારવરસના બેઠા છે કમાય છે અને તેમનું ખાઉછું. તમારૂં કંઇ ખાતો નથી. હવે જો મારી વેજા તમને ભારે પડતી હોય તો કાલથી મારો ઘર ખટબો લઇ હું જુદો રહીશ માટે કલેશ કરશો નહીં." ભાભી બોલી " જો એવો ટેક ધરાવતા હો તો કાલથી શું કામ આજથીજ રહો. હું જોઉંતો ખરી કે તમે કેવા ટેકવાળા છો. " આટલું કહી પોતાની દેરાણી માણેકગવરિને કહેવા લાગી "માણેક, જા તું તારાં છોકરાંને લઇને તારા ધણી જોડે રહે આજથી તમે કોઇ મારા ઘરનું પાણી પીઓ તો તમને હરામ છે. નીકળો મારા ઘરમાંથી હવે મારે તમારૂં કામ નથી," માણેકબાઇએ ઉત્તર વાળ્યો " જેઠાણીજી તમે કાઢી મુકશો તો જઇશું એમાં કંઇ ના કહેવાશે. પણ ગરીબનો બેલી વિશ્વંભર છે. તમને પાંચે પકવાન જમવા માટે દરરોજ મળશે તો અમને તે

બાજરીનો રોટલો પણ આપશે એટલા બધા શું કામ તણાઇ જાઓછો આ સાંભળી વણુસિંઘરને ક્રોધ ચડયો જેથી માણેકગવરિને કેહેવા લાગ્યા" એવો મિજાજ હોય તો અત્યારેને અત્યારે તારી વેજા અને તારા ધણીને લેઇ ચાલી જા? મારા ઘરમાં તમારૂં હવે કામ નથી. માટે જો નાક ધરાવતા હો તો આક્ષણેજ ચાલ્યા જાઓ? પછી હું જોઉંતો ખરો તમારો વિશ્વંભર આવી તમારૂં કેવું પુરૂં કરે છે "આવા છેવટના મોટાભાઇ વણુસિંઘરના શબ્દો શ્રવણ કરી મેહેતાજીએ કહ્યું" મોટાભાઇ જો એમ છે તો આક્ષણેજ હું ઘરમાંથી મારો ખટલો લઇ નીકળી જાઉં છું. તેથીજ આપના જીવને શાંતી થાય છે તો તેમ કરવા હું તત્પર છું માટે આપ જરા પણ ખેદ કરશો નહિં." એટલું કહી પોતાની પત્નિ પ્રત્યે કેહેવા લાગ્યા કે "ચાલો હવે આપણે અહીં રહેવા યોગ્ય નથી હવે મારાનાથની જુદા રહેવાની આક્ષણથીજ ઇચ્છા છે તો તેમ કરવામાં જરા પણ ભય કે શંકા ધરવાનું પ્રયોજન નથી. મોટાભાઇ અને ભાભીશ્રીનો આપણા ઉપર અનન્ય ઉપકાર થયો કે મને ઘરબહાર કાઢી મુક્યો જેથી શ્રી વિશ્નુ ભગવાનને પામ્યો અને આજ ક્ષણથી જુદો રહીશ તેથી પણ કંઇ અનન્ય ફળ થશે તો વળી અધીક ઉપકાર થશે માટે મારા પ્રભુની ઇચ્છા છે તો ચાલો હમણાં ધર્મશાળામાં જઇ નિવાસ કરીશું અને પછી મારો દીનોનાથ દામોદર સ્વતંત્ર સ્થળ માટે ઘણોએ પેરવી કરી આપશે "માણેકગવરિએ કહ્યું" ચાલો ગમે તો ભુખે મરી જઇયે વા ગમેતો કાલ પ્રાણ જતા હોયતો આજ જાય પણ હવે એક પળ પણ આ ઘરમાં રેહેવાય એમ

નથી " એટલું કહેતામાં ભાભી પાછી આવી કહેવા લાગી " એવી મોટી ટેકીલાની દીકરી હોય તો જાને કેમ હજી ઉભી રહી છે. જેને જવું હોય તે તરત મુંગેમોઢે નીકળી જાય "મેહ્તુ-તાજીની દીકરી કુંવરબાઇ તથા પુત્ર શામળશા બન્ને કેહેવા લાગ્યા " કાકી એકપળમાં આમ છેક બદલી બેઠા આપનું અમે શું બગાડયું છે આપને અમે શો અસંતોષ આપ્યો છે તે આપ આમ છેક દુશ્મનની ગરજ સારો છો ? જરા કંઇક ઇશ્વરથી તો ડરો અમે સહુ ઉલટા સેવા કરી કરી વાજ આવીયે છીયે છતાં પણ આપ છેક આમ નિર્દયતા વાપરો છો એ શું તમને વડીલને ઘટે છે " દુરિતકાકી કેહેવા લાગી " હા હા જાઓ જાઓ હું નિર્દય છું પણ અહીંથી હવે નીકળો એ રાત રૂપમા અહીં મારે જોઇતી નથી " આ સાંભળી માણેકબાઇ કહે છે " ભાભીજી છોકરાં કોઇને વધારે નથી અમારી જાન હજી તેમનુ પાલન પોષણ કરવા હયાત છે. આપ વડીલ છો છતાં ત્યાગો છો પણ વડીલોનો એ વડીલ અને આખા વિશ્વનુ પોષણ કરનાર તે અંતરયામી વિશ્વપતિ અમને ત્યાગી વિસરી જવાનો નથી આ જગતમાં રાજા રાવણનો પણ અહંકાર રહ્યો નથી એ જાણો છો તો પછી તમારો કે અમારો અહંકાર રહેવાનો સંભવજ નથી " ભાભીએ કહ્યું " અરે જાણી એતો મોટી પંડિતની પુંછડી હમણાંથી થઇ ગઇ છે તે હમણાં હમ-ણાંમાં મોટી તપસ્વી બીલાડી બની ગઇ છે એટલે જ્યાં ત્યાં પંડીતાઇની વાતો કરી સર્વને ઠગવાનીજ વાત. ઓળખું છું તારા ચરિત્રને. અમારો અહંકાર રેહેશે નહીં તે દહાડે જોઇશ

બહુશું હમણાંતો તારી વેજાલઘને રસ્તે પડય હવે માથુ કુટવાની અને હાય નથી" માણેકગવરિ પોતાનાએ સ હ્રા લઇ છોકરાને લઇ વઅબેર ઘરમાંથી નીકળી ગેહેના બાહાર જઇ ઉભી રહી અને મેહેતાજીએ પોતાની મુર્તિ કરતાળ પ્રભુપ્રસાદીનો વેશ માત્ર ધારણ કરી વણુસિધરને સાષ્ઠાંગ કરી કેહેવા લાગ્યા " મોટાભાઇ લ્યો હવે આપની રજા લઉં છું જે શ્રી કૃષ્ણ કામપડે બાળકને બોલાવજો અમારે પ્રત્યે આપનું અંતર પ્રસન્ન અને રાગદ્વેષ રહિત રાખજો અને અમારૂં તો આપને પ્રત્યે કેવું છે તે મારા કૃષ્ણપ્રભુને ખબર છે. માટે આજ્ઞા લઉં છું જેશ્રીકૃષ્ણ " આ સાંભળી વણુસિધરે કહ્યું ' જા જા વૈરાગી બની ભીખમાગે તોએ પણ હું તારા સામું જોનાર નથી મારે મનથી આજે તારૂં સ્નાન કર્યું હો આ ઘરનુ નામ દીધું તો તારી વાત તું જાણ્યો અને તારા બાયડી પણ પગદેશેતો ટાંટીયોજ કાપી નાંખીશ જા કાળુ મોહુ કરી ચાલ્યો જા ? મેહેતાજીએ કહ્યું કે " મોટાભાઇ આ ચાલ્યો પણ એટલું ગરીબનું કેહેવું માન્ય રાખજો કે કોઇ પ્રત્યેજરા પણ રાગદ્વેષને સેવશો નહિં તો શ્રી હરિ સદા પ્રસન્ન રેહશે " એટલુ કહી મેહેતાજી મેહેલા બહાર જ્યાં પોતાની પતિ માણેકબાઇ પોતાના પૂત્રપૂત્રી બન્ને છોકરાં લેઇ ઉભી હતી ત્યાં આવ્યા એટલે માણેકબાઇ બોલી " પ્રાણેશ આપણે કઇ ધર્મશાળામાં નિવાસ કરીશું ?" મેહેતાજીએ કહ્યું ગામબહારની ધર્મશાળામાં નીવાસ કરીશું ત્યાં અન્ય નાગરિકોની ઉપાધી નડશે નહીં અને દરરોજ પાંચસાત સંત સાધુ તેમાં ઉતર્યા હશે તેની સેવા થશે ધર્મશાળામાંજ

મીઠો કુવો છે એટલે જળનું પણ સાધન ઉત્તમ છે માટે મને તો ત્યાંજ રહેવું હમણાં પસંદ પડશે માટે ત્યાં ચાલો ?" માણેકુંવરિએ કહ્યું "જેવી સ્વામિ આપની ઇચ્છા" એમ કહી બન્ને પતિ પત્નિ પોતાના પુત્ર પૂત્રી લઇ પેલી ધર્મશાળામાં ગયાં અને નિવાસ કર્યો.

પ્રિય વાંચનાર આ વખતે ભગવાને એક અકળ લિલા કરી હતી મેહેતાજી બાલબચ્ચા લઇ જ્યાં ઘરબહાર નીકળ્યા કે તરતજ મોટા એક દ્વારકાવાસ ધનાઢ્ય ભાટીયાના વેશે અનેક ચાકર નફરો લેઇ પેલી ધર્મશાળામાં એક દિવસ માટેઆપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતાને સર્વ સગવડ કરી આપવાના નિમિતે દ્વારિકા જવાને બહાને આવી ઉતર્યા હતા. મેહેતાજી પોતાના બાલબચ્ચાં લઇ વસ્ત્રભેર પેલી ધર્મશાળામાં આવી એક જગા પસંદ કરી બેઠા એટલે પેલા દ્વારિકા વાસિ ધનાઢ્ય ભાટીઆએ સત્વર આવી તેમનું નામ ઠામ અને છેક આમ દીન તથા નિરાશ્રિત બનવાનું કારણ પુછ્યું મેહેતાજીએ અથથી તે ઇતિ સુધી નીવેદન કર્યું એટલે તે ધનાઢ્ય ભાટીયાવેશે ભગવાને પોતાના ચાકર નફરો ને હુકમ કર્યો કે "આપણી પાસે જે ગાદલા ઉશીકા તકીયા હોય તેમાંથી અડધા મેહેતાજીને આપી દો વાસણોમાંથી વાસણ પલંગોમાંથી પલંગ વસ્ત્રોમાંથી વસ્ત્રો અનાજમાંથી અનાજ વીગેરે દરેક વસ્તુ આપણામાંથી અડધો અડધ આપી દો" અને મેહેતાજીને કહ્યું કે લ્યો અડધું દ્રવ્ય પણ આપું છું કે જેથી દશવર્ષ તમારો અને તમારો બાલ બચ્ચાનો નિર્વાહ ચાલશે મેહેતાજી તે સઘળું લેઇ તેમને પ્રભુ છે એમ

ઓળખી લીધા અને સેવા કરવા લાગ્યા પણ એટલામાં તે ધનાઢ્ય રૂપે ભગવાન અને તેમના ચાકર નફરો સઘળા અલોપ થઇ ગયા અને પેલો ઘરવખરો તથા દ્રવ્ય બધુ ત્યાંને ત્યાં પડી રહ્યું ને મેહેતાજી તેનો વાસ્તવિક ઉપભોગ કરવા લાગ્યા. દ્રવ્ય પણ સંત સાધુઓને જમાડી અત્યંત ખરચવા લાગ્યા. ભજન કિર્તન અને વારંવાર કૃષ્ણોત્સવ પણ કરવા લાગ્યા દીનજનોને અને અપંગોને પણ દ્રવ્ય અન્ન ઇત્યાદિથી પોષી સંતસેવા અને કૃષ્ણ કિર્તનની ધુનમાંજ અહોરાત્રિ ગાળવા લાગ્યા. આથી આખા જુનાગઢ નિવાસિ સત્પુરૂષોમાં અને દેશપરદેશ નરસિંહ મેહેતા ભકતોના શિરોમણિ છે એવી સદ્કિર્તિ પ્રસરવા માંડી એ એક લાભ થયો પણ પેલા ધનાઢ્યે દશ વર્ષ ચાલે તેટલું દ્રવ્ય જે આપેલું તે દ્રવ્ય એકજ માસમાં સર્વ ખરચી નાંખ્યું અને પાછા હતા તેવા દ્રવ્યહિન મેહેતાજી થઇ ગયા. નાગરિ ન્યાતમાં એવી વાત ચાલતી હતી કે "કોઇ દાનેશ્રી ભાટીઆ ગૃહસ્થે ભીખ માગી ત્યારે અન્ન વસ્ત્ર આપ્યાં અને કંઇક દ્રવ્ય પણ આપ્યું પણ લંગોટા અને જોગટાઓને બધુ ખવરાવી દીધું અને પાછો નિર્ધન અને કંગાલવસ્થા ભોગવતો તે નરસિંહ મેહેતો થઈ ગયો" આવી ન્યાતમાં વાત ચલાવનાર પેલી કર્કશા ભાભી હતી. અને તેણેજ મેહેતાજીને અને મેહેતાજીના કુટુંબને હલકા પાડવા આ અસદ્પ્રવૃતિ રચી હતી. કેટલાક છછાંછળા નાગર ગૃહસ્થો મેહેતાજીને મોઢે કહેતાકે "નરસીંહરામ, મોટાભાઈથી વૈર ન કર્યું હોત અને તેમની અને ભાભીની મરજી સાચવી હોતતો આવી નિર્ધનાવસ્થા ન આ-

વત." આના પ્રત્યુત્તરમાં મેહેતાજી "જેવી શ્રીકૃષ્ણની ઇચ્છા" આટલાજ શબ્દો ઉચ્ચારતા અને પોતાના પ્રભુ ભજનમાં દીવસો નિર્ગમન કરતા હતા. અનાજ પણ થઇ રહ્યું દ્રવ્ય પણ ખુટી ગયું અને એક પાસે પાઇ પણ ન રહી એટલે પેલા ધનાઢ્યે આપેલા શાકરની ગુણીમાંથી જોઇતી વસ્તુઓ રાખી તમામ પાણીના મૂલ્યે વેચી દઇ તેનું અનાજ ભર્યું. અને ગુજરાન કરવા લાગ્યા. તે પણ એકાદ બે માસે થઇ રહ્યું એટલે છેકજ કડાકા તેહવાની વખત આવી અને બાલ બચ્ચાંઓને પણ બે દીવસના ઉપવાસ થયા. આ જોઇ માણેકબાઇથી ના રેહેવાનું જેથી મધ્યરાત્રે એક સમયે એકાંત જોઇ મેહેતાજીને કેહેવા લાગી કે "સ્વામિનાથ, આજ બણે દીવસના આ બાળકોને કડાકા થયા છે આપણા કદાચ અન્નવિના પ્રાણ જાય તો હરકત નથી પણ આ બે બાળકો માટે તો કંઇક ઉપાય થવો જોઇએ." મેહેતાજીને આ વાત ગળે ઉતરી જેથી પોતાની પેલી પ્રતિમા પધરાવી હતી ત્યાં જઇ કરતાળથી શ્રીકૃષ્ણ પરમાત્માને કિર્તન કરી અરજ કરવા લાગ્યા કે "હે પરમાત્મન્ આજ બણે દીવસના ફાકા વેઠાય છે. ભૂખથી આ બાળકોનો જીવ જાય છે. તેમજ આવી કંગાલ અને નિર્ધણીઆતિ સ્થિતિમાં, આ સર્વ જીવો પીડાય છે તો જરા વ્હાલા સામું તો જુઓ. આપના ભક્તવત્સલને પદને શીદકલંક લગાડોછો આપનું બીરદ શીદ ગુમાવો છો? આપે મને વચન આપી મોકલ્યો કે "નરસિંહરામ હું તારો પ્રત્યેક ક્ષણે વ્યવહાર અને પરમાર્થ નિભાવીશ તે શું સમજી ખોટુંજ કે હે કપટી પ્રભુ આમ

સર્વ સાથે કપટજ રમો છો કે ? વાહ ! વાહ ! મારા નાથ જ્યાં ત્યાં ભક્તોને આમજ દમોછોકે ? હશે ખેર, જેમ તમને ગમ્યું એમ ખરૂં; તમારી ગતિ તમે જાણો, પણ મારી ગતિતો શા-મળા એક તમેજ છો. તમે તરછોડી તજી દેશો પણ હું આ પ્રાણ જતાં પણ આપનો પલ્લો છોડનાર નથી. હે પ્રભુ આમ જીદ્દ કરશો તો આપનુ શરણાગત પદ વગોવાશે. માટે હવે તો સામુ જુઓ ? હે વિઠ્ઠલ હવે વ્હારે ચડયા સિવાય તમારો છુટકો થનાર નથી.” આટલું પેલી કૃષ્ણ મુર્તિ પ્રતિ કહી મેહતાજીએ શ્રી કૃષ્ણપરમાત્માનું ધ્યાન ધર્યું અને સહજ સમાધી-સ્થ થઈ ગયા. આણી તરફ વૈકુંઠમાં આ વખતે શ્રીકૃષ્ણ પરમા-

ત્મા મધ્યરાત્રિ હોવાથી નિદ્રાવશ થયા હતા. લક્ષ્મીજી પગ દબાવી રહ્યાં હતાં. રાત્રીનો ત્રીજો પ્રહર થવાનો સમય થયો હતો. આખું વિશ્વ જંપી ગયું હતું પણ અશ્વિનમાસના શુકલપક્ષની દશમીનો દીવસ હોવાથી ચંદ્રમા પોતાની કળાઓને અધીકને અધીક તેજ-સ્વી બનાવતો હતો. આવી અજવાળી રળીયામણી રાત્રિએ

આપણા શ્રી કૃષ્ણ પરમાત્મા પોતાના મકાનમાં આવેલા ચાંદની ચોકમાં એક સુવર્ણ અને રત્નોથી મઢેલી હીંચોળાખાટ ઉપર નિદ્રાવશ હતા. ભગવાન છેકજ મોડા સુતેલા જેથી લક્ષ્મીજી હજી સુધી ભગવાનની પગચંપીજ કર્યા કરતાં હતાં કારણકે તેમનો નિયમ હતો કે શ્રીકૃષ્ણ પરમાત્માની પગચંપી કરી તેમને ઉંઘાડી પછી હમેશાં સુવું તે સિવાય પથારીમાં પગ મુકવો નહિં આ પ્રકારની વૈકુંઠમાં પ્રવૃતિ હતી એટલામાં ભગવાન એકદમ જાગી ઉભા થઇ ગયા અને અક્રુરને મોટે અવાજથી બોલાવ્યા

લાગ્યા. અક્રુરજી પણ આ વખતે પાસેની એક બીજી કોટડીમાંજ સુતા હતા અને ગાઢ નિદ્રામાં હતા જેથી એક અવાજે બોલી શક્યા નહિં જેથી ભગવાને ઉપરા ઉપરી બુમો મારી એટલે અક્રુરજી ઝટ જાગી ઉઠ્યા અને આંખો ચોળતે ચોળતે પ્રભુ સમક્ષ આવી બોલ્યા " જી મહારાજ શી આજ્ઞા છે?" કૃષ્ણ પરમાત્મા કહેવા લાગ્યા " તમે એકદમ વૈમાનમાં જુનાગઢ જાઓ અને મારા ભક્ત નરસિંહને અન ધન ધામ ધન જે જે જોઈએ તે તે સર્વસ્વ તે કહે તેટલું આપી આવો અને મને તેમ કર્યાની ઝટ ખબર આપો ?" અક્રુરજીએ કહ્યું "ભગવાન જેવી આજ્ઞા હાલજ જઇ આપની આજ્ઞાનુ સાર તેમને સર્વસ્વ આપી સંતોષ પમાડું છું " કૃષ્ણ કહે છે " એકદમ જાઓ। અક્રુરજી પાણી પીવા જેટલો પણ જો વખત ગુમાવો તો તમને મારા પોતાના સોગન છે. તમે આવી જ્યાં સુધી તેમ કર્યાની ખબર નહીં આપો ત્યાં સુધી મારે અન્નજળ કે નિદ્રા હરામ છે " આવા શ્રીમદ વીષ્નુભગવાનના વચન શ્રવણ કરી અક્રુરજી તો બરાબર પોશાક સજવા પણ ના રહ્યા અને જેમ તેમ વસ્ત્રો સજી લઇ ગરૂડને બોલાવી તેના વૈમાનમાં સ્વારિ કરી પવનવેગે પલકમાં જુનાગઢ આવ્યા આ વખતે પાછલી રાત્રિના ચાર વાગવાનો સમય થવા આવ્યો હતો. મેહેતાજીતો જે પ્રભુ-ના ધ્યાનમાં મધ્ય રાત્રિથી બેઠા હતા તે પછી ઉઠ્યાજ ન હતા. માણેકગવરિ બન્ને બાળકોના પ્રાણ અન્ન વગર જવાની તૈયારીમાં છે એવો ભય લાગવાથી પ્રભુને સંભારી અતીધાર રૂદન કરતી હતી અને બાળકોના મુખમાં વારંવાર શુદ્ધજળનું

સિંચન કર્યા કરતી હતી. બાળકોની સ્થિતિ પણ અત્યંત આ વખતે દુખી બની ગઇ હતી. બે દીવસના ફાકાથી માત્ર તેમના પ્રાણુ જવાનાજ બાકી રહી ગયા હતા, બાકી તેમની આંખોમાં અને પેટમાં કુવા પડી ગયા હતા. ભૂખથી તમરખાઇ જમીનપર લોથપોથ થઇ તરફડયા કરતાં હતાં અને મા ખાવાનું એ તેમના શબ્દોથી વારંવાર માતાના અંતરમાં કરૂણા અને ખેદ સિવાય અન્ય કશુંજ ન હતું હવે પેલા અક્રુરજી પેલી ધર્મશાળા આગળ આવ્યા એટલે એક રબારણ તાજું દુધ ભરેલી વટલોઇ લઇ આવતી હતી તેનીપાસેથી એક શેર દુધ લઇ પશ્ચાત અંદર ગયા અને જ્યાં આપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતા પોતાના કુટુંબ સાથે નિવાસ કરી રહ્યા હતા ત્યાં આવી માણેકબાઇ પાસે ઉભા રહ્યા એટલે માણેકબાઇ એકદમ ભય પામી તેમને કહેવા લાગી "અરે ભાઈ આવી રાત્રીએ આટલા બધા વેહેલા આવી અમારી પાસે ઉભા રેહેનાર તમે કોણુ છો? શા માટે આવ્યા છો." અક્રુરજી બોલ્યા. "માણેકબાઈ ધૈર્ય ધરો ભય ન પામો. જુઓ હું અક્રુરછું અને ભગવાનના મોકલવાથી અત્યારે તમારી પાસે આવ્યોછું પણ હવે બીજીવાત પછી કરજો પ્રથમ આ બન્ને બાળકોના મુખમાં આ શેર દુધ છે તે રેડી દ્યો એટલે પ્રાતઃકાળ થશે ત્યાં સુધી તેમનો પ્રાણ ટકશે પછી સવારમાંતો સર્વસ્વ આવી મળશે અને સર્વ સારાં વાનાં થશે. બેહેન હવે તમારા બાળકોને હની આંચ આવનાર નથી અને ભક્ત નરસિંહ કયાં છે તે બતાવો?" માણેકબાઇએ કહ્યું એમ શ્રીહરિએ તમને મોકલ્યા. ધન્ય પ્રભુ ધન્ય લાલો ત્યારે તો તે

દુધ હું મારાં બાલુડાંને પાઇ દઉ કે એમનો પ્રાણુતો બચે. અક્રુરજી જો આપ આ વખતે દુધ ના લાવ્યા હોતતો જરૂર સહવાર થતાં થતાંમાં મારાં બાળકોનો પ્રાણ જાત. ઠીક થયું શ્રીહરિએ લાજ રાખી. અમારે માટેતો કશીએ હરકત નથી. જાઓ પેલા કૃષ્ણ મંદીરમાં મહેતાજી સમાધીસ્થ થએલા છે. જાગ્રત કરો અને સુખેથી મળો. ભાઇ આપનો અને પ્રભુનો અતિ ઉપકાર થયો કે આવા દુખદ પ્રસંગે આવી સંભાળ લીધી." અક્રુરજીએ કહ્યું "બ્હેન મેહેતાજીને સાક્ષાત જ્યાં શ્રી કૃષ્ણ સહાય છે ત્યાં ચૌદ લોકમાં પણ કોઇ શું કરનાર છે. ભાવિનો ભાવ ભાવિ ભજવે પણ પરમાત્મા પરિણામે પોતાના ભક્ત ભણી જોયા વગર રહે છે કદી નહી. માટે બ્હેન હવે લેશ પણ કોઈ બાબત ચિંતા કરશો નહિં. સર્વ સગવડ કરી આપવા પ્રભુશ્રીની મને આજ્ઞા થયેલી છે એટલે કાલને કાલે પ્રભુ ઇચ્છાતો ધન ધાન પશુ મંદીર વાહન ઇત્યાદી જે મેહેતાજીને જોઇશે તે આવી મળશે. માટે નિશ્ચિત રહી પ્રભુનુ ભજન કરો" આટલું કહી અક્રુરજીતો જ્યાં મેહેતાજી પોતાના મંદીરમાં સમાધી લગાવી બેઠા હતા ત્યાં આવી તેમને જાગ્રત કરવા લાગ્યા થોડીવાર થઇ એટલે મેહેતાજી જાગ્યા અને અક્રુરજીને ઓળખી એકદમ તેમને ભેટી તેમના ચરણમાં લોટી પડયા બંને બાળકોના પેટમાં અછેર અછેર દુધ પડવાથી તેમના જીવમાં જીવ આવ્યો જેથી ઉભા થઇ મેહેતાજી પાસે આવી ઉભા રહ્યાં. માણેકબાઇ પણ તેમની પાછળ ત્યાં આવી. અને અક્રુરજીને સર્વે સાષ્ટાંગ કર્યાં પશ્ચાત મેહેતાજી અક્રુરજીને પુછવા લાગ્યા "કહો ભાઇ

મારા પ્રભુ ક્ષેમ: કુશળતો છે ને?" અક્રૂરે કહ્યું "હા પણ તમારે હવે શું શું જોઇએ છીયે તેમને કહી ઘો એટલે હું શેહેરમાં જઇ સર્વસ્વ આપને લાવી આપું. મને તેજ કારણથી અત્યારે ને અત્યારે મોકલ્યો છે. માટે જે જે વસ્તુઓ જોઇયે તેની યાદી મને બરાબર પ્રભાત થાય એટલે કરાવી ઘો." મેહેતાજીએ કહ્યું "બહુ સારૂ. એ મારી :મારા નાથને ચિંતા નહોયતો બીજા કોને હોય તેમને સર્વ જોઇતી ચીજો ના લાવી આપોતો બીજું કોણ લાવી આપે તેવું છે. અક્રુરજી મારો બોજો તેમના સીવાય કોણ સંગી છે આપ બધું જાણો છો." અક્રુરજી કેહેવા લાગ્યા "મેહેતાજી અને તેમાં તો પ્રભુ અ-ડધી રાત્રે ભરનિંદ્રામાંથી તમે સ્મરણ કર્યુ કે તરત જાગી ઉઠયા અને મને ભર ઉંઘમાંથી જાગ્રત કરી આણી તરફ મોકલ્યો તે કહી તેમ ન હોયતો બનેજ કે? માટે કહી ઘો કે આપને શી શી વસ્તુઓ જોઇયે છીએ એટલે તેની હું પેરવી કરૂં." મે-હેતાજી કહેવા લાગ્યા કે મારે બીજું શું જોઇયે. રેહેવાને માટે એક ઉતમ અને વિશાળ મંદીર. જીવનને ખાતર અન્ન અને જળ, અને ત્રીજું દરેક વસ્તુ લાવવા માટે દ્રવ્ય જોઇએ તે અક્રુરજી આ ત્રણ સિવાય મારે શાની જરૂર હોય." અક્રુરજીએ ઉત્તર વાળ્યો "બહુ સારૂં ત્યારે એ ત્રણેની સવડ તમને પ્ર-ભુની આજ્ઞાનુસાર સત્વર કરી આપું છું પછી આપને કોઇ ચિંતા છે." મેહેતાજીએ કહ્યું "ના પછીતો કંઇએ ચીંતાનથી પછી કાલે ઉઠીને પ્રભુ બીજી ચિંતા નાંખે .તો તે જાણે તેને દૂર કરવી પડશે, બાકી હમણાંને માટેતો કશુંએ ચિંતા કરવા

જેવું દેખાતુ નથી.” અક્રુરજી બોલ્યા. “ બહુ સારૂ ત્યારે હવે આપ દાતણપાણી સ્નાન ધ્યાન કરો એટલામાં હુ અનાજ વીગેરે જોઈતી વસ્તુઓ લેઇ આવું છુ અને કોઇ વિશાળ અને દીવ્ય નવુ બાંધેલુ મકાન હોય તો તે પણ જોતો આવુ છુ.” મેહેતાજીએ કહ્યુ “જેવી આગ્યા.” આટલુ કહી અક્રુરજીતો જુનાગઢના દરવાજામાં પેસી શેહેર તરફ વિદાય થયા અને મેહેતાજી તથા મેહેતીજી એ યોગ્ય સ્નાનધ્યાન ઇત્યાદિ નૈમિતિક ક્રીયાઓ કરવામાં પ્રવૃત થયા. ક્રિયામાંથી પરવારી જ્યાં પોતાના કૃષ્ણ મંદીરમાંથી બારણે આવ્યા એટલે મજુરો દ્વારા અક્રુરજીએ અનાજ ધી ગોળ તેલ ઇત્યાદી સર્વ ભોજનની સામગ્રીની વસ્તુઓ મોકલાવી હતી તે આવી પોહોચી જે મેહેતીજીએ લઇ તેને બરાબર સાફ કરી કોઠારમાં ભરાવી દીધી. અને અક્રુરજીએ એટલુ ધાન ભરાવી દીધુ કે સંતસાધુઓને જમાડતાં પણ ત્રણ વરસ સુધી ખુટે નહીં. થોડીવાર થઇ એટલે અક્રુરજી આવ્યા અને મેહેતાજીને કહેવા લાગ્યા. ” મેહેતાજી એક દીવ્ય મંદીર આપના લાયક શહેરમાં જોઇ આવ્યો છું અને તે વેચવાનું છે તેની કીમત આશરે .પાંચ હજાર સોના મોહોરની અંકાઇ છે.આપ જોઇ જાઓ તો પછી ખરીદી લઇયે અને કાલથી ત્યાંજ નિવાસ થઇ શકે ” મેહેતાજી બોલ્યા “ અક્રુરજી મારે તો મારૂં કૃષ્ણમંદીર તેની અંદર રૂડી રીતે થઇ શકે તેવી મોકળી જગા હોય અને એકીવખતે હજાર સંત સાધુઓના પંગત બેસી હોય તો પછી આ દાસને રેહેવામાં કોઇ પ્રકારે અડચણ નથી ” અક્રુરજીએ કહ્યું “પ્રભુની ઇચ્છા

થઇ છે એટલે એ આપના મન માનતુંજ મકાન છે એમાં શક નથી પણ આપ જાતે જોઇ ખાત્રી કરી : કહોતો પછી ખરીદી લઇયે નહીતો પછી બીજું જોઇ ખરીદીયે" આ સાંભળી મેહેતાજીએ કહ્યું " ત્યારે ચાલો જોઇયે " આ ઉપરથી અક્રુર અને મેહેતાજી મંદીર જોવા ગયા જઇને જૂએ છે તો મેહેતાજીને તે મકાન પસંદ પડયું અને અંદર જઇ પોતે અક્રુરજીને જ્યાં જ્યાં કૃષ્ણમંદીર પાઠશાળા કીર્તન મંડપ તુલસિ કયારા, કોઠાર, પાણીઆરૂં, સુવા બેસવાનું મેહેમાનોને ઉતારો આપવાનું વીગેરે સોઇ પડતાં સ્થળો બનાવવાનું હતું તે તે સર્વ જગો બતાવી દીધી અને તે મકાન ખરીદ કરવાને પણ હા કહી દીધી જેથી અક્રુરજીએ તરત તે મકાન ખરીદી લીધું. મારા પ્રિય વાંચનાર તે મકાન જુનાગઢમાં જેતપુર જવાના દરવાજા પાસે જ હતું અને તે ખરીદી તેમાં અક્રુરજીએ ભગવાનની આજ્ઞાનુસાર મેહેતાજીની ઇચ્છા મુજબ સર્વ સોઇ કરી આપી એટલે મેહેતાજીએ આવી સહકુંટુંબ નિવાસ કર્યો.

પ્રકરણ ૪ થું

કુંવરબાઇનો કરીયાવર.

મારા પ્રિય સુમુક્ષુ વાંચક વૃંદ અક્રુરજીને ગયે ત્રણેક માસ આશરે પુરા થયા અને કુંવરબાઇના સાસરેથી આણું આવ્યું. શ્રીરંગધર મેહેતાએ પોતાના ગોરને કુંવરબાઇને તેડવા મોક-

લ્યો હતો. સીધુ હતું જેથી મહેતીજીએ રસોઇ વીગેરે કરી ભોજનની આગતા સ્વાગતા તે ગોરની સારી કરી; પણ અક્રુરજીએ જેટલું દ્રવ્ય આપ્યું હતું તે સઘળું સંતસાધુઓમાં અને ભંડારા કરવામાં પાછું મહેતાજીએ મોકળે હાથે ખરચી નાંખ્યું હતું જેથી દ્રવ્ય પાસે રહ્યું ન હતું તેની ચિંતા કરવા લાગ્યા મેહેતાજી તો સ્વભાવે અતિ વિરકત એકમાત્ર કૃષ્ણ કિરતન અને ભજન સિવાય જેની અન્ય કશીજ પ્રવૃત્તિ ન હતી અને જે લોક લાજ છોડી સંત સાધુઓના અખાડામાંજ દીવસ અને રાત્રિનો ઘણો ખરો સમય ગાળતા હતા, જેથી પેલો બ્રાહ્મણ ગોર શ્રી રંગધર મેહેતાને ત્યાંથી આવ્યો ત્યારે તેઓની ઘરમાં હાજરી ન હતી તેઓ તો હાથમાં કરતાળ લેઇ પગે ઘુઘરાબાંધી તિલક તુલસિની માળા ઇત્યાદિ ધારણ કરી જ્યાં ત્યાં વિશ્નુ મંદિરમાં કે સંત સાધુઓમાં કે કોઇ ઢેડાના મેહેલામાં જ્યાં કોઇ હરિનો દાસ લેઇ જાય ત્યાં જઇ ભજનની ધુન જગાવતા હતા. આજે પણ તેઓ કંઇ કિરતન કરવાજ ગયેલા હતા શ્રીરંગધર વેહેવાઇને ત્યાંથી પુત્રિને તેડવાકાજે આવેલો ગોરતો તેના ખડીયા પોટલાં મુકી જુનાગઢ શેહેરમાં કેટલાક પોતાના ઓળખાણવાળા નાગર સદ્‌ગૃહસ્થોને ત્યાં મળવા માટે ગયો અને મેહેતીજી તેના ગયા પછી વિચાર કરવા લાગ્યાં કે “ આ મેહેતાજીને પૈસો આવે તે સાધુ વૈરાગીને ખવરાવવામાં ખરચી નાંખવો ઢીચણ સુધી ઘુઘરા બાંધી હાથમાં કરતાળ પકડી મોટું ગાજર જેવડું તિલક તાણીને નાચી કુદી કીરતન ભજન કરવાં અને દુનિયાદારીનું કંઇપણ ભાન રાખવું

નહિં હવે પુત્રીને તેના સાસરે વળાવવી પડશે અને વળાવતી વખતે કંઈ ન્યાતજાતના રીવાજ મુજબ કરીયાવર પણ કરવો પડશે સાસરે જાય અને લોકો વા તેના સાસરીમાં કરીયાવર જોવા માગશે તો મારી રાંક દીકરી તેની પાસે હશે નહિં તો શું બતાવશે સહજ ગરીબમાં ગરીબ અને સાધારણ કરીઆવર કરવાને પણ આશરે પચીશ રૂપીયા જેટલું દ્રવ્ય જોઇયે. ઘરમાં એક પાઇનું ઠેકાણું નથી તો એટલી મોટી રકમ ક્યાંથી લાવવી"

આ પ્રકારના જ્યાં વિચારો માણેકબાઇના મનમાં ઘોળાયાં કરે છે એટલામાં આપણી વાર્તાના નાયક ભક્ત શિરોમણી નરસિંહ મેહેતા "જય જય રામકૃષ્ન ગોવિંદ, જય જય મુકુંદ પરમાનંદ" આ શબ્દોની ધુનમાંને ધુનમાં કિરતાળથી તાલ આપતા મધુર સ્વરે આલાપ કરતા કરતા આવી પોહોચ્યા. આવી તાલ વીગેરે કોરાણે મુકી પોતાનો મુકટ કાઢી હાથ પગ ધોઇ મધ્યાન્હ સંધ્યા કરવા બેઠા અને માણેકબાઇ પણ રસોઈ કરી પેલા ગોરમહારજ જે કુંવરબાઇનું આણું કરવા આવ્યા હતા તેમને આવવાની રાહ જોઈ બેઠી. થોડીકવાર થઇ એટલે મેહેતાજી સંધ્યા કરી કૃષ્ણ મંદિરમાં જઈ પેલી મુર્તિ સમીપ જઇ પાટલા ઉપર બેઠા અને માણેક ગવરીને બુમ મારી કહેવા લાગ્યા કે "ભગવતિ કહો પ્રભુના થાળની કેટલી વાર છે." માણેકબાઇ ઠાકોરજી માટે થાળ પુરી મેહેતાજીની સમીપ પડેલી બાજઠ ઉપર મુકી તેમને કહેવા લાગ્યા "સ્વામિન થાળતો ધરો પ્રભુને પ્રથમ ભલે ધરાવો પણ આપણે ત્યાં મેહેમાન છે તેના આવ્યા પછી આપણે જમવાનું છે." મેહેતાજીએ કહ્યું "મેહેમાન

કાણુ છે. અરે ભુલના હશો કદાચ કપટી કૃષ્ણ હશે." મા-ણેકગવરિએ ઉતરવાળ્યો "ના કૃષ્ણ નથી પણ આપણા વે-હેવાઇ શ્રીરંગધર મેહેતાએ કુંવરબાઇને તેડવા માટે તેમના ગો-રને મોકલ્યો છે. અને તે શેહેરમાં આપણી ન્યાતના તેના ય-જમાનોને મળવા ગયો છે. પણ સ્વામિનાથ કુંવરબાઇને કંઇ કરીયાવર કર્યા વગર મોકલશે. અને કરીયાવર કરતાં સહજ વીશપચ્ચીસની રકમની જરૂર પડશે માટે ગમે તે રીતે આ પ્ર-સંગ પરત્વે પણ પ્રભુને નીવેડવા સિવાય ચાલે તેવું નથી." આ સાંભળી મેહેતાજી બોલ્યા. "સાધ્વી નિર્ભય રહો. મારા નાથને ક્યારની ચીંતા થઇ હશે. એની મેળે ચાહીને કરશે નહીંતો ક્યાં જશે એને જેવો રૂચશે તેવો કરીયાવર મારા કૃષ્ણ મહારાજ કરી કુંવરબાઇને વળાવશે. આપણે તો તેના નામના માબાપ જેવા છીએ. બાકી ખરો બાપ તો તેજ મારો પરમકૃપાળુ ગોવિંદ છે. માટે જુઠા મારૂં મારૂં કરી ધનની આ-સક્તિ રાખવી ઉચીત નથી. હે સદ્ધર્મચારણી તમારા જીવને તમારા મનરૂપી અશ્વને એમ સમજાવો કેઃ—

પ્રભાત.

' સમરને શ્રીહરિ મેલ મમતાપરી જોને વિચારીને આપ તારૂં."
" તું અલ્યા કોણને કેને વળગી રહ્યો, વીણુસમજે કહે મારૂં મારૂં."
" દેહતારી નથી જોને જુગતે કરી રાખી તે નહીં રહે નક્કી જાશે."
" ધનતણું ધ્યાનતું અહોનીશ ચિંતવે એ રે અંતર તારે આડ થાશે."
" પાસેના પીયુને કેમ ગયો વીસરી હાથથી ગઇ બાજી થાશે ખોટી."
"ઘેને ઘેરાઇ ગયો નીદ્રામાં ઉંઘી રહ્યો જાગે તો નરસૈને આશ મોટી."

ઉપર પ્રમાણે એક પ્રભાતનું પદ ત્યાંને ત્યાં શિઘ્રતાપૂર્વક બનાવી ગાઇ મેહેતીજીને શ્રવણ કરાવ્યું એટલે માણેક ગવરિ પ્રભુમાં આસ્થા રાખી પાછી નિશ્ચિંત બની ગઇ અને તેમની જોડે શ્રીહરિનું ધ્યાન ધરવા બેઠા. મેહેતાજી સર્પાનિ વર્તમાન ધ્યાન ધરે છે એટલામાં પેલા ગોર બાર ઉપર એક વાગ્યાને શુમારે જમવા આવી પોહોચ્યો. મેહેતીજીએ રસોઇની થાળો પીરસી મેહેતાજીને બોલાવ્યા, અને મેહેમાનને લેઇ મેહેતાજી પણ પ્રેમપૂર્વક જમવા બેઠા. જમીરહ્યા છે કૃષ્ણમંદીરમાં આવી બાજઠનું આસન આપી પેલા ગોરમહારાજને બેસાડયા. થોડીવાર થઇ એટલે માણેકગવરી પણ જમી ઉઠી પરવારીને ત્યાં આવી. એટલે પેલા ગોરમહારાજ મેહેતાજીને કેહેવા લાગ્યા કે " મેહે-તાજી હવે મને વીદાય કરોતો સારૂં કારણકે મારે ગેર યજ-માનવૃતિ સંભાળનાર મારા સિવાય કોઇ નથી. પછી બાઇ ઓપટીએ બેરાં કામ ચલાવીલે એ વાત જુદી છે પણ ઘરમાં કોઇ બીજું પુરૂષ વર્ગ કે વડીલ નહીં એટલે અવસ્ય જેમ બને તેમ જલ્દી જવાની આવસ્યકતા છે. આ પ્રકારના ગોરના વચનો શ્રવણ કરી મેહેતીજીએ ઉત્તર વાળ્યો "ગોરમહારાજ હજુતો અમે કુંવર બાઇને કશો કરીયાવરે નથી કર્યો માટે બે ચાર દીવસ સુખે રહો અને કરીયાવર કરી કુંવરબાઇને તેડી પછી પધારો. બારણે નીકળ્યા પછી બે દીવસ આમ કે આમ માટે જે કાર્ય અર્થે આવ્યા છો તે કાર્ય સિદ્ધ કરી પાછા જાઓ તો સારૂં" ગોરે કહ્યું " ત્યારે માણેકબાઇને જે કરીયાવર તમારે કરવો હોય તે સત્વર કરો એટલે

પછી અમે જઇયે." મેહેતાજી કહેવા લાગ્યા "ગોરમ-
હારાજ મારે કરીયાવર કરવો નથી એતો મારા નાથને કર-
વાનો છે એમકે તેઓ કુંવરબાઇને કંઇક નવાન અને તેણીને
સંતોષ ઉપજે તેમજ નાગરિ ન્યાત તે કરીયાવર જોઇને ધન્ય-
વાદ આપે તેવો કરીયાવર મારા પ્રભુની તરફથી આવી પોહોચે
ત્યાં સુધી આપને અત્રે થોભવાનું છે." ગોરે કહ્યું "અરે
મેહેતાજી શું ગાંડા થયા કોઇને ભગવાને કરીયાવર કર્યો હોય
એમ તે હજુ સુધી સાંભળ્યું છે? એમ તે ભગવાન આરી વળી
કોઇને કરીયાવર કરતા હશે શું કંઈ મારૂં હૈયું ખસી ગયું છે
તે એવી ન માનવા યોગ્ય વાત હું માની તે ઉપર ભરોસો
રાખી બેસી રહું." મેહેતાજી કહેવા લાગ્યા "એ ગોરમહા-
રાજ એમજ મારો દ્વારિકાધીશ પોતેજ કુંવરીને કરીયાવર કરશે.
એજ મારો શામળો સાચો અને તદન નવિનજ કરીયાવર ક-
રશે જે આપ જોશો." એટલામાં મેહેતીજી માણેકબાઇ વચમાં
બોલી ઉઠયા કે "શ્રીહરિ કરીયાવર કરશે પણ તે ક્યારે કરશે
પણ તે ક્યારે કરશે ગયા તક પછી જોસીએ વાંચે નહીં માટે
આ આણી સચવાય અને મારી લાડકી પુત્રીને તદન વિચિત્ર
અને ઉમદામાં ઉમદા કરીયાવર થાય ત્યારે નાગરિન્યાત પ્રસન્ન
થાય અને આપણી નામના ગણાય. તો તો આખી નાગરિ-
ન્યાતને ખાત્રી થાય કે ભક્ત વત્સલ કરૂણાળું કૃષ્ણ પ્રભુ તમને
હાજરા હજુર અને પ્રત્યક્ષ છે." આ સાંભળી મેહેતાજી બોલ્યા
"સાધવી શ્રદ્ધા રાખશો તો મારો નાથ સહુ સારાવાના કરશે.
અને તમે ઇચ્છોછો તેવોજ કરીયાવર કુંવરબાઇને કરશે. આ-

મણુ કરતાં તે દીનદયાળ દામોદરને વધારે ચિંતા છે." માણેકબાઇએ આ વચનો શ્રવણ કરી ઉતરવાળ્યો. "સ્વામિનાથ ત્યારે કાલને કાલ કરીયાવર થવો જોઇયે. ગોર મહારાજ હવે વધારે વાર થોભશે નહીં." મેહેતાજી કહે છે. "બહુસારૂ ત્યારે કાલે કરીયાવર મારા નાથ કરી દેશે." એમ કહી મેહેતાજી કરતાળ લેઇ ભજનની ધુન જગાવવા જાય છે ત્યાં મેહેતાજીને ઢેડવાડામાંથી એક ઢેડને ત્યાં ભજન કરવાને બોલાવવા એક મનુષ્ય આવ્યું. મેહેતાજીએ ઢેડનો પ્રેમ જોઇ તેમને કહાવ્યું કે " હું ભજન કરવાતો આવું પણ તેમના ઘરમાં બેસી શકીશ નહીં. તેના આંગણામાં પાપગાનું વૃક્ષ અગરતો તુલસિકયારાઓ હશે તો ત્યાં બેસી મારા કૃષ્ણ પ્રભુનાં કિરતન કરવા તૈયાર છું." પેલા બોલાવવા આવેલા મનુષ્યે કહ્યું " મેહેતાજી તુલસિ કયારામાંજ આપને આસન નાંખી આપીશું. અને આપ કહેશો તે પ્રમાણે સોઇ કરાવીશું! માટે પધારો" મેહેતાજી એ વાત સ્વિકારી અને તે મનુષ્ય ગયો. આ મનુષ્ય એક ઢેડોનો ગોર જે ગરોડાની જાતે ઓળખાય છે તે મેહેતાજીને ભજનનું આમંત્રણ દેવા આવ્યો હતો. તે ગરોડો અતિ પવિત્ર અને પરમ ધર્મિષ્ટ વૈશ્નવ હતો. અને મેહેતાજીના ભજનમાં અત્યંત પ્રિતિ રાખતો હતો મેહેતાજી અને ગરોડાની વાર્તાલાપ ઉપરથી પેલા કુંવરબાઇને ત્યાં આણું આવેલા ગોરમહારાજતો દિંગ થઇ ગયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે "શું મેહેતાજી ઢેડને ત્યાં પણ ભજન કરવા જાય છે. અરે રે ઉત્તમ કુળવાન નાગર બ્રાહ્મણ થઇ આવા ઢેડોનો સંગ કરે છે એશું

થોડું શરમ ભરેલું છે. શું કરૂં મારા પરમ પ્રિય યજમાન શ્રી-રંગધર મેહેતાના વેહેવાઇ થાય છે એટલે કંઇ તેમની વિરૂદ્ધ પગલા ભરી શકાય નહિં બાકી જો બીજો નાગર હોત અને આ પ્રકારનો અશુચિ જનોના સંસર્ગમાં રેહેતા હોતતો તર-તજ ન્યાતના ચાર આગેવાનોને ઉશ્કેરી તેને ન્યાત બહાર મુ-કાવ્યા વગર રેહેત નહિં" એવો વિચાર કરી તે ગોર પોતાના આ વિચારો પ્રગટ ન કરતાં મેહેતાજીને કહેવા લાગ્યો" મેહે-તાજી કાલે સહવારમાંજ હું કુંવરબાઇને લઇ વિદાય થવાનો છું માટે આપને જે કરીયાવર કરવો હોય તેની આજથી તૈયારી કરી લેજો. કાલે મને કોઇ લાખ રૂપીયા આપેતો પણ હું રહે-નાર નથી એ નક્કી માનજો" મેહેતીજી કહેવા લાગી" એ ગોર મહારાજ ખરૂં કહે છે ભજન કરવું હોય તે કર્યા પછી જજો. પણ પ્રથમ મારી લાડકીના કરિયાવર માટે બંદોબસ્ત કરો મેહેતાજીએ કહ્યું " ત્યારે લે મારા નાથને બોલાવું એટલે તે કરિયાવર લઇ આવશે! એમ કહી આપણા ભક્તશિરોમણિ નરસિંહ મેહેતા પેલી કૃષ્ણમુર્તિ સમીપ ફરીજઇ તાલ લેઇ કૃષ્ણપરમાત્માનું ધ્યાન ધરવા બેઠા. માણેકગવરિ પણ જોડે પોતાના મધુર કંઠથી કૃષ્ણનુ સ્મરણ કરવા લાગી. મેહે-તાજીની પુત્રિ કુંવરબાઇ તથા પુત્ર સામળપ્રસાદ એ બન્ને છોકરાં પણ ઝાંઝ અને મરદંગ વીગેરેથી મેહેતાજીની મીઠા આલાપવાળી ધુનમાં તાલ આપવા લાગ્યાં. પેલા ગોરમહારાજ તો જોઇને આભા બની ગયા અને કરતાલ ઝાંઝો મૃદંગ વીગેરેની જ્યાં પુરી રણઝોક મચી રહી એટલે ગભરાઇ કંટાળી મેહેતા-

છના કૃષ્ણ મંદિરમાંથી બહાર આવી ઓસરીમાં બેઠા અને મેહેતાજીએ તો કરીયાવર કરવાથી કૃષ્ણચંદ્રને હાજર થવા માટે અડગ વૃત્તિ અને પ્રેમ ભરેલી 'ઉર્મિઓથી પદોમાં ગાવા લાગ્યા પેલા ગોરમહારાજ બહાર ઓસરીમાં બેઠા વિચાર કરે છે કે" એમ તે નાચે કુદે અને ઝાંઝો કુટવાથી ભગવાન આવી કરીયાવર કરી જતા હોય તો આખી દુનિયા કરે. અરે રામ રામ કરો નકામા એ બહાને ભગવાનને વગોવવા બાજુ શું. નહિંતો વળી ઉત્તમ વર્ણ થઇ ઢેડને ત્યાં ભજન કરવાનુંજ કદી સ્વિકારે કે ? નહીંજ. હશે આપણે શું આપણે તો તે કરીયાવર કરે વા ના કરે તોપણ પ્રાતઃકાળમાંજ કન્યાને લેઇ મેહેતા શારંગધરને ત્યાં સોંપી દેવી છે પછી ન્યાતના કરીયાવર ન્યાત જાણે! આ પ્રકારના ગોર મહારાજ તર્કવિતર્ક કર્યા કરે છે એટલામાં મેહેતાજીના કૃષ્ણમંદિરમાં " બોલોશ્રી કૃષ્ણચંદ્રકીજય "એટલા શબ્દો સાંભળ્યા જેથો અંદર જઈ જુએ છે તો સાક્ષાત વિશ્નું મુર્તિ શ્રી કૃષ્ણ પરમાત્મા તથા લક્ષ્મીજી મેહેતાજી આગળ એક છાબમાં કરીયાવર લઇ ઉભા રહ્યા છે તે મેહેતાજીને તે આપે છે ને લક્ષ્મીજી કુંવરબાઇને પેહેરાવે છે. માણેકબાઇ તથા મેહેતાજીએ સાષ્ટાંગ કર્યા છે અને પુત્ર શામળ તે શ્રીભગવાનની કેડે બાઝી પડયો છે." આ દેખાવ જોઇ ગોરમહારાજતો ત્યાંને ત્યાં ઠરા ગયા અને મનમાં જે પ્રથમ વિરૂદ્ધ વિચારો સેવતા હતા તે એકદમ અનુકુળ થઇ ગયા અને મેહેતાજીને વિશ્નું પ્રસન્ન છે એ વાતની પ્રત્યક્ષ ખાત્રી કરી તે વાત સત્ય માનવા લાગ્યાઃ કરિયાવર કરી વિશ્નું ભગવાન લક્ષ્મી સહીત

અદ્રશ્ય થઇ ગયા અને કુંવરબાઇએ પ્રસન્ન થઇ પ્રભુએ કરેલો કરીયાવર સ્વિકાર્યો ને બીજે દીવસે સાસરે ગઇ.

પ્રકરણ ૫ મું.

ભકત પુત્રનો વિવાહ અને લગ્ન.

મારા પ્રિય સુમુક્ષુ વાંચકવૃંદ, કુંવરબાઇ સાસરે ગઇ ત્યારે શ્રી કૃષ્ણ પરમાત્માએ કરીયાવરમાં કંઇ સોનું રૂપું કે હીરામાણેક વા ઝરીના વસ્ત્રો કે કસબી સાડીઓ કે એવું કંઇજ કર્યું નહતું. માત્ર ભક્તિને છાજતા પોશાક એક થાળમાં ભરી તેની સાથે એક પોતાની કૃષ્ણ મુર્તિ લાવ્યા હતા. પોશાકમાં ભક્તિના સાધનો અર્થાત એક કસબી લાલ વાઘાની ચુંદડી તુલસિની માળા ગોપીચંદન તથા એક કૃષ્ણની મૂર્તિ એટલાજ વાનાં હતાં અને તેનો કુંવરબાઇએ અત્યંત પ્રેમથી સ્વિકાર કરવાથી તેને આપ્યાં હતાં. તે ધારણ કરી કુંવરબાઇ સાસરે ગોર સાથે વીદાય થઇ હતી. ગોરે તો પ્રત્યક્ષ તે પોશાક આપતાં સ્વયં શ્રી કૃષ્ણ પરમાત્માના દર્શન કર્યા હતાં એટલે ગોરને તો તે પોશાકની અને મેહેતાજીને શ્રી કૃષ્ણ વશ છે તે વાતની ખાત્રી થઇ હતી જેથી જરા પણ તે પોશાકની તેમણે નીંદા કરી નહતી. પણ કુંવરબાઇના સાસરીયાં તે વાત માનતાં ન હતાં. કુંવરબાઇને હરરોજ

સાસુ મેહેણા દુણાથી રડાવતી હતી. દીયર અને જેઠ જેઠાણી તથા સસરા તરફથી પણ પોતાના ભક્ત પીતાની નિંદા શ્રવણ કરતી હતી. છતાં પણ ચિતમાં શાંતિ અને ધૈર્ય રાખી પોતાના કૃષ્ણ ચંદ્રનું રટણ એક પલવાર પણ વીસરતી ન હતી. જેતું તેનું સાંભળી રેહેતી પણ એક અક્ષર સામો કોઇને ઉત્તર વાળતી નોહોતી. સાસરીયામાં અને સાસરાના સગાં સહોદરમાં પણ સર્વની થઇને રેહેતી અને અતિ નમ્ર અને માયાળુપણે સર્વ જોડે વર્તતિ હતી. 'વનો વેરીને વશ કરે' એ કહેવત પ્રમાણે તેણે પોતા સદ્દવર્તન અને શુદ્ધ પ્રેમ ભાવથા દુશ્મનોને પણ વશ કરી લીધાં હતાં. આમ છતાં પણ નાગરિન્યાતે તેના સ્વભાવ પ્રમાણે તેના પીયરના વગોણું ગાવામાં ચુકતાં ન હતાં. તેણીનો પતિ અતિ દુષ્ટ સ્વભાવનો, વ્યભિચારી અને વ્યસની હતો તેમજ જ્યાં ત્યાંથી હાથ મારવાની પણ ટેવવાળો હતો. જેથી સદ્દવર્તન રાખવા આ ભક્ત કન્યા જ્યારે જ્યારે તેને કહેતી ત્યારે ત્યારે બીચારી માર ખાતી. આમ અત્યંત પતિ તરફનું પણ કષ્ટ વેઠવા છતાં મૌન્યપણે પ્રસન્નતાથી તે સહુ સહન કરી શ્રીકૃષ્ણ સ્મરણ પુર્વક કાલ વ્યતિત કરવા લાગી.

હવે જુનાગઢમાં આપણા ભક્તશિરોમણિ નરસિંહ મેહેતા તો ઇષ્ટ શ્રી કૃષ્ણચંદ્રની ભક્તિમાં અહો રાત્રિ નિરંતર મગ્નાજ રહ્યા છે. કુંવરબાઇને આણું કર્યાને આશરે છ માસ થવા આવ્યા એટલે ગુજરાતમાં વડનગર કરીને એક શેહેર છે ત્યાંથી ત્યાંના દીવાનનો ગોર જે દીક્ષીતને નામે ઓળખાતો હતો તે

વરની શોધ અર્થે જુનાગઢમાં આવ્યો હતો. પ્રિય વાંચનાર, આ વડનગર શહેર તમારૂં અજાણ્યું નહીં હોય છતાં પણ તેની જાણના જોગ બાબત આ સ્થળે ટુંકાણમાં તમને જણાવું છું. તેને માટે ઇતિહાસમાં એક સ્થળે એમ કહેવાયલું છે કે એ શહેર ચારે યુગાન્તર થયાં ચાલુ આવે છે જો કે દરેક યુગમાં અને અલાઉદ્દીન ખુનીના વખતમાં તેને વેરાન કરવામાં આવ્યું હતું. યદ્યપિ અનેક જુદાજુદા રાજાઓના સમયમાં ફરી વસ્યું હતું. એ શહેર નાગરોનું મુખ્ય મથક હતું. કચ્છ કાઠિયાવાડ અને ગુજરાત નિવાસી નાગરો પણ પ્રથમ ત્યાંથીજ આવી વસેલા કહેવામાં આવે છે. તે ઘડીયે એટલે કરણ ઘેલાના પ્રધાન માધવના સમયમાં એ શહેરમાં આશરે નાગરોના દશ હજાર ઘર હતાં એમ કહેવાય છે તેમ અત્યારે પણ તે ઘરોના ખંડીયરો જમીનમાંથી મળી આવે છે. અકબરશાહના વખતમાં તાનસેનજીનો દીપકરાગ મલ્હાર ગાઇને બુઝવનાર તાના અને રીરી એ બે નામની નાગર કન્યા પણ આજ વડનગર શહેરની હતી. જેના પરથી સંગિત ઉત્પન્ન થયું કહેવામાં આવે છે વળી તે વખતે વડનગર શહેરની આસપાસ ત્રણસે સાઠ તળાવો ત્રણસે સાઠ કુવા, ત્રણસે સાઠ વાવો ત્રણસે સાઠ સરોવરો, ત્રણસે સાઠ મહાદેવના શિવાલયો ત્રણસે સાઠ નદીઓ તથા ત્રણસે સાઠ તીર્થો હતાં એમ કહેવામાં આવે છે. નગર ખંડના ગરબામાં તે સર્વ શીવાલયો, નદીઓ, કુવા, વાવ તળાવ અને સરોવરોના નામ આપેલાં છે તથા તેમાના કેટલાક તિર્થો હજી જીર્ણાવસ્થામાં પણ વડનગરની આસપાસ જોવામાં આવે છે જે

ઉપરથી તે વાત સત્ય હશે એમ જણાય છે. વળી તે સમયમાં નાગરોએ બંધાવેલું હાટકેશ્વર મહાદેવનું દેવાલય પણ હજી એવું ને એવું છે અને તે માંહેલું બાણુ સ્વયંભુ શિવલીંગ આ બેહુબ દર્શન કરવા લાયક છે. એમ કહેવાય છે કે નાગરો ઉપર કાશી' વિશ્વનાથ મહાદેવે પ્રસન્ન થઇ કાશીના જેવુંજ શીવલિંગ આપી ત્યાં હાટકેશ્વરનું સ્થાપન કરાવ્યું હતું. તે સમયે વડનગર શહેરની જાહો જલાલીમાં હતું અને તેમા જ્યાં ત્યાં જુનાગઢની પેઠે વડનગરના નાગરોજ કારકિર્દિ કરતા હતા. રાજાના દીવાનથી માંડીને સીપાઇ સુધી નાગરોજ જોવામાં આવતા. નાગર સિવાય અન્ય કોમને દરબારમાં કે દીલ્હીની શેહેનશાહતમાં ઘણે ભાગે નોકરી મળવાનો અસંભવ જણાતો. આખા હિંદમાં માત્ર મુસલમાન અને નાગર એ બે કોમ સર્વ રાજકારોબારના ખાતાઓમાં નજરે પડતી. અન્ય શુદ્ર કે વૈસ્યવર્ગ વેપારમાંજ મચ્યો રહેતો તે વખતે ગુજરાતમાં પહેલા નંબરે પાટણ અને બીજા નંબરે વડનગર હતું. વેપારમાં કળા કૌશલ્યમાં, અને રાજ્ય ખટપટમાં પણ એક્કો હતું. તે શહેરની સમૃદ્ધિ તથા તે શહેર નિવાસી નાગરોમાં હાટકેશ્વરના અનુગ્ર-હથી પકાની સોઓ પાકતી જોઇ અનેક મુસલમાન બાદશા-હોએ તેને લુંટી ઉજડ બનાવી જમીન દોસ્ત બનાવવા જો કે પ્રયત્ન કર્યા હતા છતાં પણ નાગરની જાત અતિ વિચક્ષણ હોવાથી તે જુલમમાંથી યુક્તિ પુરઃસર પોતાને પોતાના કુટું-બને અને આખા રાજ્યને બચાવી દઇ અનેક ખટપટ દ્વારા પ્રયત્નો કરી પાછું તે શહેર વસાવી આબાદ કરતી અને પોતાનો

નવદેશ ભૂમિમાં અતિ કષ્ટકારી સાધનો વડે પણ બનતા સુધી સ્વદેશ ભાળતી રહેતી તેમજ પોતાના રાજાનું અને રાજ્યનું બન્નેનું પ્રાણાંત સુધી પણ રક્ષણ કરતી. અને પોતાનો સ્વધર્મ યથાસ્થિત પાળતી. આવી ચતુર નાગર પ્રજા વડનગર શહેરમાં તે સમયે ઉન્નતિના શિખરે બીરાજતી હતી. આ વડનગરના રાજાના દીવાન મદનમેહેતા નામે એક અતિ બુદ્ધિશાળી નાગર સદ્ગૃહસ્થ હતા. તેમને એકની એક પુત્રી હતી. તેણીનું નામ જુડીબાઈ હતું. મદનમેહેતા ઘરના શ્રીમંત હતા. જેથી વાહનાદીની સગવડ આપી પોતાના ગોરને પુત્રીને લાયક વર શોધવા અર્થે જુનાગઢ આ સમયે મોકલ્યો હતો. તેને સહુકોઇ દિક્ષીતના નામથી ઓળખતું હતું. મદન મેહેતાએ જુનાગઢની નાગરિન્યાતના આગેવાન સદ્ગૃહસ્થ સારંગધર મેહેતા ઉપર દીક્ષીતને ઉતરવા વીગેરેની સગવડ કરી આપવા બાબત ભલામણનો પત્ર લખી આપ્યો હતો. અને તેથી સારંગધરને ત્યાં દિક્ષીતે ઉતારો રાખ્યો હતો. તેમને આવ્યાને એકાદ દીવસ થયો એટલે સારંગધર દીક્ષીતને કહેવા લાગ્યા " જુઓ દિક્ષીતજી જૂનાગઢની નાગરિ ન્યાતમાં આશરે એકંદર ત્રણસે છોકરા કુંવારા છે માટે તમે તેમાંથી જે વર તમારા યજમાનની એકની એક સદ્ગુણી પુત્રીને લાયક યુવક હોય તેને વિવાહનું શ્રીફળ અને સુવર્ણ મોહોર આપજો. તમે કહો તો દરેક છોકરાને એક પછી એક અહીં બોલાવીએ અને કહોતો નાગરિ ન્યાતના હાટકેશ્વરમાં જઇએ એટલે ત્યાં સાયંકાળના પુંજનના દર્શન અર્થે નાના મોટા આબાલવૃદ્ધ એક પછી એક આવશે

અને કેટલાક છોકરાઓ સટાક ચોરે બેસશે જેથી આખી ન્યાતના વરો તમારી નજરમાં આવી જશે" દીક્ષીતે સારંગધરની વાત કબુલ રાખી સટાકચોરે જવાનો નિશ્ચય કર્યો જુનાગઢની આખી નાગરન્યાતમાં વાતો થવા લાગી કે " વડનગરના રાજાના દીવાન મદનમેહેતાની એકની એક પુત્રીનો વિવાહ કરવાનો છે જેથી વરશોધવા અર્થે તેમણે તેમના ગોરને મોકલ્યો છે અને તે સારંગધરને ત્યાં ઉતર્યો છે " સાયંકાળ થવા આવી એટલે સારંગધર અને દીક્ષીત સટાક ચોરે જવા નીકળ્યા પ્રથમ હાટકેશ્વરના દર્શન કર્યા બાદ ચોરાને ઓટલે આવીને બેઠા. ઘણાખરો નાગરન્યાત પણ ત્યાં બેઠી હતી કન્યાના ઉમેદવારો પણ ત્યાં હાજર હતા તેમજ તેમના વડીલો અને અન્ય નાગરો પણ હતા. સારંગધર મેહેતાએ દીક્ષીતની સર્વ જોડે મુલાકાત કરાવી એટલે તો સ્વાર્થિ નાગરો પોતપોતાના સ્વાર્થે દીક્ષિતની આસપાસ વીંટાઇ વળ્યા. એક કહે " દિક્ષીતજી, એ સારંગધર મેહેતાના ઘર કરતાં મારે ઘેર ઉતરવાની વીશેષ સગવડ છે માટે આસો મારે ઘેર મારો પણ દીકરો કુંવારોજ છે અને સર્વવાતે લાયક છે ' બીજો કેહેવા લાગ્યો "અરે દિક્ષીતજી મારો ભાણેજતો વહીવટદાર છે " ત્રીજો કહેવા લાગ્યો " અરે મારો ભાઇ પોલીસ સુપ્રીનટેન્ટ છે " ચોથો કહે છે " એતો બધું ઠીક પણ દિક્ષીતજી મારો ભત્રીજો તો નાયબ દીવાન છે " પાંચમો કહેવા લાગ્યો " પણ મારો દીકરો તો દીલ્હીના બાદશાહનો ખાનગી સલાહકાર છે અને રૂપે રંગે તથા વિદ્યામાં તેના જેવો બીજો એકપણ યુવક નાગરીન્યાતમાં કઇ ખોળ્યો

જડે તેવો નથી " મેહેતાજી તો ઉપરા છાપરી પોતપોતાના સ્વાર્થે પ્રત્યેક પોતપોતાની પ્રસંશા કરવા બેઠા અને નાગરો ચારે તરફથી બોલ્યા કરે જેથી કંઇપણ પ્રશ્ન કરવાનો પણ દિક્ષીતને અવકાશ ન મળે જે જોઇ દીક્ષિત અકળાયો એટલે સારંગધરને કહેવા લાગ્યો " સારંગધરરાયજી ચાલો હવે આપણે મુકામે જેને પોતપોતાનો છોકરો બતાવવો હોય તે આપને ત્યાં આવે અહીતો મારાથી કોઇપણ વરની ખાત્રી નહીં થાય અને જ્યાં સુધી મારી ખાત્રી નહીં થાય ત્યાં સુધી કોઇને પણ વિવાહનું શ્રીફળ મારાથી નહીં અપાય માટે ચાલો ઘેર જઇયે જેને આવવું હશે તે આપણે ત્યાં આવશે " સારંગધરે કહ્યું " દીક્ષીતજી ચાલો ત્યારે ઘેર જેનેગરજ હશે તે ઘર પુછતું ઘણુંએ આવશે આમ કંઇ રસ્તામાં અને અધરજીવે વીવાહની વાત નક્કી શી રીતે કરીશકાય નહીંજ આપ સત્ય કહો છો " ત્યાં ઉભેલા નાગરોને પણ ખાત્રી થઇકે દીક્ષીત અકળાયા જેથી વાત ફેરવી કહેવા લાગ્યા " હા હા દીક્ષીતજીએ ઠીક વિચાર રાખ્યો સુખેથી પધારો જેને જરૂર હશે તે આપને ઉતારે કદી આવ્યા વીના રેહેનાર નથી અને વીવાહના કામ તે નાના છોકરાના ખેલ નથી કિંવા કંઇ ખાવાનું નથી કે ઝટ મ્હોંમા મુકાય આતો અતિ દીર્ઘદષ્ટી અને બારીક પરિક્ષાના કામ છે " નાગરો એટલું કહી પોતપોતાના ઘર તરફ વીદાય થાય અને સારંગધર પણ દિક્ષિતને લઇ ઘેર આવ્યા ઘેર આવ્યા એટલે રાત્રિ પડી ગઇ હતી અને રાતના વાળુનો સમય થયો હતો જેથી બેએ વાળું કરી પશ્ચાત પાનસોપારી

ખાઇ થોડીવાર જુનાગઢની નાગરિન્યાતના વરો અને તેની લાયકાત સંબંધી તેમજ જુનાગઢની નાગરિન્યાતના કેટલાક રીવાજ સંબંધી સારંગધર દ્વારા દીક્ષીતે ઘણી હકીગત જાણી લીધી અને રાત્રીના અગીયાર વાગ્યા સુધી ગપ્પાં મારી પછી બન્ને પોતપોતાના સ્થાને જઇ સુઇ રહ્યા બીજે દીવસે સહવારે શૌચસ્નાન પુજનથી પરવારી દિક્ષિત ન્હા પીવા સારંગધરનીજોડે બેઠા છે એટલામાં કૃષ્ણુરાય નામના નાગર સદગૃહસ્થ સારંગધરને ત્યાં આવ્યા. સારંગધરે તેમને સન્માન પૂર્વક બેસાડી તેમના આગળ પણ ન્હાનો પ્યાલો મંગાવી મુકાવ્યો પશ્ચાત કૃષ્ણુરાયને પુછવા લાગ્યા કે "કેમ કૃષ્ણુરાયજી કેમ પધારવું થયું" કૃષ્ણુરાયે કહ્યું સારંગધરજી આજે આપને દીક્ષીતજી સહીત મારે ત્યાં જમવાનું નોતર કહેવા માટે આવવું થયું છે " સારંગધર કેહેવા લાગ્યા "કેમ વળી આજે શુ એવું ટાણું આવ્યું છે કે જમવાનું કરાવ્યું " કૃષ્ણુરાય બોલ્યા સારંગધરરાયજી આપ ક્યાં નથી જાણુતા કે હું હમેશાં વર્ષોવર્ષ મ.રા વડીલપિતૃ આદિક અર્થે પુરવજીચું કરૂં છું અને તે પ્રસંગે ફુલ નહીને ફુલની પાંખડી જે મળે તે પાંચ બ્રાહ્મણોને અને આપણા સગાસહોદરને ભોજન કરાવું છું એટલે ખાસ કઇ દિક્ષીતજી નિમિત્તે અગરતો ખાસ પ્રસંગ અર્થે કરવાનુ છે એમ નથી આતો વર્ષોવર્ષ થાય છે. માટે જરૂર આપ મેહેમાન પરોણા અને સહકુટુંબસહીત જરૂર જમવાને આજે બપોરે પધારવા કૃપા કરશો." સારંગધરે દીક્ષિતજી સામું જોઇ કહ્યું " કેમ દીક્ષીતજી આ મંત્રણ સ્વિકારવું કે નહીં દિક્ષીતજીએ કહ્યું "ભલે જેવી મેહે-

માટે આપની મરજી સારંગધરે અનુમોદન મળવાથી કૃષ્ણરાયને કહ્યું "જાઓ ત્યારે અમે સહુ આપનો આગ્રહ છે તો આવીશું વખત થાય એટલે બોલાવવા કોઇને મોકલજો કૃષ્ણરાયે ઉત્તર વાળ્યો કે " હું વખત થયે તેડું મોકલીશ જરૂર આપ દિક્ષીતજી વીગેરે બાલબચ્ચાં સહીત જરૂર પધારશો એવી આશા છે " એમ કહી પેલા કૃષ્ણરાય ચાલ્યા ગયા ઘેર જતાં કૃષ્ણરાય રસ્તામાં ચાલતે ચાલતે વિચાર કરવા લાગ્યા કે " સારંગધર મેહેતાથી એકલાથી કાર્ય સિદ્ધ નહિ થાય માટે સારંગધરના સાથી અને મળીતીયા આખી નાગરિ ન્યાતમાં સર્વોપરિ પેલા પરસહરાયજી અને વેણીધરજી એ છે તેમને પણ જોડે જમવાનું કહેતો જાઉં. જેથી તેઓ મારા દીકરાનો વિવાહ કરવાની વાતમાં ટેકો આપશે એટલે સારંગધરજી કબુલ કર્યા વિના રહેશે નહીં અને સારંગધરજીએ જ્યાં કબુલ કર્યું એટલે પછી દીક્ષીતજીએ હા કહી દીધીજ સમજવી. માટે ચોકઠું બેસાડવાની એજ યુક્તિ બરાબર છે માટે લાવો ને તે બંન્ને સદગૃહસ્થને પણ કેહેતો જાઉં એવો વિચાર કરી પેલા કૃષ્ણરાયે તો તે બન્ને ને ઘેર જઈ નોતરૂ દઇ દીધું અને ઘેર જઈ પોતાની સ્ત્રીને પણ કામ સિદ્ધ થશે એવા હરખભેર ઉત્તમ રસોઇ બનાવવાની સામગ્રીઓ સર્વ લાવી આપી કૃષ્ણરાયની પત્નિએ પણ આશામાંને આશામાં સઘળે નોતરાં દઇ દીધાં હતા જેથી જમણ પણ બિરંજને પુરી અને દુધનું ઉત્તમ જમણ કર્યું. બપોરે બાર ઉપર બે વાગ્યાનો સમય થયો એટલે રસોઇ તૈયાર થઈ અને કૃષ્ણરાયે પોતાના ગોર બ્રાહ્મણને સારંગધરને ઘેર પરસહરાય

અને વેણીધર વીગેરેને ત્યાં " તેડાં કરવા મોકલી દીધો આશરે ત્રણેક વાગ્યાના સુમારે સર્વ જમનાર મંડળ એકઠું થયું અને સ્નાન કરી પગંતપણ નાગરોની બેસીગઇ. પત્રાળાં પડીયા જળ વિગેરે બધું સહિત્ય પ્રથમ પીરસાયું એટલે રસોઇ પણ પીરસઇ ચુકી અને સર્વે કૃષ્ણરાયને લઈ જમવા બેઠા " અડધું જમી રહ્યા અને ભાત લેવાનો જ્યાં સમય થયો એટલે દિક્ષીતજીએ બે ઠંડાજળના પવાલા પેટમાં નાંખીને સારંગધરજીને કહ્યું "સારંગધરરાયજી, કૃષ્ણરાયજીએ જમણતો અતિ ઉત્તમ કર્યું છે." સારંગધરજીએ કહ્યું "આ ઘરની તો દીક્ષીતજી નવાઇજ ન હોય. હમેશાં રસોઇ ઉત્તમજ હોય આતો ઘર અતિ વગી કુલવાન અને શ્રીમંત ગણાય છે. પાણીને પેઠે જેણે ન્યાતોમાં ઘી વાપર્યું છે." એટલામાં કૃષ્ણરાયની પત્નિ કમળાલક્ષ્મીએ આવી કહ્યું "સારંગધર કાકાજી, હમણાં હમણામાં છોકરાનો વીવાહ કરવા માટે એટલા ઉપરા છાપરી માંગા આવે છે કે હું ના કહી કહીને થાકી. હમણા છોકરાનો વિદ્યાભ્યાસ ચાલે છે; ભણીગણી હુંશીયાર થશે અને રળતો થશે તો એની મેળે કન્યા આવશે. બાળા તેને શા દુકાળા." કે સારંગધર બોલ્યા " તમારે કન્યાની શી કમાં છે. છોકરો હશે તો કન્યા એક કરતાં એકવીશ તમને મળે તેમ છે." કમળા લક્ષ્મીએ કહ્યું "હા તમારા વડીલોના પુન્યે એમાં ના નહિં. પણ કાકાજી કદી અત્યારથી સારૂ ઠેકાણું મળે તો કરવાની અડચણ નથી. પછી જેવો આપના બધાનો વિચાર." સારંગધરે પરસદરાય પ્રતિ ફરીને કહ્યું "કેમ મેહેતાજી, મદન મેહેતાની

પુત્રી લાયક આ કૃષ્ણરાયજીનું ઘર ખોટું તો નથી." પરમદં-
રાયે ઉત્તરવાળ્યો, "મદનમેહેતાને પછી વારે વારે સર્વોપરિ,
પૈસે ટકે સુખી, અને ન્યાતમાં પણ કુળ ઉચ્ચું તેમજ છો-
કરો પણ પસંદ કરવા લાયક એમ સર્વ રીતે આવું ઉત્તમ
ઠેકાણું મળનાર નથી." પછી દીક્ષીતજી તરફ ફરીને કહેવા
લાગ્યા," દિક્ષીતજી હું તો ખરૂં કહું છું કે આ ઘર જેવું બીજું
એકે ઠેકાણું આ જુનાગઢની નાગરી ન્યાતમાં મળનાર નથી.
મુરતીઓ પણ બરાબર લાયક છે માટે તક જવા દેશો નહિં.
પછી જેવી તમારી મરજી." દિક્ષીતજીએ કહ્યું "કૃષ્ણરાયજી
તમારા દીકરાને બતાવો તો ખરા. પછી પરિક્ષા કરી તમને
ઝટકે નાનો ચોખ્ખો જવાબ કહીશ" કૃષ્ણરાયે કહ્યું "આપણે
જમીને ઉઠયા પછી હું તેને બોલાવી મંગાવીશ." એમ કહી
સર્વ પંગત જમી રહી પશ્ચાત કૃષ્ણરાયના ઘરમાં જઇ સારં-
ગધરને લઇ દિક્ષીતજી પેલા મુરતીયાને જોવા અને પાન સો-
પારી ખાવા બેઠા. એટલે કૃષ્ણરાયે અંદરજઇ છોકરાને શણ-
ગાર સજાવી બરાબર કરી મોકલવા કહ્યું .જેથી તેની માએ
ઉત્તમ વસ્ત્રાભુષણ પેહેરાવી છોકરાને દીક્ષીતજી આગળ રજુ
કર્યો. કૃષ્ણરાયનો દીકરો અતિ કદરૂપો અને તદન દાબારગો
જોઇ દીક્ષીતજીએ કહ્યું "કૃષ્ણરાયજી આ વર અમારી દીક-
રીને લાયક નથી." માટે સારંગધરજી બીજું ઠેકાણું હોયતો
કહેજો" આટલું કહી દીક્ષીતજી ઉઠી અને સારંગધરને લઇ
ઘેર ગયા, પેલા કૃષ્ણરાયજી તો આભા અને બાઘા ચકવા
જેવા બની ગયા અને વિમાસવા લાગ્યા કે "તારૂં સત્યાનાશ

નાશ જાય મને બરાબર આંજે સો ફેરીની ઉડી અને દીક્ષીતે તો સાફ નકાર વાળી ચાલવા માંડયું તેને જરાએ શરમ ન આવી કે આટલું ખરચ કરાવી પછી કેમ નકાર વાળું છું. ખરેખર મને તો એમ લાગે છે કે મફતના લોકોને ઘેર માલ મલીદા ખાઇ નાગરી-નાતને બનાવવા આવ્યો છે.” આમ વિમાસણ કરી કૃષ્ણરાયતો ચુમઇને બેઠા. પેલા સારંગધર અને દિક્ષિત ઘેર પહોંચ્યા એટલે સાંજના પુરી અને દૂધના વાળુનું આમંત્રણ દિક્ષિતજી તથા સારંગધરને હરિસુખરાયને ત્યાં આવી ગયું હતું સારંગધર અને દિક્ષિતે મળી જમવા જવાના આમંત્રણો ખાસ સુરતિયા જોવા માટે સ્વીકારવા પરસ્પર સલાહ કરી રાખી હતી. જેથી સાંજ પડી અને રાત્રિ થઇ એટલે હરિસુખરાયને ત્યાંથી તેડું આવતાં વાળુ કરવાને ગયા. પરસદરાયજી વેણીધર વીગેરે નાગરમંડળ હરિસુખરાયને ત્યાં બેઠુંજ હતું. સારંગધર અને દીક્ષીત આવી પોહોચ્યા જોઇ નાગરમંડળે તેમનો આદરસત્કાર કર્યો. માત્ર કૃષ્ણરાય નાસીપાસી થવાથી આવ્યા ન હતા. હરિસુખરાયે તો પુરી દુધ કેસર સાકર કસ્તુરી નાંખી કઢેલું દુધ તથા બે ચાર જાતના ભજીયાં શાક તથા રાયતાંઓ અથાણાં પાપડ ઇત્યાદી રાત્રિના વાળુના ભોજનમાં કર્યા હતાં. સર્વ નાગરમંડળે વાળુનું જમણ જમી રહી હરિસુખરાયને ઘણો ધન્યવાદ આપ્યો અને દિક્ષિતજી તથા સારંગધરે પણ ભોજનના ઘણા વખાણ કર્યાં. પછી હરિસુખરાયને દિક્ષીતજી કેહેવા લાગ્યા ” મેહેતાજી તમારા દીકરાને બોલાવો જોઉં તો

ખરો." એટલું કેહેતામાં હરિસુખરાયની સ્ત્રી રાધાલક્ષ્મીએ નવરાવી ઝરીના વસ્ત્રાભુષણ અંગે પેહેરાવી એટલું કહેતાં વાળમાં અતર તેલ ફુલેલ નાંખી હોળી ચોળી શણગારી કોરાણે બેસાડી રાખ્યો હતો તેને લઇ દીક્ષીતજીના મ્હોં આગળ રજુ કર્યો દીક્ષીતજી તે છોકરાના સુંદરરૂપ રંગથી લલચાઇ સારંગધરને પુછવા લાગ્યા "કેમ મેહેતાજી આ ઘર પણ ઉજ્જુ હશે" પેલા છોકરા તરફ ફરીને તેને વળી કહેવા લાગ્યા "કહો તમારૂં નામ શું અને શું ભણો છો." છોકરાએ કંઇ પણ ઉત્તર ન દીધો જેથી ફરીથી તેજ પ્રશ્ન કર્યો છતાં ના સાંભળ્યું એટલે મોટેથી ત્રીજીવાર પ્રશ્ન કર્યો તો પણ પેલા છોકરાએ સાંભળ્યું નહીં જેથી કહેવા લાગ્યો "મારાથી સંભળાતુ નથી માટે જરા મોટેથી પુછો ?" દીક્ષીતજીએ તરત મનમાં તોલ કર્યો કે આ વર પણ બીલકુલ બધીર અર્થાત્ બ્હેરો છે એટલે તે પણ નકામોજ છે. એટલામાં સારંગધરે કહ્યું" દિક્ષીતજી આ વર કેવો " એટલે દીક્ષીતજી કહેવા લાગ્યા. અમારી કન્યાને લાયક નથી કારણ કે કાને બ્હેરો છે" એટલું કહી સારંગધરને લઇ દીક્ષીતજી રજા માગી ઉતારે ચાલતા થયા અને હરિસુખરાય પણ તેમના પ્રયત્નમાં પાછા પડયા જેથી સો રૂપીઆની બેડી છતાં ચુમાઇને રહેવું પડયું અને પોતાનો હેતુ પાર ન પડયો જે દીવસે તીજા નાગર સદ્‌ગૃહસ્થે પણ નોતરૂં દીધું ત્યાં પણ તેનો છોકરો બોબડો નીકળ્યો. પ્રિય વાંચકવૃંદ ભગવાનની મરજી પોતાના ભક્ત નરસિંહ મેહેતાના પુત્ર શામળ પ્રસાદ સાથે જુઠાબાઇના વિવાહ કરવાની હોવાથી ન્યાતમાં

ત્રણુસોએ વર દીક્ષીતજી જોઇ વળ્યા પણ તેમની નજરમાં એક પણ ખોડ વગરનો કોઇ વર ના મળ્યો છેવટનો વર માત્ર આપણી વાર્તાના નાયક ભક્તશિરોમણિ નરસિંહ મેહેતાનો પુત્ર જોવાનો બાકી રહ્યો હતો. સારંગધર મનમાં વિચાર કરવા લાગ્યા કે “ આ દીક્ષીત મારો દીકરો કાચો નથી. એ નરસિંહ મેહેતો જાદુગર જેવો છે ને વખતે દીક્ષી-જીને અંધાર પછેડો નાંખી શકે ખરો માટે આપણે આમે જ્યારે તેને આ જુનાગઢની નાગરિ ન્યાતમાંથી બસો નવાણુમાંથી એક પણ વર પસંદ ન આવ્યો તો મેહેતાજીને ત્યાંએ શું કામ ન મોકલવો માટે લાવ તે પણ કહું એવો નિશ્ચય કરી સારંગધર દીક્ષિતજી પ્રત્યે કહેવા લાગ્યા “ દીક્ષીતજી તમે બસેંને નવાણું મુરતિયા જોયા પણ એક નરસિંહરામ કરીને આ જુનાગઢની નાગરી ન્યાતના પટેલ છે, તેનો પુત્ર જોયો નથી તે પણ જોઇલ્યો આપણે આમે જ્યારે બધાવર જોયા ત્યારે એ એકપણ જોયા-વગરનો બાકી શું કામ રાખવો જોઇએ માટે ચાલો ત્યાંનો પણ મુરતિયો જોઇ ખાત્રી કરી લઇયે ” દીક્ષીતે સારંગધરની સલાહ સ્વીકારી કહ્યું કે “ ત્યારે ચાલો તે ઘર કીયું તેમને બતાવો ? ” સારંગધરે ઉત્તર વાળ્યો “ દીક્ષીતજી તેમનુ ઘર બતાવવું પડે તેવું નથી જુઓ પેલું રાધાકૃષ્ણનું મંદિર કે જેના ગગનની જોડે વાતો કરતા સોનાના કળશવાળા દિવ્ય શિખર ઉપર શ્વેત ધ્વજા ફરકી રહી છે તેજ મેહેતાજીનુ મંદીર, તેજ તેમનુ રહેવાનુ ઠેકાણું કે ઘર જે કહો તે “ એ સાંભળી બીજે દીવસે નરસિંહ મેહેતાને ઘેર જવાનો દિક્ષીતે નિશ્ચય કર્યો

અને નાગર મંડળે પણ નરસીંહમેહેતાની હાંસી થશે તેવા હેતુથી તેમ કરવાને દીક્ષીતજીને અનુમોદન આપ્યું.

મારા પ્રિય મુમુક્ષુવાંચક વૃંદ, જે દીવસે દીક્ષીતજી મેહેતાજીને ત્યાં આવવાના હતા તે દિવસ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો હતો અને તેથી તે દીવસે પ્રાતઃકાળના ચાર વાગ્યાથી મેહેતાજીને ત્યાં ઘંટ, ઘડીયાળ, ઝાંઝ, ઢોલ, પખવાજ, ચિકારા ઇત્યાદિના ઘો સહીત કૃષ્ણ કીરતનની ઝડી મચી રહી હતી આશરે સહવારના નવ વાગ્યા એટલે ન્હાઇ ધોઇ દિક્ષીતજી એકલા મેહેતાજીને ત્યાં આવ્યા અને જુએ છે તો હરીકીરતનની ધુન મચી રહી છે જેથી તેપણ એક સ્થળે કીરતન શ્રવણ કરવા બેઠા અને મેહેતાજીના મધુર કંઠના સુસ્વરપુર્વક ભજન સાંભળી તેમાં એકતાર થઇ ગયા. મેહેતાજી, પોતાના કૃષ્ણમંદીરના ચોકમાં આવેલા આરસ જડીત ફુવારાની ચોમેર સો વૈશ્નવ સાધુના ઝુંડમાં ફરી કીરતાલ બજાવી શ્રી કૃષ્ણપરમાત્માના યશોગાન કરી રહ્યા છે. ગળામાં તુળસીનીમાળા, તિલક છાપાં વિગેરે અંગે ધારણ કરી ભજનની ઝડી મચાવી રહ્યા છે તેવા નરસીંહ મેહેતાને જોઇ દીક્ષીતજીનો દીંગ બની ગયા અને મનમાં વીચાર કરવા લાગ્યા કે વાહ ભગવાન તારી અકળ કળા છે. ભક્તને ભક્તિ કરવાના સાધનરૂપ તે કેવું વીશાળ અને દીવ્ય મંદીર બધાવી આપ્યું છે. જેમાં ડમરો તુળશી, અને સુવાસિત પુષ્પોના વૃક્ષો કેવાં આવી રહ્યાં છે, ચોતરફ પરમાત્માના નામનુ ભાન કરાવનાર ગોપીચંદનના ઢગલા પણ કેવા કરી મુકયા છે જ્યાં માયાનો બીલકુલ છાંટો નથી ખરેખર

ચિતને પરમાનંદનું ભાન કરાવનાર અને શાંતિ ઉપજાવનાર આખી નાગરીન્યાતમાં અરે બલ્કે આખા જુનાગઢ શહેરમાં કહીયેતો માત્ર આજ સ્થળ છે. અહો જો મદન મેહેતાની પુત્રી જુઠીબાઇના અહી વીવાહ અને લગ્ન થાય તો જુઠીબાઇ અતિ ભાગ્યશાળી ગણાય તેની સાથે મદનમેહેતાના પણ સદભાગ્ય કહેવાય કે સાક્ષાત શ્રી કૃષ્ણ ભક્ત સાથે સંબંધ થાય. આ ઘર મળવાથી જુઠીબાઇ આ સંસાર સાગરથી તરી જન્મમરણના બંધનમાંથી મુક્ત થાય એમાં કશોજ સંશય નથી બપોરના બાર વાગ્યા એટલે કિરતન બંધ થયું અને સર્વ સંતસાધુઓને માટે ફરાળમાં ખજુર અને કેળાં કોઇના શહેરના વૈશ્નવ સેવકે મોકલાવ્યા હતાં તે મેહેતાજીએ વહેંચી દીધાં દીક્ષીતજીને પણ તેમના ભાગનો પ્રસાદ મળ્યો. સર્વેએ ફરાળ કરી જળપાન કર્યું પ્રશ્ચાત દિક્ષીતજીએ મેહેતાજી પાસે જઇ તેમને પ્રણામ કર્યું અને કહ્યું, “ ભક્તરાજ આપતો માયાથી વિરક્ત છો પણ એમ કહે છે કે આપનો પુત્ર અતિ લાયક અને અમારા યજમાન વડ-નગર નિવાસી દીવાન મદનમેહેતાની પુત્રી જુઠીબાઇ યોગ્યજ છે તો મને જરા દેખડવા કૃપા કરો એટલે જોઇ હું ચાંલ્લો કરી દઉં હું તે કામ અર્થે જુનાગઢમાં આજ ચાર માસથી વડનગરથી આવ્યો છું અહીંના સઘળા વરો બધા જોઇ વળ્યો છું માત્ર આજ ઘર બાકી હતું જેથી મારૂં આવવું થયું છે. હવે બે ચાર દીવસમાં જવાનો વિચાર છે ” મેહેતાજીએ દી-ક્ષીતનું કહેવું સાંભળી તેમને કહ્યુ “ ભાઇ જે છે તે આ રંગ્રે એ મારા નાથે જેવો આપ્યો છે તેવો ને તેવો આ આપની

પાસે આવીને ઉભો તેજ તે છોકરો છે.” એટલું કહેતામાં શામળપ્રસાદ દિક્ષીતની પાસે આવી બેઠા તેને જોતામાંજ દીક્ષીતતો આભા બની ગયા અને “વીચારવા લાગ્યા” અહા આવું તેનું દીવ્યસ્વરૂપ, સુર્યના જેવી કાંતિ, બસ ખરેખર પ્રભુજ તેનાપર પ્રસન્ન છે જેથી તેનામાં કોઇ અલૌકીક તેજ મુક્યું છે. નક્કી આ જુઠીબાઇને લાયકજ વર છે. માટે તેનેજ ચાંલ્લો કરૂં. એમકહી શ્રીફળ અને એક સુવર્ણ મોહોર લઇ દીક્ષીતે આવી શામળપ્રસાદને ચાંલ્લો કર્યો અને માણેકબાઇને દીક્ષીતે કહ્યું “લ્યો માણેકબાઇ, અમારી દીકરીને લાયક આજ વર અમે પસંદ કર્યો ને તેથી વીવાહનો ચાંલ્લો કરી જઇયે છીયે હવે શુભ મુહૂર્ત જોવા બાદ લગન લેવાનું લગનીયા મારફત કહાવીશું” માણેકબાઇએ તે વાત સ્વિકારિ અને દીક્ષીતજીને યથાશક્તિ જે ઘરમાં અનાજ હતું તેની રસોઇ કરી અષ્ટમીના પારણા પણ કરાવ્યા એટલે જમીઉઠી મેહેતાજીની રજા માગી એટલે મેહેતાજીએ વળી દીક્ષીતને કેહેવા લાગ્યા કે “દીક્ષીતજી તમે આગ્રહપૂર્વક અહીં વેવીશાળ કરો છો તો મારી ના નથી પણ અમે કંગાલ વૈરાગી છીએ કંઇ શ્રીમંત નથી પ્રભુને આશરે અમારૂં પોષણ કરીયે છીયે વખતે અનાજ ના મળે તો બબ્બે દીવસના અપવાસ પણ વેઠીયે છીયે રાતદીવસ પ્રભુ ભજનમાં ગાળીયે છીયે. સંતસાધુઓની સેવા કરી તેમના સંગમાંજ આ અખાડામાં પડયા રહીયે છીયે. તમે વિવાહ કર્યો પણ ગોળ ધાણા વેહેચવાસારૂ એકપણ પૈસો નથી. નાતજાતમાં કુળ ઉચ્ચું વીગેરે બધું ખરૂં પણ આજકાલતો પૈસો હોય

તેનો છોકરો હુલ્લરે રમે એવું છે " દીક્ષીતજીએ પોતાના પઢ-રમાંથી સો રૂપીયા કાઢી મેહેતાજીને આપ્યા કહ્યું " આજે તમારા પુત્રના વિવાહ નિમિત શ્રીકૃષ્ણ ભગવાનને થાળ કરી સર્વ સંતસાધુ અને સગાં સહોદર જમાડો અને ગોળ ધાણા પણ વેહેંચો પશ્ચાત હું કાલે વડનગરતરફ વિદાય થઇશ" એટલું કહી જ્યાં દીક્ષીતજીએ સો રૂપીઆ આપ્યા કે માલપુવાને દુધપા-કની થાળ કરી સંતસાધુઓને તથા દિક્ષીતજીને જમાડયા અને સગાંસહોદર અને ન્યાતજાતમાં પણ ગોળ ધાણા વેહેંચ્યા. આ વાત સાંભળી આખી નાગરિન્યાત વિસ્મય પામી અને વિચાર ક-રવા લાગી કે વેવીશાળતો સીધે સીધું થયું પણ દીકરો પરણાવવાનું ખરચ કરવું પડશે તે વખતે એનરસૈયાને ખબર પડશે આ પ્રમાણે મેહેતાજીની ચેકડીમાં જે રાજી રહી આનંદ માનતી હતી તે ના-ગરિન્યાત આગળ પ્રસાદના લગનની રાહ જોતી બેઠી હતી. છેક નવમીની સંધ્યા કાળે દીક્ષીત સારંગધરને ઘેર પોતાને ઉતારે આવ્યા અને નરસિંહ મેહેતાના પુત્ર જોડે મદન મેહેતાની પુત્રી જુઠીબાઇના વેવીશાળ કર્યાની વાત જાણી અતિ વિસ્મય પામ્યા અને મનમાં હર્ષ પામી વીચાર કરવા લાગ્યા કે " આદીક્ષીતને મેહેતાજીએ બરાબર સીસામાં ઉતાર્યો ખરો જુનાગઢની નાગરિ-ન્યાતનુ નાક રાખ્યું ખરૂં કે છેવટે દીક્ષીતને જુનાગઢમાં કોઇ વર લાયક નથી એવું કહેવાનો વખત ના આવ્યો ધન્ય છે નરસૈયા તારા જાદુને " આવો સારંગધર વિચાર કરે છે એ-ટલામાં દિક્ષિતજીએ આવી સારંગધરને કહ્યું "સારંગધરરાયજી ક્ષમા તસ્દી માફ કરજો કાલે પરોઢીયે વડનગર વીદાય થવાનો

છું હવે પુત્રીના લગ્ન પ્રસંગે કદી જાન લઇ વડનગર પધારશો તો મળશું જરૂર પધારો તો મળજો બોલ્યું ચાલ્યું માફ કરજો મારા સામાન સરંજામને મારા વાહનમાં ભરાવો રાતની રાત વાદન અને હું પોતે આજે નરસિંહ ભક્તને ત્યાં મુકામ કરીશું એને પરોઢીયુ થતાંમાં વડનગર તરફ પ્રયાણ કરી દઇશું આજની રાત્રી ભક્તરાજને ત્યાં કિર્તનમાંજ ગાળી આનંદ કરવાની મારી ઇચ્છા છે ને તેથી લ્યો હું રજા લઇશ " સા-રંગધર પણ અતિ શુભુના પુર્વક મેડેલા સુધી દિક્ષિતને વળાવી

નમસ્કાર કરી પાછા ઘરતરફ ફર્યા અને દિક્ષીત પોતાના વાહ-નમાં બેસી મેહેતાજીને મકાને આવ્યા. આખી રાત્રી ભજનની ઝડી ચાલી તેમાં બેસી દીક્ષીતે આનંદ કર્યો અને સહવારના ત્રણ વાગતાં શૌચ સ્નાનાદીથી પરવારી મળસ્કુ થતાંમાં વીદાય-ગીરી માગી કહ્યું " મેહેતાજી લ્યો હવે હું જાઉં છું પણ તે પેહેલાં જતે જતે એક વચન આપો " મેહેતાજી કહે છે " ભાઇ મને કહોતો ખબર પડે કે આપ શેનુ વચન માગો છો " દી-ક્ષીતે કહ્યું " એક માગણી છે " મેહેતાજીએ કહ્યું " શેની,

તુલસીની, ગોપીચંદનની એઉની કે ઝાંઝ પખવાજ તંબુર શેની માગણી છે કહી દો તો આપવાને હું તૈયાર છુ " દીક્ષીતે ઉતર વાળ્યો " મારે તેમાનું કશુંએ જોઇતુ નથી પણ આ સદેહે આ ચક્ષુથી મને સાક્ષાત શ્રીકૃષ્ણ પ્રભુના એકવાર ગમે ત્યારે દર્શન કરાવો. એટલે બસ આખી જીંદગીનું સાર્થક થયું હું સમજીશ " આ સાંભળી પ્રથમતો મેહેતાજીએ આનાકાની કરી પણ છેવટે દીક્ષીતના શુદ્ધ અંતરના પ્રેમને લીધે તેમણે કહ્યું

જાઓ દીક્ષીતજી જ્યારે આ શામળપ્રસાદના લગ્ન કરવા પ્રભુ વડનગર પધારશે તે વખતે હું તે મારા નાથના તમને દર્શન કરાવીશ જાઓ હવે નિશ્ચિંત રહો અને સુખેથી સિધાવો ” આ વચન શ્રવણ કરી દીક્ષીતજી નમસ્કાર કરી :વડનગર તરફ વિદાય થયા આણી તરફ નાગરિન્યાતમાંથી કોઇવર ન મળ્યો અને મેહેતાજીનો પુત્ર મળ્યો જેથી દ્વેષભાવથી વિઘ્ન સંતોષી નાગરોએ તે વેવીશાળ ભાંગી નાંખવા માટે યુક્તી રચી અને સારંગધર પ.સે કેટલાક ન્યાતના આગેવાનોએ મળી મદનમેહેતા ઉપર તેમ કરવાનો પત્ર લખાવી તેમાં સહી કરી અને એક ખેપીયા બ્રાહ્મણના આશરે દીક્ષીતના ગયા પછી પંદર દીવસે વડનગર તરફ વાટ ખરચ આપી વીદાય કર્યો દીક્ષીતજી તો આ ખેપીયો જે દીવસે નીકળ્યો તે દીવસના એક અઠવાડીયા અગાઉ વડનગર પોહોચી ગયા હતા અને પોતે જુનાગઢ નિવાસી નરસિંહ ભક્તના પુત્ર શામળપ્રસાદ સાથે વીવાહ કર્યાની સઘળી હકીકત અને ભક્તની ભક્તિનો પ્રતાપ કહી મદનમેહેતાને સંતોષ પમાડયો હતો. મદનમેહેતાએ આવતા માસમાં લગ્ન લેવાનો નિશ્ચય કરી લગ્નની તૈયારીઓ કરવા માંડી, દેશ દેશના દીવાનોને અને ઠાકોરોને આમંત્રણ કર્યાં. અને એકની એક મ્હોંટી જ્યેષ્ઠ પુત્રીના લગ્નનો અવસર હોવાથી સમજી કરોડો સુવર્ણ મોહોરો ખરચી નાંખી દુનિયામાં એવી ધામધુમથી કોઇનું ભાગ્યેજ લગ્ન થયું હોય તેવું લગ્ન વિધિ પુરઃસર કરવાનો ઠરાવ કર્યો. વળી કાશી ઇત્યાદિ નામાંકિત પવિત્ર સ્થળોના ચતુર્વેદ સંપન્ન બ્રાહ્મણો, ઋષિઓ,

અગ્નિ હોત્રીઓ અને કર્મ કાંડી વિદ્વાનોને પણ કહાવી દીધું. આ પ્રમાણે મદનમેહેતાએ એક માસ અગાઉ આવી મોટા પાયાપર ધામધુમ રચવા માંડી. લગ્નની સામગ્રીઓની તથા લગ્નમંડપો ઇત્યાદીની ધમાલ મદનમેહેતા વડનગરમાં આ પ્રકારની એક દીવસે મચાવી રહ્યા હતા એટલામાં એક પેપીચો વિપ્ર પેલો મેહેતાજીની વિરૂદ્ધનો સારંગધરનો પત્ર લઇ મદન મેહેતાને ત્યાં આવી પોહોચ્યો. મદનમેહેતા ઓસરીમાં જ્યાં એક પાટ ઉપર બેઠા હતા ત્યાં જઇ તેમને પ્રણામ કરી પત્ર આપી પછી તેમની પાસે બેઠો. મદનમેહેતા પત્ર વાંચી એકદમ પેલા દીક્ષીતને બોલાવી કહેવા લાગ્યા “ અરે દીક્ષીતજી તમે તો કહોછો વર ઘણો ઉત્તમ રૂપાળો તથા ગુણીયલ છે અને સારંગધરજી તો સ્પષ્ટ જણાવે છે કે જુનાગઢની નાગરીન્યાતમાં ભીખારીમાં ભીખારી અને વેરાગી સાધુઓના ટોળામાં બેસી નાચી કુદી ભીખ માગી પેટ ભરનારો એક નંગસેયો જેને અન્નને અને દાંતને વેર છે તેવાને ઘેર તમારા દીક્ષીતે વેવીશાળ કર્યું છે તે ઠીક નથી માટે આ પત્ર વાંચી વેવીશાળ ફોક કરી બીજો ઉત્તમ વર શોધી પછી લગ્ન કરજો “ ત્યારે દિક્ષિતજી આ વાતની ખાત્રી કેવી રીતે કરવી. લગ્ન દીવસ નક્કી કરી બધે આમંત્રણ મોકલાવ્યાં છે અને મારા દીવાનના નામ પ્રમાણે સર્વે લગ્નના દીવસ અગાઉ ચાર દીવસ પેહેલાં આવશે. અને લગ્ન બંધ જોઇ હાંસી કરશે. દિક્ષિતે કહ્યું “ મદન મેહેતાજી મારી તો ખાત્રી થઇ ચુકી છે અને એજ નરસિંહ ભકતના પુત્રને લાયક જોઇ જુઠીબાઇનો તેની સાથે

વીવાહ કરી દીધો છે અને છાતી ઠોકીને કહ્યું કે એ વર મળ્યો તો આપને નવે નિધ પ્રાપ્ત થયું એમ નિશ્ચે જાણજો મદનમેહેતાતો આ સૌ સાંભળી રહ્યા અને બીજે દીવસે તે એપીયાને સારંગધર મેહેતા ઉપર પેલા પત્રનો પ્રત્યુત્તર લખી મોકલી દીધો કે "તમારી લખેલી વાતની ખાત્રી કર્યા સિવાય વેવીશાળ તોડવા અમે ખુશી નથી. માટે પ્રથમ કોઇ યુક્તિસર ખાત્રી કરી પશ્ચાત કેમ કરવું તેનો વિચાર કરી તમને જણા- વીશું હાલ એજ" એપીયો ગયો એટલે હરબારગઢમાં પોતાના રાજાપાસે જઇ આ હકીકતની વાત કહી જેથી રાજા પણ વિચાર કરવા લાગ્યો કે કોઇ વિચિક્ષણતાથી પ્રધાનને શીરે આવી પડેલા સંકટના નિવારણાર્થે વરની ખાત્રી કરવી આવ- શ્યક છે, એવો વિચાર કરે છે એટલામાં મદનમેહેતાને એક યુક્તો સુઝી આવી અને તેથી રાજાને કહેવા લાગ્યા "હજુર મને એમ લાગે છે કે આપણે જે નરસિંહ મેહેતાથી ના બની શકે તેવું અસંભવિત અસંખ્ય દ્રવ્ય ખરચવાના કરાર માટે પત્ર લખી તેનાપર મોકલીએ એટલે તેનાથી તે બની શકશે નહીં અને લગ્નનુ માગું પાછું મોકલશે અને આપણે બીજે સારે ઠેકાણે કુંવરીબાઈના લગ્ન કરી દઈશું. તાહે પા- ણીએ પણ જશે સાપ મરશે નહિ લાકડી ભાગશે નહિં અને આપણું કામ થશે" રાજાને પણ આ મદનમેહેતાની યુક્તિ વ્યાજબી લાગી જેથી તેમ કરવા તેણે સલાહ આપી તેથી એક કાગળ લઈ નીચે પ્રમાણે લગ્ન કરારનું પત્ર લખવા બેઠા.

"સ્વસ્તિશ્રી સર્વે ઉપમાલાયક પુજ્યારાધે જુનાગઢ

નિવાસિ ભક્ત શિરોમણી નાગર સદ્‌ગૃહસ્થ મેહેતાજી નરસિં-હરામ જોગ લિ. વડનગર નિવાસિ સ્નેહાધીન મદન મેહેતાના સપ્રેમ નમસ્કાર. અમારી દીકરી જુઠીબાઈના મહા સુદ ૫ અને રવીવારે ગૌરજ મુહુર્તે લગ્ન લેવાનો ઠરાવ કરી અમો નીચેની શરતોએ આ લગ્નનો કરાર કરીએ છીએ કે જે પૈકીની એક પણ શરત રદ ગયે અમો તમારે ત્યાંનુ વેવીશાળ ફોક કરી અમારી ઇચ્છામાં આવશે તેને અન્ય સારે ઠેકાણે પરણાવી દઇશું તે જાણજો.

વડનગરના નાગરને પ્હેરવા માટે પાંચ લાખ પચરંગી વાઘા તથા તેઓની સ્ત્રીઓને મનમનતી પાંચ લાખ સાડીઓ પાંચ લાખ પાલખી આસપાસ ઘુઘરીઓ તથા સુવર્ણના કળશવાળી વીશલાખ વહેલો નવ લાખ તોપો, એ-કાવન હાથી રત્ન જડીત્ર અંબાડી સહીત; પાંચલાખ ઘોડેસ્વાર પાંચ લાખ પ્યાદા એવી ચતુરંગ સૈન્યા સહીત વરઘોડો ચડાવી તમામ જુનાગઢની નાગરી ન્યાતને જાનમાં લેઇ વડનગર આવી લગ્ન કરવાં અને વેવાઇની ઇચ્છા પ્રમાણે વડનગરની ન્યાતને જમણવારો, બક્ષીસો વીગેરે આપવા. મહાસુદ ૫ ને રવીવાર ઉપર ૬ને સોમવાર થતાં લગ્ન રદ જાણજો. પત્રનો જવાબ તરત આપજો થોડું લખ્યું ઘણું કરી વાંચજો કામકાજ લખજો હાલ એજ પોસ સુદ ૨ ને શનીવાર. ઉપર પ્રમાણે લગ્ન કરવાનો પત્ર લખી એક ન્યાતના બીજા ભિક્ષુક બ્રાહ્મણ ખે-પીયાને બોલાવી તેને તે પત્ર આપી નરસીંહ મેહેતાને આપવા સારૂ તાબડતોબ જુનાગઢ મોકલી દીધો ખેપીયાને રાજ્યમાંથી

વાહનાદિની પુરતી સવડ કરી આપી એકદમ તેનો પ્રત્યુતર લાવવા કહેલું જેથી વડનગરથી જૂનાગઢ આઠ દીવસ થાય તેને બદલે તે પાંચે દીવસે જુનાગઢમાં નરસિંહ મેહેતાને ત્યાં આવી પોહોંચ્યો. હવે સચરાચર અંતરયામિ ભક્તવત્સલ ભગવાને તેની દૃષ્ટિ મર્યાદામાં એવી માયા મુકી દીધી કે નરસિંહ મેહેતાનું મંદિર અને તેમના વૈભવ અને ઐશ્વર્ય આગળ સ્વર્ગ પણ તુચ્છ હશે એવું તેને જણાવા લાગ્યું અને તેથી એકદમ પોતાના મન સાથે વિચાર કરી ખાત્રી કરવા લાગ્યો કે "નહિ નહિં દીક્ષાનજીના કહેવા પ્રમાણેજ સાક્ષાત ભગવાને આ બધું મેહેતાને આપેલું જણાય છે. ખરેખર મંત્રીની કન્યા લાયક આ સ્થળ છે. પરણીને જો જુઠીબાઇ આ ઘરમાં આવશે તો જરૂર તેને સાક્ષાત વૈકુંઠ કરતાં પણ અધિક વહાલું આ સ્થળ લાગશે એમાં જરા પણ શંશય નથી. જેને પ્રભુ સહાય છે તેને આ વિશ્વમાં ત્રિલોક પણ હસ્તામલકવત્ છે. એ વાતનો આજે મારા અંતરમાં સ્પષ્ટ અનુભવ થાય છે." આ પ્રમાણે પોતાના હૃદય સાથે મનમાં વાતો કરતો કરતો તે વિપ્ર ખેપીયો છેક મેહેતાના દ્વાર નજીક આવી શામળશાને રમતો જોઇ તેના દિવ્ય તેજથી અંજાઇ જઇ આભો બની પાછો મન સાથે કહેવા લાગ્યો "આજ વર આહા કેવો દિવ્ય અને તેજસ્વિ જાણે બીજો કેલૈયો કુંવર, જાણે કૃષ્ણ કનૈયો સાક્ષાત. વાહરે જુઠીબાઇ દીક્ષીત કહેતા હતા તે વાત સાચી કે આ વર જોડે વેવીશાળ થયું તે જોઇ મોટું તારૂં સદ્ભાગ્ય. અહાહા, કેવી તેની સુંદર કાંતિ

ખરેખર વરતો જુહીબાઇ લાયકજ છે. અરે પણ તે સઘળુ જ્યાં પ્રભુ સ્હાય છે ત્યાં કેમ ના થાય ? થાયજ એમાં આ-શ્ચર્ય સરખું કશુંજ નથી." આટલું કેહેતામાં નરસિંહ મેહે-તા બારણા આગળ આવી તેમને સન્માનપૂર્વક મંદીરમાં લઇ જઇ બાજઠ ઉપર બેસાડી જળ પાન કરવા લોટો પવાલુ આગળ ધર્યું એટલે પેલા બેપીયા વિપ્રે મદન મેહેતાનો પત્ર આપી જરા શ્વાસ ખાઇ પશ્ચાત જળ પાન કર્યું અને મેહેતા-જીએ વાંચી માણેકબાઇને વાંચવા આપ્યો માણેકબાઇએ વાંચી નિશ્વાસ નાંખી પાછો આપ્યો એટલે મેહેતાજી પોતે પોતાના કૃષ્ણ મંદિરમાં જઇ પેલી મૂર્તિ સમીપ ઉભા રહી કરતાલ લઇ પ્રભુને બોલાવવા માટે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. પા કલાક થયો નહિં એટલામાં તો શ્રી કૃષ્ણ પરમાત્મા લાલજીરૂપે તેમની સમક્ષ પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે " કેમ વત્સ નરસિંહ વેવીશાળ આતાને કરી ગયે અને એક માસ તો હજી પુરો થયો નથી. ને પુનઃ બોલાવવો પડયો એવું શું સંકટ વળી પાછુ આવી પડયું સત્વર નિવેદન કરો ?" એ સાંભળી મેહે-તાજીએ પેલો મદન મેહેતાનો પત્ર આવેલો ભગવાનને આપ્યો. ભગવાને વાંચી તેનો ઉતર નીચે પ્રમાણે લખી આપી નરસિંહ મેહેતાને કહ્યુ હવે લગ્ન સામગ્રી સહીત હું લગ્નના દીવસ અગાઉ ચાર દીવસ પેહેલો શહેર બહાર બાગોમે તૈયાર રહીશ તમે આખી નાગરી ન્યાતને જાનના તેડાં કરી દેજો આમેને આમે કરવું છે તો વેવાહીની મરજીથી પણ સવાઇશ કરવામાં આપણું શું જાય છે. માટે નિશ્ચિન્તપણે તમારી સઘળી તૈયારી

તે દરમ્યાન કરી રાખજો હું હવે જાઇશ" આટલું બોલી શ્રીકૃષ્ણ પરમાત્મા તો અંતર ધ્યાન થઇ ગયા. પેલા ભગવાને લખી આપેલા જવાબનો કાગળ લઈ નરસિંહ મેહેતા મંદીર બહાર આવી બેઠા એટલે બ્રાહ્મણ તે વખતે થાકીને આવેલો તે પેલા નરસીંહ મેહેતાના ભજનની ધુનમાં નિંદ્રા વશ થઇ ગયો હતો જેથી નરસિંહ મેહેતાએ ઠાકોર મદીરમાં જઇ ભજન કર્યું તે સીવાય પા કલાક ભજન કરી પેલો પત્ર લઇ બહાર ક્યારે આવ્યા તેની ઉંઘમાં તેને ખબર પડી નહીં. મેહેતાએ બહાર આવી માણેકબાઇને બોલાવી તેને ભગવાનનો લખેલો પ્રત્યુત્તરનો પત્ર વાંચી સંભળાવવા કહ્યું એટલે માણેકબાઇ વાંચી નીચે પ્રમાણે મેહેતાજીને શ્રવણ કરાવવા લાગી કે "પ્રત્યુત્તરમ વીનંતી સાથે લખવાનું એટલુંજ કે નવ લાખ નાગર જે જાનમાં આવ્યા હોય તેને દરેકને પોશાક, તેમની સ્ત્રીઓને સાડીઓ તથા છપ્પન કરોડ સૈન્યનું આઠ દીવસનું ખરચ, પહેરામણી જુદી અને તે સર્વનું આવતાં જતાંનું વાટ ખરચ, એ સર્વ તયાર રાખજો અને તમારૂં મુહુર્ત મહા સુદ ૫ ને રવીવારનું છે તો અમારૂં મૂહુર્ત મહા સુદ ૨ જને ગુરૂવારનું રાખવામાં આવ્યું છે. જો બીજ ઉપર તીજ થશે તો પછી તમારો વીવાહ ફોક કરી બીજે સ્થળે અમો દીકરાના લગન કરી દઇશું તે જાણજો" નરસિંહ મેહેતા આ સાંભળી પોતાની સાધવી પતિ માણેકભવરિને કહેવા લાગ્યા " જોયું મારો નાથ ક્યાં જરાએ નમતી મેલે તેવો છે; મદનમેહેતાએ લખ્યું છે તેથી દશગણું તેણે દર્શાવ્યું છે. પછી મનમાં ભગવાન પ્રત્યે ઉદ્‌ગારો કાઢવા લાગ્યા કે

"અરે વાહરે મારા યાદવરાય, તમારા વિના મારો ટેક કોઇ નીભાવનાર નથી. વાહરે મારા પ્રાણના આધાર, તમને પણ લાજતો વહાલી છે એની મને હવે ખાત્રી થઇ" એવો વીચાર કરી માણેકગવરિ તરફ ફરીને વળી કહેવા લાગ્યા "સાધ્વી તમારે જે જે વસ્તુઓ જાનમાં જોઇએ તે તે બધી સંભાળીને લઇ ગાંઠડા પોટલાં કરવા પ્રવૃત્ત થાઓ અને મારા પ્રભુએ કહ્યું છે તે પ્રમાણે મારા સાહિત્યને પણ તૈયાર કરી રાખું." મેહેતીજી બોલ્યાં "સ્વામિન જાન માટે શું શું ના જોઇયે? જોઇયે તો સઘળું પણ વસુવિના નર પશુ આપણી પાસે ક્યાં છે કે લાવીયે." મેહેતાજી કહેવા લાગ્યા "અરે દ્રવ્યનું કામ તો મારા દામોદર સઘળુ કરશે પણ તમારે ઘરનાંવા જે જે કંઇ લેવા જોગ હોય તે લઇ રાખવાને કહું છું. હું પણ મારા સાહિત્યમાં એક વહેલ ગોપીચંદન, તુલસી, તિલક છાપાં તાલ ઝાંઝ ઘડીયાળ ઇત્યાદિ વાજીત્રોના સેગળા, અને મારૂ સંત પુરૂષોનું વૃંદ એજ ફક્ત સાથે સાહિત્યમાં તૈયાર કરવાનો છું. બાકી જાનૈયાને શું જોઇશે અને તેમને શું શું જોઇશે અને ભગવાન શું શું આપશે તે તો તેજ જાણે એમને જે કરવું હોય તે કરે હું તો એક નિમિત્ત રૂપ છું બાકી પૂત્ર શામળના ખરા માબાપ તો તેજ શ્રી કૃષ્ણ અને લક્ષ્મીજી છે તે સર્વ નીવેડશે માટે બીજી ચીંતા કર્તવ્ય નથી." આ સાંભળી માણેકગવરિ શાંત અને સ્વસ્થ બની પોતાના પતિના ઠાકોર મંદીરને સંભાળીને જોડે રાખવાના અને પોતાની પુત્રીને વડનગર જતાં જાનમાં રસ્તામાં મળવાને પત્ર લખવાના કામમાં

પ્રવૃત્ત થઇ; અને મેહેતાજી તો એ ભગવાન એના એ પાછા પણ ભજનમાં મચ્યા. કુંવરબાઇને તેના સાસરે પત્ર લખવાથી આઠેક દીવસમાં બાઇના લગ્ન પ્રસંગે આવી પોહોચી. અને લગ્નના આઠ દીવસ થયા એટલે ભક્તવત્સલ ભગવાને પોતાના ભક્તના પુત્રના લગન કરવા જવાને પ્રવૃતિ રચવા માંડી. પ્રથમ લક્ષ્મીજીને, સત્યભામાને, રાધીકાને, અને રૂક્ષમણિને બોલાવી ચારેને ચાર કાર્યો સોંપી દીધાં. લક્ષ્મીજીને રામણ દીવો ઝાલવાનું, સત્યભામાને કુંવરને ખોળે બેસારવાનુ રાધિકાને કુંવર ચમર ઢોળવાનું, અને રૂક્ષમણિને મોઢ ધાલીને સર્વ સાથે ચાલીને મંગલગીતો ગાવામાં અગ્રેસર ભાગ લેવાનું કામ સોંપી છપનકોટી યાદવોને નાગરનો વેશ લેવા તથા તેમની સ્ત્રીઓને નાગરાણિનો વેશ લેવા આજ્ઞા કરી દીધી. તેત્રીસ ક્રોડ દેવતા, નવનાથ, ચોરાસી સિદ્ધ, ગ્રહગણ, અને નવ લાખ તારા ગણને સાજન વર્ગનો વેશ લેવાની આજ્ઞા કરી. વિશ્વકર્મા અને નારદને બોલાવીને પણ કહી દીધું કે "મારા ભક્ત નરસિંહના પુત્રના લગન પ્રસંગની ધામધુમ મારે કરવાની હોવાથી, અઢાર ભાર વનસ્પતિ, વૃક્ષો તથા વેલોને જુદા જુદા સૈન્યના સાહિત્યરૂપે બનાવી દ્યો અને, ઇંદ્ર યમ અગ્ની વરૂણ કુબેર ચંદ્ર સૂર્ય અને સર્વ દેવ તથા ગ્રહમણોને સૈન્યોના અમલદારોનો વેશ ધારણ કરાવી પોસ વદ અગીયારશે જૂનાગઢની ભાગોળમાં હાજર થવાનું નારદજી સત્વર કહી આવો. વળી પોતાની સોળ હજાર એકસોને આઠ રાણીઓને નાગર સ્ત્રીઓને તૈયાર રેહેવા પણ આજ્ઞા કરી દીધી. બીજા અર્જુન ઇત્યાદિ પાંડવોને પણ નાગર વેશ

હાજર થવા પત્ર લખી દીધો. આવી અપાર લીલા પ્રભુએ ફેલાવી મુકી અને પોષ વદ ૧૧ ને રવીવારને દીવસે જુનાગઢની ભાગોળે મેલાણુ કરવાનો નિશ્ચય કરી દીધો. વિશ્વકર્માએ શ્રીમદ્ વિશ્નુ ભગવાનના હુકમ પ્રમાણે પથરોની શીલાઓની માયાવી પાલખીઓ બનાવી દીધી તેને ચાર વૃક્ષરૂપે ચાર મનુષ્યો ઝાલનારા બનાવી દીધા. વનસ્પતિઓને તોપ નાળ બંદુક તલવાર ઢાલ ઇત્યાદિ સર્વ પ્રકારના હથીયાર રૂપ બનાવી દીધી. તમામ પશુ પક્ષી જીવજંતના સમૂહને લઇ માયાવિ મનુષ્યો સૈન્યના બનાવી, ઘોડેસ્વાર પ્યાદા વીગેરે લશકરની પણ કૃતિ કરી દીધી. એ રીતે વિશ્વકર્માએ ભગવાનની આજ્ઞાનુસાર માયા ફેલાવી આપણા ભક્ત શિરોમણી નરસિંહમેહેતાના પુત્ર શામળ પ્રસાદના લગ્નના વરઘોડા અને જાન નિમીતે આશરે વીશ લાખ પાલખી, છત્રીસલાખ તોપ, એંશીલાખ રથ, એક કરોડ મોતીવાળા હાથી અને ત્રણ કરોડ અશ્વો, પંચકરોડ પ્યાદા અને સાત કરોડ ખાસા સ્વારો એ રીતે સૈન્ય તૈયાર કર્યું દશે દીકપાળોએ આવીને પોતપોતાની દીશામાં આવેલા સૈન્યની સરદારી લીધી. એ રીતે તમામ સાહિત્ય તૈયાર કરી વિશ્વકર્મા આશરે મેળાણના પાંચેક દીવસ અગાઉ કૃષ્ણ પરમાત્માને 'સર્વ તૈયાર છે' એ શબ્દ કહેવા ગયા. પાંડવો વીગેરે પણ આવી પોહોચ્યા. યાદવો પણ નાગરરૂપે રજુ થયા અને યાદવ પતિનઓ તથા શ્રીકૃષ્ણ મહારાજની સર્વ પતિનઓ નાગરાણીનો વેશ લઇ શણગાર ધારણ કરી પ્રભુ આજ્ઞાનુસાર નિયમીત કરેલે વખતે હાજર થઇ ગઇ. શ્રી

કૃષ્ણ પરમાત્માએ પણ મેહેતાજીના મુનેમનુ રૂપ લીધુ અને બરાબર પોષ વદ એકાદશીને રવીવારે રાત્રીના પ્રથમ પ્રહરમાં જુનાગઢની ભાગોળે આશરે સોળ સત્તર ગાઉના ઘેરાવામાં સર્વ સૈન્ય સહીત આવી ભગવાને મુકામ કર્યો. બંન્ને બાજુએ જ-રીના તંબુઓ ઠોકાઇ ગયા. આસપાસ ઘોડારો, હાથીખાના, કોઠારો અને કોશાધિપતીનો કોષ (ખજાનો) રાખવાના અમદારખાના પણ બનાવી દીધા અને દ્વાદશિનું સવાર પડતાં-માં તો જાણે કોઇ મોટો સમુદ્ર ઉભરાયો હોય કિંવા જાણે અસખ્ય સૈન્ય સહિત કોઇ ચક્રવર્તિ રાજા જુનાગઢ સર કર-વાને ત્યાં પડાવ નાંખી પડયો હોય તેવું જોનારને કુદરતી ભાન થયા વગર ન રહે એવો દેખાવ થઇ ગયો હતો. આ વખતે જુનાગઢનો માંડલિક રાજા તીર્થાટન કરવા અર્થે કાશી પ્રયા-ગાદિ યાત્રાને સ્થળે ગયો હતો, માત્ર જુનાગઢનો નાગર દીવાન હતો અને તેણે આ મેલાણુ પોતાના મકાનની અગાશીમાંથી જોઇ તપાસ કરાવીતો, નરસૈયા નાગરના પુત્રનો વરઘોડો જાનૈયા સહ વડનગર જાય છે એવી હકીગત મળી જેથી નરસિંહ મેહેતાને જરૂર ભગવાન વશ છે તેનો અનુભવ કરવા લાગ્યો. આ મેલાણુ આશરે જુનાગઢથી એ માઇલ છેટે થયું હતું અને ચાર યોજનના ઘેરાવામાં પડયું હતું.

મારા પ્રિય વાંચનાર, પ્રભુ જેને સહાય છે તેને શી ન્યુનતા છે. કંઇ નહીં છતાં પણ તે ભક્તો તો હર્ષ શોક વિના પોતાના પ્રભુના યશોગાનમાંજ ગુલતાન રહે છે અને પોતાનો પોશાક પોતાના મનની સ્થિતી, પોતાનો રીવાજ,

પોતાની ટબ છબ, સર્વે કાયમ એકજ રંગમાં રાખી પ્રસન્ન ચિત્તે પ્રભુના ધ્યાન પૂર્વક વહન કરે છે. શ્રી કૃષ્ણ પરમાત્મા એ તો અસંખ્ય સૈન્ય સહિત પડાવ નાંખી બારશના પ્રાતઃકાળના પ્રથમ પ્રહરથીજ દુદંભીનાદ કરવા માંડયો ત્યારે આપણી વાર્ત્તાના નાયક ભક્ત શિરોમણી નરસૈયા મેહેતાએ વડનગર જવા માટે એક ભાગી તુટી વેલ હાડપિંજરસમ બની ગયેલા બે વૃદ્ધ બળદો જોડી તેમાં ગોપીચંદન તુલસી ઝાંઝ ઘડીયાળો ઇત્યાદી વાદ્યોના કોથળા ભરાવી તૈયાર કરી બે છોકરાં તેમાં બેસાડી આમંત્રણ કરેલા નાગરો તથા નાગરાણીઓ જોડે માણેકબાઇને રાખી સંત સાધુઓના ટોળા સાથે કૃષ્ણ કીરતન કરતાં કરતાં વડનગરના પ્રયાણે જાન લેઇને ચાલ્યા. ગામ બહાર જ્યાં એકાદ માઇલ ચાલ્યા એટલે પેલો પડાવ મેહેતાજીની નજરે પડયો એટલે તરત ચેતી મન સાથે કહેવા લાગ્યા "નહિં નહિં નાથ વચનના છોતો સાચા તમામ લગન સાહિત્ય લઈ પધાર્યા તો ખરા ! ધન્ય મારા ધરણીધર તમારી લીલાને ધન્ય છે" આવો વિચાર કરે છે એટલામાં પેલા પડાવમાંથી દોડતે ઘોડે એક સ્વારે આવીને મેહેતાજીને વરદી આપી "મેહેતાજી, વરઘોડો તથા જાન તૈયાર છે તમો પધારો તેટલીજ ફક્ત વાર છે મેહેતાજીએ કહ્યું "વારૂ ભાઈ જાઓ કૃષ્ણ મહારાજને કહો કે આપના દાસાનુદાસ આવે છે આપ સજ્જ થઇ રેહેજો અને આ ઘડીથી સર્વની જોઇતી સંભાળ લેજો" એટલું કહ્યું કે પેલો ઘોડેસ્વાર દોડતો પાછો ચાલ્યો ગયો અને મેહેતાજીની વેહેલ ધીરે ધીરે પંથ કાપવા માંડયો. જ્યાં શ્રી કૃષ્ણ

પરમાત્માના પડાવ પાસે નરસિંહ મેહેતા જાન મંડળ સહીત આવી પોહોચ્યા એટલે તેમને શ્રીમદ્ ભગવાનના દ્વારપાળો ભગવાનના તંબુએ લઇ ગયા માણેકબાઇ શામળપ્રસાદને અને કુંવરબાઇને પણ જોડે લઈ જવામાં આવ્યા હતા. અને પુરૂષ અને સ્ત્રી વર્ગને મેલાણના આગેવાનોએ આવી વાહનાદીની સર્વ સગવડ કરી આપી. આણી તરફ જાનના સર્વ આ બાલ વૃદ્ધ સ્ત્રી પુરૂષ અને છોકરાંઓ તથા સર્વ સાધુ મંડળને માટે વડનગરના પ્રયાણસારૂ વાહનાદીની ગોઠવણ થઈ રહી છે બીજી તરફ કૃષ્ણ પરમાત્માએ મેહેતાજીને અને તેના કુટંબને પોતાના તંબુમાં બોલાવી શામળને લઇ લક્ષ્મીજીને સોંપી કહેવા લાગ્યા "આ મારા ભક્તના પુત્રને તમારા પુત્રથી પણ અધિક લાગણી રાખીને ન્હવરાવી ધોવરાવી આભુષણો પેહેરાવી દ્યો અને પુત્રી કુંવરબાઇને પણ તેના મનમાનતા વસ્ત્રાભૂષણ સજાવી દ્યો એટલે ચાલો પ્રવાસ શરૂ કરીએ." આવી કૃષ્ણપરમાત્માની આજ્ઞા થતાંની વારમાં લક્ષ્મીજી સત્યભામા રાધીકા અને રૂક્ષ્મણી એ ચારે પેલા ભક્તના પુત્ર પુત્રીને પોતાના તંબુમાં લઈ ગયાં અને સ્નાન કરાવી વસ્ત્રાભૂષણ સજાવ્યા. ભગવાને સૂર્યને બોલાવી તેની અમૂક કળાઓમાંથી ૧ કળાનું તેજ શામળપ્રસાદને અર્પણ કરી દીધું જેથી કોટી કામ કમનીય તેનું સ્વરૂપ દીવ્ય બની ગયું. એટલે કુંવરબાઇને રડવું આવ્યું અને-લક્ષ્મીજી પ્રત્યે કહેવા લાગી "માજી મારા ભાઇને આજે સાક્ષાત તમે જગતજનેતા પોતે રામણ દીવો ઝાલી પરણાવો છો અને સાક્ષાત કૃષ્ણ પ્રભુ પિતા સમાન

સર્વ કરી રહ્યા છે તેથી મને ઘણો આનંદ થાય છે પરંતુ મારી જાતના પ્રસંગે પણ આવો ભાગ તમે અને પ્રભુ લ્યો તેવો લાવો લેવાની આતુરના મને રહી છે તે મારી પુરી કરો?" લક્ષ્મીજી કહેવા લાગ્યાં "પ્રિયપુત્રી, ચિંતા કરીશ નહિં તારા સિંમત વખતે પણ તારૂં મામેરૂં એજ રાધાવર આવીને પુરશે અને અમે પણ સહુ તેમની પ્રતિજ્ઞા હશે તો આવીશું" એટલામાં નારદ પાસે ઉભા હતા તે કહેવા લાગ્યા "બ્હેન તું ઉચ્ચકુળના નાગર ગૃહસ્થની સુકુળવતિ સાધવી પુત્રી છે ચતુર છે તો, પછી તારાભાઇના લગ્ન પ્રસંગે આપણા કૃષ્ણપ્રભુ તને કહેશે કે "બેન કુંવર તારે જે જોઇએ તે માંગી લે?" ત્યારે માગી લેજે કે મારે અવસરે આપ લક્ષ્મીજી તથા અન્ય મંડળ સહીત પાછા પધારશો એજ માગું છું" એટલે તને વચન આપશે ને તારૂં કામ સફળ થશે તારીમનોકામના સિદ્ધ થશે. માટે બેટા એવાતનો ઉધરાવો કરીશ નહી." આ પ્રમાણે જનાનખાનાના તંબુમાં સ્નાન વિધિ તથા નારદ અને કુંવરબાઇની વાતચિત થઇ રહી છે. ત્યાં ભગવાને પોતાના તંબુમાં પોતાના ભક્ત નરસિંહમેહેતાને ક્ષૌર સ્નાન ઇત્યાદિ કરાવી, બીજા કસબી પીતાંબર અને શેલા ધારણ કરાવી પશ્ચાત પોતાની જોડે બે અશ્વના રથમાં બેસાડયા. શામળનો વરઘોડો હોવાથી તેને પણ નાગરિ રીવાજ પ્રમાણે શ્રીફળ ખુંપ ઇત્યાદિ સહીત ઇંદ્રને ત્યાંથી મંગાવેલા અશ્વ ઉપર સ્વાર કર્યો અને કુંવરબાઇ લક્ષ્મીજીના રથમાં બેઠી. થોડીવાર થઇ એટલે બ્યુગલ થયું જેથી એકદમ સર્વ મેલાણે કુચની તૈયારી કરવા માંડી.

અને કલાક થતાંમાં સર્વ કમઠાણ ઉપડી ગયું. સર્વની આગળ નિશાન ડંકાના અને બેંડનાં સ્વારો તેની પછી ખાસા અને લશકરી ઘોડેસ્વારની અસંખ્ય ટુકડીઓ તેની પાછળ સુવર્ણ અંબાડીથી સજેલા હાથીઓની હારો, તેની પાછળ અનેક પાયદળની લશકરી અને પોલીસની ટુકડીઓ, તેની પાછળ પાલખીઓની હારો, સુખપાલ, મેના ઇત્યાદી વાહનો, અને વાજીંત્રો બાદ કૃષ્ણ ભગવાન અને જાનૈયાના અને સજ્જનોના શણગારેલા રથો, તેની પાછળ અસંખ્ય જાસુસોની મધ્યમાં શામળશાનો દીવ્ય ઘોડો, તેની પાછળ અસંખ્ય હજુરીયાની વચમાં જાપતાસર ચાલતુ તમામ જનાન ખાનાના રથો તેની પાછળ તોપોના હારો, તેની પાછળ તમામ સરંજામથી લાદેલા બળદના ગાડાઓ અને સહુની પાછળ ઉંટના નીશાન ડંકાની કતાર એ પ્રમાણે શામળપ્રસાદનો વરઘોડો ભગવાનની ઇચ્છાથી ગોઠવાઇ ચાલ્યા કરતો હતો. એમ ચાલતે ચાલતે જ્યાં વડનગર પાંચેક કોશ છેટું રહ્યું એટલે ભગવાને પાંડુ પુત્ર ભીમસેનને બોલાવી કહ્યું કે "ભાઇ ભીમસેન, તમે જઇ આગળ વડનગરના દીવાનજી મદનમેહેતાને સમાચાર કહો કે વરઘોડો આવે છે માટે જાનના ઉતારા વગેરેની સર્વ સગવડ તૈયાર રાખજો." ભીમસેન તો શ્રીકૃષ્ણ પરમાત્માની આજ્ઞા થતાની સાથે સત્વર વેગબંધ વડનગર પોહોચી ગયા અને મદનમેહેતાને જઇને કહ્યું કે "તમારા કાગળમાં લખેલા સાહિત્યથી બમણા સાહિત્ય સહીત નરસિંહ પુત્રનો વરઘોડો આવે છે માટે જાનના ઉતારા વગેરેને ક્યાં સગવડ રાખી છે તે અમને બ-

હેતાજી બતાવો અને પ્રથમતો એ જણાવો કે સીધાના કોઠારો ક્યાં ભરાવ્યા છે." આ સાંભળી મદનમેહેતા વાતને હસી કાઢી તેને કહેવા લાગ્યા "ઠીકભાઇ ઠીક અમારા લખવાથી બમણું આવે એવો મૃત્યુ લોકમાં કોઇ રાજાકે શ્રીમંત મનુષ્ય પણુ હોઇ શકે નહીંતો એ વેરાગી નરસૈંઓ શું લાવી શકવાનો હતો. કદાચ દશ વીશ નાગર અને સાધુના ટોળા સહીત આવતો હશે તેને તમે બમણું કહી મારી હાંસી કરતા હશો આવી વાત કરી રહ્યા છે એટલામાં તો દુંદભીના તોપોના નાળોના અને વાજીંત્રોના ઘોર નાદોનો મિશ્રિત અવાજ એકદમ સંભળાવા લાગ્યો જેથી આખું વડનગર શહેર ખળભળી ઉઠયું. જ્યાં છેક વરઘોડો વડનગર શેહેર નજીક આવી પોહોચ્યો એટલે મદનમેહેતાએ પોતાની અગાશીમાં ચડીને જોયું તો પોતે લખ્યું હતું તેથી બમણું સૈન્ય તથા જાનૈયા પણ અસંખ્ય જોયા જેથી તેમને ખાત્રી થઇકે જરૂર મારાથી આ જાનનું પુરૂ પડવાનું નથી અને જરૂર મારી હાંસી થશે એમાં સંશય નથી માટે લાવો વિષખાઇ દેહનો ત્યાગ કરૂં એટલે દેખવું એ નહીં અને દાઝવુંએ નહીં એવો વિચાર કરી નીચે પોતાના ઓરડામાં આવી અફીણ ઘોળી પીવા જાય છે એટલામાં દીક્ષીત આવી પોહોચ્યા અને વરઘોડાનું વર્ણન કરવા લાગ્યા, મદનમેહેતાએ કહ્યું "દીક્ષીતજી મને ખાત્રી છે કે હવે મારી લાજ રહેવાની નથી માટે હું તો દેહનો ત્યાગ કરીશ" દીક્ષીતજીએ કહ્યું "નારે મહારાજ એટલામાટે કાંઇ આવો અમુલ્ય જીવ કાઢી નંખાય એ શું બોલ્યા" મદનમેહેતાએ ઉત્તર વાળ્યો

" જુઓ દીક્ષીતજી સૈન્ય એટલું બધું છે કે કદાચ આ વડ-નગર રાજ્યનો સઘળો ખજાનો ખાલી કરવામાં આવે તોપણ જાનનું પુરૂં પડે તેવું જણાતું નથી તો પછી વૃથા આશા શી રાખવી માટે લાવો મને તો મરવા દો એટલે પછી મારી આબરૂ જતી તો અટકે " આ પ્રમાણે વાત ચીત કરી રહ્યા છે એટલામાં તો વડનગર નૃપતિ પોતાને મેહેલથી પેલું સઘળુ લશકર જોઇ અચંબો પામી મદનમેહેતાને ઘેર આવી પહોચ્યો અને જુએ છે તો અફીણનો કટોરો પાસે પડેલો છે ને દીક્ષીત પાસે બેસી સમજાવી રહ્યા છે. તેથી શંકા કરીને મદન-મેહેતાને તે પુછવા લાગ્યો " મેહેતાજી આ અફીણ શેનું અને શું ધાર્યું છે " મેહેતાજીએ નમ્રતાથી બે હાથ જોડીને કહ્યું નૃપેંદ્ર આટલી મોટી જાનનું પુરૂ કરવાની મારી શક્તિ નથી. અને એ વાત મારાથી કોઇને કહેવાય પણ શી રીતે તેથી સહુથી સરળ અને સેહેલો ઉપાય મેં એ શોધી કાઢયો છે કે દેહોત્સર્ગ કરવો એટલે પછી આબરૂ તો ન જાય પછી જેમ થવાનું હોય તેમ થાય" રાજાએ ઉત્તર વાળ્યો "અરે વૃદ્ધ મંત્રી એમ શું હામ હારી જાઓ છો મારો ખજાનો એક સમયે બીલકુલ ખાલી થઇ જશે તો પણ હરકત નથી અરે કદાચ મારા નગરના શેઠ શાહુકારોની લક્ષ્મી સઘળી ખરચાઇ જશે તો પણ હરકત નથી. પણ ગમે તેમ કરી પુરૂં કરીશું ધીરજ રાખો એમ અમુલ્ય જીવ ખોયાથી કશોજ લાભ નથી " આ પ્રમાણે રાજા મદન-મેહેતાને બોધ દઇ રહ્યા છે તેટલામાં તો વરઘોડો નગરમાં આવી પોહોચ્યો અને વાજતે ગાજતે મદનમેહેતાને ત્યાં ઉતર્યો

તમામ દરબારી માણુસો જાનૈયાની સરભરામાં મંડી પડ્યા અને મદનમેહેતાને લઈ રાજા નરસીંહ ભક્તના દર્શન કરવા સામા ગયા જાનૈયાને માંડવામાં ઉતારો જ્યાં આપ્યો હતો ત્યાં મેહેતાજીએ પોતાના સંત સાધુઓ સાથે પડાવ કર્યો હતો. એટલામાં કિનારામાં આવી મદનમેહેતા તથા રાજા પેલા દિક્ષીત દ્વારા પુછવા લાગ્યા કે " અમારા વેહેવાઇ ક્યાં છે ? " એટલે નાગરવેશે આવેલા યાદવોએ ભગવાન તરફ આંગળી કરી કહ્યું કે " મદનમેહેતાજી, આ તમારા વેહેવાઇ " એટલે ભગવાને આદર સત્કાર કરી તેમને પોતાની પાસે બેસાડ્યા અને કહ્યું " મેહેતાજી તમારા ધન્ય ભાગ્ય કે તમે નરસિંહ નામ જેવા સુપાત્ર વેહેવાઇ સાધ્યો " મદનમેહેતાએ કહ્યું " બહુ શોધ્યો તો ખરો પણ આ બધી જાન જોઇ મારો જીવ ગભરાય છે અને શંકા થાય છે કે મારી કોઇ રીતે આબરૂ રહે તેવું લાગતું નથી " ભગવાન બોલ્યા " મેહેતાજી ગભરાશો નહી વિશ્વંભર ઉપર ભરોસો રાખો તમારી લાજ તે જવા દેશે નહીં " વાક્ય સાંભળી મેહેતાજીને ધીરજ આવી એટલે ફરી પુછવા લાગ્યા કે " અમારા વેહેવાઇ ક્યાં છે કેમ જણાતા નથી " ભગવાને કહ્યું " ચાર યોજનના પડાવમાં કોઇ ઠેકાણે બેસી હરિકીર્તન કરતા હશે જરાણુઓતો જડી આવશે " આ સાંભળી રાજાસહીત મદનમેહેતા મેલાણમાં વેહેવાઇને શોધતા શોધતા જ્યા બે હજાર સાધુઓનો અખાડો જમાવી નરસિંહ મેહેતા ભજનની ઝંડી મચાવી રહ્યા છે ત્યાં આવી પોહોચ્યા એટલે દીક્ષીતે દુરથી ઓળખ્યા એટલે મદનમેહેતાએ બે

હાથજોડી નરસિંહરામને નમસ્કાર કર્યાં પશ્ચાત બન્ને વેહેવાઇ ભેટયા અને આનંદથી એક બીજાની મુલાકાત લીધી.

પ્રિય વાંચક વૃંદ પોતાથી બન્યુ તેટલું ખરચ કરી મદન મેહેતાએ ધામધુમથી પોતાની દીકરી જુઠીબાઇના લગ્ન કર્યાં વૈરાઓમાં પણ લક્ષ્મી તથા રૂક્ષ્મણિને હાથે સઘળો કારભાર થયો. છેવટે વાજતે ગાજતે પરણીને વરકન્યા પાછા જુનાગઢ વીદાય થયા અને ભગવાન પોતાના યાદવો સહીત દ્વારિકા સિધાવ્યા ગયા આશરે એકમાસ જુઠીબાઇ જુનાગઢમાં પોતાને સાસરે રહી એટલે વડનગરથી તેડું આવ્યું જેથી પાછી પીયેર ગઇ ત્યારબાદ થોડે માસે શામળપ્રસાદ દેવલોક પામ્યા અને જુઠી બાઇ વીધવા થઇ એટલે મેહેતાજીએ કહ્યું કે " ભલું થયુ ભાગી જંજાળ સુખે ભજીશું શ્રી ગોપાળ " આ પ્રમાણે મેહેતાજીતો કૃપાથી ઓછી થવાથી અત્યંત ખુશી થઇ દીન પ્રતિદીન અધિકને અધિક કૃષ્ણકીરતન કરવા લાગ્યા. કુંવરબાઇ પોતાના ભાઇના મરણથી અત્યંત ખેદ કરવા લાગી પણ અંતર્યામીએ આપેલી જ્ઞાન બુદ્ધિથી ઉપરામ પામી પોતાને સાસરે સારો સંગાથ જોઇ વીદાય થઇ.

પ્રકરણ ૬ ઠું.

પિતાનું શ્રાદ્ધ.

પુત્રને ગત થયાને આશરે ૭ માસ થવા આવ્યા એટલે ભાદ્રપદ બેઠો અને શ્રાદ્ધ પક્ષ શરૂ થયું. ભાદ્રપદની વદ સમીપને સોમવારે આપણા ભક્ત શિરોમણીના પીતાનું શ્રાદ્ધ હોવાથી તેમના મોટાભાઇ વણુસીંઘરે મોટી ધામધુમથી શ્રાદ્ધ કરવાનો નિશ્ચય કરી શ્રાદ્ધના સર્વ સામગ્રી તૈયારી કરવા માંડી. ન્યાત જાતમાં અને સગાં સહોદરમાં પણ નોતરાં કેહેવરાવી દીધાં એટલે છેવટે નરસિંહ મેહેતાને ત્યાં આવી વણસિંઘર કહેવા લાગ્યા "અલ્યા નરસીંહ, કાલે આપણા પિતાનું શ્રાદ્ધ છે જેથી કાલે તારા ખટલા સહીત જમવાને વખતસર આવજે. વળી બીજું એ કામ ભળાવું છુ કે જંગલમાં જઇ ખાખરાના પાંદડાનો ભારો લાવી સહુને પુરાં પડે તેટલા પત્રાળા અને પડીયા પણ બનાવી લેતો આવજે અને એટલા બધા માણસોનું જમણવાર થવાનુ જેથી પાણીના બેડાં પણ ઘણા જોઇશે જેથી ખારૂં મીઠું પાણી ભરવાને પણ તારી સ્રીને જરા સહવારમાં વેલાસર મોકલજે અને ઘઉ દળવાના હમણાં મારે ઘેરથી આવે તે તેની પાસે દળાવી પરોઢીયામાં મોકલી દે જે તેમજ આવતી કાલે સંત સાધુ અને વેરાગીઓના અખાડામાં ન ભટકતાં જરા ઘેર રેહેજે." આ વચન સાંભળી મેહેતાજી પોતાના મોટાભાઇ વણુસિઘરને કહેવા લાગ્યા "વણુસિઘરભાઇ મારે મારા વેરાગીઓ પેહેલા અને તમે પછી. પેહેલી મારા

સાધુઓની સેવા પછી તમારૂં કામ. માટે તેનો ગયા વીના નહી ચાલે આપને માઠું લાગે તો બે કોળીઆ જરા વધારે જમજો પણ હું તો પેહેલેથી સત્ય કહીશ અને મારા ઘરમાંથી પણ તેની ઠાકોર સેવાથી જ્યારે પરવારશે ત્યારે આવી શકશે." આ પ્રમાણેનું નિસ્પૃહતા ભરેલુ નરસિંહ મેહેતાનું બોલવું સાભળી વણુસિધરને ક્રોધ ચડ્યો અને કહેવા લાગ્યા. "વળી ભીખારીને એટલો બધો મીજાજ. જો એવો બે પરવા છે તો બાપનુ શ્રાદ્ધ કેમ કરતો નથી. પાસે ન મળે કોડી અને હળી બજારે દોડી એવો તારો ઘાટ છે. વળી તારી રાંડને બીજા લોકોના દળણા ખાયણા કરવા ગજ્યાં લાગે છે અને મારા ઘરનુ કામ કરતાં તાવ ચડતો હશે કેમ " આવા કઠોર વચન શ્રવણ કરી માણેકબાઇથી રહેવાયું નહી જેથી લાજ કાઢી બહાર આવી જેઠને કહેવા લાગી " જે તમારી - સગલી હોય તેને રાંડ રાંડ કરજો મારે તો તમારે ત્યાં જમવા આવવું એ નથી અને તમારૂં દળણું ખાયણુ કે પાણી છાણી ભરવુંએ નથી. તમને મળશે તે પ્રમાણે તમે કરશો તો અમને જે ભગવાન આપશે તે પ્રમાણે અમે અમારે ઘેર આગવું શ્રાદ્ધ કરીશું તમે બત્રીસ બ્રાહ્મણો જમાડશો તો અમારા ગજા પ્રમાણે અમને જમાડવાની સંપત હશે તો તેમ કરશું માટે અમારે તો તમારે ત્યાં ધર્મે એ પગ મુકવો નથી." આ વચન શ્રવણ કરી વણુસિધર મેહેતા તો એકદમ ક્રોધ કરી ત્યાંથી ચાલ્યા ગયા અને ઘેર જઇ પોતાની સ્ત્રીને સઘળી હકીકત કહી વણુસિધરની પત્ની તો કર્કશા હતી જેથી વણુસિધરને નરસૈયાને ત્યાં શું કામ ગયા

તે બાબત તેમને ઠપકો આપવા લાગી અને કેહેવા લાગી કે "મેં ક્યાં દીયર ઉપર દીકરી જણી છે કે હું ક્યારે એ દીવ-રકે દેરાણીની જરાએ ઓશીયાળી છું. ના આવે તો દીસતાં રહ્યાં." એમ બડબડતી હજાર છણકા અને છકોટા કરી વ-ણસિધરને એક તરણાથી પણ હલકા કરી નાંખ્યા. બીજો દી-વસ થયો અને સહવાર થયું એટલે મેહેતી માણેકબાઇ, નર-સીંહ મેહેતાને કહેવા લાગી "સ્વામીનાથ આપણે આજે બાપવું શ્રાદ્ધ કરીશું ?" મેહેતાજી બોલ્યા "ઘરમાં સીધાનું તો ઠેકાણું નથી અને તમે કેવી રીતે શ્રાદ્ધ કરવાના હતાં" મેહેતીજી કહેવા લાગ્યા "નાથ જુઓને તમારા મોટા ભાઇ આટલા બધા સુખી છે અને આપણે અન્નને અને દાંતનેવેર એવી દુર્બળ સ્થીતિ ભોગવીએ છીએ કેવો પ્રભુને ઘેર પણ અન્યાય છે" મેહેતાજીએ પ્રત્યુત્તર વાળ્યો સાધવી તેને ત્યાં જરાપણ અન્યાય સમજશો નહી. આપણા જેવું આ દુનિયામાં કોઇ સુખી નથી પ્રભુના ભક્તને આ દુનિયામાં કશી ખામીજ નથી જો તમારી શ્રદ્ધા હશે તો વણસિધર ભાઇ શ્રાદ્ધ કરશે તેનાથી આપણે ત્યાં સવાયું થશે" માણેકગવરી કહેવા લાગી "સ્વામિનાથ ત્યારે મારી પાસે આ પાંચ વાલની સુવર્ણની એકવાળી છે તે લઇ બજારમાં જાઓ અને તે વેચી તેનું સીધુ લઇ આવો અને ઘી પણ લેતા આવો તેમજ નોતરીયાને તથા શ્રાદ્ધ કરાવનાર ગોરને અને એક બ્રાહ્મણને જમવાનું નોતરું દેતા આવજો એટલે હું તમે તથા એ ત્રણ જણા મળી માત્ર પાંચજણની રસોઈ તૈયાર કરીશું અને આપણે આનંદથી શ્રાદ્ધ આપણે ઘેર

કરી જમાંશું " મેહેતાજીએ કહ્યું " સાધવી વાઉ ત્યારે લાવો વાળી હું બજારમાં જઇ ઘી વીગેરે સીધાનું સર્વ સાહીત્ય લઇ આવું " એટલું કહેતા માણેકબાઇએ વાળી કાઢી મેહેતાજીને આપી એટલે મેહેતાજી વાળી લઇ ઘી લેવા બજાર તરફ ચાલતાં થયા. મેહેતીજીએ ઘરનુ વાશીદુ પુંજો કરી સ્નાન ધ્યાન કરી ઠાકોરજીની સેવામાં પ્રવૃત થઇ અને પ્રભુને શ્રાદ્ધમાં મદદ કરવાને કાલાવાલા કરવા લાગી. નરસિંહમેહેતાતો પેલી વાળી લેઇ બજારમાં જઇ વાળી વેચી તેમાંથી ઘી ત્રીનાનું સર્વ સીધું લઇ ઘેર આવ્યા ને મેહેતીજીને તે આપી કહેવા લાગ્યા "કહો સાધવી આ ત્રીનાનો સઘળો સામાન તમારે રસોઇ માટે આવી ગયો કહો સીધું કેટલા જણને પુરૂં પડી શકશે એટલે મને નોતરા દેવાની સમજણ પડે." માણેકબાઇએ ઉત્તર વાળ્યો " સ્વામી આ તમે અનાજતો એટલું લાવ્યા કે જેમાંથી આપણે પાંચ સાત માણસ જમી શકીશું માટે માત્ર હું તમે ગોર તથા નોતરીયો અને ફક્ત એક બ્રાહ્મણ બસ એટલાનીજ રસોઇ થઇ શકશે માટે જાઓ તમે ગોરને તથા નોતરીયાને તેમજ કોઇ ન્યાતનો મળે ત્યાં સુધી ન્યાતનો નહિંતો છેવટે પરન્યાતનો એક બ્રાહ્મણને નોતરૂં દઈ આવો અને ઘીનો બંદોબસ્ત કરતા આવો મને રસોઇ કરતાં વાર થવાની નથી. પણ તમારૂં ઠેકાણું નહીં. કોઈ ઠેકાણે કીરતન કરવા બેસી જાઓ તો પછી શ્રાધ આઘને ઠેકાણે રહે અને તમને દહાડો ને રાત કયાં પડે છે તેની ખબર પણ ના રહે. માટે જાઓ પાછા જાઓ ત્યાંથી વેળાસર આવજો. શ્રાદ્ધ પણ તમારેજ કરવું પડશે." મેહેતાજી તો બહુ

સારૂ કહી હાથમાં તાળ લઈ ઉપડયા. રસ્તે જતાં જતાં તેમનો પોતાનોજ ગોર સામો મળ્યો તેને જયશ્રીકૃષ્ણ કહી નમસ્કાર કરી કહેવા લાગ્યા "ગોર મહારાજ આપને ત્યાંજ આવતો હતો. પણ સારૂં થયું કે આપ સામા મળ્યા. જુઓ આજે મારા પિતાનું શ્રાદ્ધ છે માટે બપોરે જમવાનું આપણે ત્યાં રાખજો." ગોરે કહ્યું "આપના મોટાભાઇ કરે છે ને શું આપ પણ જુદું કરવા માગો છો?" મેહેતાજી બોલ્યા "હા મારા નાથનો હુકમ હશે તો આપણે ત્યાં પણ આજે થશે. અને તેથી આપને જમવાનું કહુંછું" ગોરે કહ્યું "અમે તમારા ગોરતો છીએજને? પણ મહેતાજી આપ કહો તેને નોતરૂં દઇ આવું નાહક આપ શું કામ તસ્દી લ્યો છો?" મેહેતાજી કહેવા લાગ્યા "હશે આમેને આમે હું નીકળ્યો છું ત્યારે કહેતો જઇશ આપને વૃથા પરિશ્રમ શા માટે આપું" ગોરે કહ્યું "ના ના મેહેતાજી અમે તમારા બ્રાહ્મણ બાર વરસના ફેરા ખાનાર બેઠા છીએ ને તમે તસ્દી લ્યો તેતો અમારે શરમાવા જેવું માટે લાવો હું જઇશ. આપને આપનુ બીજું કાર્ય હોય તે જઇને કરો?" આ પ્રમાણે મેહેતાજી કહે હું જઇશ અને ગોર કહે હું જઇશ એવી હાંસાતુસ કરતે કરતે બન્નેએ ચાલવા માંડયું. નાગરોના સટાકચોરા આગળ રકઝક કરતા બન્ને આવી પોહોચ્યા એટલે ત્યાં બેઠેલા કેટલાક ખટપટી નાગર ગૃહસ્થોએ મેહેતાજીની મશ્કરી કરવાની શરૂ કરી અને તેમાંનો પેલો પરસદરાય નામનો નાગરા ગોર પ્રત્યે પુછવા લાગ્યો "કેમ ગોર મહારાજ આજ

મેહેતાજી જોડે શી રકઝક માંડી છે ગોરે જવાબ દીધો "કાંઇ નહિં ભાઇયો, એતો આજે નરસિંહ મેહેતાના પિતાનુ શ્રાદ્ધ છે જેથી નોતરાં દેવા જવું છે." એ સાંભળી પરસદરાય મહેતાજી પ્રતિ બોલ્યા "ધન્ય ઘડી ધન્ય દહાડો કે મેહેતાજી આજે તમે આગવું શ્રાદ્ધ કરો છો. ત્યારે તો તુલસિપત્ર પર રહે તેટલો તમારા કૃષ્ણ મંદીરનો પરસાદ અમને બધાને પણ ચખાડજો કે જેથી અમારો દેહ પણ પાવન થાય. જોકે તમારા ભાઈ વણુસિધર મેહેતાને ત્યાંથી તો નોતરાં આવી ગયાં છે પણ સાક્ષાત શ્રીકૃષ્ણ ભગવાન પોતે તમારી થાળ આરોગનાર એવા પવિત્ર તેમના પરમ પ્રિયભક્ત તમે તેના ઘરનો પ્રસાદ પ્રાપ્ત થાય તો અમારો સર્વનો અવતાર સફળ થયો કહેવાય." આવા શુશ્રુતા ભરેલા વાકયોને સર્વ નાગરોએ અનુમોદન આપ્યું એટલે મેહેતાજીએ વિચાર્યું કે, વણુસિધરના ઘર કરતા મારૂ ઘર અતિ પવિત્ર અને ભાગ્યશાળી સમજી મારા નાથના પ્રસાદની આ સર્વ નાગરો ઇચ્છા ધરાવે છે તો જે થાય તે ખરૂં, એની મેળે એને એ મારો સ્વામિ સર્વને સુખશાંતિથી જમાડી તૃપ્ત કરશે માટે લાવ સાતસેં નાગરોને ઘેર નોતરાં ફેરવાવી દઉં. એવો નિશ્ચય કરી ગોરને મેહેતાજી કહેવા લાગ્યા. "ગોર મહારાજ જાઓ ત્યારે સાતસેં ઘેર જઇ નોતરાં દઇ દ્યો કે નરસૈયાને ત્યાં તેના શ્રાદ્ધ નિમિતે આજે સંધ્યાકાળે સર્વ જણને જમવાનું છે તે પધારજો,' ગોર સટાક ચોરે દ્વારિકાધીશની જય બોલાવી નોતરાં દેવા ચાલ્યો ગયો અને મેહેતાજી ચીનો બંદોબસ્ત કરવા બ-

બજાર તરફ સિધાવ્યા બજારમાં ચાલ્યા જાય છે તેવામાં એક વણિકે તેમને ઇશારત કરી કહ્યું "પધારો જેશ્રી કૃષ્ણ મેહેતાજી પધારો મેહેતાજી આજે સહવારમાં શો સોદો ખરીદવા નીકળ્યા છો?" મેહેતાજી બોલ્યા. "બાઇ ઘી લેવા જાઉછું. કારણકે મારા પિતાઓના શ્રાદ્ધ નિમિતે મારે ત્યાં આજે જમણવાર છે અને આખી નાગરિન્યાત જમવા પધારનાર છે. માટે ઉત્તમ ઘી મળે તો લેવાનો વીચાર છે" તે દુકાનદાર વણિકે ઉત્તર વાળ્યો "મેહેતાજી ઘી મોગરા જેવું આપું કહો કેટલું જોઇયે." મેહેતાજીએ કહ્યું "આશરે દશ મણ" દુકાનદારે કહ્યું "લાવો નાણાં" મેહેતાએ કહ્યું "નાણાં એક પખવાડીયા પછી આપીશ. અત્યારે સવડ નથી" દુકાનદારે કહ્યું "ત્યારે ઉધાર તો આપી શકતો નથી લાચાર." મેહેતાજી કહેવા લાગ્યા "ત્યારે ભલે તમે નહી અને તમારો ભાઇ જેના હ્રદયમાં ભગવાન ઉતરશે તે આપશે." એમ કહી મેહેતાજી તો આગળ વધ્યા. થોડેક દુર ગયા એટલેએક બીજા ઘીના વેપારીએ નમસ્કાર કરી જય રાધાવલ્લભ કહ્યા, અને મેહેતાજી પ્રત્યે બે હાથ જોડી નમ્રતાપુર્વક કહેવા લાગ્યો "બાપજી શું લેવા નીકળ્યા છો?" મહેતાજીએ કહ્યું "બાઇ ઘી લેવું છે." પેલા દુકાનદાર અતિ ભગવાનનો ભક્ત અને મેહેતાજીને ચાહાનારો હતો જેથી મેહેતાજીને કહેવા લાગ્યો "મેહેતાજી ઘી ઘી શું કરોછો આજ અહીં ભજન કરો તો તમે કહો તેટલું ઘી આપું" તમારા જેવા સત્સંગી અને ભજની માણસથી ઘી કાંઇ વધારે છે. પણ આજે આપનું કીર-

તન સંભળાવે તો આપું " મેહેતાજીને કોઇએ ભજન કરવાનું કહ્યું એટલે જાણે ગોળનું ગાડું મળ્યું જેથી તેમણે ઉતર વાળ્યો" અરે ભાઇ ત્યારે તું કહે તેટલી વાર કીરતન કરી તને સંતોષ આપું હજી શ્રાદ્ધ તો સાંયકાળે છે અને અમારી નાગરી ન્યાત રાત સિવાય કદી જમવા માટે ભરાતી નથી જેથી ફરસદ છે તો તું કહે તો હમણાંજ શરૂ કરૂં " દુકાનદારે તેમ કરવા સંમતિ આપી એટલે મેહેતાજીએ દુકાનપર બેસી હાથમાં કરતાળ લઇ શ્રીકૃષ્ણ નામની ધુન જગાવા માંડી. કીરતનપર કીરતન ગાવા લાગ્યા. તેમના મધુર આલાપ તેમની નાગરિ સ્પષ્ટ વાણી અને તેની સાથે અત્યંત પ્રેમ સહિત ભગવાનનું ભજન રસ્તે આવનાર સર્વ કોઇના ચિત્તને હરી લે તેવું હતું. જેથી તેમનું ભજન સાંભળવા માટે આશરે એક કલાકમાં હજાર માણસ ભેગુ થઇ ગયું. મેહેતાજી તો ઘી વીગેરે લેવાનું ભૂલી ગયા અને પ્રભુ ભજનની ધુનમાં લીન થઇ ગયા.

મારા પ્રિય વાંચકવૃંદ હવે પેલા ગોર આખી નાગરિ ન્યાતમાં નોતરાં દઇ દીધેલાં જેથી આખાં નાગરની ન્યાતે નરસિંહ મેહેતાને ત્યાં સર્વે જવું એવા ઠરાવ કરી ન્યાતના સમયની રાહ જોવા માંડી-વિઘ્ન સંતોષિ નાગરોએ માંહોમાંહી જેમ ફાવે તેમ વાતો કરવા માંડી કે " ભાઇ નરસિંહ મેહેતો જન્મ ધરીને આજે જ માત્ર જમણવાર કરે છે તો જરૂર સારૂ જમણુ કરશે " બીજો ઉત્તર દેવા લાગ્યો. " શું ધુળ સારૂં કરશે. ઘરમાં તો હાંલ્લા કુસ્તી કરે છે ને શું એને વેરાગી સારૂ જમણવાર કરી શકવાના હતો ? આતો ન્યાતમાં જવું એટલા

માટેજ છે કે તે ન્યાતને જમાડે છે કે તે તુલસિ પત્ર અને એક સાકરનો ગાંગડો આપી વીઃાય કરી શંખ વગાડી ઉભો થાય છે તેની આપણે ખાત્રી કરી શકીએ. ત્રીજો કહેવા લાગ્યો "અરે કદાચ કોઈ વૈશ્નવ સેવક ઉભો થઇ ગયાં હોય અને પાથરીકા રસીના ગોળના લાડુનું જમણવાર નાગરી ન્યાતને તેના પિતાના શ્રાદ્ધ નિમિતે જમાડે તો ના ન કહેવાય બાકી ઘરમાં તો શંખ વાગે છે એ તો સહુ કોઇને ખબર છે" ચોથો કહેવા લાગ્યો "હા ભાઇ ત્યારે તેજ હું કહુંછું કે રંડાપો તો રોકડો છે બાકી હેવાતનના ઉધારા છે." પાંચમો વળી કહે છે "અમે તો નરસૈયો જમાડે તો એ આવવાના નથી અને ના જમાડે તો એ જવું નથી. આપણે તો વણસિધરને ત્યાં જમશું અને પાંચ પાટલા મુકીને જમીશું" આ પ્રમાણે માંહોમાંહી નાગરો નરસિંહ મેહેતાની ઠેકડી કરવા લાગ્યા. પણ નરસિંહ મેહેતાની લાજ જાય તો સારૂ એવા ઇરાદાથી આખી ન્યાતે નરસિંહ મેહેતાને ત્યાંજ જમવાનો નિશ્ચય કર્યો.

શ્રાધનો સમય થવા આવ્યો એટલે મેહેતાજી ઘી લઇ પાછા ન આવ્યા તે જોઇને માણેકગવરિને ચીંતા થઇ જેથી ભગવાનનું સ્મરણ કરવા લાગી. ભગવાને પણ વીચાર્યું કે મારો ભક્ત તો કિરતનમાં ગુલતાન બની ગયો છે અને ઘેર તો તેની સ્ત્રી શ્રાદ્ધ કરવાની રાહ જુએ છે. માટે ચાવો હું જ નરસીંહ મેહેતાનો વેશ લઇ ભક્તને ત્યાં જઉં અને શ્રાદ્ધ વીગેરે કરી ભક્તની પત્નિની મનોકામના પુરણ કરૂં આવો નિશ્ચય કરી

ભગવાને અક્રુરજીને બોલાવી આજ્ઞા કરી કે તમે વણઝારાને વેશે સીધા સામાનની પોઠો ભરી નરસીંહ મેહેતાને ઘેર જઇ ખાલી કરો અને હું હમણુંજ આવી પોહોચું છું. " આજ્ઞા થતાંની સાથે અક્રુરજી વણઝારાનો વેશ લઇ પોઠો ઉપર સીધુ ભરાવી જુનાગઢમાં મેહેતાજીને ઘેર આવ્યા અને મેહેતીજીને કહેવા લાગ્યા " બ્હેન આ ભક્ત નરસીંહરામે સીધું મોકલ્યું છે તો કીયે ઠેકાણે પોઠો ખાલી કરવી છે તે બતાવો " મેહેતીજીએ પોતાના મંદીરના વિશાળ ચોકમાં સર્વ સીધું નંખાવી દીધું અને ધીનો રાહ જોતાં બેઠાં એટલામાં નરસિંહ મેહેતાને વેશે ભગવાન આવ્યા અને કહેવા લાગ્યા " કેમ મેહેતાજી શ્રાદ્ધ સરાવનાર ગોર મહારાજ હજી કેમ ના આવ્યા મેહેતીએ કહ્યું " તમારા ભાઇ વણુસિધર શ્રાદ્ધ કરવાના છે એટલે વખતે ત્યાં ગોર જવાના હોય તો કોને ખબર. શ્રીમંતનું સહુ કોઇ સગું થાય અને ગરીબનું કોઇ ન થાય. એ કે એનો ભાઇ બીજો પણ જ્યાં સુધી ન્યાતનો બ્રાહ્મણ શ્રાદ્ધ સરાવનાર મળે ત્યાં સુધી સારૂં નહીં તો પછી છેવટે પર ન્યાતનો લાવજો બાકી ગોરને હવે બોલાવો તો સારૂ કારણ કે શ્રાદ્ધનો સમય થવા આવ્યો છે. મેહેતીજીનું આ પ્રકારનું બોલવું સાંભળી ભગવાન ગોરને બોલાવવા ચાલ્યા. ગોરને ઘેર આવી તેને બોલાવવા લાગ્યા એટલે ગોરે ઘરમાંથી જવાબ દીધો " ભાઇ તમારે ત્યાં શ્રાદ્ધ કરાવા મારાથી નહીં અવાય કારણ કે તમે ભીખારી લોકો મને દક્ષણા વણસિધરની પેઠે આપી શકવાના નહીં અને વણુસિધરને ત્યાંની દક્ષિણા જો તમારે ત્યાં આવું

તો જાય માટે મારે તો વણુસિધર મેહેતાને ઘેર શ્રાદ્ધ કરવાનું છે માટે બીજા ગોર બ્રાહ્મણને લઇ જાઓ મારાથી આવી શકાશે નહિ. આ વચન સાંભળી ભગવાને કહ્યું " ત્યારે ગોર મહારાજ એક કાગળ લેઇ તે પર લખી આપો કે આજથી હું તમારો ગોર નહીં અને તમે મારા યજમાન નહીં ગોરે કહ્યું " લાવો લખી આપું " એમ કરી ગોરે તો વગર વિચારે ભગવાને કહ્યું તેમ લખી આપ્યું એટલે કાગળીયું લેઇ ચાલતા થયા. રસ્તે ચાલતાં એક હળખેડુ બ્રાહ્મણ મળ્યો. તેને કહેવા લાગ્યા " અરે મહારાજ તમે જરા મારે ઘેર આવી શ્રાદ્ધ ક્રીયા કરાવશો " પેલો બ્રાહ્મણ કેહેવા લાગ્યો " મેહેતાજી હું અદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ છું અને ખેતીનો ધંધોકરૂંછું મને શ્રાદ્ધ કરાવતાં કે કોઇપણ કર્મ કાંડ કરાવતાં આવડતું નથી કારણકે હું બીલકુલ ભણેલો નથી એટલે આવીને શું કરૂં માટે બીજો કોઇ ભણેલો બ્રાહ્મણ શોધી લઇજાઓ કે તે વિધિસર શ્રાદ્ધ કરાવે " આ વચન સાંભળી ભગવાન બોલ્યા " અરે મહારાજ જેવું આવડે તેવું શ્રાદ્ધ કરાવજો પણ ચાલો અત્યારે હું બીજો બ્રાહ્મણ શોધવા ક્યાં જાઉં " એમ કહી ભગવાને અતિ આગ્રહ કરી તે બ્રાહ્મણને જોડે લેઇ ઘેર આવ્યા ઘેર આવ્યા તો મેહેતાજીએ ન્યાતની રસોઇની શરૂઆત કરી દીધેલી જોઇ પેલા બ્રાહ્મણને ઘેર લાવી અક્રુર ઓધવ વીગેરે સાધુવેશે ઉભા હતા તેમને ભગવાને કહ્યું આ ગોર મહારાજને બેસવાને બાજઠ આપો અક્રુરે બાજઠ આપી એટલે પેલો બ્રાહ્મણ તે પર બેઠો અને મનમાં વિચાર કરવા લાગ્યો "

અરેરે આ નગ્સીંહરામ ભક્ત પોતાના બાપનું શ્રદ્ધ કરવા અર્થે મને અહીં લાવ્યા તો ખરા પણ મને કશું આવડતું નથી જેથી શ્રાદ્ધ ક્રીયા હું શી રીતે કરાવીશ આવો મન સાથે પેલો બ્રાહ્મણ વીચાર કરે છે એટલામાં તો શ્રાદ્ધની સામગ્રીઓ તૈયાર થઇ અને નરસિંહ મેહેતાના વેશે ભગવાન શ્રાદ્ધ કરવા બેઠા. પેલા હળખેડુ બ્રહ્માણને શ્રાદ્ધ કરાવા પોતાની સામે બેસાડયો અને તેના મુખ ઉપર ભગવાને જરા સ્પર્શ કર્યો એટલે જેમ પાણીની ધારા છુટે એમ સરસ્વતિની ધારા છુટી અને સર્વ કર્મકાંડવિધીપૂર્વક કરાવા લાગ્યો. બધા જોઇને દીંગ થયા કે થોડીવાર પેહેલાં આ બ્રાહ્મણને કશું આવડતું ન હતું અને એટલાવારમાં તેણે શી રીતે કર્મ કાંડ કરવા માંડયું. પીંડ ઉપર દક્ષણા સુવર્ણ મોહોરોની મુકી એટલે પેલો બ્રાહ્મણ ઘણો રાજી થઇ ગયો. બે કલાકમાં શ્રાદ્ધાદિથી પરવારી ભગવાન રસોઇના સાહીત્યની તૈયારી કરવામાં ગુંથાયા તમામ જાતના પકવાનો, તમામ જાતના શાકો, તમામ જાતની સ્વાદિષ્ટ ચટણીઓ, અથાણાં, રાયતાં અને અન્ય સામગ્રીઓ પણ તૈયાર કરાવી દીધી. સમય થયો એટલે નાગરિ ન્યાત ભરાઇ ગઇ એટલે ભગવાને રત્નજડીત પાટલાઓ સુવર્ણના થાળી વાડકા તથા જળ પાત્રમાં લોટા અને પચાલું એમ દરેકને આપી દીધાં એટલે રસોઇ નીકળી થોડીવારે સર્વ સામગ્રી પીરસાઇ રહી એટલે સર્વ જમવા બેઠા જમી રહ્યા એટલે સર્વને ભગવાને દક્ષીણા આપી અને સંપુર્ણ સંતોષ્યા નાગરો તો સર્વ વિસ્મત થઇ અત્યંત રાજી થતાં થતાં ઘેર ગયા એટલે ભગવાન પણ

સર્વ સમજી દ્વારિકા તરફ સીધાવ્યા પશ્ચાત થોડીવાર થઇ એટલે મેહેતાજી ઘી લઇ ઘેર આવ્યા અને જુએ છે તો બધું પરવારી મેહેતીજી જમવા બેઠાં હતાં. મેહેતીજી " જોઇને કહે-વા લાગ્યા " સ્વામિન તમે હમણાં જમી પરવારી ગયા અને પાછું આ ઘી શેનું લાગ્યા " મહેતાજીએ કહ્યુ એ તો શ્રાદ્ધને માટે લાવ્યો છું. " મેહેતીએ કહ્યું " અરે શ્રાદ્ધ તો ક્યારનુએ થઇ ગયું અને નાગરિ ન્યાત બધી તમારા દેખતાં જમી ગઇ છતાં વળી ઘી અને શ્રાદ્ધ બીજું હવે શાનુ કહોછો શું ઘેલા થઇ ગયા કે બધું ભૂલી ગયા. " મેહેતાએ કહ્યુ " એમ શ્રાદ્ધ થઇ ગયું. જરૂર ત્યારે મારા નાથે મારા વેશે આવી આપણી સર્વ મનોકામના પુર્ણ કરી એ મારા વહાલાએ આવી નાગરી-ન્યાત જમાડી આપણી લજપા રાખી ધન્ય છે મારા પ્રભુ તમારા ગુણ જેટલા ગાઉં તેટલા થોડા છે " એમ કરી ભગ-વાન ઉપર અતિ પ્રેમ આવવાથી પાછી ભજનની ઝડી લગા-વવામાં ગુલતાન બની ગયા. માણેકગવરિએ નાગરિ ન્યાત જમી ગયા પછી શહેરના માગણ ભીખારી તથા એવા માગી ખાનારા સંતસાધુઓને બોલાવી જમાડયા અને તૃપ્ત કર્યાં જેથી નરસિંહરામને ધન્યવાદની સાથે આર્શીવાદ આપતા આ-પતા તેઓ વીદાય થયા.

—ॐ श्री तत्सत्—

——પ્રકરણ ૭ મુ——

હુંડીનો સ્વિકાર.

મારા પ્રિય વાંચક વૃંદ, શ્રાદ્ધ ગયાને છ માસ પુરા થયા એટલે મેહેતાજીની ધર્મ પત્ન માણેકબાઇ માંદી પડી અને આયુની અવધિ આવી રહ્યાથી ગત થઈ ગઇ. જે દીવસે તે દેવલોક પામી તે દીવસે પણ આપણી વાર્તાના નાયક ભક્તશિરોમણિ નરસીંહમેહેતા તો કોઇક ઠેકાણે ભજન કરવા ગયા હતા. દેવલોક પામ્યા પછી મેહેતાના ચાર પડોશીઓએ જઇ મેહેતાજીને સોધી કાઢી તેણીના મરણની ખબર કરી અને ખબર થતાંની વારમાં મેહેતાજી તો વધારે ને વધારે હર્ષથી શ્રીકૃષ્ણચંદ્રની ધુન લગાવતા લગાવતા ઘેર આવ્યા "ભલુ થયું ભાગી જંજાળ સુખે ભજીશું શ્રીગોપાળ" એ વચન તે વખતે તેઓ બોલ્યા હતા અને અત્યંત ઉત્સાહ અને આનંદપુર્વક માણેકબાઇના શબને અગ્નિદાહ કરી તેણીના અસ્થિ (હાડકાં) તથા રક્ષા (રાખ) ગંગામાં પધરાવી ભજન કરતા કરતા ઘેર આવ્યા આ જોઇ આખા નગરની વસ્તી તથા રાજા સુદ્ધા પણ વિસ્મય પામ્યા કે સ્ત્રી મરવાથી સર્વને શોક અને ખેદ થાય ત્યારે આ નરસૈયાને હર્ષ થાય છે. કેવું આશ્ચર્ય; દુનિયાથી કેવલ વિરૂદ્ધ કોઇ કહેવા લાગ્યા કે નરસિંહરામ તો

નિર્મોહ અને સંત પુરૂષ છે કોઈ કહે કે વિરક્ત અને પવિત્ર સાધુ છે. કોઇ કહે કે ભઇ જેને ભગવાન મળ્યા પછી બીજી શેની તૃષ્ણા રહે કોઈ કહે કે અરે ભઇ જાદુગર છે એ હમ-રશે તો જાદુગરી બીજી પરણી લાવશે. એમ જેમ જેને ફાવે તેમ બોલવા લાગ્યું. આપણા ભક્ત શિરોમણિ તો શ્રીકૃષ્ણના ચિંતન કરવા સિવાય અન્ય કથા તરફ કદી લક્ષજ આપતા ન હતા. આમ કરતાં કરતાં માણેકબાઇને વૈકુંઠ સિધાવ્યે એક અઠવાડીયું થયું અને ઉચ્ચ નાગર ન્યાતના રીવાજ પ્રમાણે અને વળી મેહેતાજીના ઉચ્ચ કુળના રીત રીવાજ પ્રમાણે મા-ણેકબાઇની મર્ણ ક્રિયાની ચાર ન્યાતો (અર્થાત દશમુ, અગી-આરમું, બારમું અને તેરમું) કરવાની તેમને ફરજ પડી જેથી ન્યાતો માટે દ્રવ્ય શી રીતે પ્રાપ્ત કરવું તેની ચિંતામાં ને ચિંતામાં નવમો દીવસ પણ વ્યતિત થઇ ગયો. દશમા દિવસનું પ્રાતઃકાળ જ્યાં થયું એટલે ભગવાનનું કરવું અને ચાર સાધુ-ઓ તેમનું નામ પુછતા પુછતા ઘરમાં દાખલ થયા મેહેતાજીએ તેમને આસન આપી બેસાડયા, જળપાન કરાવ્યું પશ્ચાત તેમના આગમનનું કારણ પુછ્યું. એ સાંભળી પેલા સાધુઓ પૈકીના આગેવાન સાધુએ કહ્યું "ભગત નરસિંહરામજી હમને બડે બડે ગૃહસ્થ લોકકું પુછા કી હમકો દ્વારિકા કી હુંડી કહાં મીલેગી સબહીને યહી કહા કે નરસી ભગત કે વહાં જાઓ વહાંપર દ્વારિકાકી હુંડી મિલેગી વાસ્તે ભગત હમ પ્રજ્ઞબાસિ સાધુ હુંડી લેનેકે લીયે આપકે પાસ આયે હય. હમ સાધુ લોકકો દ્રવ્ય લેકે મુસાફરી કરના ઉચિત નહિં હય. કભી માર્ગમેં ચોરચ-

આર મીલજાય ઔર લુટ લેવે તો હમ સંતલોક નિરાધાર બ-નકે દુઃખી હો જાય ઔર તિર્થયાત્રાભિ ફિર કઠીન હોજાય આ તેં આપકે પાસ યે સાતસો રૂપયેકી થેલી રખ્ખી જાતી હય આપ ઇસકી હુંડી લીખ દીજીયે કી હમકો વાપસ દ્વારિકા પુરીમેં વો રકમ હમકો મિલે. આપકા નારાયણ ભલા કરેગા અગર યે તિર્થવાસિયોંકો આપ દયા કરકે હુંડી લીખ દોગે" આપણા ભક્તશિરોમણિ નરસિંહ મેહેતાએ સાતસોની થેલી જોઈ મનમાં વિચાર કર્યો "આજે દશમાની ન્યાત કરવાની છે અને ઠેઠ તેરમા સુધી ન્યાતો કરવાની છે. મારા નાથે મા-ણેકબાઇની મર્ણ ક્રિયાની ન્યાતો કરવા કદાચ આ સંકેત રચ્યો હશે તો કોને ખબર. માટે લેઇ લેવાદે અને એ દ્વારિકાધીશ ઉપરજ હુંડી લખી આપું એટલે ધણીએ તે હુંડી શીકારી સાધુઓ જ્યાં હશે ત્યાં જઇ તેમની રકમ આપી આવશે માટે ગઇ તક જાણીએ ન વાંચે માટે લાવ હમણાંનો આ રકમ લેઇ તેનો સદુપયોગ કરૂં પછી મારો નાથ ધણીએ તેનું ફોડી લેશે. આપવાની ફિકર તેને અને લેવાની ફીકર મને પછી મારે લેઇ લેવામાં શંકાજ શા માટે રાખવી જોઇયે. વળી રકમ છે બરાબર એટલે ન્યાતો પણ થશે અને ભંડારો પણ થશે મારા વહાલાને પણ ભોગ ધરાવાશે અને એ રીતે સહુ કામ સધાશે માટે રૂપીયા લેઇ હુંડી લખી આપવામાં કાંઇપણ હરકત વિચાર કરતાં જણાતી નથી. આજથી દ્રવ્યનું નો કામ પડવાનું એમાં જરા પણ શક નથી માટે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે અને હું મોઢું ધોવા જાઉં એતો કેવળ અનુચિત"

આવો મનમાં મેહેતાજી વિચાર કર્યા કરે છે ને પેલા આવેલા સાધુઓની માગણીનો ખુલાસો આપતા નથી એ જોઇ પેલા સાધુઓ ફરીથી કેહેવા લાગ્યા "ભક્તરાજજી કહદો હુંડી લિખ દોગે કી નહિ. હમલોગ આપકે પર આધાર રખ કે હુંડી લેને આયે હય ફિર આપકી જૈસી ઇચ્છા" નરસિંહમેહેતાએ આ સાંભળી ઉત્તર આપ્યો" મહારાજ લાવો ત્યારે રૂપીઆ સે છે તમને હુંડી લખી આપું એટલે તમે તે હુંડી દ્વારિકામાં જઇ શીકરાવજો" સાધુઓ કહેવા લાગ્યા "બૌત અચ્છા ભગત પરમાત્મા તુમારા કલ્યાન કરેગા." આ પ્રમાણે કહી મેહેતાજીએ નીચે પ્રમાણે હુંડી લખી.

"સ્વસ્તિ શ્રી, દ્વારિકાપુરી મહાશુભસ્થાને પુજ્યારાધે અનેક સર્વે ઉપમા લાયક શેઠજી શ્રી, 'શામળીયા વાસુદેવ પાર સાત જોગ શ્રી જુનાગઢથી લિ. દાસાનુદાસ ચરણ કમલ અભિલાષિ મેહતા નરસિંહના સપ્રેમ જયશ્રીકૃષ્ણ વાંચશો. જત અત્રેથી ચાર તિર્થવાસી સાધુઓ પાસેથી રાખ્યા "રૂ. ૭૦૦) અંકે સાતસો પુરા નવા શિક્કાના ચલણી શીક્કાઈ, બરાબર તોલના, મુદત હુંડી પોહોચેથી દામ ઠેકાણું ચોકસ જોઇને તરતને તરત ગણી આપજો એજ લિ. ના સપ્રેમ સાષ્ટાંગ."

ઉપર પ્રમાણે હુંડી લખી મેહતાજીએ પેલા ચાર તિર્થવાસી સાધુઓને આપી તેમને કહ્યું કે જાઓ હવે દ્વારિકામાં જઇ આ હુંડી શીરનામા પ્રમાણે શેઠ શામળશાને પોહોચાડજો એટલે તમને તે તરત રૂપીયા ગણી આપશે. એ શામળશા શેઠ ઘરના

એવા શ્રીમંત અને વટવાળા છે કે તમારી હુંડીને એક ઘડીનું પણ રોકાણ ન થતાં તરત તેઓ શીકારી દેશે. મારી લેવડ-દેવડ દ્વારિકાપુરીમાં માત્ર તેમનીજ સાથે છે અને એકથી ક-રોડ સુધી નાણા મારે નામે તેઓ ચુકવી આપે તેવા છે તમને તે અમારા શેઠનો પરિચય નથી એટલે અગાઉથી શું કહેવું પણ જ્યારે તમે તેમની પાસે જશો ત્યારે તેમની શ્રીમંતાઇની, તેમના વૈભવ તથા ઐશ્વર્યની અને તેમની વ્યહવાર કુશળતાની તમને ખબર પડશે. માટે સુખેથી સિધાઓ અને દ્વારિકાપુરીની યાત્રા નિર્ભયતાથી કરો."

મેહેતાજીની આ પ્રકારની પ્રિયકર વાણી શ્રવણ કરી પેલા ચારે તિર્થવાસિ સાધુઓ હુંડી લઇ રૂપિયા મેહેતાજીને ત્યાં મુકી દ્વારિકા પુરી તરફ વીદાય થયા. એટલે મેહેતાજીએ પોતાના કૃષ્ણમંદીરમાં જઇ પેસી પ્રતિમા પ્રતિ ઘણા કરૂણાળુ સ્વરે ક-હેવા લાગ્યા "હે શરણાગત ભક્તવત્સલ દીન બંધુ દીનાનાથ, આપના ભરોસે મેં આપના ઉપર એ તિર્થવાસીઓને હુંડી લખી આપી છે તો તેઓ દ્વારિકામાં પહોંચે કે સત્વર શીકારજો જો તેમ નહીં કરો તો તમારી પ્રતિષ્ઠાને હાની પોહેચશે. હે દીનદયાલ દામોદર! એથી મારી આબરૂ જવાની નથી પણ તમારી જશે તે જાણજો મારે તો કાંઇ લેવા દેવા નથી પણ લોકો આપની મશ્કરી કરશે આપના નામને ખોટ લાગશે આપનું બીરદ જશે એમાં મારૂં કાંઇ જવાનું નથી. આપનામાં મને સંપૂર્ણ વિશ્વાસ હોવાથી મેં રૂપીયા લઇ હુંડી લખી છે. કારણ કે પત્નિની મરણ ક્રિયા કરવાની આવશ્યકતા છે તે

આપનાથી અજાણ્યું નથી. છોકરાં છૈયાંને પરણાવવામાં મદદ કરી, પિતાનું શ્રાદ્ધ સાર્યું એમ અનેક અણીના પ્રસંગે આપે પ્રત્યક્ષ સહાય કરી છે ને બધું જગત જાણે છે તો આ પણ તેવુંજ અણીનું કાર્ય સમજી આપ હુંડી શીકારશો એવી મને સંપૂર્ણ ખાત્રી છે હે ભગવન્ આપે અત્યારસુધી મને પોતાનો ગણી નીભાવ્યો છે તો હવે પણ નિભાવશો એવો મને પુર્ણ વિશ્વાસ છે, હજી સુધી આપ કોઇપણ ઠેકાણે કોઇપણ ભક્તના કામમાં બેદરકારી થયા નથી તો મારા કામમાં સંપુર્ણતાથી વચનને પાળો છો તેમ પાળશો એમ નિઃસંશયપણે હું માનું છું હે દામોદર, મારો વેહેવાર, મારો ભાર અને મારો સર્વ આધાર, શામળીયા માત્ર એક આપજ છો. હુંડી જો પાછી ફરશે તો તમને દેવાળુ આવશે એમાં મારૂં કશું જવાનું નથી. હે ભગવન્! આપે શામળશાના લગ્નમાં સેંકડો રૂપીઆ ખરચી નાખ્યા તો આ સાતસેંની રકમથી આપને ખજાને ખોટ આવવાની નથી માટે મારો ટેક નિભાવનાર આપ ધણી સમર્થ છો.” આ પ્રમાણે પેહેલી કૃષ્ણ પ્રતિમા પ્રત્યે મેહેતાજીએ સ્તુતી કરી પશ્ચાત સરાવનાર ગોરને બોલાવ્યો અને ન્યાતની સામગ્રી લાવી એક તરફ રસોઇ શરૂ કરી અને પોતે ગોરને લેઇ ગંગાએ દશમું સરાવા ચાલ્યા ગયા. નાગરી ન્યાતને ખબર પડી કે મેહેતાજી પોતાની પત્નિની મર્ણ ક્રિયાની ન્યાતો રૂડી કરવાના છે. તેથી નાગરો ન્યાતના શાકપાંદડે એકઠા થયા અને પેલા તિર્થવાસીની હુંડી સંબધી માંહોમાંહી વાત કરવા લાગ્યા. એક કહે ‘મહેતાજીની હીમતની બલિહારી છે, કે હુંડી લખી આપી’

બીજો કહે 'લખી આપી તેમાં શું વળ્યું, દ્વારિકામાં તિર્થવાસીને રૂપીયા મળે અને હુંડી શીકરાય ત્યારે ખરૂં બાકી જો જુઠાણું હશે અને રૂપીયા યાત્રાળુઓને નહિ મળે તો તેઓ પાછા આવી મેહેતાજી ઉપર ઠગાઈની ફરીયાદ માંડશે. ત્રીજો કહે "અરે એમ તે થાય. મેહેતાજીને ભગવાન વશ છે એટલે ભગવાન તે ત્યારે તિર્થવાસીઓને શરાફનો વેશ લેઇ ગમે તે રીતે હુંડી શીકારી રૂપીયા આપી જશે. ચોથો કહે "કંઇ વળી જાદુ બાદુ ચલાવી બનાવટી શીક્કાના રૂપીયા દ્વારિકામાં તેઓને મળી જાય તેવો ઉપાય રચ્યો હશે." પાંચમો કહે 'નારે ભાઈ બનાવટી શીક્કાનાં નાણું તે વળી તિર્થવાસીઓ સંઘરે કે? શું કંઇ તેઓને આંખ નહીં હોય. એમ કંઇ એ લોકો લે તેવા નથી.' આ પ્રમાણે શાકપાંદડે મેહેતાજીએ પેલા તિર્થવાસીઓને લખી આપેલી હુંડી સંબંધી વાતચિત કર્યા કરે છે એટલામાં સરાવી ગોરને લેઇ મેહેતાજી ઘેર આવ્યા ઘેર આવી જુએ છે તો નાગરીન્યાત શાકપાંદડે ભરાઇ હતી. મેહેતાજી તે જોઇ ઘણા પ્રસન્ન થયા અને ન્યાતનો આભાર માનવા લાગ્યા. સંધ્યાકાળ પડી એટલે દશમાની રસોઇ તૈયાર થઇ અને નાગરી ન્યાત ભરાઇ. દશમુ અગીયારમુ જો કે સુતકી જમણુ હતું તોપણુ માણેકબાઇ આશરે પીસતાળીસ ઉપરની વયે મરણુ પામી હતી જેથી તેનાથી જેટલા સ્ત્રીપુરૂષો નાની ઉમરના હતા તે સઘળા દશમાની ન્યાતમાં મેહેતાજીને ઘેર જમવા આવ્યા હતા જેથી લગભગ પોણા ભાગની ન્યાત દશમાને દીવસે જમવા ભરાઇ હતી. જ્યાં વખત થયો એટલે ન્યાત જમવા બેઠી અને થોડીવારમાં જમી પરવારી મેહેતાજીનાં વખાણુ કરતી કરતી વીદાય

શ્રી. મેહેતાજીએ વધેલું ખાવાનું માગણ ભીખારીઓને વેહેંચી દીધું અને પાછા હાથમાં તાળ લેઈ કૃષ્ણ કીર્તન કરવામાં પ્રવૃત્ત થયા. બીજે દીવસે અગીયારમાની, ત્રીજે દીવસે બારમાની અને ચોથે દીવસે તેરમાની એમ ચારે ન્યાતો કરી નાગરી ન્યાતને સંતોષ પમાડી. અને પાંચમે દીવસે આખા જુનાગઢ શહેરના સંત સાધુઓનો ભંડારો કર્યો અને પોતાના ઠાકોરજીને પણ ભોગ ધરાવ્યો. એ રીતે મેહેતાજીએ પોતાની ધર્મપત્નિની ઉત્તરક્રિયા વીધિસર અને રૂડે પ્રકારે કરી.

પ્રિય વાંચકવૃંદ, હવે પેલા તિર્થવાસી ચારે સાધુઓ જુનાગઢથી નીકળી એક અઠવાડીએ દ્વારિકાપુરીએ પહોંચ્યા. એક ધર્મશાળામાં મુકામ કરી દ્વારિકાધીશનાં તેમણે પ્રથમ દર્શન કર્યાં દ્વારિકાનાથના ગુગળી મુખીયાજીએ તેમને યાત્રાળુ જાણી ઠાકોરજીનો પ્રસાદ આપ્યો એટલે તેઓએ ત્યાંને ત્યાં આરોગી લીધો પશ્ચાત પેલી હુંડીના શીરનામાના ઠામ ઠેકાણા સબંધી તજવીજ કરવાને ગામમાં વિદાય થયા. પ્રથમ તો તેઓ બજારમાં જઈ શામળશા શેઠની દુકાન ક્યાં છે એમ દુકાનદારોને પુછવા લાગ્યા. પણ તેઓએ ઉત્તર વાળ્યો કે અહીં કોઇ શામળશા નામના શેઠની દુકાન નથી. દુકાનદારોએ આટલું કહ્યું છતાં તેઓને ખાત્રી થઇ નહિ જેથી આખી દ્વારિકાપુરી ખોળી વળ્યા પણ શામળશા શેઠની પેઢીનો કંઇપણ પત્તો લાગ્યો નહિ જેથી છેવટે થાકી પેલી ધર્મશાળામાં જ્યાં પોતે મુકામ કર્યો હતો ત્યાં જઇ નીરાશ થઇ બેઠા. સહવારથી સાંજ સુધી પેઢી ખોળવામાં તે ગુંચાયા હતા. પણ જ્યારે કોઇ ઠેકાણે પતો લાગ્યો નહિ ત્યારે તેમના હૃદયમાંથી શ્રદ્ધા ગઇ અને હુંડી બનાવટી

તથા ખોટી છે એમ સમજી અત્યંત વિમાસણમાં પડ્યા. બીજા દીવસનું સવાર થયું એટલે દ્વારિકાપુરીના આગેવાન શેઠીઆ-ઓ અને સરાફીના પેઢીદાર પૈકીમાંના મુખ્ય અને નામીચા શેઠને ત્યાં જઈ પેલી હુંડી તિર્થવાસીઓએ બતાવી એટલે હુંડી જોઈ તે મુખ્ય શ્રીમંત વણિક તિર્થવાસીઓને કહેવા લાગ્યો. 'અરે યાત્રાળુઓ આ દ્વારિકામાં તો બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય કે શુદ્ર વર્ણ પૈકી કોઈ વર્ણમાં શામળશા શેઠ નથી તેમજ તે નામના કોઈ પેઢી પણ ચાલતી નથી. અમે તો શામળશા એવું નામ કાને પણ સાંભળ્યું નથી. તમને બનાવટી હુંડી લખી આપી આટલા બધા રખડાવ્યા તેથી એમ લાગે છે કે તે હુંડી લખી આપ-નાર ઠગ હશે. જાઓ ભાઈ જાઓ પાછા જુનાગઢ જાઓ અને રૂપીયા તમારા લેઈ આવો નહિ તો મોઢે ને માથે ચાદર ઓ-ઢીને રડશો. લોભીયાને ધુતારા મળ્યા વગર રહે નહિ તે આનું નામ. 'ગર્થ ગાંઠે ને વિદ્યા પાઠે' એ ઘરડાઓની કહેવતને તમે બાજુ પર મુકી તેથી આવા પસ્તાયા. જાઓ બાઈ જાઓ પાછા જુનાગઢ રૂપિયા લેવા હોય તો નહિ તો આ હુંડીને ધોઈ પીઓ. દ્વારિકામાં શીકારાય તેવી નથી. આ સાંભળી ચારે તિર્થવાસીઓ મોટા નિસાસા મેલી દ્વારિકાની યાત્રા યાત્રાને ઠેકાણે રહી અને જુનાગઢના પંથે પાછા ફર્યા. આ પ્રમાણે જ્યાં નિરાશ થઈ પેલા ચારે તિર્થવાસીઓ જૂ-નાગઢ તરફ પાછા ફર્યાં એટલે કૃષ્ણ પરમાત્મા પોતાના મંદી-રમાં વિચાર કરવા લાગ્યા કે "નિશ્ચે ભક્તની હવે લાજ જવાની. માટે શામળશાનો વેશ ધારણ કરી ભક્તની હુંડી અવસ્ય સીકારી લેવી જોઇયે, અને ભક્તની પત રાખવી જો-

છએ. હું તે મારા નરસિંહ ભક્ત જોડે પ્રથમથીજ વચને બં-ધાયલો છું કે વ્યહવાર અને પરમાર્થના તારા દરેક પ્રસંગને હું નિર્વિઘ્ને પાર પડાશ. આતો માત્ર સાતસેંજ રૂપીયાની બાબત છે. પણ એક વખતે કદી સાત ખંડ નવ દ્વીપને દાટી નાંખે તેટલા દ્રવ્યની તેને જરૂર હોય તોપણ તૈયાર છે. માટે લાવ સમય સાધી તેની લાજ રાખું." કૃષ્ણ પરમાત્માએ આવો નિશ્ચય કરી એકદમ અક્રુરજીને હાકમારી "બોલાવતા વેંત અક્રુરજી આવી બે હાથ જોડી ઉભા રહ્યા એટલે ભગવાને કહ્યું. "અક્રુરજી તમે ઓધવ ગરૂડ વીગેરે ગુમાસ્તા બની સાતસો રૂપીયાની કોથળી અને ચોપડો લેઈ તૈયાર થઇ જાઓ અને હું શામળશા બનીશ. કારણકે નરસિંહભક્તના મુનીમ તરીકે તિર્થ-વાસિઓને ભક્ત નરસિંહે લખી આપેલી હુંડી શીકારવા અર્થે આપણે હમણાંને હમણાં જવાનું છે." લક્ષ્મિજી, નારદ વીગેરે આ સાંભળી દીગ બની ગયા અને અક્રુરજીએ નમ્રતાથી કહ્યું "ભગવાન્ જેવી આગ્ના આ દાસ તૈયાર છે." લક્ષ્મીજીએ ભગવાનની તે કૃતિ જોવાને સાથે આવવા હઠ લીધી પણ ભગ-વાને નરસિંહ ભક્તની પુત્રિના મામેરામાં તમને લઇ જવામાં આવશે એમ કહી આશ્વાસન આપ્યું અને પોતે શામળશા મુનેમ તરીકે બની તથા ઓધવ અર્જુન ગરૂડ વીદુર અને અક્રુ-રજી સહ રૂપીયા સાતસેની થેલી લઈ દ્વારિકામાં આવેલા ગોમ-તીના ઘાટ ઉપરથી જ્યાં પેલા તિર્થવાસિઓ, સ્નાન કરી પશ્ચાત જુનાગઢ જવાને ઇરાદે જતા હતા ત્યાં આવી પોહો-ચ્યા. શામળશારૂપે ભગવાને પણ બરાબર માતબર વણિકનો વેશ ધારણ કરી દીધો. હતો અવળા આંટાની પાઘડી બાંધી

આગળ મોતીનો શિરપેચ લગાવી દીધો હતો. જમણા કાનમાં લેખણ પણ છટાદાર ખોસી દીધી હતી. હાથે વેઢ વીંટીઓ અને કંદોરો કડાં પણ પેહેરી દીધાં હતાં. ઝરીનો જામો અને ઝીકની ભરેલી મોજડીઓ વીગેરે પણ વાણીયાની પેઠે ધારણ કર્યાં હતાં. આ પ્રમાણે ભગવાન શામળશા બની પોતાના ગુમાસ્તાઓને લેઇ પેલા ઘાટ ઉપર વિશ્રાંતિ લેવા અર્થે બેઠા એટલે પેલા ચારે તિર્થવાસિઓ ગોમતીમાં સ્નાન કરી બહાર આવી ધોએલા વસ્ત્રો પેહરવા લાગ્યા. ધોતીયું પેહરતાં પહેરતાં તે ચાર પૈકીનો વૃદ્ધ અને આગેવાન તિર્થવાસિ કે જેની પાસે ચોરનું દ્રવ્ય અનામત રેહેતું અને ખરચ ખુટણ વાગેરેનો વહીવટ પણ જે કરતો હતો તે આગેવાન તિર્થવાસિ પેલા ઘાટ ઉપર બેઠેલા શામળશાનો વેશ ધારણ કરેલો છે એવા ભગવાનને જોઇ કહેવા લાગ્યો “ભયા યેભી કોઇ સેઠ દીખાત હય ઉનસેભી પુછકે તપાસ કર લેવે” પેલા ત્રણે પ્રતિ ઉત્તર વાળ્યો “હાં હાં ભૈયા પુછલેનેમેં કયા હરકત હય” એ ઉપરથી પેલો આગેવાન તિર્થવાસિ ભગવાન બેઠા હતા ત્યાં આવી નમસ્કાર કરી કહેવા લાગ્યો “શેઠજી આપકા એક કામ હય યે એક હુંડી હય દેખોતો સચ્ચી હય યા બનાવટી.” એમ કહી પેલી હુંડીનો કાગળ ભગવાનના ખોળામાં મુકયો. ભગવાને તે કાગળ વાંચી તેમને કહ્યું ” અરે ભાઇયો હુંજ શામળશા છું અને હુંજ એ નરસિંહ મેહેતાનો મુનેમ છું. હું તમને કેટલા દીવસથી શોધતો હતો. તે આજે તમારો પત્તો મળ્યો. લાવો હુંડી અને રૂપીયા તમને ગણી આપું.” આ શબ્દો સાંભળતાંવેંત પેલા તિર્થવાસિઓના જીવમાં જીવ આવ્યો ને કહેવા લાગ્યા. “અચ્છા

તમતો ભગત લીજીયે યે હુંડી ઔર પૈસે દેદીજીયે." શામળશાએ કહ્યું "લાવો" એમ કહી હુંડી લઈ રૂપીયા સાતસેં પેલા તિર્થવાસિને તેમણે ગણી આપ્યા પ્રશ્ચાત ભગવાને કહ્યું "અરે તિર્થવાસિયોએ નરસિંહ ભક્ત ઉપર તમને કોઈપ્રકારે વેહેમ આવ્યો હોયતો તે કાઢી નાંખજો. લ્યો આ તમે બીજા વાટ ખરચના નાણા અને તે ઉપર સાતસે આપ્યા તે મુદ્દલ સમજી આ વ્યાજ સમજજો. પણ એ નરસિંહરામને દોષ દેશો નહિં. અમને ખોળવાની વાર લાગી. બાકી તેમાં તેમનો કશોજ વાંક નથી જે વાંક છે તે અમારો સમજજો. નરસિંહરામની હુંડી સાચી છે અને તે તમો એમોને મળ્યાથી શીકારી આપી છે." આ વચનો સાંભળી તિર્થવાસિઓ ઘણા ખુશ થયા અને રૂપીયા લેઈ તેમણે દ્વારિકાની યાત્રા કરી પશ્ચાત પોતાના સ્વદેશની વાટ લેવાને ઇરાદે દ્વારિકાપુરીમાંથી ચાલતા થયા. પ્રિય વાંચક વૃંદ, જેને પરમાત્મા સ્હાય છે તેને આ જગતમાં કોઈ પણ વસ્તુ અલભ્ય નથી તેને પોતાનું અને પારકું સમાન છે કારણકે પરમાત્મા સમસર્વત્ર બિરાજી તેની સર્વદા રક્ષા કરે છે. નરસિંહ મેહતાને રૂપીયા લેતાં એમ ખાત્રી હતી કે આ હું તિર્થવાસીઓની રકમ લઉ છું પણ કૃષ્ણ પરમાત્મા તેના વ્યાજ સુદ્ધાં તેમને ગણી આપવાને સમર્થ છે. પછી મારે શું કામ જરા પણ ભય રાખવો જોઇયે. પરિણામે આપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહતા અડગ નિશ્ચયાનુસાર તેજ પ્રમાણે વ્યાજના વ્યાજ સહીત હુંડી શીકારી આપી જે સર્વને જ્ઞાત છે. જો ભક્તને ભગવાનની ખાત્રી ન હોય તો તેવા કામ ભક્ત કરવાને સાહસ કરેજ નહિં પણ તેવી તેનામાં

ભગવાનજ બુદ્ધિ પ્રેરે છે કે આમ કરતો તેથી તને ગેરલાભ નથી અને તારી ઇચ્છા પાર પડશે. આ પ્રમાણે સાચા ભક્તોના રહ્દયમાં પરમાત્મા નિરંતર સત્ય વસ્તુનું સ્મરણ કરતા હોવાથી ભક્તોની કૃતિમાં કોઇ પણ દોષ જોવા એ એક મહ્દ દોષ છે એમ નિસંશય સમજવું. આ હુંડીની શીક્રરામણનો પત્ર પેલા દ્વારિકાના તિર્થવાસીઓએ પાછો નરસીંહરામને પોહોચાડયો હતો અને તે ઉપરથી નરસિંહ મેહેતા અતિ આનંદ પામી પોતાની ભક્તિમાં નિરંતર સદૈવ રેહેવા લાગ્યા. નાગરિન્યાતને પણ ખાતરી થઇ ગઇ હતી કે મેહેતાજીને ભગવાન વશ વર્તે છે અને તેથી ગમે તેવું તે ઉંધું કરી બેસશે તો પણ સીધું થઇ જશે અને તેમનો ત્રિલોકમાં વાંકો વાળ થવા સંભવ નથી માટે હવેથી તેમની મશકરી કે ઠઠ્ઠો કરવાં નહીં આવા વિચારથી નાગરિન્યાત પણ શાંત પડી અને મેહેતાજી પણ અહોરાત્રિ પોતાના કૃષ્ણકિર્તનમાંજ ગાળવા માંડયા.

પ્રકરણ ૮ મું.

ભક્ત સુતાનું સિમંત.

મારા પ્રિય વાંચકવૃંદ, આપણી વાર્ત્તાના નાયક ભક્તશિરોમણિ નરસિંહરામનો શ્રીકૃષ્ણ પરમાત્માની મદદથી ગૃહસ્થાશ્રમ સધાયો તો ખરો અર્થાત હુંડી શીકરાવાથી સ્ત્રીની ઉતરક્રિયા એ થઇ. પુત્રને વડનગર પરણાવેલો તે પુત્રવધુ પણ આવતી થઇ અને થોડા માસ વિત્યા એટલે શામળશા પણ દૈવેચ્છાથી

ગત થઇ ગયો એટલે સંતતિમાં માત્ર પુત્રી કુંવરબાઇ તથા પુત્રની વિધવા એ બેજ મેહેતાજીના ઘરમાં હયાત રહ્યાં તેમાં-એ કુંવરબાઇને તેને સાસરે વળાવી હતી એટલે ભક્તના ઘરમાં માત્ર બૈરામાં પુત્રવધુજ રહી હતી. તેને મેહેતાજીએ ભક્તિરસનો પુરો રંગ લગાડયો હતો જેથા મેહેતાજી એક વખત જમતા હોવાથી એક વખત રસોઇ કરી ઠાકોરજીને થાળ ધરાવી મેહેતાજીને જમાડતી હતી બાકી બાજો સઘળો વખત ઠાકોરજીની સેવામાં ગાળતી હતી. પુત્રિ કુંવરબાઇને જોકે સાસરે વળાવી હતી પણ તેને સાસરામાં જરા પણ સુખ ન હતું તેણીના શ્વસુર શ્રારંગ મેહેતા તથા સાસુ અને અન્ય સાસરીયા તેને એક ગુલામડી કરતાં પણ હલકી ગણી કાઢતા હતા તેમાં પતિ તરફનું તો તેને લેશ પણ સુખ ન હતું કારણકે તે લંપટ અને અતિ ક્રોધી સ્વભાવનો હોવાથી હલકે અને પલકે બિચારી ગરીબ ગાય જેવી કુંવરબાઇને અતિશય મારતો અને દેરાણી જેઠાણીના ત્રાસનોતો બીલકુલ પારજ રહ્યો ન હતો. આમ છતાં પણ કુંવરબાઈ સર્વ દુઃખ સહન કરી જેમ બને તેમ પોતાના પતિનું, પોતાની દેરાણી જેઠાણીઓનુ તથા અન્ય સાસરીયાનું મન સંપાદન કરવા તરફ લક્ષ આપતી આમ કરતાં કરતાં એકાદ વર્ષ થયું એટલે પરમાત્માને કરવું અને કુંવરબાઇને ગર્ભ રહ્યો. એટલે નાગરિ ન્યાતના રીવાજ પ્રમાણે સાતમે કે આઠમે મહીને મામેરૂ પોતાના પિતા કરશેકે નહિં તેની તે ચિંતા કરવા લાગી. છ માસ વિતવા આવ્યા છતાં પોતાના સાસરીયાએ મેહેતાજીને એ વાતની ખબરજ કરી નહતી. કારણકે નરસિંહ મેહેતા વિશે તેમણે એવો અભિપ્રાય બાંધ્યો

હતો કે એ વૈશ્નવ સાધુ પેઠે ભીખ માગી પોતાનું પેટ ભરે છે તો વળી દીકરીનું મામેરૂ તે ક્યાંથી કરવાનો હતો માટે લખવાથી ફળ શું. આમ સમજી તેમણે મેહેતાજીને છેક સાતમો મહીનો બેઠો ત્યાં સુધી સિમંતની વાત જણાવીજ નહતી. છેવટે થાકી કુંવરબાઇએ પોતાની સાસુને કહ્યું "સાસુજી મામેરૂં મારે પીયર સમાચાર કહેવરાવ્યા વગર કોણ કરશે." સાસુએ કહ્યું "વહુજી તમે સમાચાર કહેવરાવાનું કહોછો તો અમેતો કંકુ છાંટી મનમાનતું મોસાળુ કરવા લખીશું પણ તમારા સાધુ પિતાની પાસે શંખ વાગે છે ત્યાં તે શું મામેરૂ પુરવાનો હતો. હવે તે ક્યાં તમારી મા જીવે છે તે મહીયરની આટલી બધી આશા રાખો છો. જે સગાથી અર્થ કાંઇ સરતો નથી તેને નોતરૂ દેવું એ શા કામનું અમે તમારા સાધુ પિતાને અત્રે બોલાવીએ તો તમારો સસરો તેની જોડે ઉભો રહેતો એ લાજ. તમને એને મળવાનું મન થાય છે અને અમે તો બોલાવીએ તો ઉલટાં ન્યાતમાં ફજેત થઇએ માટે બોલાવીને શું કરીયે" આ પ્રકારના મેહેણા શ્રવણ કરી કુંવરબાઇને અતિ ખોટું લાગ્યું. પણ શું કરે સાસરામાં પરાધીન અને નિરૂપાય હોવાથી તેણીને સહન કર્યા સિવાય છુટકો ન હતો એટલે સહન કરી બેસી રહી પણ આખરે ન રેહેવાયું એટલે કુંવરબાઇએ કહ્યું "સાસુજી, દુર્બળ તોએ એ મારા પિતા છે. અહીં કદી એમને એમ આવી જશે તોએ બાપ દીકરી મળીશું એમાં આપનું શું જશે" આવાં કુંવરબાઇનાં નમ્ર વચનો શ્રવણ કરી સાસુને દયા આવી જેથી તણે જઇને શ્રીરંગ મેહેતાને સર્વ હકીકત કહી. શ્રીરંગ મેહેતા સ્વભાવે

અતિ સાત્વીક અને દયાવાન હતા જેથી પોતાની સ્ત્રીનું વચન માની તત્કાળ તેમના વેહેવાઈ આપણા ભક્તશિરોમણિ નરસિંહ મેહેતાને નીચે પ્રમાણે પત્ર લખ્યો. તે પત્રનો મજમુન કવિ પ્રેમાનંદના વાણીના શબ્દોથી આ સ્થળે પદ્યમાં મુકવામાં આવેથી પ્રિય વાંચકવૃંદને તેની રસિકતા અને ભાવ સંપુર્ણ સમજાશે.

ચોપાઇ.

" સ્વસ્તિ શ્રી જુનાગઢ ગામ, હરિજન વૈશ્નવના વિશ્રામ. "
" નાગરિ ન્યાત તણા શણગાર, સાધુ શિરોમણિ પરમ ઉદાર "
" ભક્ત નાયક વૈશ્નવ ઘણી, સદા કૃપા હજો કેશવ તણી "
" સર્વોપમા જોગ કરૂણા ધામ, મેહેતા શ્રીપચ નરસિંહનામ "
" અહીં સહુકો છે કુશળ ક્ષેમ, પત્ર લખજો આણી પ્રેમ "
" એક વધામણીના સમાચાર, અમ તમ ભાગ્યતણો નહી પાર "
" કુંવરવહુને આવ્યું સિમંત, અમ ઉપર ત્રુઠયા ભગવંત "
" માઘ સુદી સપ્તમી રવિવાર, તે દીન મુર્ત લીધુ નીરધાર "
" તે દહાડે નિશ્ચય આવજો, સગાં મિત્ર સાથે લાવજો "
" આણુશોમાં તમ કોઇ શંકાય, તમ આવે પામ્યા લાખટકાય "
" ઉજળો સગો આવે બારણે, સોનાનો મેરૂ કીજે વારણે "
" જો મેહેતાજી ન આવો તમો, ખરેખાત દુભાશું અમો "

એ રીતે પત્ર લખી બીડી શ્રીરંગ મેહેતાએ બોખલો પંડયો કરીને પોતાનો ગોર હતો તેને બોલાવી તેના હાથમાં આપ્યો અને કહ્યું " ગોર મહારાજ તમે વગર વિલંબે જુનાગઢ જાઓ અને મેહેતાજીને પત્ર આપી પાછા સમાચાર લેઇ આવો કારણકે સિમંતના મુહુર્તનો દિવસ છેક પાસે આવે છે

તેમ તમને આવતાં જતાં રસ્તામાં આઠ દીવસ જશે તેમજ વેહેવાઇ નરસિંહ ભક્ત એવા માયાળુ છે કે બે દીવસ પણ રોકયા વગર તમને વીદાય નહીં કરે માટે જેમ બને તેમ સત્વર વીદાય થાઓ. ” ખોખલા પંડયાએ કહ્યું “ બહુ સારૂ મેહેતાજી હું જેમ બને તેમ જલ્દીથી પ્રયાણ કરી જુનાગઢ જઈ પત્ર આપું છું. પણ જરા કુંવરબાઇને કંઇ સમાચાર તેમના પિતાને કહેવરાવવા હોયતો તેમને મળી પછી જુનાગઢનો રસ્તો લઉં.” શ્રીરંગ મેહેતાએ કહ્યું “ વારૂ ત્યારે કુવરની પાસે થઇને પછી જજો પણ આજને આજ વિદાય થઇ જજો. નકામા બીજે ઠેકાણે વાતો કરવામાં કે તમારે ઘેર બૈરાં છોકરાંઓને મળવામાં વધારે વખત ગુમાવશો નહિં. જુઓ વેવાઇ વળોટનું કામ છે. માટે વખતસર સમાચાર ના પોહોચ્યા એમ ગણી ખોટું ન લગાડે માટે વેગે વિદાય થજો. પેલા ગોર ખોખલા પંડયા તો શ્રીરંગ મેહેતાએ પત્ર આપ્યો તે લઇ કુંવરબાઈ પાસે આવ્યા અને કેહેવા લાગ્યા “બહેન હું તમારા સિમંતની કંકોત્રી લઇને તમાર પીતાને આપવા જાઉં છું માટે કંઇ તમારે સમાચાર કહાવવા હોયતો સુખેથી કહો. ” કુંવરબાઇએ કહ્યું “ પંડયાજી મારા પીતાશ્રીને ચોખ્ખું કહેજો કે આ પત્ર વાંચી મામેરૂ સારૂ લાવજો અને સંપત હોયતો આવજો નહિંતો આવશો નહિં કારણ કે નાગરિ ન્યાત છે. એમને એમ આવશો તો ચાવી નાંખશે અને મારે ઝેર ખાઇ મરવું પડશે. માટે કંઇ પૃથ્વી ઉપર આપનું નામ થાય અને મારા સાસરીયાનું મેહેણું ભાગે તેવું મામેરૂં કરવું હોયતો આવજો કારણ કે જો આ અવસર એમને એમ જશે તો ભવ સુધી મેહેણું રેહેશે. નણંદ

સોનાબાઇ દેરાણી જેઠાણી મેહેણાં મારશે અને દિયર શત્રુ થઇને સાલશે. માટે કહેજો કે તમારે માથે વૈકુંઠરાય જેવો ધણી છે તો નાગરિન્યાત ધન્યવાદ આપે તેવું મામેરૂં લઇ ઝટપટ આવજો. આટલું કહી કુંવરબાઇએતો ખોખલા પંડયાને જુનાગઢ તરફ વિદાય કર્યા. ખોખલા પંડયા પણ જરાપણ વિલંબ ન કરતાં જુનાગઢ વિદાય થઈ ગયા અને રાતદિવસ મુસાફરી કરી આશરે સાતેક દીવસે જુનાગઢમાં આવ્યા. આવીને નરસિંહ મેહેતાને આશ્રમે જઇ પેલો શ્રીરંગધર મેહેતાનો પત્ર આપ્યો એટલે મેહેતાજીએ તે કાગળ ફોડી વાંચ્યો અને પુત્રીના સિમંતની વધામણી આવી જાણી પોતાના કૃષ્ણ મંદિરમાં જઇ પેલી કૃષ્ણની પ્રતિમા આગળ બેસી તાલ લેઇ હરિનું સ્મરણ કરવા લાગ્યા. તેઓ પ્રભુને કહેવા લાગ્યા કે હે ભગવન્! કુંવરબાઇનું મામેરૂં કરવાનો પ્રસંગ આવ્યો અને ઘરમાં તો એક ફુટી બદામ નથી માટે હે ત્રીકમજી આપને હવે ત્રેવડ કરવાની છે. આવા પ્રસંગોમાં દ્રવ્યનું કામ પડે છે માટે તે બાબત સવડ કરજો. એટલું કહી પેલા ખોખલા પંડયાને બે દીવસ રાખી તેમની સંતોષકારક પરોણાગત કરી ત્રીજે દીવસે પત્ર આપી વિદાય કર્યો કે, અમે મામેરૂં લઇને તરતમાં આવી પહોચીએ છીયે માટે ફીકર કરશો નહી. આ પ્રમાણે પત્ર આપી જ્યાં ખોખલા પંડયાને પાછા શ્રીરંગ મહેતા તરફ વિદાય કર્યા એટલે મેહેતાજીએ એક બે દીવસમાં જેટલા સંતસાધુઓ જુનાગઢમાં આવ્યા હતા તેમને એકઠા કર્યા અને કહ્યું કે સંતો! પુત્રી કુંવરબાઈનું મામેરૂં લઇને આપણે જવાનું છે માટે તૈયાર થાઓ. નરસિંહ મેહેતાનું વચન શ્રવણ કરી સર્વે

સંત સાધુઓ તૈયાર થયા. મેહેતાજીએ કોઇની વેહેલ માગી લીધી. કોઇના બળદ માગી લીધા કોઇની ધુસરી કોઇની પીંજણીઓ એમ કરી માગી તુટી વેહેલ તૈયાર કરી અને તેમાં તાલ ઝાંઝ મંજીરા ઇત્યાદીનો કોથળો ભરી તેમાં મુક્યો. વળિ છાપાં તિલક અને તુલસિની માળાના પણ કોથળા ભરાવી તેમાં મુકાવ્યા અને પેલી કૃષ્ણની પ્રતિમાને પણ એક દાબડીમાં ઘાલી પોતાના હાથમાં રાખી. એ રીતે મેહેતાજીએ સંત સાધુઓને લેઇ મામેરા અર્થે પોતાની પુત્રીને સાસરા તરફ જુનાગઢથી પ્રયાણ કરી દીધું. જુનાગઢની ભાગોળે બધો સંઘ લેઇ મેહેતાજી આવ્યા એટલે પેલી વેહેલના બળદો ગળીયા હતા જેથી બેસી ગયા એટલે સર્વે સાધુઓએ મળી પુછડું ઝાલી કૃષ્ણ બળદેવની જય બોલાવી તેને ઉઠાડયા અને ચાલતા કર્યા. એમ રગડદગડ કરતા કરતા બાર દીવસે મેહેતાજી કુંવરબાઇના સાસરાના ગામે આવી પોહોચ્યા. તેઓ તે ગામની ભાગોળે પોહોચ્યા તે વખતે બરાબર મધ્યાન્હ થયા હતા. તેમનો સાધુઓનો સાથ જોઇ આખું ગામ જોવા મળ્યું અને નાગરિ ન્યાત પણ જોવાને ટોળે મળી. સર્વ કોઇ મેહેતાજીનું મામેરૂં જોઇ હસવા લાગ્યું અને કુંવરબાઇને પણ થોડીવારમાં સમાચાર પોહોચ્યા કે તમારા વૈશ્નવ પિતા છાપાં તિલક અને તુલસિની માળાના ગાંસડા બાંધી મામેરૂ કરવા આવી પોહોચ્યા છે. આખી ન્યાતમાં છાપા તિલક ઓપીયંદનું અને માળાઓની લ્હાણી કરશે અને તે ન્યાત પેહેરશે એટલે મામેરૂં થયું. આ સમાચર સાંભળી કુંવરબાઇને ઘણુંજ રડવું આવ્યું અને મન સાથે વિચારવા લાગી કે શું ત્યારે મારાભાઇ શામળશાના લગ્ન

વખતે વૈકુંઠપતિએ મને વચન આપ્યું હતુ કે આ લગન કરતાં એ તારૂં મામેરૂં સલાવાસ કરીશ ત્યારે શું તે વચન ખોટું માત્ર મને સારૂ લગાડવાજ કહ્યું હતું. નાના તે ભક્તવત્સલ ભગવાન પોતાના ભક્તની લાજ ખુએ અને પોતાનુ બોલેલું વચન ફોક કરે એ વાત કદી સંભવેજ નહિં. વારૂ જો તેમ હોય તો પ્રભુ ક્યારનાએ મારા પિતા જોડે મામેરાની બધી વસ્તુઓ લઇને આવ્યા ન હોય. પણ એ ત્રિલોકાનાથ છે. જો આવવા માગેતો એમને શી વાર. એક ક્ષણમાં બધું સાહિત્ય લઇને આવી પોહોચે. પણ તેમ કરવાની તેમની વૃત્તિજ નહિં હોયતો પછી કયાંથી આવે. ખેર જેમ તેમને કરવું હશે તે કરશે. પણ મારા પીતા આવા સાધુ વૈરાગીને સાથે લઇ તીલક છાપા અને ઝાંઝ મંજીરાના કોથળા ભરી ના આવ્યા હોતતો સારૂ કે મારી આ નાગરિ ન્યાતમાં ફજેતી તો ના થાત. હજી પણ જો મને મળશે તો કહીશ કે પાછા જાઓ. જ્યારે આમ ફજેતી કરાવવી હતી તો શું કામ આવ્યા ?”
આ પ્રમાણે કુંવરબાઇ ખેદયુક્ત વિચારો કરી રહી છે તેટલામાં મહેતાજી શ્રીરંગમેહેતાને ઘેર આવ્યા જે જોઇ શ્રીરંગમેહેતા તેમની સામા આવ્યા એટલે બન્ને વેહેવાઇ ભેટી પડયા. ઘરમાં લાવી મેહેતાજીને બેસાડયા અને રૂડી રીતે આગતા સ્વાગતા કરી. જમાઇરાજે તથા નાગર મંડળે પણ મેહેતાજીની મુલાકાત લીધી. શ્રીરંગમેહેતાની પત્નિતો મેહેતાજીના સાથને જોઇ દીંગ થઇ ગઇ અને મન સાથે વિચાર કરવા લાગી કે આ દળદર આવ્યું. શ્રીરંગ મેહેતાએ મેહેલ્લામાં એક જુનું પડી ગએલું મકાન હતું તે મેહેતાજી અને તેમના સંઘના ઉતારા માટે કાઢી આપ્યું એ

ટલે મેહેતાજીએ પોતાના સર્વ સાધુમંડળ સહીત આપેલે ઉ-
તારે મુકામ કર્યો અને પછી દાબડીમાંથી કૃષ્ણ મુર્તિ કાઢી
એક પવિત્ર સ્થળ શોધી લીંપીગુંપી ત્યાં તે મુર્તિને પધરાવી.
અને પોતાના નિત્ય નિયમ પ્રમાણે કૃષ્ણ કિતન કરવામાં પ્ર-
વૃત થયા. બધા સાધુઓનો સાથ પણ તેમની જોડે ભજનમાં
ગુંથાયો. જોકે શ્રીરંગમેહેતાએ આપેલા ઉતારામાં જુવા મા-
કણ મચ્છરનો પાર ન હતો તોપણ સાધુવૃત્તિવાળા સાથે તે
બાબત ગણકારિ નહીં પણ ઉલટા પ્રસન્નચિત્તે પરમાત્માના
યશોગાન કરી ધન્યવાદ આપવા લાગ્યા થોડીવાર થઇ એટલે
એક પછી એક નાગરિ ન્યાત મેહેતાજીના ઉતારામાં તેમને જોવા
આવી. કોઇ કહે ભાઇયો એમને કૃષ્ણ ભગવાન વશ છે પછી
શી ખોટ છે. કોઇ કહે કુંવરબાઇના મામેરાની છાબમાં શું આ
તીલક તુલસી ને શંખ મુકવાના છે કે શું ? કોઇ કહે આ
સાધુ વેરાગીઓ એક એક ગોપીચંદનની ગોટી આપશે એટલે
મામેરૂં પતી જશે આ પ્રમાણે નાગરિ ન્યાત આવી આવીને
મેહેતાજી અને તેમના સાથની ઠંડી મશ્કરી કરવા લાગ્યા. આ
પ્રમાણે જ્યાં મશ્કરીઓ થવા લાગી એટલે કુંવરબાઇને ખબર
પડી જેથી પોતાના પિતાને ઉતારે આવી કહેવા લાગી કે હે
પિતાજી આવું મામેરૂં તથા આવો સાધુ વેરાગીઓનો સાથ
લઇને ના આવ્યા હોત તો ચાલત પણ આથી તો ઉલટી મારી
અને તમારી બન્નેની મશ્કરી થવા જેવું થયું. હવે તમારી સાથે
મારી પણ પુરેપુરી હાંસી થવાની. નાગરિ ન્યાત મેણાના બાણો
મારી મારી વીંધી નાંખશે અને મરવા જેવું થશે. હે હરિ હવે
શું થશે ! ” આવો કરૂણાજનક નિશ્વાસ નાંખી કુંવરબાઇ અશ્રુ-

ધારે રડવા લાગી તે જોઇ મેહેતાજી તેણીને ધૈર્ય આપી કહેવા લાગ્યા "બાઈ નાહક જીવાત્મા શું કામ દુભાવે છે. શું કામ ખેદ કરે છે બેટા હજી પણ સમજણ ન પડી કે આપણું તો એ ત્રિલોકીનાથ શામળીઓ પુરૂં કરે છે ને કરશે. તે લાજ અત્યાર સુધી રાખતો આવ્યો છે ને રાખશે. એ દીનાનાથ પોતે મોસાળુ કરશે. બ્હેન બધીએ તેને ફીકર છે આપણે વૃથા શા માટે ખેદ કે ચિંતા કરવી જોઇએ." આ સાંભળી કુંવરબાઇ કહેવા લાગી કે દીનાનાથ તે શું કરશે પિતાજી તમે આ તે મામેરૂં કરવા આવ્યા છો કે મારા સાસરીયાને અને અત્રેની નાગરિ ન્યાતને તેમજ આખા ગામના લોકોને હસાવાને આવ્યા છો. હશે, આ હિણભાગી દુર્બળ પિતાની પુત્રીને સ્વપ્ને પણ સુખ સરજ્યું ન હોય તે ક્યાંથી મળે. મામેરામાં શંખ તાળ ગોપીચંદન અને આ તુળસીના માળા સિવાય બીજું મામેરૂં પુરવાની વસ્તુ એક પણ દેખાતી નથી. વળી હું દુર્ભાગિનીની મા મરી ગઇ એટલે મહીયર પણ પડી ભાગ્યું અને સાસરીયામાં કેમ પેટમાં પગ ઘાલીને રહી છું તે મારો આત્મા જાણે છે. માટે હવે આ દેહનો અંત આવે તો સારૂ કે દેખવુંએ નહીં અને દાઝવુંએ નહીં." આવા પ્રકારના પુત્રીના વચન શ્રવણ કરી નરસિંહ મેહેતા કહેવા લાગ્યા "બેટા જાઓ તમારી સાસુ પાસે અને જે જે વસ્તુ મામેરામાં પુરવાની જોઇતી હોય તે તે લખાવી લાવો." આ પ્રકારનું વચન શ્રવણ કરતાની સાથે કુંવરબાઇને ભગવાને આપેલું વચન યાદ આવ્યું. એટલે તરત હૃદયથી સધીરી બની પોતાની સાસુ પાસે જઇ કહેવા લાગી. સાસુજી જે જે વસ્તુ જોઇતી હોય તેની એક

યાદી લખાવો એટલે તે મંગાવાની ગોઠવણુ કરવામાં આવે. " આ સાંભળી સાસુએ કહ્યું " વહુજી તમારા પિતા મામેરામાં પુરવા માટે શંખ તાળ તિલક અને તુળસિની માળ સિવાય બીજું શું લાવ્યા છે તે યાદી કરાવો છો. અમે જોઇયે છીએ શું તે લખાવીએ તમારા પિતા વેરાગી અને સાધુડાઓને જોઇતી વસ્તુઓ લઇ આવ્યા છે તે અમે કંઈ સાધુડા નથી કે તે મામેરામાં સ્વિકારીયે. આ પ્રમાણે સાસુએ કરડાગી ભરેલું વચન કહ્યું તે સાંભળી કુંવરબાઇ રડી પડી એટલે વળી ઉપ-રથી સાસુ બોલવા લાગી " ઓ હો હો સાચુ કહીયે છીએ તેમાં વહુજી રડીને બોશીયાળા શું કરો છો ? " કુંવરબાઇ કહેવા લાગી " સાસુજી એવો દુર્બળ દુર્બળ તો એ મારો બાપ છે મારો જન્મદાતા છે તે કંઇ મિથ્યા થવાનો હતો. એના પેટમાં હું બળીશ તેવી તમારા પેટમાં બળનારી નથી." આ પ્રમાણેની સાસુ વહુ બન્ને વચ્ચેની રકઝક થતી સાંભળી કુંવરબાઇના વડ સાસુ અતિ પવિત્ર વૈષ્નવ અને સંત સાધુ-ઓમાં પુજ્યભાવ રાખનારી હોવાથી કુંવરબાઇની સાસુને ઠપકો દેઇ કહેવા લાગી " એ વહુને જરા પણ વઢશો નહિં. એના ભક્ત પિતાની લગની પ્રભુ સાથે એવી છે કે સાક્ષાત વૈકુંઠપતિ કૃષ્ણ પરમાત્મા પોતે આવી મામેરું પુરશે અને આપણે સહુ જોઇશું. માટે મારી વહુને કે તેના ભક્ત પિતાને જરા પણ કહેશો નહિં. વહુ બેટા આમ આવો હું તમને યાદી કરાવું તે લઇ તમારા પિતાને આપો. એ ન લખાવે તો ખાસડે મારી. " આ પ્રકારના વડ સાસુના ઉપરાણા ભરેલા પ્રિતિ-પાત્ર વચનોથી કુંવરબાઇ સાસુ પાસેથી ઉઠી વડ સાસુ પાસે

યાદી લખાવા માટે જઇ બેઠી એટલે સાસુ પણ જખમારી ચુપ થઇ બેઠી. અને વડ સાસુ અસલના નાગરિ ન્યાતના ઉંચા કુળને છાજતી મામેરાના પેહેરામણીની સામગ્રીની યાદી નીચે પ્રમાણે લખાવી જે મારા પ્રિય વાંચકવૃંદને કવિ પ્રેમાનંદની સરળ અને રસિક શૈલિમાં આપુચ્છું તે કવિએ મામેરાની સામગ્રીની કુંવરબાઇની વડ સાસુએ લખાવેલી યાદી મારૂ રાગમાં લખી છે તે અમે પ્રકટ કરી રસિક વાંચકવૃંદના રસનો ભંગ ન થાય તેવા ઉદ્દેશને સેવ્યો છે. કુંવરબાઇને કાગળ આપી વડ સાસુ બોલીઃ-

રાગ-મારૂ.

લખો પાંચ શેર કંકુ જોઇયે અગર લખો શતસાત વહુજી,
વીસમણ વાંકડીયા શ્રીફળ મળશે મોટી ન્યાત વહુજી.
પાંચ વસ્ત્રના પચ્ચીશ વાઘા ચાર ચોકડી તાસ વહુજી.
લખો પછેડી પંદર કોડી પટોળાં પચ્ચાસ વહુજી.
સાઠેક મુગટાને સો એક શાળુયાં ચાર લખો ચાલીસ વહુજી.
બ્રાહ્મણને ધોતીયાં જોઇયે લખો તે કોડી ત્રીસ વહુજી.
બે કોડી જર કસીની સાડી રેશમી કોડી બાર વહુજી.
સાદી સાડી લખો ત્રણસે સાલ લખો શત ચાર વહુજી
ઘર સાડી લખો દશ ને વીશ કોડી લખો બાંટ વહુજી.
છીંટ માળવી રેજા સો ને નવ કોડી લખો નાટ વહુજી.
મસરૂ ગજીઆણી દરીયાઇ લખો થાન પચાસ વહુજી.
હજાર બારસે લખો કાપડા લોકને જેની આશ વહુજી.
સોળસે લખો શેલાં સાળુ વળ પાનને સો આંક વહુજી.
આશરાપડતું અમે લખાવ્યું બાપ તમારો રાંક વહુજી.

આ પ્રમાણે વડસાસુએ યાદી કરાવી પશ્ચાત કહેવા લાગી કે બેટા તમારે એથી રંગે ચંગે વધારે કરીયાવર કરવો હોયતો એક હજાર સુવર્ણ મોહોરો રોકડી જમાઇને સોનાની સાંકળી એટલું વધારે બાકી તમને સોને મઢાવે તો એ તમારો બાપ છે એમાં અમારે શું. આ પ્રમાણેની યાદી લખી કુંવરબાઇ પિતા પાસે આવી પિતાને કહેવા લાગી " પિતાજી તમે મને મારા સાસરેથી શું શું જોઇયે તેની યાદી કરી લાવવા કહ્યું ત્યારે આ જુઓ મારી વડસાસુએ યાદી કરાવી છે કે તેમાંનું કશુંએ આપણાથી બની ના શકે " મેહેતાજીએ પેલી યાદી વાંચી જોઇ એટલે તરત ચમક્યા અને વિચારવા લાગ્યા કે આ ડોશીએ તો કાંઇ બાકીજ રાખ્યું નથી. મનમાં પાળી રાખી બરાબર પરમાર્થી થઇ લખાવ્યું છે કે જે મોટા લક્ષાધિપતિથી પણ પુરૂં પડી શકે નહિ. ધન્ય છે ધન્ય છે " આ પ્રમાણે મેહેતાજી ડોશીને માર્મિક ધન્ય કહના ઉદ્ગાર આપે છે તેટલામાં પાછું કુંવરબાઇયે કહ્યું કે " પિતાજી વળી યાદી લખાવી તે હું વાંચી ગઇ એટલે મારો નણંદે મશકરી કરીને કહ્યું કે માજી આટલું બધું લખાવાને બદલે બે મોટા પ્હાણા લખાવો કે તે સાધુપિતા છાબમાં મુકીને લાવી શકે આટલું બધું તે તેને કિયે જન્મે મામેરામાં આપવા કાજે મળવાનો સંભવ હતો. માટે પિતાજી મારાથી તો હવે મેહેણાં સહન થનાર નથી માટે તમે જેવા આવ્યા છો તેવા પાછા જુનાગઢ સિધાવો અને મને મારા દેહનો અંત લાવવા ધો એટલે પીડા માટે." આ સાંભળી મેહેતાજી હસીને કહેવા લાગ્યા, પૂત્રી તમે જરાપણ ગભરાશો નહિ. આપણે અવસર ભુલી જઇયે પણ તે શામળીઓ ભુલશે

નહિં જરા ધીરજ ધરો અને વિશ્વાસ રાખો. તમારા સાસરીયાએ બખાવ્યું છે તેથી બમણું કરશે તેને કંઇ કોઇનું કરજે કહાડવા જવાનું નથી માટે શાણી પુત્રી આપણી લાજ તે શ્રીહરિને હાથ છે. કાલનું વહાણું રૂડી રીતે વાયુ એમ જોશો. "આ પ્રકારના પિતાના નિશ્ચયાત્મક અને શ્રદ્ધાના વચનો શ્રવણ કરી કુંવરબાઇને શ્રદ્ધા ચોટી જેથી આશાભેર પોતાના સાસરે ગઇ અને નિત્ય નિયમીત્ત પતિની સેવાપૂર્વક નિદ્રાવશ થઇ. બીજે દીવસે પ્રાતઃકાળ થયું એટલે મેહેતાજી સ્નાન ઇત્યાદિથી પરવારી પોતાની પેલી કૃષ્ણમૂર્તિનું પુજન કરવા બેઠા તે છેક મધ્યાન્હ સુધી પુજન કર્યું એટલે વેહેવાઇને ત્યાંથી જમવાનું તેડું આવ્યું એટલે પોતાની સાથેના તમામ વેરાગી સંતસાધુઓ લઇ શ્રીરંગ મેહેતાને ત્યાં જમવા ગયા. શ્રીરંગ મેહેતાએ સન્માનપૂર્વક બેસાડી જમવાને માટે ન્હાવાનું મેહેતાજીને કહ્યું એટલે મેહેતાજી વસ્ત્ર કાઢી પલાળવાનું વસ્ત્ર પેહેરી સ્નાન કરવા સારૂ ચોકમાં આવી બાજઠ ઉપર બેઠા. જ્યોં મેહેતાજી બેઠા એટલે કુંવરબાઇની નણંદે આવી શ્રીફળ મુકીયે તો ફાટી જાય એવું ધકધકતું ઉષ્ણોદક લાવી કુંડીમાં રેડયું એટલે મેહેતાજીએ કહ્યું "બ્હેન પાણી ઘણું ગરમ છે માટે સમોવણ કરવા સારૂ ઠંડા જળની જરૂર છે." આ સાંભળતા નણંદીએ મેહેતાજીને કરડાગીમાં કહ્યું "મેહેતાજી માગ્યા મેહ વરસે છે તો સમોવડ સારૂ ઠંડુ જળ એટલું મંગાવી લ્યો ? ઘણાએ તમારા ભગવાન આવી અમ્બરથી રેડી જશે." આ પ્રમાણેનું માર્મિક વચન શ્રવણ કરી મેહેતાજીએ કુંવરબાઇ પાસે ઉભી હતી તેની પાસે પોતાની કરતાળ માગી એટલે કુંવરબાઇએ તે આપી જેથી

તાળ વગાડી તેઓ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા કે હે ભગવન્ સુધન્વા ઉપર તેના પિતા કોપ્યા હતા અને જેમ તેથી તેને તળવાને ધીકધીકતી તેલ કઢામાં નાંખ્યો હતો અને તેલ આપે શીતળ કરીને બચાવ્યો હતો તેમ મારી પણ લાજ રાખવાનો આપને વખત આવ્યો છે. હે પ્રભુ મને પણ મેઘવૃષ્ટિ કરી સમોવડ કરવા માટે શીતળ જળ આપો. હે દીનબંધુ આ નાગરિન્યાત મારી નહીંતો હાંસી કરશે અને તેથી તમારી પણ હાંસીજ થશે એ નિશ્ચે સમજજો. હે ભૂધર જેમ હુંડી શીકારી હતી, જેમ શ્રાદ્ધ કરી ગયા હતા, જેમ શામળશાને પરણાવ્યો હતો તેવીજ રીતે આ મામેરૂ પણ આપને કરવાનું છે. અને આ નાગરિન્યાતનું મ્હોં બંધ કરવાનું પણ આપનેજ છે. મેં તો એજ વિશ્વાસ રાખ્યો છે અને તે વિશ્વાસના આપ ઘાતી નહીં બનો એવી મને સંપુર્ણ આશા છે તો હે વીઠલવર વરસાદ વરસાવજો અને આ તમારી એકની એક પુત્રી કુંવરબાઈને આપે શામળશાના લગ્ન વખતે જે વચન આપ્યું છે તેને સંપુર્ણ રીતે પાળજો. હે નોધારાના આધાર આપની ઓથેજ રહ્યો છું તેમ રાખજો. જેમ અત્યાર સુધી નભાવ્યો છે તેમ નિભાવજો. મારે અન્ય કોઇનો આ જગતમાં આશરો નથી તે તમે સારી પેઠે સમજો છો તો આપ આપનું બીરદ રાખી આ દાસની વારે ધાજો ? હવે આપના વિના મારૂં કોઇ આ સ્થળે બેલી નથી માટે સત્વર પધારો આ સેવકનું ધર્મ સંકટ ટાળજો. " આ પ્રમાણે મેહતાજીએ સુંદર આલાપની સાથે મલ્હાર રાગમાં કૃષ્ણ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરવા માંડી. અને જ્યાં અડધી ઘડી એક વિતિ

એટલે દશે દીશાઓમાંથી બારે મેઘ ચડયા અને મુશળધાર વૃષ્ટિ શરૂ થઇ. મેહેતાજીને શીતળ જળ જોઇએ તેટલું મળ્યું તે ઉપરાંત એવો તો મુશળધાર વરસાદ પડયો કે આખુ ગામ રેલં છેલ થઇ ગયું અને ઘરોમાં પણ પાણી ભરાઇ ગયું જેથી ગભરાઇને તમામ લોકોએ આવી મેહેતાજીની ક્ષમા માગી અને શ્રીરંગમેહેતા, કુંવરબાઇની સાસુ વડસાસુ નણંદ ભોજાઇ વીગેરેએ આવી મેહેતાજીને નાકા લીટીઓ તાણી એટલે મેહેતાજીએ પાછી સ્તુતિ કરી એટલે વરસાદ ઉતરી ગયો અને લોકોની ગભરામણ બેઠી. આ જોઈ કુંવરબાઇ ઘણો હર્ષ પામી અને મનમાં નિશ્ચય પૂર્વક માનવા લાગી કે જરૂર શ્રી હરિ પોતે આવી મારૂ મામેરૂં રંગે ચંગે કરશે અને તેમણે આપેલું વચન પાળશે. પશ્ચાત મેહેતાજી સ્નાન કરી પોતાની સાથના સાધુ વેરાગીને પંગતમાં લઇ વર્ણાશ્રમના નિયમાનુસાર જમવા બેઠા અને અન્ય સગાંવહાલાં પણ જમ્યા જમી પરવારી ઉઠયા એટલે શ્રીરંગ મેહેતાએ પાનસોપારી આપ્યા કે મેહેતાજી સત્વર પોતાને ઉતારે આવી પાછા પોતાના નિત્ય નિયમાનુસાર કૃષ્ણ કિર્તનમાં સાધુઓ સહીત પ્રવૃત થયા. કુંવરબાઈ પણ જમીઉઠી પરવારી પીતા પાસે આવી મામેરાની સામગ્રીઓ લાવી સર્વ સાહીત્ય તૈયાર કરવા માટે કહેવા લાગી જેથી મેહેતાજીએ હરિ ભગવાનને વિજ્ઞપ્તિ કરી જેથી ભગવાન કોઇ શ્રીમંતનું રૂપ લેઈ અક્રુરઅને ઓધવ સહ ત્યાં આવ્યા જે જોઇ મેહેતાજી જાણી ગયા અને છાબ લાવી આગળ મુકી કુંવરબાઇને કહ્યું બેટા જાઓ હવે તમારા સાસરીયાને અને ન્યાતને આમંત્રણ મોકલાવો કે મારા પિતા મામેરૂં પુરે છે માટે જોવા ચાલો " આ સાંભળી કુંવરબાઇ

દોડતી જઇ પોતાની સાસુને એ વાત કહી અને સાસુએ તે ઉપરથી ગોરને મોકલી આખી નાગરિ ન્યાતમાં કુંવરબાઇના મામેરાની છાબ જોવાનાં તેડાં કર્યાં. થોડીવાર થઇ એટલે આખી નાગરી ન્યાત છાબ જોવા ટોળે મળી મેહેતાજીએ છાબમાં શંખ પધરાવી શ્રીહરિનું સ્મરણ કરવા બેઠા નાગરિ ન્યાત માંહોમાંહી વાતો કરવા લાગી એક કહે આતે એ વેરાગીના મામેરૂં પુરવાના ઢંગ છે બીજી કહે અરે એનો શંખલા બની જશે ઘરચોલાં અને આખી ન્યાતમાં વેહેંચાશે. ત્રીજી કહે શું કપાળ ઘરચોળાને બદલે છાપાં અને તુળસીની માળા એકેક સહુજણને આપશે. એમ વળી શંખ બદલાઇ ઘરચોળા થઇ જતાં હોયતો લાવોને હું આખા ગામના શંખ ભેગા કરી લાવું. ચોથી કહે અરે નાના એક એક ઝાંઝનો જોટો બધાને આપે તે ઝાંઝ કુટજો અને આ ગોપીચંદન છે તે ચોળજો. પાંચમી કહે કંઇ ન મળેતો મુકો એ મોટા પથરા એટલે વેહેવાઇ તેની સાથે માથું ફોડશે. આ પ્રમાણે નાગરણો મેહેતાજીની કરડાગીમાં મશકરીઓ કરે છે અને મેહેતાજીતો એકાગ્રચિતે પોતાના ઇષ્ટ શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન ધર્યા કરે છે. કુંવરબાઇએ છાબ ખાલી જોઇને તથા નાગરિન્યાતની મશકરી જોઇ માથાથી તે પગ સુધી બળી ગઇ અને છેવટે આશા છોડી નિસાસા નાંખવા લાગી અને થોડીવાર થઇ અને તેનાથી ના રહેવાયું એટલે પોતાના પિતા પ્રત્યે કહેવા લાગી "પિતાજી વૃથા આશા આપી મને શું કામ બાળો છો. આમ જ્યારે મારી ચેહડી કરાવી હતી તો શું કામ આવ્યા. આમજ જ્યારે કરવું હતું ત્યારે નકામો આ બધા મામેરાનો ડોળ શું કામ કર્યો" મેહે-

તાજી કહેવા લાગ્યા બેટા તમને એકવાર કહ્યું ચુપ થઇ શ્રી-હરિમાં વિશ્વાસ રાખી બેસો અને જે મારો વ્હાલો કરે તે તે સાક્ષી રહી જોયાં કરો. તમને તેણે શામળશાના લગ્નમાં જે વચન આપ્યું છે તેમાં સંપુર્ણ તમારી શ્રદ્ધા રાખો. આખું જગત વચનથી ફરી જશે પણ એ આપણો દીનોનાથ નહી ફરે એ નિશ્ચે જાણજો ? માટે બાઇ ચિત્તની પ્રસન્નતા જાળવી તે પરિપુર્ણ પુરૂશોતમમાં આશા રાખો અને તે જે જે કરે તેને જોઇ તેની ચમત્કૃતિનો અનુભવ કરો. તે મારો શામળો કદી પણ લાજ આપણી જવા દેનાર નથી એમ નિસંશય માનજો ?"

આ પ્રકારના નરસિંહ મેહેતાના વચનો શ્રવણ કરી કુંવરબા-ઇના હૃદયમાં પાછિ પ્રસન્નતા, ચિત્તમાં સ્થિરતા ધૈર્ય, અને શ્રદ્ધાની સ્ફુરણાઆઓ ઉદભવવા લાગી, જેથી પિતા તાળ શંખ બજાવી વલી પોતાની ઇષ્ટ વસ્તુ જે શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રતિમા તે પ્રતિ મામેરૂં પુરવાની પ્રાર્થના કરી રહ્યા હતા તેની જોડે શાંતિથી કુંવરબાઇ ભાગ લેવા લાગી અને શ્રીમદ્ વિષ્નુ ભગવાનને અંતિમ વિજ્ઞપ્તિ કરવા લાગી કે “ હે ભગવાન આપે શામળશાના લગ્ન વખતે આ આપની પુત્રીનું મામેરૂ પુરવાને જે વચન આપ્યું છે તે વચનના વિશ્વાસેજ ધૈર્ય ધરી રહીછું બાકી આપઘાત કરી મારા દેહનો અંત લાવવાના નિ-શ્ચય ઉપર આવી ગઇછું. માટે હે દીનબંધુ, દ્વારિકાધીશ કરૂ-ણાના નિધાન કેશવ, સત્વર પધારી મામેરૂં પુરો અને પુત્રીની લાજ રાખો. મારા પિતાની ભક્તિના પ્રતાપથી આપે પ્રત્યક્ષ આવી આ પુત્રીને અભયવચન આપી તેને આ જન્મેજ ભવ-બંધનથી છુટી કરીતો પછી આ મારા પિતાને માથે મામેરાનું"

રૂણ રહેતો એ કલંક મારા પિતાને શિરે નથી પણ તે આપના શિરે છે.” આપણા ભક્તશિરોમણિએ પણ મૃદુ અને પ્રિય વાણીથી સારંગ રાગમાં મધુર નાદથી કૃષ્ણ પરમાત્માને જે વચનો સ્તુતિરૂપે કહ્યાં તે કવિવર્ય પ્રેમાનંદની રચના અતિ રસાત્મક હોવાથી આ સ્થળે આપવામાં આવે છે જે મારા સજ્જન પ્રિય વાંચક ભક્ત જનોને વધારે રસિક થઇ પડશે.

સારંગ.

“જય દામોદર બાળમુકુંદ, નર્ક નિવારણ પરમાનંદ.”
“વિશ્વેશ્વર વૃંદાવનચંદ, દેવકીનંદન આનંદકંદ”
“ગોપીનાથ માધવ ગોવિંદ, જયમુંકુંદ તોડો ભવબંધ.”
“ગરૂડધ્વજ ભુધર ગોપાળ. અનાથ બંધુ દીનદયાળ”
“હું સેવકની લઇ સંભાળ, મામેરાની કરજો ચાલ”
“તમ કિરતન કરૂં ગ્રહી તાળ, ન્યાત નાગરિ દેતી આળ”
“અતિ દોહેલો લોકાચાર, લજ્જા રાખજો આણીવાર”
“છો મુજ શેઠતો નંદકુમાર, શું કરશે પાપી સંસાર”
“પ્રતિપાળ લ્યો છો આ દાસ, જેથી રહુંછું તમવિશ્વાસ”
“અમરિષનો નીવાર્યો ત્રાસ, ભોગવ્યો તો આપે ગર્ભવાસ”
“મચ્છતણો લીધો અવતાર, શંખાસુર કીધો સંહાર”
“કમઠરૂપ ધર્યું મોરાર, ચૌદ રત્નમણિ કાઢ્યા બંહાર”
“હિરણાક્ષને નાંખ્યો કાપી, ધરણી સ્થિર કરીને સ્થાપી”
“શ્રીગોપાળ મામેરૂં કરો, ઠાલી છાબ સોનૈયે ભરો.”

ઉપર પ્રમાણે જ્યાં મેહેતાજીએ સ્તવન કર્યું કે તરતજ શ્રીમદ્ વિષ્નુ ભગવાનને વૈકુંઠમાં ચિંતા થઇ અને તેથી મોટી બુમ પાડી.

ગરૂડ ક્યાં ગરૂડ ક્યાં ! એવા અવાજે મહાલયના પ્રતિહારો અને દ્વારપાળોને પુછવા લાગ્યા. વૈકુંઠપતિની બુમ શ્રવણ કરતામાં લક્ષ્મીજી વગેરે પટરાણી દોડીને ત્યાં આવીને કહેવા લાગી " ભગવાન શી આજ્ઞા છે!" ભગવાને કહ્યું" અરે ચાલો ચાલો ભક્ત નરસિંહની પુત્રીને વચન આપ્યા પ્રમાણે આજે મામેરૂં પુરવા જવું છે એકક્ષણ પણ વિલંબ થઇ શકે તેમ નથી. "આ પ્રમાણે કૃષ્ણ ભગવાનની આજ્ઞા થતાંની વારમાં સર્વે પટરાણી તૈયાર થઇ ઓધવજીને હાથમાં ગજ આપી મુનમ બનાવ્યા અને બીજા યાદવોને ગુમાસ્તા બનાવ્યા. કૃષ્ણ પરમાત્મા પોતે શેઠ બની કુંવરબાઇના સાસરાને ગામ ગરૂડ વૈમાનમાં બેશી આવી પહોંચ્યા. ગામની ભાગોળે પડાવ નાંખ્યો અને મોસાળાની છાબ લક્ષ્મીજીના હાથમાં આપી શ્રીરંગધર મેહેતાના ગામની ભાગોળેથી ગાતાં ગાતાં શ્રીરંગધરે આપેલા નરસિંહ મેહેતાના ઉતારા તરફ ચાલતાં થયાં. ભગવાને તથા ઓધવજીએ આગળ જઇ નરસિંહ મેહેતાને મોમેરૂં લાવ્યાના સમાચાર કહ્યા. આપણા ભક્ત શિરોમણિ તો ભગવાનને જોતાવેંત ઘણા હર્ષથી ભેટી પડયા. અને કહેવા લાગ્યા 'વાહ પ્રભુ આટલી બધી વાર ? શું આજે આ ભક્તની લાજ લેવી ધારી હતી. વાહ ભગવન્ ! છેકજ આ દુર્બળદાસને વિસારી મુકવાનો વિચાર કર્યો હતો કે શું?" ભગવાને જવાબ દીધો ભક્ત નરસિંહ અણી વખતે હું આવ્યા વગર કેમ રહું અને મેં કુંવરબાઇને વચન આપ્યું છે તે મિથ્યા કેમ થવા દઉં. હવે તમે બેઠા બેઠા જુઓ હું બધુંએ કરૂં છું. કુંવરબાઇના મનમાનતા કોડ પુરૂં છું અને નાગરી ન્યાત માગે તેનાથી તેના સીમંતમાં સવાયો કરીયાવર કરૂં છું કુંવરબાઇ

આવાં ભગવાનના વચન શ્રવણ કરી ભગવાનના ચરણમાં ઢળી પડી અને કહેવા લાગી હે ભગવન! આપ તો મારા ભવોભવના પિતા છો આપે શામળશાના લગનમાં મને વચન આપ્યું છે તે યાદ કરો અને પુત્રીની લાજ રાખો! હવે આપના સિવાય કોઇનો આશરો નથી." ભગવાને કહ્યું બેટા તું હવે નિશ્ચંત થા અને સોમણુની તળાઈમાં સુઈ રહે. તારાં સાસરીઆને તો શું પણ આખી ન્યાતને સંતોષ ઉપજે તેવો કરીયાવર કરીશ." કુંવરબાઇ એ સાંભળી પ્રસન્ન થઇ અને લક્ષ્મીજી તથા અન્ય યાદવ સ્ત્રીઓ જે નાગરણો બની ટોળે મળી ગાતી હતી ત્યાં જઇ સર્વને પગે લાગી યદુપતિને શેઠ તરીકે યાદવોને ગુમાસ્તારૂપે અને યાદવ-સ્ત્રીઓને નાગરાણીઓ તરીકે જોઇ આખી નાગરીન્યાત વિસ્મય પામી. પછી છાબ પુરી લક્ષ્મીજી તથા સ્ત્રીમંડળ નરસિંહ મેહેતાને ઉતારેથી મોસાળુ ચડાવા આખું ગામ ફરી શ્રીરંગધર મેહેતાને માંડવે ગયાં અને લક્ષ્મીજીએ છાબ ઉતારી કુંવરબાઇની સાસુ આગળ મુકી એટલે વેવાણ લક્ષ્મીજીને કહેવા લાગી "બાઈ તમારે અને નરસિંહ મેહેતાને શો સંબંધ છે તે તમે તેમની વતી આટલું બધું કરો છો?" લક્ષ્મીજીએ કહ્યું 'મારા ઘરવાળા મેહેતાજીના પરમમિત્ર થાય છે જેથી તેમણે પોતાની પેઢીમાં પણ નરસિંહમેહેતાનો અડધો અડધ ભાગ રાખ્યો છે. અમારી પેઢીનો અને અમારા ઘરનો બધો કારભાર નરસિંહમેહેતા કરે છે અને તેમને પુછ્યા સિવાય મારા ઘરનું કોઇ પણ પાણી સુદ્ધાં પણ પીતુ નથી." વેવાણે પુછ્યું બાઇ તમારા ધણીની શેની પેઢી ચાલે છે? "લક્ષ્મીજીએ કહ્યું" નાણાવટીની પેઢી ચાલે છે. વેવાણે પુછ્યું તે પેઢી કીયા

દેશમાં ચાલે છે? લક્ષ્મીજીએ કહ્યું "અમારી પેઢી દ્વારિકામાં છે" આ સાંભળી વેવાણ તો દિંગ બની ગઇ, અને તેથી પોતાના ધણી શ્રીરંગધર પાસે જઇ કહેવા લાગી કે જુઓ જુઓ આપણે જાણુતા હતા કે કુંવરબાઇનો બાપ સાધુ ભીખારી છે પણ તેમ નથી તેમની તો આ શેઠની ભેગી સહીયારી મોટી દ્વારિકામાં પેઢી ચાલે છે." શ્રીરંગધરે જવાબ વાળ્યો "હા તેમજ જણાય છે. દ્વારિકા જેવા દુર દેશાવરમાં જઇ કોઇ વેપાર કરે તો આપણને અહીં ખબર પડવાનો ઓછો સંભવ રહે છે એ તો સ્વાભાવિક છે. ઓહો હો મેહેતાજીની આવડી મોટી પેઢી ચાલે છે પણ જરા પણ તેમને મોટાઇ તો છેજ નહિ. ખરી વાત છે પુરો ભરેલો ઘડો કદી પણ છલકાતો નથી. લ્યો ચાલો હવે મોમેરૂ પુરવાનું કામ શરૂ કરો. ખોખલા પંડ્યાએ ભગવાનને જઇ કહ્યું કે "વેવાઇએ કહેવરાવ્યું છે કે હવે મોમેરૂ પુરવાનો વખત થયો છે." આ સાંભળી ભગવાન ઓધવના હાથમાં ગજ કાતર આપી તથા બીજા ગુમાસ્તાઓને કોઇ દ્રવ્ય વસ્ત્રના પોટલા લેવરાવી શ્રીરંગધર મેહેતાને ઘેર આવ્યા અને કુંવરબાઇને બોલાવી પોતાની પાસે બેસાડી યાદવ ગુમાસ્તાઓને વસ્ત્રના ગાંસડા છોડવા કહ્યું. યાદવોએ ભગવાનની આજ્ઞા થતાંની સાથે ગાંસડા પોટલાં બધા છોડી નાંખ્યા એટલે પામરીઓમાંથી એક ભારે કસબીપામરી લઇ કુંવરબાઇને તે આપી ભગવાન કહેવા લાગ્યા "લ્યો બેટા આ પામરી તમારા સસરાજીને આપો અને પગે લાગો! કુંવરબાઇ પામરી લઇ સસરાને આપી પગે લાગી પાછી જ્યાં બેઠી હતી ત્યાં વિવેકપૂર્વક આવીને બેઠી. પછી ભગવાને સોળે શ્રૃંગારના દાગીના

જેમાં ભર્યા હતા તે રત્નજડીત્ર ડાબડો લેઈ કુંવરબાઇની સાસુને આપવા કહ્યું એટલે કુંવરબાઇએ તે લેઇ "સાસુજી લ્યો આ મારા રંક પિતાની પેહેરામણી" એમ કહી પોતાની સાસુને આપ્યો. સાસુ તો ડાબડોજ જોઇ દિગમૂઢ બની ગઇ અને જ્યાં તે ઉઘાડી એમાં નજર કરી તો અમુલ્ય હીરા, માણેક અને સુવર્ણના સોળે શણગાર જોઇ ત્યાંને ત્યાં ઠરીજ ગઇ અને કુંવરબાઇ ઉપર ઘણી પ્રસન્ન થઇ કહેવા લાગી "વહુજી તમે તો અમારૂં છોકરૂં કહેવાય તમને ના કહીએ તો કોને કહીયે" તમારો પિતા રંક છે કે સાધુ છે કીંવા ભીખારી છે એમ જગત ભલે કહે પણ અમારાથી કહેવાશે નહિ. અમારા તો ગમે તેવા તોએ વેહેવાઇ એટલે અમારા મનને તો સોના કરતાં પણ અધિક અને તેમાં આજ તો અમારી સર્વની અને આખી નાગરી ન્યાતની ખાતરી થઇ ચુકી કે તમારા પીતાના સમાન આખી જુનાગઢની અને વડનગરની નાગરિ ન્યાતમાં કોઇ થઇ શકે તેમ નથા. તેમણે જે જે કરીયાવર અને ન્યાતના રીત રીવાજો કરી ન્યાતને સંતોષ આપ્યો છે તેવો કોઇએ આપ્યો નથી. વહુજી, લોક દાઝે બળ્યા ગમે તેમ કહે પણ અમે તો જે અનુભવ કરીયે છીયે તેજ સત્ય અને સ્પષ્ટ કહી દઇશું" આ પ્રમાણે સાસુ કુંવરબાઇને કહી રહી એટલે ભમવાને ખુસટ મારનાર કુંવરબાઇના દીયરને બે તોલા સુવર્ણની અંદર અમૂલ્ય હીરો જડેલી એક વીંટી આપી અને તેની નણંદને રાખડી બંધામણમાં દશ તોલા સુવર્ણનો એક ચંદનહાર પહેરાવ્યો. ગોર ગોરાણીને ઉત્તમ વસ્ત્ર અને સુવર્ણ મોહોરોનું દાન કર્યું. જેઠ જેઠાણી વીગેરે સગાં સંબંધીઓને ઘટતાં વસ્ત્ર તથા દા-

ગીના આપ્યાં. પછી કુંવરબાઇ પાસેથી પેશે વડ સાસુએ કુંવરબાઇ પાસે પહેરામણીનો મેહેતાજી ઉપર લખાવેલો પત્ર મંગાવી વાંચ્યો અને તે પ્રમાણે તમામ સગાં સહોદર અને આખી નાગરિ ન્યાતને પેહેરામણી મળવાથી ઘણો સંતોષ થયો તેથી તમામ નાગરો ઘણા ખુશી થયા અને મેહેતાજીને ધન્યવાદ આપવા લાગ્યા. નાગરણો પણ અમુલ્ય વસ્ત્રો .મળવાથી ઘણી રાજી થઇ અને કેટલીક તો તે વસ્ત્રો સજી પગની પાની તરફ જોતી વરણાગીમાં વાંકી વાંકી ચાલતી મામેરાની ધામધુમનો કારભાર કરવા લાગી. કેટલીકતો બની ઠણી ગીતો ગાવા લાગી, કેટલીક મેહેતાજીના વૈભવને વખાણવા લાગી અને કેટલીકતો દાન ઉપર દક્ષીણાએ કહેવત પ્રમાણે દ્રવ્યની પણ લાલસા રાખી ભગવાનની પટરાણીઓ જે નાગરણોના વેશે બેઠી હતી તેમની મેહેતાજીની પૂત્રવધુની અને કુંવરબાઇની શુશ્રુતા કરી વખાણ કરવા લાગી. આ પ્રમાણે શ્રીકૃષ્ણ પરમાત્માએ કુંવરબાઇનું વડસાસુના લખાવેલા કાગળમાં લખાવ્યા કરતાં દશગણું મામેરુ પુર્યું અને બધું લખ્યા પ્રમાણે સહુ સહુને અપાયું કે નહિ તેની ફરીથી ચોકસાઇ કરવાના ઇરાદે ભગવાને ફરિથી કુંવરબાઇ પાસે તે પત્ર વંચાવ્યો. વાંચતાં વાંચતા છેવટમાં બે મોટા પહાણા લખેલા તે પણ વાંચ્યા એટલે ભગવાને તે શબ્દો શ્રવણ કરી કુંવરબાઇને કહ્યું "બેટા સશુર, સશુર, હજી તે બે મોટા પહાણા આપવાના રહી ગયા " એમ કહી છાબમાં હાથ ઘાલી બે મોટી સોનાની ઇંટો લઇ વડસાસુના પગ આગળ ભગવાને કુંવરબાઇ પાસે મુકાવી અને કહ્યું "માજી આ છેલ્લા બે મોટા પહાણા લખાવ્યા હતા તે

પણ લઇ લ્યો ? હવે કાંઇ વસ્તુ રહી હોય તેમ જણાતું નથી પછી જે કંઇ રહી જતું હોય તે મને યાદ કરી કહો એટલે સત્વર આપને તે વસ્તુ આપી દેવામાં આવે.” વડસાસુ બોલી “ અમને સર્વસ્વ જોઇયે તે કરતાં બમણું પોહોચી ચુક્યું છે.” પશ્ચાત ભગવાન આપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતાને કહેવા લાગ્યા કે “ભક્ત નરસિંહ કહો મામેરૂં વીગેરે સર્વ કાર્ય પતી ગયું હવે અન્ય કંઇ આપની ઇચ્છા છે. જે ઇચ્છા હોય તે સત્વર નિવેદન કરો એટલે તરત તે તમારી ઇચ્છા હું પરિપુરણ કરૂં. મેહેતાજીએ કહ્યું.” પ્રભુ મારે માટે કે મારા કુટંબને માટે તો મારે હવે કાંઈ પણ માગવાની ઇચ્છા નથી પણ અમારી નાગરની કોમ અર્થે એક વચન માગવાની ઇચ્છા છે તે જો આપો તો કહું “ભગવાન બોલ્યા ” ભક્તરાજ ખુશીથી માગો જે વચન માગશો તે હું આપવા તૈયાર છું માટે જરા પણ સંકોચ ન ધરતાં બેલાશક જે માગવું હોય તે માગી લ્યો ? “નરસિંહમેહેતાએ કહ્યું ” ત્યારે ભગવન્ એટલું વરદાન આપો કે કોઇ નાગર નાગો ભૂખ્યો ના રહે અને રાજકીય કામોમાં બાહોશ નીવડે ?” ભગવાને કહ્યું “જા તથાસ્તુ” આટલું કહી ભગવાને યાદવો અને પટરાણીઓ સહિત વિદાયગીરી લીધી. મામેરૂં સંપુર્ણ થયું એટલે કુંવરબાઇને પણ પ્રસૂતિ અર્થે કુંભ શ્રીફળ ઇત્યાદિ આપી સારૂ મૂહુર્ત જોઇ તેના પિતા જોડે તેને પીયેર વળાવી. જ્યાં કુંવરબાઇ મેહેતાજીને ઉતારે આવી કે તરત મેહેતાજીએ તથા તેમના સાધુઓના સાથે પેલી સખળ ડખળ થઇ ગએલી વેહેલ તૈયાર કરી કુંવરબાઇને તેમાં બેસાડી. અને જ્યાં

જુનાગઢ તરફ પ્રયાણ કરવાની તૈયારી કરી કે એકદમ કુંવરબાઇની નણંદ મેહેતાજી પાસે દોડતી દોડતી આવી પોહોચી અને મેહેતાજીને કેહેવા લાગી કે "જાઓ જાઓ મેહેતાજી આખી નાગરિન્યાતને વસ્ત્રાભૂષણની પેહેરામણી કરી અને મારી આ નાની સરખી પાંચ વરસની દીકરી જરાપણ ન સાંભરી. લ્યો આ મને આપી તે સાડી પાછી મારે નથી જોઇતી. એટલી મારી છોકરી ના સાંભરી તો મારે તમારી સાડી લઇને શું કરવું. પેહેલી મારે તો છોકરી અને પછી હું આ પ્રમાણે નણંદના શબ્દો શ્રવણ કરી પાછી કુંવરબાઇ વેહેલમાં બેઠી બેઠી પિતાને કહેવા લાગી" પિતાજી, મારી નણંદની છોકરીને કંઇએ ન અપાય તો તો કુંડુ પડશે અને આખી ન્યાતમાં વગોવશે. આપણી પાસે પણ એક કાપડાનો કડકો સરખો એ રહ્યો નથી કે તેને આપીયે. હે પિતાજી હવે શું કરીશું." મેહેતાજી કહેવા લાગ્યા "પુત્રી ધીરજ રાખ આપણી પાસે એક કાપડાનો કડકો રહ્યો નથી પણ તે આપણા લક્ષ્મીવરના દરબારમાં કોઇ વસ્તુની ખોટ નથી, વળી મેહેતાજી કુંવરબાઇની નણંદી તરફ ફરીને તેણીને કહેવા લાગ્યા "બાઇ તમારી છોકરીને પણ મળશે શાંતિ રાખો?" એમ કહી મેહેતાજીએ તાળ હાથમાં લઇ પાછી કૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરવા માંડી. એટલે પરમાત્માને દ્વારિકામાં ચિંતા થઇ જેથી લક્ષ્મીજીને બોલાવી કહેવા લાગ્યા "જુઓ આપણે ભક્ત સુતાનુ મામેરૂં પુરીને આવ્યાં પણ કુંવરબાઇની નણંદની છોકરી રહી ગઇ જેથી કુંડુ પાડી મેહેતાજીને જુનાગઢ જતાં જતાં અટકાવી ઉભી રહી છે માટે અવશ્ય તેને કંઇ

આપો ?" લક્ષ્મીજીએ કહ્યું "જેવી ભગવાનની આજ્ઞા" એટલું કહી લક્ષ્મીજીએ એક ઝરકશીની ભરેલી કીમતી ચોળી અંતરીક્ષ રહી અધરથી નાંખી જે મેહેતાજીના પગમાં આવીને પડી એટલે તરત મેહેતાજીએ લઇ પેલી નણુંદની છોડીને આપી. નણુંદ લઈ રાજી થતી થતી ઘર તરફ વળી અને મેહેતાજીએ જુનાગઢનો રસ્તો લીધો. આ મામેરૂં ભગવાને પુર્યાની વાત આખા જુનાગઢમાં પ્રસરી ગઇ હતી જેથી જે જે નાગરો મેહેતાજીની નિંદા કરતા હતા તે તે માત્ર તેમના ભાઇ સારંગધર મેહેતા સીવાયના સર્વ નાગરો મેહેતાજીને વખાણવા લાગ્યા અને તેમને પરમાત્માના પરમ ભક્ત ગણી પુજ્ય માની સ્તુતિ કરવા લાગ્યા. કુંવરબાઇને લેઇ સાધુઓ સંઘ સહીત મેહેતાજી જુનાગઢ આવ્યા અને મેહેતાજી નિત્ય નિયમ પ્રમાણે નિરંતર કૃષ્ણ કિર્તનમાં વખત ગુજારવા લાગ્યા. એમ કરતાં નવ માસ પુરા થયા એટલે કુંવરબાઇને પુત્ર પ્રસવ્યો અને ત્યાર પછી થોડા માસે કુંવરબાઇનો પતિ ગુજરી ગયો જેથી વિધવા થઇ. કુંવરબાઇનો પુત્ર પણ ગત થઇ ગયો. આથી કુંવરબાઇ તથા તેની ભાભી જુડી બાઇ અને મેહેતાજી ત્રણે હરી ભક્તિમાં દિવસ ગુજારવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

સારંગધરનો દ્વેષ.

પ્રિય વાંચકવૃંદ, હવે આપણા નોવેલના નાયક ભક્તિશિરોમણિ નરસિંહ મેહેતાએ સંસારની ફરજો શ્રીકૃષ્ણ પરમાત્માની

કૃપાથી બજાવી પરવારીને બેઠા બેઠા પોતાની વિધવા પુત્રી કુંવરબાઇ તથા પુત્ર વધુ જુઠીબાઇ ને સાથે રાખી પ્રભુનું ભજન કરી સમય વ્યતિત કરતા હતા. તેમણે શ્રીરંગધર મેહતાને ત્યાં પોતાની પુત્રીનું ઘણુંજ ઉત્તમ અને ન્યાતમાં સૌએ કર્યું હતું તેનાથી સવાયું મામેરૂં કરી આખી નાગરિ ન્યાતને ન્યાલ કરી હતી તે વાતની લગભગ જુનાગઢના લોકોને બે વરસે ખબર પડી હતી. તેમના વડીલ બંધુ વણસીધર જ્યારે એ વાતની ખબર સાંભળી ત્યારે તેમના અંતઃકરણમાં અત્યંત દ્વેષ ઉત્પન્ન થયો. તેમને એમ લાગ્યું કે " આતો નરસીંહે ખોટે ખોટું ભક્તિનું તુત જગાવી મોટી નામના કરી અને હું તેના આગળ ન્યાતમાં છેકજ નમાલો ગણાઇ ગયો માટે તેને કોઇ પ્રકારે સોરઠાધિ પતિ રાજામાંડલિક પાસે કોઈ પણ નિમિતે લેઇ જવો અને કોઇપણ પ્રપંચથી તેને રાજા મારફતે ખરાબખસ્ત કરાવવો. કારણ કે કાંઇ બરાબર મુદ્દા વગર અને સબળ કારણ દેખાડયા વગર રાજા તેને ધીકારની નજરે જોશે નહિં કિંવા કંઇપણ દંડ દેઇ સીધો કરશે નહિં " આ પ્રમાણે વણસિધરે મેહેતાજીને કેવે પ્રકારે ખરાબ કરવા તેના વિચારમાંને વિચારમાં એક ફુલકી નાયકા-ગુણકા-યાદ આવી. તેમણે વિચાર કર્યો કે તે ફુલકી નામની વેસ્યા પોતાના ધંધામાં એવી તો ચાલાક અને કાબેલ છે કે ભલભલાને ક્ષણમાં મોહ પમાડયા વિના રહે નહિં માટે તે વેસ્યાને નરસૈયા પાસે મોકલવી એટલે તે તેને ફસાવ્યા વગર નહિં રહે અને જ્યાં બરાબર ફસાવશે કે તરત રાજા માંડલિકને તેની સિદ્ધાઇનો ખોટો ડોળ છે એમ પ્રત્યક્ષ બતાવી ખાત્રી કરી આપીશું એટલે તેને રાજા માંડલિક

બરાબર શિક્ષા કરશે." એ પ્રમાણે નિશ્ચય કરી વણુસિંઘર મેહેતાજીતો પેલી વેસ્યા ફુલકીને ત્યાં ગયા અને તેને દશ સુવર્ણ મોહોરો હાથમાં આપી કહેવા લાગ્યા કે "ફુલાદે, તમે ખરેખરાં ચતુર વેસ્યા હોતો મારો નાનો ભાઇ જે નરસૈયો મોટા સિદ્ધનો ડોળ રાખે છે અને લોકો તેને પગે લાગી પુજે છે તેને તમારી મોહજાળમાં સપડાવો તો પછી હું રાજા આગળ તેનું પોગળ ઉઘાડું કરી તેની સિદ્ધાઇ બધી ભુલાવી દઉં અને લોકમાં પણ જે તેના પ્રત્યે આટલી બધી પ્રેમની અને પૂજ્યભાવની લાગણી થય છે તે બધીએ જતી રહે અને સૌ કોઇ તેની પ્રત્યે ધિક્કારની દૃષ્ટિથી જુએ. માટે એટલું તમે મારૂ કામ કરો એટલે વળી આથી પણ વધારે દ્રવ્ય આપી તમને ખુશી કરીશ." આવાં સારંગધરના વચનો શ્રવણ કરી પેલી દશ સોના મોહોરો ઓટીમાં ઘાલી તે નિચ કામ કરનારી ફુલી વેશ્યા સારંગધરને કેહેવા લાગી "સારંગધર મેહેતાજી, મોટા પરમાત્મા જેવાને પાણી પાણી પલકમાં કરી નાખું તો એ તમારો ભાઇ નરસિંહરામ તે મારા શા હિસાબમાં છે? હાલ ને હાલ ભક્તાણી બની હું તેમની પાસે જાઉછું. જોઉછું તે ભગતડો કેવો ભોળવાતો નથી." સારંગધરે કહ્યું "બહુ સારૂં ત્યારે તેમ કરો. હું મારા મકાને જાઉછું. પછી આવીને મને જાહેર કરજો એટલે હું તરત આવીશ અને મારી જાતની ખાત્રી કર્યાં બાદ રાજા માંડલિકને ખાત્રી કરવા સારૂ તે સ્થળે બોલાવી લાવીશ. આટલું કહી સારંગધરતો પોતાને ઘેર ગયા અને પેલી ફુલકી વેસ્યા શ્વેત વસ્ત્ર સજી, તૂલસીની માળા ધારણ કરી, ગોપીચંદનનું તિલક કરી, છાપા વગેરે લગાવી બીજા

હાથમાં કરતાળ લઇ મોટી ભક્તાણી બની આપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતાને મંદિરે આવી પોહોચી. તેનો ભક્તાણીનો પુરેપુરો વેશ જોઈ મેહેતાજી તથા તેમનું સાધુ મંડળ તેને ઓળખી શક્યા નહિં માત્ર સંત જાણી તેને સર્વે જણાએ વંદન કર્યું પછી શ્રીકૃષ્ણ કિરતનની ધુન મચી તેમાં તે વેસ્યાએ ભાગ લેવા માંડ્યો અને તે પણ કરતાળ વગાડી નાચવા કુદવા લાગી. કેટલીકવારે ભજન પુરૂં થયું એટલે વેસ્યાએ મેહેતાજી પાસે એક વચન આપો તેવી માગણી કરી. આપણા બ્રહ્મા જેવા ભોળા ભક્તરાજે કહ્યું "બ્હેન તારે જે જોઇએ તે માગી લે? વેસ્યા બોલી "ભક્તરાજ મારેતો આપની પાસે અન્ય કાંઇ માગવું નથી ફક્ત માગવામાં એટલુંજ માગી લઉંછું કે મને આપ રૂતુદાન આપો અને મારી વિષય વાંચ્છના તૃપ્ત કરો? આવાં વેસ્યાના કુશબ્દો શ્રવણ પડતાંની સાથે મેહેતાજી 'અરરરર' ના ઉદગાર સાથે તેના પ્રતિ દયા લાવી કહેવા લાગ્યા. "શિવ શિવ શિવ, હરિ હરિ હરિ, બાઇ, બ્હેન, આ તું એ શું બોલી રામ રામ રામ, તારી અમુલ્ય કાયાનો વિચાર કર? વૃથા વિષયાંધ બની વિષય ભોગો ભોગવવાની લાલસા દુર કરી, તારા આતમારામને ઓળખ? બ્હેન કૃષ્ણચંદ્રને નિરખ આ તારી કઢંગી જીંદગીને સુખમય કરવા તે શ્રીહરિને વિનંતિ કર? તેનું રટણ કર અને બીજી જળોજથા છોડી દે? હે બાઇ, હે બ્હેન, જો આપણી આ દેહ શ્રીકૃષ્ણ કીરતન કરવા માટે અરે માતા, તે શ્રીહરિની ભક્તિ કરવા માટે સરજાયેલી છે. વિષય ભોગો માટે ઘડાએલી નથી. અરે બાઇ, જો આ તેં મનુષ્ય દેહ ધારણ કરી છતાં જન્મ

મરણુનો ફેરો નહિં ટાળે તો બીજી કઇ દેહથી ટાળવાની હતી-માટે બાઇ વિચાર કર, તારી વીષયવાસનાને દુર કર અને સમ-જીને મારા વહાલાની ભક્તિમાં તારૂં ચિત પરોવ. એજ તારી બગડેલી બાજી સુધારનાર છે. એજ તને ડુબતીને તારનાર છે એજ તારો અંતકાલ સુધારશે માટે બેહેન સમજી તે શ્રીહરિનું ભજન કર અને આ ભવસિંધુથી તરી જા ? પછી તારે માતાના ગર્ભવાસમાં પડવું નહિં પડે. પછી તારે દેહ ધારણ કરવો નહિં પડે. પછી તને કોઇ પ્રકારે જન્મ મરણ નહિં નડે માટે મારા હિતકર વચનોને માની તારી કાયાનું કલ્યાણ કર ? આવાં મેહેતાજીના હિતકર વચનોની એવી તો તે વેશ્યાના હૃદયમાં અસર થઇ કે તત્કાળ તેણે તેનો નિચ વિચાર મુકી દીધો. અને આપણા ભક્તશિરોમણી નરસિંહ મેહેતાને પગે પડી કહેવા લાગી, " ભક્તરાજ આપ મારા ગુરૂ છો અને હું આપની આજથી શિષ્યા છું આ સંસારની જળોજથાનો ત્યાગ કરી એક શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિ કરી ભવસિંધુને તરી જન્મ મરણના ફેરા-માંથી મુક્ત થવું એજ મનુષ્યદેહનું સાર્થક છે, એજ મનુષ્ય જીવનની સાફલ્યતા છે, એજ મનુષ્યદેહની અમુલ્યતા છે આપે કૃપા કરી તે શ્રી હરિની ભક્તિમાં જીવન ગાળવા જે આજે સદુપદેશ આપ્યો તેથી મારા સર્વ વિકારોનો નાશ થયો છે અને આજે મારા અંતરમાં એવો નિશ્ચય થયો છે કે આ મનુષ્યદેહ વારંવાર મળનાર નથી માટે જન્મમરણના બંધન-માંથી મુક્ત થવા સારૂ શ્રી હરિની ભક્તિ કરી કાયાનું કલ્યાણ કરવું. ભક્તરાજ, અરેરે મેં અભાગીણીએ અત્યાર સુધી પાપ કરતાં પાછું જોયું નથી. અરેરે મારા તે પાપોનો નાશ કરવા અર્થે મારે ભક્તિ સિવાય અન્ય કાંઇ પણ સાધન નથી. અરેરે મને

દુર્ભાગિણિને રૌરવ નર્કમાં પણ જેને ઠામ ન મળે તેને આપના જેવા વૈકુંઠપતિના કૃપાપાત્ર ભક્ત શિરોમણિ સદ્ગુરૂ પ્રાપ્ત થવા એ પણ કંઇ પાપ કરતાં સત્પુરૂષોના પગ ધોઇ પીધેલા જેથી તે શુભ સંસ્કારની પરિણામી ફલ રૂપ પ્રાપ્તી ગણાય માટે હવે મને મારા પાપકર્મનો પસ્તાવો થાય છે જેથી તેનાથી છુટી નતિને માર્ગે ચાલી શ્રી કૃષ્ણ પરમાત્મા જોડે વિશુદ્ધ પ્રેમથી લગની લગાડીશ તો જરૂર આ ભવસાગરથી તરી જઇશ ને છેવટ મોક્ષપદ પ્રાપ્ત થશે. માટે હવે ભક્તરાજ મને આપની શિષ્યા આજથી ગણી શ્રીકૃષ્ણશરણનો મંત્રોપદેશ આપો જેથી હું તે મારા ઇષ્ટમંત્રના જાપપૂર્વક અહોનિશ તે મારા વહાલા ગોવિંદની, તે મારા પ્રાણના આધાર ગોકુલેશની બેઠીબેઠી સેવા કરી મારી રહેલી જીંદગી વ્યતિત કરીશ." આ પ્રમાણેના ફુલાંદે વેશ્યાના આર્દ્ર સ્વરે અને ગદગદ કંઠે ખરા પસ્તાવાના વચનો કહેવામાં આવ્યાં તે સઘળાં શાન્ત ચિત્તથી મેહેતાજીએ શ્રવણ કર્યાં અને તેથી દયા લાવી તેને "શ્રીકૃષ્ણ શરણં મમ" એ ઇષ્ટ મંત્ર આપ્યો. ફુલાંએ સઘળી તૃષ્ણા તજી દેઇ શ્રી હરિની ભક્તમાં ચિત્ત લગાડયું અને અહોરાત્રિ મેહેતાજીને ત્યાં મેહેતાજીના સંતસાધુઓના ઝુંડમાં પછી તો કૃષ્ણ કિરતનમાં તલ્લીન રેહેવા લાગી. પણ પેલા સારંગધર મહેતાની વાતનું તો તેને અડવાડીયું થતાંમાં સ્ફુરણ જતું રહ્યું. સારંગધરે જાણ્યું કે આઠ આઠ દિવસ થયા પણ ફુલાંદે વેશ્યા તરફથી કાંઇ પણ સમાચાર ન આવ્યા તેથી જરૂર નરસીંહરામ ફસાયો હશે અને તેને બહાર નિકળવા નહિ દેતો હોય તેથી તે ખબર કહાવી શકી નહિ હોય. માટે લાવો હું પોતેજ જઇ તે વાતની ખબર કાઢું" એવો નિશ્ચય કરી સારંગધર મેહેતા નરસિંહ મેહેતાને

મંદીરે આવ્યા. આવીને જુએ છે તો પેલી ફુલી વેશ્યા સાધુઓના મંડળમાં બેઠેલી છે અને ભજનમાં તલ્લીન બનેલી છે. આથી સારંગધરે તેની પાસે જઇને કહ્યું "કેમ ફુલબાઇ મારી વાતનું શું કર્યું?" ફુલીએ કહ્યું કે "ધીક્કાર છે તમને અને તમારા વડીલપણાને. નાના ભાઇને ખરાબ કરવાની વૃત્તિ કરોછો પણ મારા શ્રીકૃષ્ણ પરમાત્મા તેમને તો હાજરાહજુર છે. તેની ઇચ્છા વગર ભક્તરાજનો વાંકો વાળ કરવા આ અવનિમાં કોઇ સમર્થ નથી. તમે ભક્તશિરોમણિ નરસિંહમેહેતાને ફસાવવા માગો છો, તેને મોહપાશમાં નાખી તેની વૃત્તિને ચલાયમાન કરવા માગોછો પણ તેમની વૃત્તિ એવી તો અડગ છે કે મોટા બ્રહ્મા નીચે ઉતરે તો પણ લેશ માત્ર પણ ડગે તેવી નથી. તમારો નીચ મનોરથ કદી ફલિભૂત થનાર નથી. તમારો વૃથા દ્વેષભાવ જરા પણ તેને અસર કરનાર નથી. જેને શ્રી હરિ સહાય છે તેને તમે કશું કરી શકનાર નથી. ઉલટા એવા હરિજનને ખરાબ કરવા જતાં તમે પોતેજ ખરાબ થશો. તેને ખાડામાં નીંખવા જતાં તમેજ પડશો. એવા હરિજનની નિંદા કરશો કે તેના પર ખોટાં આળ મુકી તેને હેરાન કરવાનો ઇરાદો રાખશો વા તેના તરફ દ્વેષભાવની દ્રષ્ટિથી જોશો તો રવ રવ નર્કમાં પડશો અને તેમ છતાં એ પ્રભુ તે તમારા અપરાધની માફી નહિ આપે પણ તે બદલ તમને ઘટતી સજા કરશે માટે મેહેતાજીને ફસાવવાની આશા તદ્દન મુકી દેજો! આ જગતમાં તો જેવું વાવશો તેવું લણશો અને કરશો તેવું ભરશો. કૌવચનું બીજ વાવી મોગરાની આશા રાખતા હશો પણ તેથી કંઇ તમને મોગરો પ્રાપ્ત થનાર નથી. કૌવચથી તો કૌવચજ મળશે. મારે આટલી ઉમર થવા આવી. પોણુ-

આગની જીંદગી, ખટપટ, પ્રપંચ, અને વિષયોપભોગોના સુખો ભોગવવામાં ગુજારી તો પણ હજી ધરાયા નહિ તે આટલા વયે પણ હજી આ બિચારા નિરપરાધિ અને પરમ હરિના ભક્ત નરસિંહમેહેતા પ્રત્યે આટલી બધી દ્વેષની લાગણી રાખી જે તે રીતે તેને ખરાબ કરવાના ઇરાદે અવિહિત પ્રવૃત્તિ સેવો છો. જરા તો સમજો ? એ તમારી પ્રપંચ જાળ ઝાઝી વાર ટકનાર નથી. છેવટે યમરાજના દરબારમાં જશો અને ત્યાં જ્યારે રાઇરાઇનાં તમારાં લેખાં લેવાશે ત્યારે તમારા પાપકર્મોનો પેટ ભરીને પસ્તાવો કરશો. હજીપણ કહું છું કે સવેળા ચેતી જાઓ રાગદ્વેષ છોડી દેઇ એક શ્રી હરિનું ભજન કરો અને તમારી કાયાનું કલ્યાણ કરવા તરફ હવે લક્ષ લગાડો આ સંસારની બાજી સઘળી જુઠી છે. આ બધી તમારી કપટકળા, અને ખટપટી યુક્તિઓ કંઇપણ અંતકાલે કામ આવનારી નથી એક શ્રી હરિની ભક્તિ કરશો તેજ તમને ભવસિંધુથી તારશે. તેજ તમારા પાપના પોટલાઓનો નાશ કરશે. તેજ તમારૂં જન્મ મરણ ટાળશે અને તેજ પરિણામે તમારા સર્વ દુઃખ પ્રજાળશે. માટે સારંગધર મેહેતાજી તમે ધુળ જેવા છો અને ભક્તરાજ નરસિંહરામ સૂર્ય સમાન છે. તો સૂર્ય સામે ધુળ ગમે તેટલી નાંખવા જશો તોપણ તેથી સૂર્યને કશું થવાનું નથી પણ ઉલટી તે ધુળ તમારેજ આંખમાં પડશે એ નિશ્ચે સમજજો" આટલું કહી ફુલીવેશ્યા પાછી બધા મંડળની જોડે કૃષ્ણકિરતનની ધુન લગાવા મચી પડી. સારંગધરતો આવેશ્યાનો સત્ય ઉપદેશ સાંભળી ત્યાંને ત્યાં ઠરી ગયો. પણ જે વેરવૃતિ વાળો મનુષ્ય હોય છે તે પોતાની વેરવૃતિનો મરણ પર્યંત પણ ત્યાગ કરતો નથી એ સ્વાભાવિક નિયમાનુ સાર સારંગધરે વિચાર કર્યો " આ કુલટાને નરસિં-

યાને ફસાવા મોકલી હતી તેમાં તેણે એવો તો તેણીના ઉપર જાદુ ચલાવ્યો કે બિચારી તે જાદુગરને વશ થઇ ગઇ અને તેને ઉલટી અસર થઇ માટે હવે કરવું શું ?" આવો મનસુબો કરી સારંગધર વિચાર કરતા નૃસિંહ મંદિરમાં ઉભા રહ્યા છે એટલામાં નિત્ય નિયમનુસાર તેમની મામી એટલે નરસિંહ મેહેતાના મામા અનંતરાયની પત્નિ. જે હમેશ તેમને ભજન વખતે પાણી પાવા આવતી હતી તે પાણી લેઇ મેહેતાજીને પાવા આવી; પાણી પાઇ સત્વર તે તો ચાલી ગઈ પણ સારંગધર આ બધું જોતા હતા તેમના હૃદયમાં પાછો દ્વેષભાવે વાસ કર્યો અને તેથી મન સાથે વિચાર કરવા લાગ્યા કે " આ વેસ્યા મારફત કરવા ધારેલી યુક્તિ તો બર ન આવી પણ અનંતરાયને ત્યાં જઇ તેને એમ ભંભેરું કે તમારી સ્રી નરસિંહ મેહેતાની સાથે જાર રમે છે અને તેથી તમારે ખાત્રી કરવી હોય તો ચાલો બતાવું આમ જ્યાં કહીશ એટલે તરત અનંતરાય મારી જોડે મેહેતાને મંદિરે આવશે અને હું એવા સમયે તેમને લેઇ જઇશ કે જરૂર તેની પત્ની આવી નરસિંહ મેહેતાને ભજનમાં પાણી પાશે માટે લાવો તેમજ કરૂં એટલે તે કામમાં હું બરોબર ફાવીશ " આવો પોતાના મન સાથે નિશ્ચય કરી સારંગધર મેહેતા જે આપણા ભક્તશિરોમણિ નરસિંહમેહેતાને મંદીરેથી બારોબાર ગયા. અનંતરાયે તેમને સન્માન પૂર્વક બેસાડી આગમનનું કારણ પૂછ્યું. સારંગધરે કહ્યુ "અનંતરાયજી આટલા દીવસ બધું નરસૈંયાનું પોગળ ખુલ્લું પડ્યું કે તમારી સ્રી સાથે ઘણો તે આડો વ્યહવાર ચલાવે છે. હમેશ તે કૃષ્ણ કિરતન કરે છે તે વખતે તમારી પત્નિ જઇને પાણી પાય છે. અને તેને એવી પ્રતિજ્ઞા છે કે તમારી સ્રી સિવાય

કોઇના હાથનું પાણી પીવું નહિં એ શું થોડો જુલમ છે ? એવા નીચ વ્યભિચારીને કોણ સાધુ કહે ? એતો જગત આંધળુ છે તે આટલી બધી તેનામાં શ્રદ્ધા રાખે છે અને આટલા બધા લોકો તેને પુજે છે બાકી હું તો એ મારો માનોજણ્યો સગો ભાઇ છે તોપણ કહું છું કે તે મરતો હોયતો તેના મ્હોંડા પર પાણી પણ ન છાંટું; હુંતો તેને કુળમાં અંગારા સમાનજ જાણું છું. વ્યભિચારી જુઠો, જાદુગર ડોળથી આંખ્યો નાંખનાર અને કેવળ ધુતારો છે. માટે જરૂર તમારે પણ તે બાબત ખાત્રી કરી તેની સામે પગલાં લેવા જોઇયે " અનંતરાયતો સારંગધરનું આ ભાષણ સાંભળી દીગમૂઢ બની ગયા અને કેટલીક વારે વિચાર કરી તેમના મતને ટેકો આપી કહેવા લાગ્યા કે " સારંગધર મેહેતાજી ચાલો ત્યારે આપણે જાતે જઇ ખાત્રી કરીયે. જાતે ખાત્રી કર્યાવગર અને નજરે જોયા વગર વ્યાભિચાર સાબીત થઇ શકતો નથી. વળી મારી સ્ત્રી કદીપણ એવું અણછાજતું પગલું ભરે તેવી નથી. માટે પ્રથમ ખાત્રી તો થવી જોઇયે પશ્ચાત જે આપણને પગલાં લેવા યોગ્ય જણાશે તે લઇશું " સારંગધરે કહ્યું " ઠીક ત્યારે અનંતરાયજી કાલે હું તમને તેડવા આવીશ અને આપણે એ સમય સાધીને નરસૈયાને મંદીરે જઇશું પછી જોજ્યો કે તમારી સ્ત્રી આવી પાણી પાઇ જાય છે કે નહિં આપ નજરે જુઓ અને બરાબર ખાત્રી કરો પછી તમારી સ્ત્રીને તેમ કરતાં અટકાવી દુષ્ટ નરસૈયાને દરબારે દોરજો પછી કંઇ." આ પ્રમાણે સારંગધરના કહેવાને અનંતરાયે સંમતિ આપી એટલે સારંગધર વિદાય થયા. અનંતરાય તેમના ગયા પછી વિચાર કરવા લાગ્યા કે " નરસિંહ મેહેતા કે જે કૃષ્ણના પરમપ્રિયભક્ત અને જે

કામ ક્રોધ લોભ મોહ મત્સર ઇત્યાદિ વિકારોથી મુક્ત તેમજ જેને કોઇ પ્રત્યે રાગદ્વેષકે મોહ નથી ને શું કદી પૃથ્વી રસાતાળ જાય તોપણ વ્યભિચાર કરે ? કદી નહિં સુર્ય પશ્ચિમમાં ઉગ્યો એમ કોઇ આવીને કહે તો કેમ મનાય ? કોઇ કહેશે સમુદ્રે માઝા છોડી દીધી એ કેમ મનાય ? કોઇ કહેશે ચંદ્ર ગરમી કરે છે તો એ કેમ મનાય ? કોઇ કહેશે ધ્રુવ તેની જગ્યાએથી ચલિ ગયા છે એ કેમ મનાય ? એ બધાં ન માનવા જેવી વાતો તેવીજ રીતે નરસિંહ મેહેતા જે પ્રભુના અનન્ય ભક્ત તે મારી પત્નિથી વ્યભિચાર કરે છે તે કેમ મનાય ? કદી નહીં અને મારી સ્ત્રી કે જે પ્રભુની પરમભક્ત અતિ પવિત્ર અને આચાર વિચાર વાળી કે જેને આખી જીંદગીમાં અત્યાર સુધી કોઇ પણ કલંક કે આળ આવ્યું નથી તેની વૃત્તિમાં અન્ય ફેરફાર થવો કેમ સંભવે ? જરૂર આમાં કંઇ બીજો ભેદ હોવો જોઇયે. પછી ખરી હકીગનતો અંતરયામિ જાણે માણસની બુદ્ધિ ક્યારે બગડશે તે કંઇ પણ કહી શકાય નહિં. કામ ક્રોધ અને લોભ એ ત્રણ વસ્તુ અતિ વિકટ છે. તે ત્રણથી મોટા મોટા મહર્ષિઓ ફસાયા અને શીવસનકાદિક પણ મોહવશ થઇ અનેક પ્રકારના શાપાધિન થયા તો એ નરસિંહ મેહેતા તે કોણ માત્ર ? નાના પણ સો વસા તો તેમ હોવું સંભવતું નથી પછી પ્રભુની અકળગતિ છે તેનો પાર પામવા કોઇ સમર્થ નથી જોઇયે હવે કાલે સારંગધરની સાથે જઇ ખાત્રી કરૂં પછી તે બાબત શી રીતે પગલાં ભરવા તેનો નિશ્ચય કરૂં" આ પ્રકારના વિચાર વમળમાં પડી છેવટે ખાત્રી કરવા પર મુલતવી રાખી અનંતરાય પોતાના અન્ય કર્તવ્યમાં પડયા. બીજે દીવસે જ્યાં સમય થયો એટલે સારંગધર મેહેતા અનં-

તરાયને ઘેર બોલાવવા આવ્યા અનંતરાય મેહેતાજીની રાહ જોઇ રહ્યા હતા. જેથી મેહેતા સારંગધર આવ્યા એટલે તેમની સાથે તે નરસિંહ મેહેતાને ત્યાં ગયા. જઇને જુએ છે તો કૃષ્ણ કીરતનની ધુન મચી રહી હતી. પેલી ફુલી નાયકા પણ ભજન મંડળમાં બેઠી બેઠી સર્વની સાથે ભાગ લેતી હતી અનતરાયને સારંગધરે કહ્યું " અનંતરાયજી આપણે એક ઠેકાણે હમણાં સંતાઇને ઉભા રહીયે હવે તમારી સ્ત્રીને પાણી પાવા આવવાનો સમય થયો છે માટે કોઇ ના દેખે તેમ લાવો એક ઠેકાણે ભરાઇ જઇ બધી ચિકિત્સા જોઇયે " અનંતરાયે સારંગધરના કહેવા પ્રમાણે કર્યું અને એક ખુણામાં જઇ બન્ને ભરાઇ બેઠા થોડીવાર થઇ એટલે હાથમાં ચાંદીનો લોટો તથા ચાંદીનું પવાલું લઇ અનંતરાયની સ્ત્રી અને આપણા ભક્ત શિરોમણિ નરસંહ-મેહેતાની મામી નરસિંહ મંદિરે નરસીંહ મેહેતાને પાણી પાવા આવી જ્યાં આવી એટલે સારંગધરે અનંતરાયને આંગળી કરી બતાવી. છાને માને કાનમાં કહ્યું કે " હવે જોજો ત કકા નરસીંહને પાણી પાઇ ચાલી જશે. " આટલું કહી રહ્યા છે એટલામાં તો અનંતરાયની સ્ત્રી મે તજીને પાણ પાઇ ચાલતી થઇ અનંતરાયે આ સઘળી હકીગત જોઇ ખાત્રી કરી અ મનમાં નિશ્ચય કર્યો કે " મારી સ્ત્રી નરસિંહ મેહેતા જો આડો વ્યહવાર રાખે છે એમાં શક નથી. ' માટે તેને કાલથી પાણી પાવા જતાં અટકાવું અને નહિ માને તો તાળામાં પુરી બહાર જઇશ પછી જોઉછું તે શી રીતે જઇને પાણી પાય છે " આવો નિશ્ચય કરી અનંતરાય તો ર ગયા ઘેર જઇ સ્ત્રીને કહેવા લાગ્યો કે " મારી ખાત્રી થઇ છે કે તું નરસિંહ મેહેતાને દરરોજ તેમના ભજન વખતે જઇને પાણી પાય છે માટે

આજ તારે જવું નહિ અને આજે તે માટે હું બહાર જઇશ તે વખતે તને ઘરમાં પુરી તાળું દઇ પછી જવાનો છું. સ્ત્રીએ કહ્યું " હું પાણી જઇને મેહેતાને પાઉંછું તેમાં તમારૂં શું બગાડું છું અને તમે ના કહો છો તો નહિ જઉ એમાં મને પુરીને જવાનું શું કામ " અનંતરાયે કહ્યું " નહિ તમે સ્ત્રી જાત માટે તમારા પર વિશ્વાસ રાખવો એ શાસ્ત્રનું વચન નથી માટે આજે તો તને ઘરમાં પુરીનેજ જવાનો પછી કાલની વાત કાલે છે. " એમ કહી અનંતરાય જમી ઉઠીને પરવાર્યા અને કચેરીમાં જવાનો વખત થયો એટલે પોતાની સ્ત્રીને ઓરડામાં પુરી તાળુ વાસી કુંચી ખુંજામાં ઘાલી કચેરીમાં ગયા. આણી તરફ નિત્યનિયમાનુસાર આપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતા જ્યાં ભજનમાં પ્રવૃત્ત થયા અને પાણી પાવાની વેળા થઇ એટલે ભગવાને વિચાર્યું કે " આજે મારા ભક્તને કોઇ પાણી પાવાનું નથી માટે લાવો હુંજ તેની મામીનો વેશ ધારણ કરી જઇને પાઇ આવું નહિ તો મારો પરમ પ્રિય ભક્ત તરશે મરશે " આવો વિચાર કરી ભગવાને અનંતરાયની સ્ત્રીનો અને આપણા ભક્ત શિરોમણિ નરસિંહ મેહેતાની મામીનો વેશ લીધો. લક્ષ્મીજીએ ભગવાનને સ્ત્રી વેશ લેતા જોઇ પુછ્યું આજે આ સ્ત્રીનો સ્વાંગ કેમ ધારણ કરો છો ? ભગવાને કહ્યું " ભક્ત નરસીહને માટે આજે તેને કોઇ પણ પાણી પાય તેમ નથી અને તેની એવી પ્રતિજ્ઞા છે. કે પોતાની મામીના હાથ સિવાય અન્ય કોઇના હાથનું પાણી પીવું નહિ. જેથી તેની મામીને તેના મામાએ ઘરમાં પુરી છે અને તેથી મારે તેમની મામીનો વેશ લેવો પડયો છે માટે હું પાણી પાવા જાઉંછું" લક્ષ્મીજીએ કહ્યું બહુ સારૂ ભલે પધારો અને ભક્તના કાર્ય

કરો ? " આટલા શબ્દો શ્રવણ કરી ભગવાન નરસિંહ મેહેતાની મામીનું સ્વરૂપ લેઇ મેહેતાજી જુનાગઢમાં તેમના મંદીરમાં ભજન કરતાં હતા તે આવી પોહોચ્યા અને મામી સ્વરૂપે મેહેતાજીને પાણી પાયું. આ વખતે ખાસ તપાસ રાખવા અર્થે સારંગધર અને અનંતરાય બન્ને આવી ચુપકીથી ભરાઇ રહ્યા હતા તેણે જોયું એટલે અનંતરાયને તેમની સ્ત્રી પર ઘણો ક્રોધ ચઢ્યો પણ શું કરે પત્નિને તો ઓરડામાં પુરી તાળું વાસી તેની કુંચિ પોતે પાસે રાખી હતી જેથી તેમનું કંઇ ચાલે તેવું નોહોતું પણ પોતાની સ્ત્રીને પૂર્યા છતાં પાણી પાવા આવી એવું નજરે જોઇ એકદમ સ્તબ્ધની ગયા અને વિચાર કરવા લાગ્યા કે " અરે હું તેને ઓરડામાં પુરી તાળુ મારી આવ્યો છું અને તે શી રીતે આવી શકી જરૂર તેણે કોઇ પાસે તાળુ તોડાવ્યું હશે અગર તો એ નરસિંહ મેહેતાએ કંઇ જાદુ કર્યુ હશે જોઉં ઘેર જાઉં કંઇ નવા જુની છે " આવો નિશ્ચય કરી સારંગધર મેહેતાને લેઇ અનંતરાય પોતાને ઘેર આવ્યા. ઘેર જઇને જુએ છે તો અનંતરાય પોતાની સ્ત્રીને ઓરડામાં પુરી તાળુ વાસી ગયા હતા તેવી ને તેવી સ્થિતમાં સહુ જોવામાં આવ્યું જેથી અચંબો પામ્યા ઓરડો ઉઘાડયો અને જોયું તો તેમની પત્નિ ઓરડામાં કૃષ્ણ ભજન કરતાં હતાં તેમણે એકાગ્ર ચિતથી પોતાના ઇષ્ટ કૃષ્ણ મહારાજનું રટણ માંડયું હતું આ જોઇ અનંતરાય બોલ્યા " અરે તમને તો મેં નરસિંહ મેહેતાને ભજનમાં પાણી પાતાં જોઈ હતી અને મોટા સતિના ડોળ ઘાલી બેઠી છે ઓળખ્યું ખું તારા બધા આ ચરિત્રને. અનંતરાયની સહધર્મચારણીસતિ પત્નિ કહેવા લાગી " નાથ આપ પુરીને ગયા પછી હું કયાંજ શક-

વાની હતી. આજે મારા નિયમનો ભંગ કરી પાણી પાવા ના ગઈ છતાં તમે કહોછો કે મેં પાણી પાતાં જોઈ હતી એ કેમ સંભવે ? પછી કદાચ ભગવાન મારૂં રૂપ ધારણ કરી મેહેતાજીને પાણી પાઈ ગયા હોય તો કોણ જાણે ? બાકી હું તો મારા ભગવાનના સોગન ખાઇને સત્ય કહું છું કે મેહેતાજીને આજે પાણી પાવા ગઈ નથી." અનંતરાય પોતાની પવિત્ર પત્નિના નમૃતા ભરેલી અને સાચી હકીગત સાંભળી મનમાં વિચાર કરવા લાગ્યા કે "આ સ્ત્રી કહે છે તે સત્ય છે. જરૂર એ મેહેતાજી પરમ ભક્ત છે અને ભગવાન તેમને વશ છે તેથી તેમ પણ કર્યું હોય એ મનાય છે. અને સ્ત્રી પણ કંઇ હોય તેમ લાગતું નથી સારંગધર માત્ર દ્વેષને લીધે આ બધું તરકટ કદાચ એ બિચારા ભક્ત નરસિંહ મેહેતા ઉપર રચતા હશે તો કોને ખબર ? માટે હવે મારી સ્ત્રીનો કાંઇ વાંક જણાતો નથી" આવો વિચાર કરી તેમણે સારંગધરને કહ્યું "સારંગધરરાયજી, મારી સ્ત્રી પવિત્ર છે અને તમારા લઘુ બંધુ નરસિંહ મેહેતા પણ પરમ પવિત્ર કૃષ્ણ ભક્ત છે જેથી મને તમે કહો છો તેવું કાંઇ બારીકાઇથી વિચાર કરતાં જણાતું નથી." આ પ્રમાણે અનંતરાયનું બોલવું સાંભળી સારંગધરે જાણ્યું કે આ કાનનો કાચો છે માટે બરાબર ભમાવું એમ કહી ઘણી પ્રકારે પાછા અનંતરાયને તેણે ભંભેર્યા અને નરસિંહમેહેતા ઉપર બીજી આડકતરી રીતે રાજા માંડલિકના દરબારમાં ફરિયાદ કરવા અનંતરાયને હોળીનું નાળિયેર આપી આગળ કર્યા. અનંતરાય "અબી બોલ્યા અબી ફોક" જેવા તદન મૂર્ખ, કાનના કાચા અને ભોળા માણસ હતા જેથી પાછા સારંગધરના કહેવા પરથી ભંભેરાઇ જઈ રાજા માંડળિક આગળ

આપણા નિરપરાધી ભક્તશિરોમણિ નરસિંહ મેહેતા ઉપર ફરિયાદ કરવાનું આવતી કાલ ઉપર મુલતવી રાખી તેમણે સારંગધરને સન્માન પૂર્વક શાંત કરી વિદાય કર્યો સારંગધરે જેથી ખુશી થતાં થતાં પોતાના ઘરનો રસ્તો લીધો. પ્રિયવાંચક વૃંદ આ સારંગધર જેવા દ્વેષી મનુષ્યો પોતાનો દ્વેષ અંત સુધી છોડતા નથી તે આથી આપને સ્પષ્ટ થશે.

પ્રકરણ ૧૦ મું.

પરોપકાર એ સંતનું પ્રથમ લક્ષણ છે.

અહા ? પરમાત્માની અકળ ગતિ છે. તેણે જગતમાં મનુષ્યને માથે એવો કાયદો ઘડી રાખ્યો છે કે ખાડો ખોદે તે પડે. સારંગધરે પોતાના નાના ભાઈ આપણા ભક્તશિરોમણિ નરસીંહમેહેતા ઉપર દ્વેષ બુદ્ધિથી અનંતરાય મારફતે રાજા માંડલિક આગળ ફરિયાદ મંડાવી નરસિંહ મેહેતાને ખરાબ કરી તેમની માન પ્રતિષ્ઠામાં હાની પોહોચાડવાનો ઇરાદો કર્યો હતો તે વાત તે ભગવાનનાભક્ત ઓધવ તથા અક્રૂરને પસંદ પડી નહિં જેથી અક્રૂરજી ઓધવજીને કહેવા લાગ્યા “ભાઈ ઓધવજી, આપણા પરમ વૈષ્ણવમિત્ર અને પ્રભુના ખાસ પરમપ્રિય ભક્તશિરોમણિ નરસિંહમેહેતા ઉપર તેમનો મોટો ભાઈ ઘણો દ્વેષ કરે છે અને જેમ નળની પુઠે કળિયુગ લાગ્યો હતો તેમ લાગેલો છે. તેમના ઉપર અનેક તર્કટો રચી, ગમે તેવું ખોટું આળ મૂકી આવતી કાલ રાજા માંડલિકની દરબારમાં તેમના મામા અનંતરાય મારફત ફરિયાદ અપાવવાના છે માટે કાલે જો તેમ થશે તો માંડળિક જરૂર બંદી-

રાઈ ભક્તરાજને વિના અપરાધે દંડ દેશે માટે કોઈ ઉપાયતો કરવો જોઈયે." આ સાંભળી ઓધવજીએ કહ્યું "ભાઈ અક્રુર, એ નરસિંહમેહતાની ભક્તિનો પ્રતાપ એવો છે કે તેમનો વાંકો વાળ થઈ શકનાર નથી. તેમજ આપણા કૃષ્ણપ્રભુને તે એટલા બધા વહાલા છે કે તેમના સામે આ જગતમાં કોઈ આંગળી કરે તો તેની આંગળી કાપી નાંખે. અને તમે તો જ્ઞાની છો એટલે બધું સમજો છો કે નીચ માણસ તેનો નિચ સ્વભાવ પ્રાણાંતે પણ છોડતો નથી. માટે સારંગધરના ભોગ, જેવું તે કરશે તેવું ભોગવશે એમાં આપણે શું?" અક્રૂરજીએ કહ્યું "નહિં નહિં આપને એમ કહે પાલવે આકા હું તો ગમે તે પ્રકારે મેહેતાજીને મદદ કરીશ કારણકે મને ભગવાને હમેશને માટે સ્પષ્ટ આજ્ઞા કરેલી છે કે જ્યારે જ્યારે મેહેતાજીને ઉપાધી આવવા પડવાનો સંભવ જણાય અને તે ઉપાધિ તમારાથી દુર થઈ શકે તેમ હોયતો મને પુછ્યા વગર તમારે જઈ તેમની ઉપાધિ કરવી" માટે મને તો ભગવાનશ્રીની આજ્ઞા છે એટલે તે મુજબ મારે વર્તવું પડશે." ઓધવજીએ કહ્યું ભલે ત્યારે ભગવાનશ્રીની આજ્ઞા હોયતો સુખેથી તેનો અમલ કરો અને ભક્તને માથે કોઈ ઉપાધિ આવી ના પડે તેવો રસ્તો લ્યો? મારી ના નથી." અક્રૂરજીએ ઓધવનું કહેવું શ્રવણ કરી જૂનાગઢમાં પોતાના યોગબલે અંતરિક્ષ માર્ગે ઉતર્યા અને એક મોટા નાગનું શરીર ધારણ કરી સારંગધરને ઘેર જવાના માર્ગની મધ્યમાં આડા થઈને પડયા. સારંગધરમેહેતા અનંતરાયને ઉસ્કેરી ઘેર આવતા હતા ત્યાં પેલા નાગરૂપે પડેલા અક્રૂરજીએ તેમને પગે ડંસ દીધો. દેતાંની સાથે રોમે રોમે સારંગધરને વિષ ચડી ગયું અને એક ક્ષણમાં મને સર્પ ડસ્યો એ શબ્દના પોકાર સાથે ધરણી ઉપર

ઢળી પડયા. આ બનાવ નાગરોના સટાક ચોરાથી આશરે વીશેક કદમને છેટે બન્યો હતો જેથી સારંગધરની બુમ સાંભળી ચોરાપર બેઠેલા નાગરો તરત તે પડયા હતા ત્યાં દોડી આવ્યા. આવીને જુએ છે તો સારંગધરને સર્પ કરડેલો જોયો. સારંગધર લીલાકમ જેવા થઈ ગયા હતા અને થોડાવારમાં રામશરણ થઇ જવાની સ્થિતિએ પોહોચ્યા હતા એટલામાં એક નાગરે કહ્યું “ બાઇ નરસિંહ મેહેતા વચને જાદુગર છે અને તે સાપ ઉતારેતો વચને સારંગધરના પ્રાણ બચી શકે માટે તેમને નરસિંહમેહેતાના મંદીરે લઈ ચાલો જોઈએ તો ખરા એ કંઇ કરી શકે છે? આ વાતને બીજા નાગરોએ સંમતિ આપી જેથી પેલા સારંગધરને ઉંચકીને નરસિંહમેહેતાને મંદિરે ખાટલામાં ઘાલી લઇ ગયા. આપણા ભક્તશિરોમણિ નરસિંહ મેહેતાનો દીવસ વાતો રાત્રીએ કૃષ્ણ કિરતન સિવાય અન્ય પ્રવૃતિ કંઇ બીજી કરતા ન હતા. જેથી સારંગધરને સર્પ ડસ્યો એ વાત તેમને કાને પડતાં એકદમ ભજનમાંથી ઉઠી પેલા નાગરો પાસે આવ્યા અને કયાંથી કરડયો વીગેરે હકીગત પૂછી સારંગધર તરફ દૃષ્ટિ કરી. જોતાં તેમને જણાયું કે તેમને રોમે રોમે વિષતો ચડી ગયું છે પણ હજી શ્વાસ ચાલે છે માટે લાવ શ્રીહરિને તેમનો પ્રાણ બચાવવા નિવેદન કરૂં. આવો મન સાથે નિશ્ચય કરી ઠાકોર મંદિરમાં જઇ ઠાકોરજીના ચર્ણામૃતની અંજળી ભરી કૃષ્ણ પરમાત્માનું નામ દેઇ સારંગધરના મુખ ઉપર છાંટી કે સત્વર વિષ ઉતરી ગયું અને આળસ મરડી બેઠા થયા. જ્યાં આંખો ઉઘાડી અને તેમના પોતાના નાનાભાઇના ઉપર નજરે પડી કે તરત તેમના હૃદયમાં દ્વેષનો આવેશ આવ્યો. બધા નાગરોએ તેમને સાપ કરડયાની અને તે

સાપ નરસિંહમેહેતાએ ઉતારી તેમને જીવતદાન આપ્યાની સઘળી હકીગત સારંગધરને જાહેર કરી પણ સારંગધરે તે બાબત કાંઇપણ નરસિંહમેહેતાનો આભાર માન્યો નહિં અને ઉલટા મેહેતાજીને કહેવા લાગ્યા " ઠીક છે સાધુડા હું તને જોઇ લઇશ. રાજા માંડળિક આગાડી તને વ્યભિચારના આરોપ માટે જ્યારે ઉભો કરવામાં આવે ત્યારે જોજે કે તારી શી વલે થાય છે. જોઉંછું પછી તારો ભગવાન તને કેવો છોડાવવા આવે છે. નરસિંહ મેહેતાએ કહ્યું " મોટા ભાઇ વૃથા આ બાળક ઉપર શું કામ ગુસ્સે થાઓ છો ? હું કાંઇપણ ગુન્હામાં હઇશ તો રાજા માંડળિક મને શીક્ષા કરશે. બાકી નિરપરાધીને પરમેશ્વર પણ સજા કરી શકે તેમ નથી " આવા નરસિંહ મેહેતાના વચન શ્રવણ કરી સારંગધર તો મોઢું તોબરા જેવું મોઢું કરી બોલ્યા ચાલ્યા વગર ચાલતા થયા અને નરસિંહ-મેહેતાને ગમે તે આરોપથી કોઇપણ પ્રકારે હેરાન કરવો તેવો પોતાના મન સાથે નિશ્ચય કરી તે બાબતની ખટપટમાં કરવા અનંતરાયને સામેલ કરવાનો ઇરાદો કર્યો.

પ્રિય વાંચકવૃંદ, આણી તરફ સારંગધરનો પ્રાણ બચ્યો છતાં તેણેતો દ્વેષભાવ એવોને એવો મહેતાજી ઉપર કાયમ રાખ્યો હતો અને અનંતરાય મારફત રાજા મંડળિકના દરબારમાં મે-હેતાજી સામે છીનાળાની ફરિયાદ પણ દાખલ કરી દીધી હતી ત્યારે બીજી તરફ ભગવાન અને લક્ષ્મીજીની વચમાં એવો વાદ પડયો કે નરસિંહ મેહેતા અડગવૃત્તિવાળા ભક્ત છે તેની ખા-તરી કરવા માટે તેમની કસોટી કરવી. તે ઉપરથી ભગવાને બ્રાહ્મણોનો વેશ લીધો અને લક્ષ્મીજી બ્રાહ્મણી થયાં અને ન-રસિંહ મેહેતા પાસે જુનાગઢમાં આવી કન્યાદાન દેવા અર્થે

સાઠેક રૂપીયાની રકમની માગણી કરવા લાગ્યા. મેહેતાજી પાસે તે વખતે કશું પણ હતું નહિ જેથી તેઓએ કોઇની ઉછીતી રકમ લાવી આપીને પણ તે બ્રાહ્મણનું દુઃખ ટાળવું એવો નિશ્ચય કર્યો. અને તે રકમ પ્રાપ્ત કરવા અર્થે જુનાગઢમાં જ્યાં જ્યાં પોતાની ઓળખાણ પીછાન હતી ત્યાં ત્યાં ફરી માગણી કરી વળ્યા પણ કોઇએ તેમની માગણી સ્વિકારી નહિ જેથી તેમણે વિચાર કર્યો કે જૂનાગઢ કરતાં તલાજાના ધરણીધર મેહેતા પરમ વૈશ્નવ છે અને મારામાં તેઓ પ્રિતિ રાખે છે માટે લાવો આ બ્રાહ્મણને તેમને ત્યાંથી રકમ લાવી આપું; એવો મન સાથે નિશ્ચય કરી મેહેતાજી તો બ્રાહ્મણ અને બ્રાહ્મણીને લેઈ તલાજે પોહોંચ્યા અને ધરણીધર મેહેતાને ઘેર જઇ રૂપીઆ સાઠની રકમની માગણી કરી. ધરણીધર મેહેતાએ કહ્યું "ભક્તરાજ તમે જાતે ઉઠી મારે ઘેર માગવા આવ્યા છો તો મારે આપવાની ના નથી પણ તે રકમના અવેજમાં કાંઈ વસ્તુ આપને મુકવા પડશે "આ સાંભળી મેહેતાજીએ કહ્યું "ધરણીધર મેહેતાજી, તે રકમના અવેજમાં ભગવાને મને જે કેદારો રાગ બક્ષીસમાં આપ્યો છે તે તમારે ત્યાં ઘરાણે મુકુછું અને તેની મારે હાથે ચીઠી કરી આપુ છું કે મેં કેદારો રાગ રૂપીયા સાઠની રકમના અવેજ બદલ ધરણીધર મેહેતાને ત્યાં અડાણે—ઘરાણે—ગીરો મુકેલો છે અને તેથી જ્યાં સુધી રૂપીયા સાઠની રકમ તેમને આપી તે રાગ હું છોડાવું નહિ ત્યાં સુધી મારે પ્રાણાંતે પણ ગાવો નહિ" ધરણીધર મેહેતાએ નરસિંહ મેહેતાની વાત કબુલ રાખી અને શરત પ્રમાણે ચીઠી લખાવી લઇ રૂપીયા સાઠ રોકડા ચલણી સીક્કાના નરસિંહ મેહેતાને ગણી આપ્યા. મેહેતાજીએ લઇ બ્રાહ્મણને આપ્યા અને પછી કહ્યું કે "મહારાજ જાઓ હવે ખુશીથી તમારી પુત્રીને ક-

કન્યાદાન દેઇ તમારે માથે આવેલું ધર્મ સંકટ દુર કરો ? મારો તો શ્રીકૃષ્ણ જેવો બેલી છે તે કોઇ કાળે તે રકમ આપશે એટલે મારો અડાણે મુકેલી વસ્તુ પાછી પ્રાપ્ત થઇ શકશે પણ આપને માથેથી ધર્મસંકટ દુર થશે એથી હું ઘણો પ્રસન્ન થઇશ. " આ પ્રકારની વિવેકીવાણી શ્રવણ કરી પેલા સાઠરૂપીયાની રકમ લઇ ભગવાન અને લક્ષ્મીજી બ્રાહ્મણવેશે આવ્યાં હતાં તે વિદાય થઇ ગયા. લક્ષ્મીજીએ ભગવાનની આજ્ઞા માગી નરસિંહ મેહેતાની અચળ શ્રદ્ધા અને દૃઢ ભક્તાની કસોટી કરી જોવાની ખાતર કેદારો રાગ અડાણે મુકાવી રાજા માંડળિકને ત્યાં અન્ય પ્રવૃતિ રચી.

હવે પેલા સારંગધરે તો અનંતરાય મારફત નરસિંહ મેહેતા ઉપર રાજામાંડળિકના દરબારમાં છિનાળાની ફરિયાદ નોધાવી હતી જેથી રાજામાંડળિકે અમુકદિવસ નક્કી કરી નરસિંહ મેતાને દરબારમાં બોલાવી કેદ કરવાનો નિશ્ચય કર્યો. રાજાના કાન સારંગધરે અને અનંતરાયે ખુબ ભંભેરી રાખ્યા હતા જેથી નરસિંહ મેહેતાને કોઇ પણ બચાવમાં કહેવાનો સમય ન મળે અને એકદમ રાજા માંડળિક ગુસ્સાના આવેશમાંને આવેશમાં તેમને બંદીખાને મોકલી દે કે ગમે તે અન્ય સજા કરે અને તેથી સારંગધરના જીવને તાઢક વળે. રાજા માંડળિક જો કે વિચિક્ષણ અને સારા ખોટાની પરિક્ષા કરવામાં બાહોશ હતો છતાં કાનનો કાચો હતો અને તેમાં એ મુખ્યત્વે કરીને તે વખતે તેના રાજ્યમાં દીવાનથી માંડીને એક હલકામાં હલકા નોકર સુધી નાગરોજ ભર્યા હતા જેથી નાગરોનું તે સાંભળતો. સારંગધર તથા અનંતરાય બન્ને તે વખતે રાજ્યના જુના નોકર હોવાથી માંડળિક તેમનું માન રાખતો. તેમજ રાજ કારભારમાં પણ કોઇ કોઇ વખત સલાહ લેતો. આ ઉપરાંત તે

બન્ને જણા રાજાના સલાહકારક ગણાતા તેથી જુનાગઢમાં પણ તેઓની શુશ્રુના થતી અને તેમનું ગાયું ઘણે ભાગે બહુ લોકો ગાતા. એક વખતે તેઓ સાચાને જુઠું બનાવતા તોપણ લોકોના માનવામાં આવતું એવો તેમણે જનસમાજમાં વિશ્વાસ બેસાડ્યો હતો. આમ હોવાથી રાજા માંડળિક પણ તેમના કહેવાપરથી ભરમાઈ જઈ નરસિંહ મહેતાને ગમેતે સખ્ત ન-સિયત આપવી એવા નિશ્ચયને સેવતો નરસિંહ મહેતાને હાજર કરવાના નિમિત્તની ગડ જોઈ રહ્યો હતો.

અહિંયા સારંગધરે બીજી એવી યુક્તિ કરી કે મહેતાજીને હાજર કરવાને વખતમાં એક આડી રાત રહી એટલે શીવમના સન્યાસિઓના અખાડામાં જઈને બધા સન્યાસિઓને [illegible] અને કહ્યું કે ' આવતી કાલે નરસિંહ મહેતો કે જે મોટો ભક્તિને બહાને અનાચાર કરે છે તેનુ બધુ પોકળ કાલે માં-ડળિક રાજા સમક્ષ પ્રગટ થવાનું છે માટે કાલે તમે બધા સ-ન્યાસિઓ આવીને તેની સાથે જ્ઞાનચર્ચા કરજો અને કઠણ પ્રશ્નો પુછી તેને રાજાની અને સભાની સમક્ષ મુર્ખ બનાવજો એટલે રાજાને ખાત્રી થશે. તે નરસિંહો ભોંઠો પડશે અને તેના અનાચાર બદલ તેને પુરતી સજા થશે. " આ સાંભળી વિધ્ન સંતોષી સન્યાસિઓ સારંગધરની વાતને ટેકો આપી કહેવા લાગ્યા " ઇસને હમારા રોજગારભી બંધ કરદીયાહૈ વાસ્તે કલ જરૂર આકે ઉસકે સંગ શાસ્ત્રાર્થ કરકે ઉસકો હ-રાયગે. ઔર આપકી બાતકો રાજાકે રૂબરૂ ટેકા દેંગે " સા-રંગધર આથી ઘણો ખુશી થયો અને બરાબર સન્યાસિઓને દરબારમાં અમુક વખતે હાજર થવાનો સંકેત રચી પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૧૧

છેલ્લી કસોટી અને વિજય.

બીજે દીવસે માંડળિક રાજા દરબાર ભરીને બેઠા એટલે તરત તેણે અનંતરાયની ફરિયાદ ઉપરથી નરસિંહ મેહેતાને પકડી રજુ કરવાનો હજુરીઓને હુકમ કર્યો. હજુરીઓ મેહેતાજીને બોલાવવા ગયા તે દરમ્યાન સારંગધર અને અનંતરાય જેટલું મેહેતાજીની વિરૂદ્ધ બોલવું હતું તેટલું બોલ્યા. અનંતરાયે કહ્યું "મહારાજ એ નરસૈયો ઘણો અનાચાર કરે છે. બાળ વિધવાઓને અને મધવાઓને બોલાવીને ભજનને બ્હાને તેઓની સાથે વ્યભિચાર કરે છે. મારા ઘરમાં પણ એ લુણ હરામે જાદુ કર્યું છે કે હમેશ મારી સ્ત્રી તેને મંદિરે ભજનમાં બેઠા હોય ત્યાં જઇ તેને પાણી પાઇ આવે છે વળી તે વાતની મેં ખાત્રી પણ કરી જોઇ એમ કહેવાય છે કે તે તેની મમીના સિવાય બીજા કોઇના હાથનું પાણી કદી પીતોજ નથી તે મારો ભાણેજ થાય છે. એકવાર તો મારી સ્ત્રીને તેમ કરતાં અટકાવવાને મેં તેને ઓરડામાં પુરી તાળુ માર્યું અને કુચી મારા ખુજામાં ઘાલી પછી એ ભગતને ત્યાં ગયો અને જોયું તો વખતસર મારી સ્ત્રીએ આવીને તેને પાણી પાયું કહો મહારાજ આમ ધોળે દહાડે છોગે દેખીતો હડહડતો અનાચાર થાય તે અમારા નજરે કેમ જોવાય તેનો અન્નદાતા ખ્યાલ કરવો જોઇયે" રાજા માંડળીક અનંતરાયનું કેહેવું સાંભળી કહેવા લાગ્યા "અનંતરાયજી તમે નજરે જોયાનો કોઇ સબળ પુરાવો તમારી પાસે છે ?" અનંતરાયે પ્રત્યુત્તર વાળ્યો "અન્નદાતા મારી સાથે સારંગધર મેહેતા હતા અને તેમણે અને મેં પ્રત્યક્ષ તે જોયું હતું" મંડળિકે સારંગધરને પુછી ખાત્રી

કરી ત્યારે પેલા ચડાવી રાખેલા સન્યાસિઓ સહિત સારંગધર મેહતા એક તરફ ઉભા હતા તેમણે વધારે જોર દઈ અનંતરાયની હકીકતને ટેકો આપ્યો અને કહ્યું “ રાજન એ નરસૈયો મારો નાનો ભાઇ છે તો તેથી શું સત્ય કહેવામાં શા માટે પ્રમાણિક માણસે પક્ષપાત કે શરમ રાખવી જોઇએ મારે સ્પષ્ટ કહેવું પડશે કે એ ભજનનું નામ દઈ આવા અનાચાર ભરેલા કમાડાં કરે છે વ્યભિચાર કરે છે અને લોકોને જાદુકરી અનેકના માલ પચાવે છે ભડાનાઓ કરી મંત્ર યંત્રો જમાડે છે અને પોતે પોતાની ભાભી, પોતાની પૂત્રવધુ વગેરેથી જાર કર્મ છે માટે અન્નદાતા જરૂર શીક્ષાને પાત્ર છે” આ હકીકત શ્રવણ કરી રાજા માંડળિક સન્યાસિઓ તરફ દ્રષ્ટિ કરી સારંગધરને કહ્યું કે “ આ સન્યાસિઓને અત્રે સારંગધરજી શા માટે લાવવ માં આવ્યા છે ?” આ સાંભળી સારંગધરે જવાબ દીધો “ અન્નદાતા આ સન્યાસિઓ લાવવાનું ખાસ કારણ એટલુંજ છે કે એ નરસૈયો કાળા અક્ષરને કુટી મારે તેવો છે છતાં મોટા જ્ઞાનીની પુછડી થઇને બેઠો છે અને એવો તો ખોટો ડોળ ઘાલે છે કે મારા જેવો તત્વજ્ઞાની પુંછડી કોઇ નથી તે આવે કે આ મહાત્માઓ તેની સાથે થોડી વાર શાસ્ત્રાર્થ કરશે એટલે આપને સત્વર તેના દંભનું પોગળ જણાઇ જશે અને તેથી આપને ખાત્રી થશે કે તે કેવલ જુઠો ભેખ ધારી, વ્યભિચારી અને દંભી છે. માત્ર લોકોના ધનમાલ હરણ કરવા માટે તેણે આવો પાખંડ ચલાવ્યો છે.” રાજા માંડળીક આ સાંભળી સારંગધરની હકીગત માની સમંતિ આપી કહેવા લાગ્યો ‘ ઠીકછે ત્યારે એ બબાડને આવવા દો પછી પરિક્ષા કરાવીએ” આટલું કહેતામાં મેહેતાજી તો કૃષ્ણ કિર્તન કરતા, હાથમાં તાળ અને બીજા હાથમાં કૃષ્ણપ્રતિમા

સહિત રાજા માંડળિકે જરા ક્રોધ કરીને મેહેતાજીને કહ્યું "નરસિંહરામ તમારા મામાની મરજી નહિં છતાં તમે તમારી મામીને દરરોજ પાણીપાવા બોલાવો છો તે માટે તમારે શું કહેવું છે ?" મેહેતાજી બોલ્યા "વિવેકી રાજન એ કંઈ મારા આગ્રહથી આવતાં નથી અને તેમ જ્યારે મારા મામાએ તેમને થોડા દિવસ અગાઉ ઓરડામાં પુરી મેલ્યા ત્યારે મારા વહાલા કૃષ્ણચંદ્રે તેમનું સ્વરૂપ લઈ મને પાણી પાયું હતું બાકી બીજું બધું હું તો બાપલિયા કંઈએ જાણતો નથી એક મારા પ્રાણપ્યારા પ્રિતમ નટવરલાલનું, અને તે સચરાચર રમૈયાનું રટણ કરી ગાઉં છું" આ સાંભળી રાજા મંડળિક કેહેવા લાગ્યા "નરસિંહરામ એ તમારા બધા ઢોંગ, તમારૂં બધું પોગળ, તમારો બધો ભક્તિને નામે છુપો અનાચાર એ સર્વ મારા જાણવામાં આવ્યા છે" નરસિંહ મેહેતાએ પ્રત્યુત્તર વાળ્યો "હે કાનના કાચા નૃપતિ, આ બધી વાતો તમને કોઈએ નકટી બનાવી કહી હોય તેમ લાગે છે; હે ભલા રાજન મારે તો દંભે નથી, અનાચારે નથી; માત્ર જયરાધા, અને રાધેકૃષ્ણના નામ સિવાય અન્ય કશુંજ હું કરતો નથી રાત્રિ અને દિવસ માત્ર તેના રટણમાંજ ગુજારૂં છું પછી મારી સાથે ગમે તે કોઈ આવી ભજનમાં ભાગ લેતો તેને મારે રોકવો અને તેથી તેના આત્માને દુભાવવો એ કરવાની મને મારા વહાલાની મનાઈ છે" સારંગધર આટલું કહેતામાં બોલી ઉઠ્યા અને કહેવા લાગ્યા "હવે એ વહાલો અને વહાલી કરે નહિં ચાલે મોટી પંડીતાઈની વાતો કરી જ્ઞાનીનું પુછડું થઈને બેઠા છો તો હવે આ મહાત્માઓની જોડે શાસ્ત્રાર્થ કર ? એટલે સોરઠેશ્વરની ખાત્રી થાય કે તે મિથ્યા તારો ખોટો દંભ છે" સારંગધર એટલું કહી રહ્યા કે તરત પેલા ચિત્ત-

ડાવાદી સન્યાસિઓ પૈકીમાંથી એકે આગળ આવીને કહ્યું "હાં હાં ઐસા બડા જ્ઞાનીકા બેટા બન ગયા હૈ ઔર રામકીર્યોકો નચવાતા હૈ પરંતુ ષટશાસ્ત્રી ઔર ચતુર્વેદ સંપન્ન હુયે બિના તેરે નાચને કુદનેસે હરિમિલેગા નહિ. તેરે સે તો યે પોપટભી અચ્છાકે રામનામકે ઉચ્ચાર કો યે ભવસાગર સેં પાર ઉતર જાતા હૈ. મિથ્યા ભક્તિ ઔર જ્ઞાનકા દંભીલોકે દુનિયા કો ઠગતા હૈ. જાનતા નહિં કે કદાચિત સમર્થ વિદ્વાનસે શાસ્ત્રાર્થ કરનેકા જોગ આ ગયા તો ફિર સબ દંભ પ્રકટ હો જાયગા ઇશ્વર વસ્તુ કયા હૈ ઇસકા અર્થ કયા હૈ ઔર ઇસકા તાત્પર્ય કયા હૈ વો તુ બડા ભગત બનકે બેઠા હૈ તો કહદે ? જાનતા હૈ ?" નરસિંહ મેહેતાએ એ સર્વ વિતંડાવાદી સન્યાસિઓને જાતામાં એનો સાર શો હશે તે હું જાણતો નથી આપ જાણતા હોયતો કહો ?" આ સાંભળી મહારાજ બોલા "હમારે જેસા પ્રથમ સન્યાસિ હો જા ફિર આવ હમારે પાસ તેરેકો સર્વ સાર પઢાકે બતાયંગે શાસ્ત્ર પુરાન ચારોં બેદ શ્રુતિ સ્મૃતિ ઇત્યાદિ સબ તેરેકો પઢાયંગે " આ સાંભળી મેહેતાજી બોલ્યા "મહારાજ હું તો મારા શ્રીકૃષ્ણ પ્રભુના નામ સિવાય કશામાં સાર જોતો નથી કારણ કે " જ્યાં સુધી આત્મા તત્વચિન્ત્યો નહિ ત્યાં સુધી સાધના સર્વ જુઠી" અર્થાત જ્યાં સુધી તે મારા આતમ શ્રીકૃષ્ણચંદ્રનું જ્યોતિર્મય ચૈતન્યસ્વરૂપ ઓળખ્યું નથી ત્યાં સુધી મહારાજ એ તમારા વેદના પોથાં થોથાં અને કર્મ ઉપાસના ધ્યાન ધારણા અને સમાધિ બધુંએ નકામુંજ સમજજો. જો એમ માથું મુડાવે ભગવાન મળતા હોય તો ઘેટાં ઘણાંએ મુંડાવે છે તેમને ક્યારનાએ મળ્યા હોય. જો એમ કપાળ ઉપર અને આખા શરીરે રાખનો ચટાપટા કરવાથી ભગવાન મળતા હોય તો કુંભારના ઘરનું ગધેડું દીવસમાં ત્રણ ચાર વાર રક્ષાસ્નાન કરે

છે તો તેનેજ ક્યારનાએ મળ્યા હોય. પણ મહારાજ એમ દંડધારી, કે મઠધારી, કે હઠધારી થવાથી એકદમ આતમરામ ઓળખાતો નથી પણ રાત દિવસ તેની લગનીમાં રેહેનારનેજ ઓળખાય છે. એમ કહી પોથાં થોથાં ઉથામી વિદ્યાનો દુર-ઉપયોગ કરવાથી ઇશ્વરનો સાર જણાતો નથી પણ વિદ્યા ભણીને તેનો સદુપયોગ કરવાથીજ વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થયું કહેવાય છે. પગ તળે રેલો અને પારકી વાતો કરવાથી કે, જુઠાને સાચો અને સાચાને જુઠો કરવાથી કંઇ પ્રભુ મળતા નથી, એ તો કેવલ શુદ્ધ. પવિત્ર અને સાચા ભક્તોનેજ મળે છે" આ પ્રમાણેના નરસિંહ મેહેતાના વચન શ્રવણ કરી રાજા માંડલિક અને તેનો આખો દરબાર સ્તબ્ધ થઇ ગયો અને પેલા સંન્યાસિઓતો બોલતા ચુપ થઇ ગયા. રાજા આ બધું જોઇ પોતાના મન સાથે વિચારવા લાગ્યો કે એકદમ નરસિંહરામની ખરી પરિક્ષા થતાં સુધી કોઇ પણ રીતે તેને હેરાન કરવાની જરૂર નથી. વખતે દ્વેષભાવથી 'જાતે જાતને ખાય' એ કહેવત પ્રમાણે અનંતરાય અને સારંગધરે મસલત કરી તેને ખરાબ કરવાને ઇરાદે આ બધી ખટપટ કરી હોય તો પણ કોને ખબર? માટે નરસિંહરામની બરોબર કસોટી કરી સંપૂર્ણ પરિક્ષા ન કરવામાં આવે ત્યાં સુધી તેને માનપૂર્વક દરબારમ સ્થાન આપવું." પ્રિય વાંચકવૃંદ ભક્તના બેલી ભગવાન છે એ વાત લેશ પણ ખોટી નથી. રાજા માંડલિકના હૃદયમાં ઉપર પ્રમાણે સ્ફુરણ થતાં તેણે મેહેતાજીને કહ્યું "ભક્ત નરસિંહરામ, આવો તમારી પરિક્ષા બરાબર થાય ત્યાં સુધી મારી સમક્ષ આ આસન ઉપર બિરાજો માત્ર આપની ખાત્રી મને થાય ત્યાં સુધી આપને અહીંથી જવા દેવામાં નહિં આવે" નરસિંહ મેહેતાએ કહ્યું "હે ન્યાયશીલ રાજન્ પરમાત્મા તમને જે

ન્યાય પૂર્વક બુદ્ધ સુઝાડે તે પ્રમાણે મારી ખાત્રી કરી પછી મને જવા દો એ કે મારે મનતો પૃથ્વીના સર્વ સ્થળ તેજ મારા અંતરયામી સચરાચર ભગવાનના છે એટલે ઘર કે દરબાર મારે તો જ્યાં હશે ત્યાં આનંદથી ભજન થશે. મને એથી કંઇ હર્ષ શોક નથી.” આ વચન કહી મેહેતાજીને રાજા માંડળિકે જ્યાં આસન બનાવ્યું ત્યાં જઇને બેઠા એટલે પેલા અનંતરાય, સારંગધર સન્યાસિઓ તથા બીજા દરબારી નોકર વર્ગ ઉભા રહેલા તેમની આંખોમાં શનિશ્ચર આવ્યો કે “ આ નરસિંહ તોફાનદાર છતાં રાજાની સમક્ષ નાંખેલા આસન ઉપર બેઠા છે અને આપણે ઉભા રહ્યા છીયે ખરેખર એ જાદુગર છે એટલે રાજાને પણ ભોળવાઇ જતાં વાર લાગતી નથી પશ્ચાત રાજા માંડળિકે દરબાર સમક્ષ નરસિંહ મેહેતાને કહ્યું “ નરસિંહ ભક્ત એક ફુલનો હાર બનાવી અહીં મંગાવું છું અને તે હાર આ તમારા હાથમાં જે કૃષ્ણ દામોદરની પ્રતિમા છે તેને બધાની સમક્ષ પેહેરાવુ છું બાદ તેને મારા રાજ્યમેહેલમાં આવેલા કૃષ્ણ મંદિરમાં કૃષ્ણમંદિરને ચારે તરફ તાળા દઇ બંધ કરી આવું છું પછી તે તમારી કૃષ્ણદામોદરની મુર્તિ તે મંદિરના ચોકમાં અમારા બધાની સમક્ષ પ્રત્યક્ષ આવી પોતાના ગળામાંથી તે હાર કાઢી તમને પેહેરાવી જશે તો હું અને મારી રૈયત તમે સાચા શ્રી હરિના ભક્ત છો એવું ખાત્રી પૂર્વક સ્વીકારિશું માટે કેમ કહો એ મારી વાત માન્ય છે ?” મેહેતાજી આ પ્રકારના રાજા માંડળિકના વચન શ્રવણ કરી પ્રસન્ન ચિત્તે કહેવા લાગ્યા “નિતિજ્ઞ રાજન ઘણી ખુશીની સાથે મારો પ્રાણઆધાર પાતળીયો દ્વારિકાધીશ મારી પત રાખશે અને આપને મારા તરફની સંપુર્ણ ખાત્રી કરી આપશે. માટે ખુશીથી લ્યો આ મારા વહાલા કૃષ્ણ દામોદરની પ્રતિમા અને

તેને આપની ઇચ્છા મુજબ હાર મંગાવી પેહેરાવી જ્યાં મુકવી ઘટે ત્યાં મુકીએ સ્થળ બંધ કરી ત્યાં ચાલો એક રાત બેસી ભજનની ઝરી મચાવીએ એટલે રાજન આપની ઇચ્છા પ્રમાણે સર્વ મારો દીનોનાથ આવી કરી જશે" નરસિંહ મેહેતાની આ વાત સાંભળી આખા દરબારે તેમ કરવાની સંમતિ આપી જેથી રાજા માંડળિકે રાજ્યના માળીને ત્યાંથી એક અતિ સુવાસિત પુષ્પનો હાર કરાવી મંગાવ્યો અને પેલી નરસિંહ મેહેતાના હાથમાંની કૃષ્ણ દામોદરની મુર્તિ લઇ તેને પેહેરાવી પોતાના રાજમેહેલમાં આવેલા કૃષ્ણ દામોદરના મંદિરમાં જઇને પધરાવી દીધી; મંદીરને પણ ચોપાસથી બરાબર બંધ કરી દીધું અને નરસિંહમેહેતાને અને તેમના સાધુ મંડળને તે મંદીરના વિશાળ ચોકમાં આસન આપ્યું અને રાજા તથા સઘળા દરબારીઓ મેહેતા મુસદ્દીઓ, અને દરબારમાં જોવા ટોળે મળેલા ગામના પુરવાસિયો તથા નાગરો બધાએ મેહેતાજીથી થોડે છેટે ઉપલે ચોક ગાદી તકીયાની બિછાત કરી હતી ત્યાં સર્વ બેઠા પછી માંડળિકે કહ્યું મોડામાં મોડું સહવાર થતાં સુધીમાં તમને ભગવાને આવીને હાર પેહેરાવવો જોઇયે. સહવાર થઇ સુર્યોદય થઇ જશે તો તમે જુઠા છો એમગણી તમને ગરદન મારીશું માટે સુર્યોદય પેહેલા ભગવાને તમને હાર પેહરાવી જવો જોઇયે "મેહેતાજીએ કહ્યું" રાજન જોકે પરમાત્મા હાર પેહેરાવશે અને ગરદન જશે નહિં. પણ નહિં પેહેરાવે તો એ મારે શું એની લાજ જશે મને તો ગરદન જવાથી કંઇ થવાનું નથી એની પત જશે એટલે એની ગરદન કપાઇ જાણવી એની પ્રતિષ્ઠામાં હાની થશે એની-અપકિર્તિ થશે અહીંતો બંદાને કશું અડેકે આભડે નાના મારો વહાલો એવો છે કે તે પોતાની એમ પત ગુમવે તેવો નથી, એમતો મારો શામળીયો લાલ અતિ વિચક્ષણ

અને સમય સુચકતા વાળો છે ભર ઉંઘમાં હોય તો પણ અણી વખતે તો એકદમ જાગી ઉઠી સત્વર જે તેનું કર્તવ્ય હોય તે કરે છે એમાં તો અત્યાર સુધી પુત્ર શામળશાના વિવાહમાં કે કુંવરબાઇના મામેરામાં કે પિતાના શ્રાદ્ધમાં કે યાત્રાળુઓની હુંડી વખતે અને મામાનો વેશ લેઇ છેવટે આવીને પાણી પણ પાઇ ગયા સુધી પણ કદી ચુકયો નથી માટે રાજન શ્રદ્ધા રાખો એ મારો લટકાળો ગિરધર આપની ઇચ્છા પ્રમાણે કરશે અને દ્વેષિઓની આંખમાં રાઇ છાંટશે. શત્રુઓને ધુળ ફકાવશે અને સત્પુરૂષોને દર્શન દઇ તારી લેશે અને આપની ચક્ષુની સમક્ષ તે પ્રત્યક્ષ આવી હાર પેહેરાવી જશે માટે હવે રાત્રીએ આપ સર્વ વાળુ વીગેરે કરી પરવારી પધારજો અને હું મારા હરીનું ભજન શરૂ કરીશ પછી પ્રાતઃકાળ પડતાં સુધીમાં શું થાય છે તે આપણે સઘળા જોઇશું. ખરી કસોટી તો મારા વહાલાની આજેજ થશે. અને તે આપની સમક્ષજ થશે પ્રાતઃકાલે પરિણામ જોઇ પછી આપની પ્રતિજ્ઞા પુરણ કરજો આ પ્રમાણેનું નરસિંહ મેહેતાનું કેહેવું શ્રવણ કરી રાજા માંડલિક તથા પ્રેક્ષક મંડળ તેમજ મેહેતાજીના વિરૂદ્ધ પક્ષી સારંગધરનું મંડળ ઘેર વાળુ કરવા વિદાય થયું વાળુ કરી પાછું સમય થતાં પેલા રાજ મહેલમાં આવેલા રાજા માંડળિકના કૃષ્ણ મંદિરના ચોકમાં જયાં નરસિંહ મેહેતાએ પોતાના ભજનની ઝડી લગાવી હતી ત્યાં ભરાઇ ગયું. મેહેતાજીએ હાર પેહેરાવવા શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરવા માંડી એમ કરતાં મધ્ય રાત્રિ થવા આવી તો પણ કાંઇ હાર ભગવાન આવીને પેહેરાવે તેવું કોઇને લાગ્યું નહિ એટલે મંડળમાંના ઘણા ખરા ઉંઘ આવવાથી થાકીને ઘેર ગયા સારંગધર, અનંતરાય, રાજા માંડળિક, તેનો દિવાન અને થોડા નાગર સદ્ગૃહસ્થો માત્ર બેસી રહ્યા આણી તરફ કૃષ્ણ પર-

આત્મા મધ્ય રાત્રિ હોવાથી ભર ઉંઘમાં હતા ને નરસિંહ મેહેતાની સ્તુતિ સાંભળી એકદમ જાગૃત થઈ લક્ષ્મીજીને બુમ મારી જાગ્રત કર્યા. લક્ષ્મીજીને ભર ઉંઘમાંથી જાગૃત કરવાથી લક્ષ્મીજી એકદમ કંઈ નવા જુની છે એમ અનુમાન કરી એકદમ સચેત થઈ તેમને કહેવા લાગ્યા "કેમ મહારાજ શું છે શુ છે. એકદમ આમ એકાએક મધ્ય રાત્રીએ જાગી ઉઠયા અને મને પણ જાગ્રત કરી એવું અત્યારે શું પ્રયોજન છે ? "ભગવાન કહેવા લાગ્યા" દેવી અત્યારે ને અત્યારે મારે જવું પડશે અને પેલો કેદારો રાગ નરસિંહ મેહેતાએ ઘરાણે મુકયો છે તે ધરણીધરને સાઠ રૂપીઆ આપી છોડાવી ચીઠી પાછી નરસીંહ મેહેતાને આપી દેવી પડશે એટલે તે કેદારો રાગ છૂટયો સમજી ગાશે કે તરત પ્રાતઃકાળ થતાંમાં હું તેને હાર જઈને સભા સમક્ષ પેહેરાવી દઈશ જો સુર્યોદય થઈ જશે અને હાર નહિ પેહેરાવી શકાય તો ભક્તને માંડળિક રાજા ગરદન મારશે માટે ભક્તના પ્રાણને ઉની આંચ ન આવે તે માટે આક્ષણેજ આપણે જવાની જરૂર છે. "લક્ષ્મીજીએ કહ્યું" બહુ સારૂ ભગવાન્ ચાલો ત્યારે સત્વર તેમ કરો ભક્તને બચાવીયે "ભગવાન બોલ્યા" ત્યારે જાઓ તમે ભગવાન સૂર્ય નારાયણ પાસે અને કહેજો કે આપ સહજ ઉદય થવામાં વાર કરજો અને હું નરસિંહ મેહેતાનું રૂપ ધારણ કરી ધરણીધર મેહેતાને ત્યાં તલાજા ગામે જાઉછું અને કેદારો છોડાવું છું તમે મને નરસિંહ મેહેતાને મંદિરે મળજો" એમ કહી ભગવાન તો એકજ ક્ષણમાં નરસિંહ મેહેતાનું રૂપ લેઈ તલાજા ગામે ધરણીધરના મોહોલ્લામાં અંતરિક્ષ માર્ગેથી ઉતર્યા અને ધરણીધરના ઘર આગળ જઈ તેમને બુમો પાડવા લાગ્યા. ધરણીધરે પથારીમાં બેઠાં બારણાં ઉઘડાવ્યા એટલે ભગવાન નરસિંહ મેહેતાને વેશે

અંદર પ્રવેશ કરી ધરણીધર મહેતાને કહેવા લાગ્યા "મેહેતાજી લ્યો આપના આ સાઠ રૂપીયા અને પેલો કેદારો રાગ અડાણે ચીઠી લખી મેં મુકયો છે તે મને પાછો આપો ?" ધરણીધરે કહ્યું "મેહેતાજી વ્યહવારની વાતે ના કહેવાય ? લાવો રૂપીઆ અને લ્યો આ તમારો ચીઠી" ભગવાને તો રૂપીઆ સાઠ કાઢી તેજ વખતે ધરણીધરને ગણી આપ્યા એટલે ધરણીધરે પેલી મેહેતાની લખી આપેલી ચીઠી પાછી આપી તે ચીઠી લઈ તળાજેથી બારોબાર ભગવાન જુનાગઢ આવ્યા આ સમયે રાત્રિના ત્રણ વાગવાનો શુમાર થવા આવ્યો હતો.

અહિંયા આપણા નરસિંહ મેહેતા હરેક પ્રકારે કૃષ્ણ પરમાત્માને હાર પેહેરાવવા વિનવી રહ્યા હતા અને આર્ત આદ્ર અને કરૂણાજનક મધુર આલાપથી ઉપરા છાપરા કૃષ્ણ સ્તુતિના કિર્તનોની રણઝીક મચાવી રહ્યા હતા તે અત્યારે ભગવાન પેલા બંધ કરેલા મંદિરમાં જ્યાં મેહેતાજીની કૃષ્ણ દામોદરની મુર્તિ હાર પેહેરાવી પધરાવી હતી ત્યાં આવ્યા ત્યાં મેહેતાજી તો એકે શ્વાસે ભગવાનને વિનંતિ કરી રહ્યા હતા કે " પ્રભુ કેદારો તો ઘરાણે મુકયો છે એટલે તે શી રીતે ગવાય અને જ્યાં સુધી કેદારો ન ગવાય ત્યાં સુધી આપનાથી આવીને મને હાર પણ શી રીતે પહેરાવાય હે હરિ ! હે દીના નાથ ! ખરેખરૂં ધર્મ સંકટ આવી પડયું છે હવે આનો નિકાલ કરવો હે શામળા આપના હાથમાં છે. અત્યારે ને અત્યારે વા સુર્યોદય થતાં થતાં પહેલાં કેદારો છોડાવી કોણ લાવે એવું હતું કે આપ પધારી હાર પેહેરાવી શકો અને મારા પ્રાણ બચાવી શકો. ભલે મારી ગરદન જાય તો મને દરકાર નથી પણ કેદારો છુટયા વગર હું ગાવાનો નથી. માટે આપને કરવું હોય તેમ કરો. હું તો પ્રાતઃકાળ સુધી આપનું સમરણ કરીશ. અને

પછી ગરદન મારો જઇશ તો બેહેતર પણ પ્રાણને વહાલો કરી મારી પ્રતિજ્ઞાનો ભંગ કદી પણ હું કરનાર નથી એમ આપ નક્કી જાણજો ? મધ્ય રાત્રિ વિતિ ગઇ છે. માત્ર હવે બે કલાક રાત્રિ બાકી છે. અને હાર ન પેહેરાવ્યો તો આ આપના દાસાનુદાસનું શરીર પણ ત્યાં સુધી છે. માટે આ બે કલાકમાં જે નિકાલ લાવવો હોય તે લાવજો આપ જાણો આપનું કામ જાણે હું તો હવે આ બે કલાક મૌન્ય રહી આપનું ધ્યાન ધરીશ કદાચ મારો કેદારો છોડાવી લાવી મને મારી ચીઠી પાછી સોંપશો તો હું કેદારો ગાઇ આપને બોલાવી શકીશ. બકી તો આપ જાણો અને આપનુ કામ જાણે મને કંઇ લેવા દેવા નથી. મને તો આ શરિર છુટવાથી લાભજ છે. આહંતો ઉપાધિ નડે છે પછી વૈકુંઠમાંથી આપના ચરણ તજાવી કંઇ દુર કરી શકવાના નથી. એટલે અહીંના કરતાં મને આપના ચરણસેવાનું ફલ દરરોજ મળશે. મને તો એથી આના કરતાં અધિક લાભ થશે. એમાં મારૂં કાંઇ જવાનું નથી.” આ પ્રકારના ભગવાનને વચન સંભળાવા લાગ્યા એટલે પેલા પ્રતપક્ષી સન્યાસિ હતા તે મેહેતાજીને કહેવા લાગ્યા “અરે કયા ઐસા નાચેના કુદેના ઔર ભગવાન કું ઇસતરહ કહેના ઇસ્સે ભગવાન તેરે પર પરસન હો જાયગે ઔર કયા આકે હાર પહનાયંગે કૈસા દિ-વાના. અરે ઇસતરહ બંદરકી જયું નાચને કુદનેસે કભી ભગવાન આકે હાર પેહેના જાય તો ફીર કયા ચાહીયે. ખાલીદંભ છોડકે નૃપ-તિકી ક્ષમા માંગ કે સીધા ચલન રખ જીસ્સે કુછ તેરા કલ્યાન હો જાય. એમ જેને તે મેહેતાજીને ટકોર મારવા લાગ્યા. એમ કરતાં કરતાં ચાર વાગ્યાનો સમય થયો માંડળિક રાજાપણ અકળાયો. ઉજાગરો વૃથા થયો અને નરસીંહમેહેતો ઢોંગી છે એવો વિ-

ચાર આવવાથી તેણે પણ નરસિંહમેહેતાને ક્રોધ કરી કહ્યું "મેહેતાજી હવે નકામી ઝાંઝો કુટવી મુકી દ્યો અને કહી દ્યો કે તમે સાચા ભક્ત નથી. અત્યાર સુધી તમે મોટા બહારનો ડોળ રાખી ભક્ત કહેવાયા છો અને દરેક રીતે તમે અનાચારી અને વ્યભિચારી ગણાયા છો. માટે હજી પણ કહું છું કે ક્ષમા માગી આ બધો દંભ કાઢી નાંખો અને તમારા પાપનો પસ્તાવો કરી હવેથી સદાચરણ રાખવા મારી સમક્ષ પ્રતિજ્ઞા કરો અને તે હમણાંને હમણાં કરો નહિતો સત્વર હું તમને કારાગ્રહમાં નાખવાનો હુકમ કરીશ." મેહેતાજીએ કહ્યું "વિવેકીરાજન તમારી પ્રતિજ્ઞા કરેલે સમયે આપ જે કરશો તે કબુલ કરીશ. હજી તો ચાર વાગવાનો શુમાર થયો છે. પ્રાતઃકાળ થવાને હજી બે કલાકનો સમય બાકી છે. આપે જ્યારે આખી રાત્રીનો વખત આવે ધૈર્ય રાખ્યું તો હવે બે કલાક રાખશો એવી મારી વિનંતી છે પછી આપની ઇચ્છામાં આવે તે કરજો ?" આ પ્રકારના વચન શ્રવણ કરી માંડળિક રાજા પાછો ધીરજધરી બેઠો. સારંગધર કહેવા લાગ્યા "અલ્યા હરામી તું તારો આ મિથ્યા ડોળ તજી દે અને તારી ખોટી હઠ મુકી દે એમ કંઇ ભગવાન તું મરીને માથું કુટીશ તોપણ તને હાર પેહેરાવાના નથી અમને તથા રાજાજીને આખી રાત ઉજાગરો કરાવ્યો અને એમાંનુ કશું વળ્યું નહીં પણ શેનું વળે તારી સાચી ભક્તી હોયતો વળે એમ કઇ જો નાચે કુદે ભગવાન બધાને મળતા હોય તો પછી જોઇયે શું. માટે જો જીવ બચાવવો હોય તો રાજાની માફી માગે અને તારો મેળે કબુલ કર હું ખોટો છું મારી ભક્તિ ખોટી છે અને આ બધું જે મેં અત્યાર સુધી કર્યું છે તે સઘળુ લોકોને ભોળવવાને માટેજ હતું. આ પ્રમાણે જો માની લઇશ તો રાજા તારાપર

રેહેમ કરશે. જો હવે પ્રાતઃકાળને ઝાઝી વાર નથી માટે નાહક હઠ કરી જીવથી શું કામ જાય છે. હજી સમજી જા?" સારંગધર આ પ્રમાણે બોલી રહ્યા એટલે અનંતરાય મેહેતા કહેવા લાગ્યા "જો લ્યા નરસિંહ આ તારી છેલ્લી કસોટીથી હવે તારૂં જુઠાણુ બારણે પડયા વિના રહે તેમ નથી માટે વેળાસર ચેતી રાજાજીની માફ માગી તારો પ્રાણ બચાવ અને હજી પણ જક કરીશ તો હમણાં જ્યાં પ્રાતઃકાળ થશે કે રાજા તને ગરદન મરાવ્યા વગર રહેનાર નથી. અમને તો હજી દયા આવે છે તેથી તને કહીયે છીયે. પછી તું જાણે. આમ બધા મેહેતાજીને કહી રહ્યા એટલે માંડળિક રાજાના દરબારમાંના મુખ્ય એક શ્રીધરનામે પંડીત હતા તે બોલી ઉઠયા "રાજન મારો આતમા એમ સાક્ષી પુરે છે કે જોકે પ્રાતઃકાળ થવાને માત્ર એક ઘડી બાકી રહી છે અને હવે કદાચ ભગવાન હાર પહેરાવે અગરતો ન પહેરાવે તો પણ એ નરસિંહમેહેતાને માટે હું જામીનગીરી આપી ખાત્રી આપુ છું કે તે જુઠો કે ઢોંગી ભક્ત નથી પણ સાચો અને પરમાત્માનો અનન્ય ભક્ત છે. માટે તેવા ભક્તને ગરદન મારી પવિત્ર બ્રાહ્મણની હત્યા લેવી એ રાજને માથે મોટું લાંછન લાગશે અને તે હત્યાનું ફલ રાજાને અને રાજને એવું તો ખરાબ ભોગવવું પડશે કે જે અવર્ણનિય છે. માટે હે માંડળિક રાજા હું આપનો વૃદ્ધ એક વિદ્યા ગુરૂ છું માટે મારી વિનંતિ સ્વિકારી તેનો શિરચ્છેદ કરવો મુકી દેઇ તેને ક્ષમા આપો? મને એ ભક્ત શિરોમણી નરસિંહ મેહેતાના પરચાનો અનુભવ થયો છે. મને બાલ્યાવસ્થામાં એક બ્રહ્મહત્યા ચોટી હતી. મારા માતાપતાએ તેના નિવારણ અર્થે અનેક પ્રાયશ્ચિત આદિ કર્મો કરાવ્યા યજ્ઞયાગ કરાવ્યા, અને પ્રકારના દાન આપ્યા, મહારૂદ્રો કરાવ્યા

અને ગુરૂકુલ નિવાસ કરાવી ગને કાશીની પાઠશાળામાં મુકી શાસ્ત્ર અને ચતુર્વેદ સંપન્ન બનાવ્યો અને બરાબર વિધિસરઃ અનેક ઉપાસનાઓ તે બ્રહ્મહત્યાના નિવારણ અર્થે કરી છતાં પણ કોઇ પ્રકારે તે બ્રહ્મહત્યાના પાપનું નિવારણ થયું નહિં. છેવટે થાકી જુનાગઢ આવ્યો અને કોઇના કહેવા પરથી મેહેતાજીને મંદિરે ગયો ત્યાં મને તેમણે કાનમાં ફુંક મારી ઇષ્ટમંત્ર આપ્યો અને મને માર્જન કરી શ્રી કૃષ્ણ મંત્રથી પાવન કર્યો એટલે તરત મારી બ્રહ્મહત્યા ઉતરી ગઇ ને તેજ દીવસે પાછી તે બ્રહ્મ હત્યાએ મારા સ્વપ્નમાં આવી તેમને ખબર કરી કે "એ ભક્તશિરોમણિ નરસિંહ મેહેતાના તને દર્શન થવાથી હું તને તારા પાપમાંથી દુર કરી તારાપરથી ઉતરી જાઉં છું. આજથી તારો સઘળો અજંપો મટી જશે. ચિતમાં શાંતિ પ્રકટશે, આત્મારામને ઓળખીશ અને રાજ-દરબારમાં સન્માનપૂર્વક રહી ઉન્નતિને પ્રાપ્ત કરીશ." અને હે માંડળિક રાજા, જુઓ તેવીજ સ્થિતિમાં અત્યારે આ શરિરને પ્રત્યક્ષ જુઓ છો. માટે તેમની હત્યાનો ખોટો સંકલ્પ મુકી ઘો અને ભક્તને વૃથા પીડા ના કરો. સારંગધર અને અનંતરાય શા માટે તેમનો દ્વેષ કરતા હશે તે કારણ વિચાર કરી શોધી કાઢો ? એટલે સત્ય જણાયા વગર નહિં રહે." આ પ્રકારની પોતાના વિદ્યા ગુરૂ શ્રીધર પંડિતની વાણી શ્રવણ કરી માંડળિક રાજા અતિ ભોળો અને ભલો હોવાથી પાછો પીંગળ્યો અને સારંગધર અને અનંતરાયને કેહેવા લાગ્યો "તમ બન્ને જે વાત આ મેહેતાજી વિશે કહાછો તેનાથી આસ પરમપૂજ્ય વિદ્યા ગુરૂ શ્રીધરપંડિત કેવલ વિરૂધજ કહે છે. જેવી તમે નજરે જોયેલી વાત ઉલટી રીતે કરો છો તેવી શ્રીધર પંડિત પોતાના અનુભવની વાત સ્પષ્ટ કરે છે

માટે મારે ઘણે ભાગે મારા પરમપૂજ્ય વિદ્યા ગુરૂ શ્રીધર પંડિત જે મારા પિતાના વખતથી ન્યાયી અને સત્યવક્તા કહેવાયા છે અને મારા વખતમાં પણ જેની કોઇ દિવસ પણ અપ્રમાણિકતા નજરે પડી તો શું પણ શ્રવણે પણ પડી નથી અને તમારા બન્ને માટે તો રાજકાજમાં કુક્તિ, લાંચ અને અપ્રમાણીક ખટપટ કર્યા સંબંધી અનેક નનામી અરજીઓ મારી પાસે આવી છે એટલે મારે પંડીતજીના કહેવા ઉપર વધારે વજન આપવું ઘટે છે માટે તમે આટલો બધો એની સાથે વિરોધ રાખવો તેનું કોઇ પણ કારણ હોવું જોઇયે એટલું કહી કારણ શોધવાનો વિચાર કરતાં કરતાં મેહેતાજીની સખી અને સંત સાધુની ભજનની ઝડી તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. એટલામાં પરોઢીયાના પાંચ વાગ્યા એટલે અંદર રહેલા ભગવાને પેલી કેદારો રાગ અડાણે મુકી મેહેતાજીએ લખાં આપેલી ચીઠી છોડાવી લાવી પોતાની પાસે રાખી હતી તે લઇ મંદિરના ચોકમાં અંતરિક્ષ અને અદૃશ્ય રહી મેહેતાજી બેઠા સ્તવન કરતા હતા તેમના ખોળામાં નાખી. મેહેતાજીની ચીઠીપર દૃષ્ટિ પડતાં એકદમ ઉભા થઇ ગયા અને મોઢેથી શ્રીરાધા કૃષ્ણના નામના જય જયકાર પૂર્વક ઉચ્ચાર કરવા લાગ્યા. કૃષ્ણ પરમાત્માને ધન્યવાદ આપતા અને તે ચીઠીને આંખે વારંવાર દાબતા બોલી ઉઠયા કે “સંતો શ્રીહરિ હવે આવી હાર પેહેરાવે છે માટે દર્શન કરજો? હે રાજન્ તમે તથા અત્યારે આ તમારૂં મંડળ છે તે સર્વ સદભાગી છે. શત્રુઓને ધુળ ફકાવનાર અને ભકતોનું રક્ષણ કરનાર, ધર્મનું સ્થાપન કરનાર અને પ્રાણી માત્રના હિતાચિંતક એજ શ્રીકૃષ્ણ કરૂણાનિધિ જુઓ હવે કેદારો પુરો થતાં આવી હાર પેહેરાવે છે દર્શન કરજો અને આ ભવસાગરને તરજો? જોજો તે

મારા વિહ્વળતર વરણાગીઓ મારી ખાત્રી આપે છે. હે સારંગધર અને અનંતરાયજી, સાચ્ચાને તો આંચ તે મારો હાર કદી આવવા દેતોજ નથી. તેનું તો વહાણુ આ ભવસાગરમાં કદી ડુબતુંજ નથી તેને આ વિશ્વમાં કશાનો ડર નથી તેને માત્ર પોતાના ઇષ્ટનો જ ડર છે. પરમાત્માનો સાચો ભક્ત કદી પણ પ્રાણાંતે ચલાયમાન થતો નથી. આખુ જગત તેના પર ઉલટે તો પણ તે તો પોતાના ઇષ્ટમાં ચોટેલી વૃત્તિને અન્યથા કરતોજ નથી. હે મહાત્માઓ આપ પણ સઘળા ભગવા ભેખ ધારી સંતો છો અને તેથી હરિરૂપ છો એમ માની આપને પ્રણામ કરૂંછું યદ્યપિ એટલું કહેવાને રજા લઉંછું કે પરમાત્મા તો જે તેને ભજે તેની પાસે અને તેને આધીનજ રહે છે. એ હરિ એવા કરૂણાનિધાન છે કે પોતાની સાચી ભક્તિ કરનાર ભક્તજનોને ઉની આંચ કદીકાળે પણ આવવા દેતો નથી. બળતા દાવાનળમાં પણ પોતાના ભક્તને અગ્નિની આંચ ન અડકે તે માટે તે હમેશ કાળજી રાખે છે. હે મહાત્માઓ કંઇ ભગવું પેહેર્યે હરિ મળતા નથી સંસાર છોડી ત્યાગી થઇ જવાથી હરિ મળતા નથી. કરોડો વર્ષ તપ કરેથી પણ હરિ મળતા નથી. માત્ર એક અનન્ય પ્રેમભાવથી તે શ્રીહરિને ભજનાર ભક્ત તે શ્રી હરિને વશ વરતે છે અને શ્રી હરિપણ તેવા વિશુદ્ધ પ્રેમી ભક્તને સદા સર્વદા આધીન રહે છે તાત્પર્યમાં હે સંતો, ઘરમાં રહો કે વનમાં રહો, પર્વતમાં રહો કે ગુફામાં રહો, પણ ભક્તિવગર તે શ્રી કરૂણાસાર ભક્તવત્સલ ભગવાનની પ્રાણીને ભેટ થતી નથી" સન્યાસિઓ આ સાંભળી કહેવા લાગ્યા "અરે બડા એસા ઉપદેશ દેરહાહે તો ભગવાન કહાંહે કયેં હાર નહિ પેહેનાતે પ્રભાત તો અબ હોને આયા." એટલામાં મેહેતાજીએ કેદારો રાગ શરૂ કર્યો અને જ્યાં પૂરો

થયો એટલે સર્વની સમક્ષ ચતુર્ભુજ સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાને આવી મેહેતાના ગળામાં પેલો હાર પેહેરાવ્યો અને પેલી તેમની કૃષ્ણ દામોદરની પોતાની આપેલી પ્રતિમા પાછી તેમના હાથમાં આવી રાજા માંડળિક વીગેરે સર્વ ભગવાનના ચરણમાં લોટી પડયા રાજમેહેલમાંથી રાણીઓ પણ દોડતી આવીને પગે લાગી અને પેલા સન્યાસિઓની તથા સારંગધર વીગેરે તેમના પ્રતિપક્ષના માણુસોની પણ મતિ શ્રીલક્ષ્મીજી તથા ભગવાનના દરશન થતાની વારમાં બદલાઇને સારી થઇ ગઇ અને તેથી બધાએ મેહેતાજીની ક્ષમા માગી એટલે ભગવાન મેહેતાજીને કહેવા લાગ્યા "ભક્ત નરસિંહ હવે માત્ર આ સંસારમાં પાંચ વર્ષ તારે રેહેવાનું છે પછી તારા સખી મંડળ સાથે તેને વૈકુંઠમાં બોલાવા લઇશ" મેહેતાજી પ્રભુના ચરણ પકડી સાષ્ટાંગ પુર્વક બે હાથ જોડી કહેવા લાગ્યા "હે ભગવાન્ આ માયામાં મેં કાંઇ સાર દીઠો નહિં હવે એ માયાથી હું અકળાયો છું એક મારે આપનું ભજન કરવું તેમાં આ સઘળી શરીરની ઉપાધી મારે શુ કામ જોઇયે? હે પ્રભુ, મારે આપના વગર આમ આ સંસારની ઉપાધિ વહન કરી ન ખમાતી સ્થિતિમાં ભટકવું કયાં સુધી? આ કુડા કલિયુગમાં જન સ્વભાવ, અતિ કુટિલ, અધર્મિ સાચાને અનેક બલાને પીડા આપનાર તથા જુઠાને ઉત્તજન આપનાર, પાપાચરણથી ભરપુર, અને કેવળ નાસ્તિક જોવામાં આવે છે ને તેથી મારા જેવા ગરિબને હવે આ કલિકાલના પ્રપંચી દુનિયામાં રેહેવું યોગ્ય નથી. માટે હું તો આ બધું પડતું મુકી હવે આપની સાથે આવીશ." ભગવાને વિચાર કરી કહ્યું." ભક્ત નરસિંહ તારા આયુષની અવધીની હજી પાંચ વર્ષની વાર છે તે દરમ્યાન તારે હજી કેટલાંક મારી ભાકતનો પ્રચાર કરવા માટે

કાવ્યો કરવાના છે માટે જા આજથી મારૂં વરદાન છે કે તારાપર આજથી દેવી સરસ્વતિ પ્રસન્ન રહેશે અને તે તને અતિ ઉતમ અને શિઘ્ર કવિ બનાવી તારે હાથે મારા નામના અનેક કાવ્યો બનાવરાવવામાં સહાયભુત થશે માટે મારી આગ્નાને માની આનંદ પૂર્વક આ પાંચ વરસ એજ કર્તવ્યને કરી પશ્ચાત મારા ચરણુમાં આવજે "મેહેતાજીના મોમાંથી "તથાસ્તુ" જ્યાં નીકળ્યું એટલે ભગવાન તરત અદ્દશ્ય થઇ વિદાય થઇ ગયા. ભગવાન જાણ્યા બાદ રાજા માંડલિક પગે લાગી પસ્તાવા પૂર્વક મેહેતાજીની માફ માગી અને પોતાના વાહનમાં તેમને અને તેમના સખા મંડળને બેસાડી સ્વારી સહિત તેમના મંદિરે અઢળક દ્રવ્ય વસ્ત્ર આપી વળાવ્યા તે દીવસ પછી આખું જુનાગઢ શહેર નાનુ મોટુ સ્ત્રી પુરૂષ સર્વ કોઇ મેહેતાજીને ઇશ્વરના પરમપ્રિય ભક્ત શિરોમણિ સમજી તેમને પુજવા લાગ્યા અને ચારે દિશાએ તેમની નામના ફેલાઇ પછી તો તેમાં કોઇપણ શત્રુ રહ્યું નહિ રાજા માંડળિકે તેમના મંદિરે ઉતરનાર નિરાશ્રીતોને દરરોજ પાકું સિધું તે સિવાય વર્ષાસન પણ મેહેતાજીને બાંધી આપ્યું હતું વિધવા પૂત્ર વધુ તથા પૂત્રી પણ બન્ને તે બનાવ પછી વર્ષે દીવસે ગુજરી ગયા અને મેહેતાજી પોતાના ઇષ્ટ શ્રીકૃષ્ણ ચંદ્રની આગ્ના મુજબ ભક્તિ માર્ગના કાવ્યો, પદો છંદો, ગરબીઓ વીગેરે બનાવવામાં પ્રાપ્ત થયા. પાંચ વર્ષ પુરાં કરી આયુષની અવધિએ શરીરનો ત્યાગ કરી વૈકુંઠમાં જઇ તે શ્રી સતચિદાનંદ ઇષ્ટ પરમાત્માનાં પરમ પદે બિરાજ્યા.

સમાપ્ત.

જાહેર ખબર.

ભક્તિયોગ પ્રસંગ સરળ ગુજરાતી ભાષામાં. આ લોક. સાગરમાં પડેલ ભક્તિજ જન્મ મરણાદિ સકળ દુઃખોને ભાગનારી છે. જન્મ જન્માંતરમાં પરમ સુખ આપનારી છે. મનને નિર્મળ કરી ભગવત્ સ્વરૂપને દર્શાવી ઘોર પાપોનું મુલન કરનારી છે સાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને ભક્તિનો શું મહિમા કહ્યો છે. "तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥" તપ કરનારા કરતાં ભક્તિયોગ કરનારો વિશેષ છે, જ્ઞાની કરતાં પણ ભક્તિયોગ કરનારો વિશેષ મનાયેલો છે અને પુણ્ય કર્મ કરનારાઓ પણ ભક્તિરૂપ યોગ કરનાર અધિક છે. હે અર્જુન તું ભક્તયોગી થા અને તારી બુદ્ધિ તું ભક્તિને વિષે જો." આ પુસ્તકમા એકંદર ભક્તિમાર્ગના ભગવાન્‌ભક્તોના અપૂર્વ ભક્તિમય ઇતિહાસ આપવામાં આવ્યો છે પુઠાનો કાગળ ઉત્તમ ગ્લેઝ તથા સોનેરી પાકું બાઈન્ડીંગ હોવા છતાં કિંમત માત્ર. કીંમત. ૧-૦-૦ ૦-૨-૦

ભક્ત 'બોડાણો-વિ' તપ તથા પ્રચંડ ભક્તિ વડે શ્રી દ્વારકાધીશ રણછોડરાયને પ્રસન્ન કરી ડાકોરમાં લાવનાર બોડાણાનું આ રસિક નોવેલ છે. ભક્તજનોને આનન્દ સમાન છે. ૦-૪-૦ ૦-૧-૬

સર્વ જાતના પુસ્તકો વેચનાર.

બુકસેલર-મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણ દરવાજા—અમદાવાદ.